ધમનરાગીણી. ધન ધન જીન વાણી એ દેશી ચંદન પૂજા ચતુર રચાવો, નાણ કેતુ પરે ભાવોરે, ધન ધન જીન વાણી. રાય ઉદાય પ્રભુ ગુણ ગાવે. પદમાવતીને નચાવેરે; ધ૦ આચારંગ પ્રથમ ઉપદેશી, નામની ભજના સેશીરે. ધ૦ ૨ આચારરથ વહેતા મુની ધોરી, બહુ શુત હાથમાં દોરીરે ધ૦ પંચ પ્રકારે આચાર વખાણે; ગળીયા બળદ કીમ તાણેરે ધ૦ ૩ દો શુત ખંધ આચારંગ કેરા, સંખીત અણુ ઓગદારારે ધ૦ સંખ્યાતિ નીર યુકતી કહીશ, અજઆણા પણ વિસરે ધ૦ ૪ પદની સંખ્યા સેહેસ અઢાર, નીત ગણતા અણગારરે ધ૦ સુત્ર કૃતાંગે ભાવ જીવાદી, ત્રણસે ત્રેશઠ વાદીરે ધ૦ ૫ અધ્યયન તેવીસછે બીજે, અવર પુરવ પરે લીજેરે; ધ૦. ફુગુણાપદ હવે સઘળે અંગે. દસ ઠાણા ઠાણંગેરે ધ૦ ૬ દસે અધયને સુંત ખંધ એકો, હવે સામાવાયાંગ છે કોરે ધ૦ શત સમવાય શુત ખંધં એકે; ધારીએ અરથ વિવેકેરે ધ૦ ૭ ભગવતી પંચમુ અંગ વિશેસા, દસ હજાર ઉદેશારે ધ૦ એક તાળીસ સતકે શુભ વીરે, ગોતમ પ્રશ્ન હજુરરે. ધ૦ ૮ ઇતી પૂજા

दुहो,

નીર યુકતી પ્રતી પ્રવીયો. સઘળે તે સમભાવ; બીજી અર્થ પરૂપણા, તે સવી જુજુવા ભાવ ૧

ગીત—જુમખડાની દેશી. જ્ઞાતા ધર્મ વખાણ્યાએરે, દશ બોલ્યા તીહાં વર્ગ, પ્રભુ ઉપદેશાયા, અઉઠ તે કોડી કથા કહીરે, સાંભળતાં અપવર્ગ પ્ર૦ ૧ ઓગણીસ અધ્યયને કરીરે, બે સુત ખંધ સુભાવ; પ્ર૦ ઉપાસાંગ દશાંગમાંરે દશ શ્રાવકના ભાવ પ્ર૦ ૨ અંતગડ અડવર્ગ છેરે, અણુતરો વાઇ ત્રણ વર્ગ પ્ર૦ એક સુત્રે મુકતી વરયારે, બીજે ગયા જે સરગ પ્ર૦ ૩ પ્રશ્ન બ્યાકરણુજ સુત્રમાંરે, દશ અધ્યન વખાણ પ્ર૦ સુત્ર વીપાકે સાંભળોરે, વીશ અધ્યન પ્રમાણ પ્ર૦ બે સુત ખંધે ભાખીઆરે; દુખ સુખ કેરા ભોગ પ્ર૦ એમ એકાદશ અંગનીરે, ભકતી કરો ગુરૂ યોગ પ્ર૦ આગમને અવલંબતાંરે, ઓળખીએ અરીહંત પ્ર૦ શ્રી શુભ વીરને પુજતાંરે, પામો સુખ અનંત પ્ર૦ ૬ ઇતી ચંદન પૂજા ૨

पुजा ३ जी दुहो,

અંગ તણા ઉપાંગ જે, બાર કહ્યા ભગવંત, ગણધર પુરવધર તણી રચના સુણીએ સંત. ૧

ઢાળ,

રાગ સારંગ શોધના એ દેશી જ્ઞાનાવરણ દુરે કરોરે, મિતા૦ પામી અંગ ઉપાંગ, કુસમ પગર પૂજા રચોરે મિતા૦ વીર જીનેસ્વર આગરે, રંગીલા મીતા એ પ્રભુ શેવોને, એ પ્રભુ શેવો સાનમાનરે મિતા, જ્ઞાન બહો ભરપુરરે, રંગીલા મીતા એ૦ ૧ એ આંકણી. સાહમપ્પું ઉવવાઇમાંરે, મી૦ કરતો કોણીક ભુપ; અંબડ સીશને વરણવ્યારે મી૦ પ્રશ્ન તે સીદ્ધ સ્વરૂપરે રં૦ એ૦ ૨ રાયપશેણી સુત્રમાંરે. મી૦ સુર્યાભનો અધિકાર, જીવાભીગમ ત્રીજુ સુણોરે મી૦ દશ અધ્યન વીચ્યારરે. રં૦ એ૦ ૩ શામસુરી રચના કરીરે મી૦ પનવાણા મહાસુત્ર, છત્રીસ પદ ગુરૂ પાસથીરે, મી૦ ધારો અર્થ વાચીત્રરે રં૦ એ૦ ૪ જંબુદ્વીપ પન્નતીએરે મી૦ જંબુદ્વીપ વિચાર, છઠા સુર પન્નતીમાંરે મી૦ રવિ મંડળ ગ્રહ ચારરે રં૦ એ૦ ૫ ચંદ પનતી પાહુડેરે મી૦ જ્યોતીષ ચક્ર વિશેષ, આગમ પુજો પ્રાણીયારે મી૦ કહે શુભ વીર જીનેશર રં૦ એ૦ ૬

दुहो,

ભવ મંડળમેં ન દેખીયો; પ્રભૂજીનો દેદાર, આગમ પંથ લહ્યા વિના, રઝળ્યો હું સંસાર. ૧

ગીત—વીર જીણંદ જગત ઉપગારી એ દેશી; કેતકી જાયનાં ફુલ મંગાવી, પૂજો અંગ ઉપાંગજી, બંભી લીપી શ્રી ગણધર દેવે, પ્રણમી ભગવતી અંગજી કે૦ ૧ આઠમું નીરયાવળી ઉપાંગે, દેવાદીક અધીકારજી, કપ્પવડંસગ નવમ ઉપાંગે, દશ અધ્યન ઉદારજી. કે૦ ૨ પુપ્ફીયા નામે ઉપાંગ છે દશમું, વળી પુફ્ફચુલિયા જાણજી; બારમું વન્હી દશાએ સઘળે, દશ અધ્યન પ્રમાણજી. કે૦ ૩ ગીતારથ મુખ અમીય ઝરંતો, આગમ લાગ્યું મીઠજી; દુર ગયા લોક સન્નાછારી, તવ પ્રભુ દર્સન દીઠજી. કે૦ ૪ દર્સનથી જો દર્સન પ્રગટે, વિઘટે ભવ જળ પુરજી, ભાવ કુટુંબમેં મંદીર માહાલું શ્રીશુભ વીર હજુરજી. કે૦ ૫ ઇતિ પૂષ્પ પૂજા. ૩

पुजा ४ थी दुहो,

આજ પયન્નાં છે ઘણાં, પણ લહો એક અધિકાર; દશ પયન્નાં તિણે ગણ્યાં, પીસ્તાળીસ મઝાર. ૧

ઢાળ

સાચું બોલો શામળીયા, એ દેશી. એક જન શ્રુત રશીયો બાલેરે, હો મન

માન્યા મોહનજી; પ્રભુ તાહારે નહી કોઇ તોલરે, હો૦ અમે ધુપની પુજા કરીએરે, હો૦ દુર્ગંધ અનાદિની હરીએરે. હો૦ ૧ તુમ દરશન ભાગે પાઉંરે, હો૦ અંતે છે સરણ તુમારૂરે; હો૦ ચઉ સરણ પયન્નું પેહેલુંરે, હો૦ અમ સરણ કરવું છે વેહેલુંરે, હો૦ બહી અરથ અનોપમ ગીરુંરે. હો૦ આઉર પચખાણ તે બીજુરે, હો૦ સાંભળતાં ભકત પરીગ્રારે, હો૦ પરિહરશું આરે સંસારે, હો૦ ૩ સંથારા પયન્નો સિધારે, હો૦ સુકોશલ મુનીએ કીધોરે. હો૦ ભાખી તંદુલીબયાલીરે, હો૦ તુમે ગર્ભની વેદના ટાળીરે. હો૦ ૪ અમને પણ દુઃખ એ મોટુંરે, હો૦ સનમુખ ન જુઓ તે ખોટુંરે. હો૦ કાંઇ મેહેર નજરથી દેખોરે, હો૦ શું રાગીને ઉવેખોરે. હો૦ ૫ રંગ લાગ્યો ચોળ મજીઠરે, હો૦ નવી જાએ ડાકણ દીઠરે, હો૦ અમે રાગી થઇને કહીશુંરે, હો૦ શુભ વીરને ચરણે રહીશુંરે. હો૦ ૬

दुहो,

પ્રભુ ચરણે રેહેતાં ભજે, ગ્નાન સુધારસ કંદ; જીન વાણી રચિયા મુની, પામે પરમાનંદ.

ગીતઃ—રાગ માળવી. વંદો વીર જીનેસર રાયા, એ દેશી. ત્રીસલા નંદન વંદન કીજે, ગ્નાન અમ્રત રસ પીજેરે, છઠો ચંદા વિજજય પયન્નો, વિનયે વડો સુનીધન્નોરે. ત્રી૦ ૧ ગુરૂ વિનયે સુકળાએ વાધે, રાધાવેદ તે સાધેરે; દેવેંદ થુઇ પયન્ને રચિયા. સંથારે મુની વસિયારે. ત્રી૦ ૨ મરણ સમાધિ પયન્ને ભાવે, પ્રભુ સાથે લય લાવેરે, મહા પચખાણ પયન્નું ગાવે, પાપ સકળ વોસિરાવેરે. ત્રી૦ ૩ ગણી વિજાએ ભાવ ઘણેરા, જાણે મુની ગંભીરારે; સાધે કાર્ય લગ્ન નોહોરા, શ્રી શુભ વીર ચકોરારે. ત્રી૦ ૪ ઇતિ ધુપ પુજા. ૪

पुजा ५ मी दुहो,

ગ્નાનાવરણી તિમિરને, હરવા દીપકમાળ; જ્યોતસેં જ્યોત મિલાઇએ, ગ્નાન વિશેષ વિશાળ. ૧

ઢાલ.

ચંદ્ર પ્રભુ જીન ચંદ્રમારે, એ દેશી. જગ દીપકની આગળેરે, દીપકનો ઉદ્યોત; કરતાં પુજા પાંચમીરે, ભાવ દીપકની જ્યોત હો જીનજી, તેજે તરૂણીથી વડોરે, દીપ શિખાનો દીવડોરે, ઝળકે કેવળ જ્યોત. ૧ છેદ સુત્ર જીન ભાખીયારે, નિશિથ ધુર સિદ્ધાંત; આલોયણ મુની રાજનેરે, ધારે ગંભીરવંત હો જીનજી. તે૦ ૨, જીત કલ્પમાં સેવતારે, ચરણ કરણ અણગાર; પંચ કલ્પ છેદ ભણ્યારે, પંચ ભલા વ્યવહાર હો જીનજી, તે૦ ૩ વ્યવહાર છેદ દાખીયારે, ઉછરંગને અપવાદ; દશાકલ્પમાં દશ દશારે, ઉપદેશ્યા અપ્રમાદ હો જીનજી. તે૦ ૪ છેદ મહા નીસીથમાંરે, ભાખે જ-

બનો નાથ, ઉપધાનાધિ આચારનીરે, વાત ગીતારથ હાથ હો જીનજી. તે૦ ૫ ધર્મ તીરથ મુની વંદનારે, વરતે સુત આધાર; સાસન શ્રી શુભ વીરનુંરે; એકવીસ વરસ હજાર હો જીનજી. તે૦ ૬

दुहो,

સુત જ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાળણહાર; ખિણમેં શ્રુત કેવળી કરયા, દેઇ ત્રીપદી ગણધાર. ૧

ગીત—તારણ આઇ કયુ ચલેરે. એ દેશી ધન ધન શ્રી અરિહંતનેરે, જિણે ઓળખાવ્યો લોક; સલુણા૦ તે પ્રભુની પુજા વિનારે. જન્મ ગમાવ્યો ફોક; સ૦ ૧ જિમ જિમ અરિહા શ્રેવીએરે; તિમ તિમ પ્રગટે જ્ઞાન સ૦ જ્ઞાનીના બહુ માનથીરે, જ્ઞાન તણાં બહુ માન સહુ જિમ૦ ૨ જ્ઞાન વિના આડંબરીરે, પામે જગ અપમાન સ૦ કપટ ક્રિયા જન રંજનેરે, મૌનવૃતી બગધ્યાન સ૦ જિ૦ ૩ મછરી ખર મુ- ઉજળેરે: કરતા ઉગ્ર વિહાર સ૦ પાપ શ્રમણ કરી દાખીયારે, ઉત્તરાધ્યેન મઝાર સ૦ જિ૦ ૪ જ્ઞાન વિના મુક્તિ નહીરે, કિરીયા જ્ઞાનીને પાસ, સ૦ શ્રી શુભ વીરની વાણીએરે, શિવ કમળા ઘરવાસ સ૦ જિ૦ ૫ ઇતિ પંચમી પુજા. ૫

पुजा ६ ठी दुहो

ચરેમ સમય દુપ સહંજગે, વરતે શ્રુત અવિછેદ: મુળ સુત્ર તિણે ભાખીયા, તે કહેશું ચઉ ભેદ. ૧

ढाळ,

રાગ સારંગ. હમ મગન ભએ પ્રભુ ધ્યાનમાં. એ દેશી. જિનરાજની પુજા કીજીએ, જિન પડિમા આગે પ્રભુ રાગે; અક્ષત પુજા કીજીએ. અક્ષય પદ અ- ભિલાષ ધરીને, આગમનો રસ પીજીએ. જિ૦ ૧ પ્રભુ પડિમા દેખી પ્રતી બુધ્યા, પુરવથી ઉધ્ધરીજીએ, દશવૈકાલિક દશ અધ્યને, મનક મુનિ હિત કીજીએ. જિ૦ ૨ ઉતરાધ્યન તે બીજું આગમ, મુળ સુત્રમાં ગણીજીએ; અધ્યયનાં છત્રીસ ર- સાળાં, સદ ગુરૂ સંગે સુણીજીએ. જિ૦ ૩ સોળ પ્રહરની દેશના દેતાં; ચતુર ચ- કોરા રીઝીએ; શ્રી શુભ વીર જીનેસ્વર આગમ, અમ્રતનો રસ પીજીએ. જિ૦ ૪

दुहो.

જ્ઞાન ઉદય કરવા ભણી, તપ કરતા જિન દેવ: જ્ઞાન નિધી પ્રગટે તદા, સમ- વસરણ સુર શેવ. ૧

ગીત—અખીયનમે ગુલઝારા. એ દેસી. આગમ છે અવિકારા, જીણંદા તેરા આગમ હે અવિકારા જ્ઞાન જયોત પ્રગટે ઘટ માંહે, જિમ રવી કીરણ હજારા જિ૦

મિથ્યાત્વી દુરનય સવીકારા, તગ તમતા નહી તારા. જિ૦ ૧ ત્રીજુ ઓઘ નીર ધુકતી વખાણું, મુનીવરના આચારા જિ૦ ચોથુ આવસ્યક અનુસરતાં, કેવળી ચંદન બાળા જિ૦ ૨ અલ્પાગમ તપ કલેશ તે જાણો, બોલે ઉપદેશ માળા. જિ૦ જ્ઞાન ભક્તિ જીન પદ નીપજાવે, નામે જયંત ભુપાળા જિ૦ ૩ સાયરમાં મીઠી મહેરાવલ, શૃંગી મછ આહારા જિ૦ શરણ વિહીના દીના મીના, ઉતરે સાયર પારા જિ૦ પંચમ કાળ ફણી વિષ ઝાળા, મંત્ર મણી વિષહારા જિ૦ શ્રી શુભ વીર જીનેસર આગમ જિન પડિમા જયકારા. જિ૦ ૫ ઇતિ અક્ષત પૂજા ૬

पुजा ७ मि दुहो,

નૈવેદ પુજા સાતમી, સાત ગતી અપહાર; સાત રાજ્ય ઉરધ જઇ, વરીએ પદ અણાહાર. ૧

ઢાળ,

વિમળાચળ વેગે વધાવો એ દેશી, નિત્ય જીનવર મંદીર જઇએ, મેવા મીઠાઇ થાળમાં લહીએ, નૈવેદની પૂજા કરીએ, તિમ જ્ઞાનની આગળ ધરીએરે સુત આગમ સુદર શેવો, મન મંદીર આગમ દીવોરે. સુ૦ ૧ પેહેલું અનુયોગ દુવારે, સાતે નય ભંગ પ્રકારે, નિખેપાની રચના સારી, ગીતારથ વચને ધારીરે સુ૦ ૨ પુજુ સુત નંદી વંદી, સુણતાં દીલ હોય આનંદી: સવી સુત્ર તણો સરવાલો, જલ્પે ત્રીસલાનો જાયોરે શુ૦ ૩ મતી આદી પંચ પ્રકારે, ભાખ્યા છે જ્ઞાન અધિકાર, બહુલા દ્રષ્ટાંત દેખાવી, શુભ વીરે રીત ઓળખાવીરે. શુ૦ મ૦ ૪

दुहो,

એ પીસ્તાળીસ વરણવ્યાં, આગમ જિન મત માંહી, મનુષ્ય જન્મ પામી કરી, ભક્તિ કરો ઉછાંહ. ૧

ગીતઃ—રાગ વસંત વીર કુંવરની વાતડી કેને કહીએ, એ દેશી આગમની આશાતના નવી કરીએ, નવી કરીએરે નવી કરીએ, શ્રુત ભક્તિ સદા અનુસરીએ, શક્તિ અનુસાર. આ૦ ૧ જ્ઞાન વીરાધક પ્રાણીયા મતીહિના, તેતો પરભવ દુખીયાં દિના, ભરે પેટ તે પરઆધીના, નીચ કુળ અવતાર. આ૦ ૨, અંધા લુલા પાંગુળા પિંડ રોગી, જનમ્યાને માય વિયોગી; સંતાપ ઘણોને શોગી, યોગી અવતાર. આ૦ ૩, મુગાં ને વળી બોબડા ધન હીના, પ્રીયા પૂત્ર વિયોગી લીના, મુરખ અવિવેકે ભીના, જાણે રણનું રોઝ, આ૦ ૪ જ્ઞાન તણી આશાતના કરી દુરે, જીન ભક્તિ કરો ભરપુરે, રહો શ્રી શુભ વીર હજુરે, સુખ માંહે મજા. આ૦ ૫ ઇતિ નૈવેદ પુજા. ૭

पुजा ८ मि दुहो,

ज्ञाना चारे वरतता, ज्ञान बहु नरनार; जीन आगमने पुजतां, फळथी फळ निरधार. १

ढाळ,

सुण गोवालणी. ए देशी. हो साहीबजी परमातम पूज्यानुं फळ मुज आपो, हो साहीबजी बाखीणी पुजारे शुं फळ नापो; उत्तम उत्तम फळ हुं लावुं, अरिहाने आगळ मुकावुं; आगम वीधी पुजा विरचावुं, उभा रहीने भावना भावुं हो० १ जीनवर जीन आगम एक रुपे सेवंतां न पडो भव कुपे; आराधन फळ एहनां कहीए, आ भव मांही सुखीयां थइए हो० २ परभव सुर लोके ते जावे, इंद्रादीक अपछर सुख पावे, तिहां पण जीन पुजा विरचावे, उत्तम कुळमां जइ उपजावे हो० ३ तिहां राज्य रिद्ध परिकर रंगे, आगम सुणतां सदगुरु संगे; आगमशुं राग वळी धरता, जीन आगम जीन पूजा करता हो० ४ सिद्धांत लखावी ने पुजे, तव कर्म सकळ दुरे धुजे, लहे केवळ चरण धरम पामी, शुभ वीर मळे जो विशरामी हो० ५

दुहो.

केवळ नाण लही करी, पामी अंतर ठाण; शैलेसी करणे करी, पामा अविचळ ठाण. १

गीतः—राग पूरवी. घडी घडी सांभरे सांइ सलुणा, ए देशी. नीत नीत सिद्ध नमो भवी भावे, रुपातीत जे सेहेज स्वभावे. नी० ज्ञानने दरशन होय विलासी, साकार उपयोगे शिव जावे. नी० १ करम वियोगी अयोगी केरे, चरम समयं एक समय सधावे; नी० निश्चय नयवादी एम बोले, व्यवहारे समयांतर बावे. नी० २, अगुरु लधु अवगहन रुपे, एक अवगाह अनंत वसावे. नी० फरसीत देश प्रदेश असंख्या, सुंदर ज्योतसें ज्योत मिलावे. नी० ३ आधि व्याधि विघटी भव केरी, गर्भावास तणां दुःख नावे: नी० एक प्रदेशमा सुख अनंतु, ते पण लोका काशे नमावे. नी० ४ परमातम रमणीनो भोगी, योगीस्वर पण जेहने ध्यावे; नी० फळ पूजाथी ए फळ पावे, श्री शुभ वीर वचन रस गावे. नी० ५ इति अष्टमी पूजा. ८

कळस *

कळसः—गायो गायोरे माहावीर जीनेस्वर गायो, आगम वाणी अमीय सरोवर; झीलत रोग घटायो, मिथ्यात मेल उतारी शिरपर, आणा मुगटा धरायोरे. महा० १ तपागच्छ श्री सिंहसुरीना, सत्यविजय बुध गायो; कपूरविजय शिष ज-

માવિજય તસ, જસ વિજયો મુની રાયોરે. મહા૦ ૨, તાસ શિષ સંવેગી ગીતારથ, શ્રી શુભ વિજય સવાયો; તાસ શિષ શ્રી વીરવિજય કવી, એ અધિકારે બનાયોરે. મહા૦ ૩ રાજનગરમા રહી ચોમાસુ, અજ્ઞાન હેમ હરાયો, સુત્ર અર્થ પીસ્તાળીસ આગમ, સંઘ સુણી હરખાયોરે. મહા૦ ૪ અઢારસેં એકાસી માગસર, મોન એકાદશી ધ્યાયો; શ્રી શુભ વીર જીનેસ્વર આગમ, સંઘને તિલક કરાયોરે. મહા૦ ૫ ઇતી શ્રી વીરવિજયજી કૃત પીસ્તાળીસ આગમ પ્રતી અષ્ટપ્રકારી પૂજા સમાપ્ત.

બાર વરતની પુજા.

पुजा १ ली,

ઉચ્ચૈરગુણૈરસ્ય નિબધ મુલ, શક્તિતતિ શાખા વિનયાદિ પત્રં; દાનાફલં માર્ગણ પક્ષિ ભોજી; જિયાશ્ચીરં શ્રાવક કલ્પ વૃક્ષ. ૧

दुहा,

સુખકર સંખેશ્વર પ્રભુ, પ્રણમી સુભ ગુરૂ પાય; સાસન નાયક ગાયશું, વર્ધમાન જિનરાય. ૧ સમવસરણ સુરવર રચે, વનમહશેન મઝાર; સંઘ ચતુરવિધ થાપીને, ભુતળ કરત વિહાર. ૨ એક લખ્ખ શ્રાવક વરત ધરા, ઓગણસાઠ હજાર. સુત્ર ઉપાસક વરણવ્યા દસ શ્રાવક સીરદાર ૩ પ્રભુ હાથે વરત ઉચરી, બાર તજી અતી ચાર; ગુરૂ વંદી જિનની કરે. પુજા વિવિધ પ્રકાર. ૪ મુની મારગ ચિંતામણી, શ્રાવક સુરતરૂ સાજ; બિહુ બાંધવ ગુણ ઠાણમે, રાજાને યુવરાજ. ૫ શિવ મારગ વરતની વિધી, સાતમા અંગ મોઝાર, પંચમ આરે પ્રાણીને, સુણતાં હોય ઉપગાર. ૬ તિણે કારણ પુજા રચુ, અનુપમ તેર પ્રકાર; ઉતરવા ભવ જળ નીધી, એ છે આરા બાર. ૭ સુરતરૂ રૂપાનો કરી, નીલ વરણમેં પાન; રકત વરણ ફળ રાજતાં, વામ દિસે તસ ઠાણ. ૮ તેર તેર વસ્તુ સુચી, મેળવીએ નવ રંગ; નર નારી કળસા ભરી, તેર ઠવો જિન અંગ. ૯ નવણ ૧ વિલેપણ ૨ વાસની ૩, માળ ૪ દીપ ૫ ધુપ ૬ ફુલ ૭, મંગળ ૮ અક્ષત ૯ દર્પણે ૧૦. નૈવેદ ૧૧ ધ્વજ ૧૨ ફળ પૂર ૧૩. ૧૦.

ઢાળ,

રતનમાળાનો પ્રથમ પુરવ દિશી. એ દેશી. ચતુર ચંપાપુરી; વનમાંહી ઉતરી, સોહમ જંબુને એમ કહે એ. વીર જિન વીચરતા; નગ્રરે આવતા; વચન કુસુમે વરેત મહમહે એ. ૧ સાત સંવેગતા, વસુમતી ચોગ્યતા; સમકીત બીજ આરોપ કીજે, ગ્રહી બ્રહ્મા તણી, વિસ્નુ શંકર ધણી. એક રાજે એક સંહરીજે ૨ ગૌરૂપ ચાટણી વાંતી અમ્રત તણી; ત્રિપૂરને કેશવા ત્રણ હણીજે. જુઠ મંડાણની, વાણી પુરાણની; કુગુરૂ મુખ ડાકિણી દુર કીજે. ૩ હરિહર બ્રહ્મને, દેવી અચંભને; પામી સમકીત નવી ચિત્ત ધરીજે. દોષથી વેગળા, દેવ તિર્થંકરા; ઉઠી પરભાતે તસ નામ લીજે. ૪ અતીશયે શોભતા, અન્ય મત થોભતા, વાણી ગુણ પાંત્રીસ જાણીએ એ નાથ શિવ સથવા, જગતના બાંધવા; દેવ વીતરાગ તે માનીએ એ. ૫ જોગ આચારને; સુગુરૂ અણગારને, ધમ જપણા ગુન આદરો એ. સમકીત સારને, છંડી અતીચારને; સિધ પડીમા નિત્ય નિત્ય કરો એ. ૬ એણી કપાયને, ખીર ગંગોદકે; જિન અભિષેક નિત્ય જે કરૂએ. સિંચી અનુકુળને. કલ્પતરૂ મુળને; શ્રીશુભ વીર પદ અનુસરએ. ૭

અથ કાવ્ય:—શ્રદ્ધા સંયુત વરતધારા. શ્રાદ્ધા. શુતે વર્ણિતા, આનંદાદય દિગ મિતા સુરભવ' ત્સ્કાગમિત્યં તિવે શિક્ષત વરત માચર. રેવસુમતે ચૈત્યાભિષેપ કુરૂ; યેનત્વં વરેત કલ્પ પાદપ ફલા સ્વાદં કરો સિસ્ત્વં: ૧ ઓં. રોંહોં. શ્રી પરમપૂરૂષાય પરમેસ્વરાય. જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જંજય જામહેસ્વાહા, ઇતિ સમકિતારોપણે જળ પુજા ૧

પુજા ૨ જી દુહો.

દંસણનાણ ચરણ તણા, આઠ આઠ અતીચાર; અણસણ વિરજયાચારના, પણ તીગ તપના બાર. ૧ સુંદર સમકીત ઉચરી, લહિ ચોથુ ગુણ ઠાણ, ચઢિ પંચમ પગ થાળીએ થુળ થકી પચખાણ. ૨

ઢાળ

વ્હાલે અમ્રત પાઇ ઉછેરયાં, વ્હાલે મારે અમનેરે. એ દેશી. આવો આવો જસોદાના કંત અમ ઘેર આવોરે, ભગતી વચ્છળ ભગવંત નાથ સેં નાવોરે; એમ ચંદન બાળા બોલડે પ્રભુ આવીરે, મુઠી બાકુળ માટે પાછા વળીને બોલાવીરે. આ० ૧ સંકેત કરીને સ્વામી ગયા તુમે વનમાંરે, થઈ કેવળી કેવળી કીધ ધરી જે મનમાંરે, અમ કેસર કેરા કીચ કરીને પુજુરે; તોએ પેહલે વરત અતીચાર થકી હું ધુજુરે. આ० ૨ જીવ હંસાનાં પચખાણ થુળથી કરીએરે દુવિહં તિવેહેણં પાઠ સદા અનુસરીએરે; વાશિ બોળો વિદલ નિશી ભક્ષ હિંસા ટાળુરે, સવા વીસવા કેરી

જીવ દયા નીત્ય પાળુરે. આ૦ ૩ દશ ચંદરૂવા દશ ઠામ બાંધીને રહીએરે, જીવ જાએ એવી વાત કેને ન કહીએરે; વધ બંધનને છ વીછેદ ભાર ન ભરીએરે, ભાત પાણીનો વીછેદ પશુને ન કરીએરે આ૦ ૪ લોકીક દેવ ગુરૂ મીથ્યાત ત્યાગી બેહેરે, પુજ આગમ સુણતાં આજ હોએ વીછેદરે, ચોમાસે પણ બહુ કાજ જયણા પાળુરે, પગલે પગલે માહારાજ વરત અજુઆળુ રે આ૦ ૫ એક સાસ માંહી સોવાર સમરૂં પ્રુમનેરે, ચંદનબાળા જેવું સાર આપો અમનેરે; માંછી હરીબળ ફળદાય એ વરત પાળીરે, શુભ વીર ચરણ સુપસાય નિત્ય દિવાળીરે આ૦ ૬ શ્રદ્ધા૦ આં. રો- હોં. ઇતિ પ્રથમ વરતે ચંદન પુજા ૨.

पुजा ३ जी दुहो,

સુરણ સરસ કુસુમેં કરી, ધરી કેશર ઘનસાર, બહુલ સુગંધી વાસથી પૂજો જગ દયાળ. ૧

ढाल,

ઇમનરાગીણી. જમુનામાં જાઇ પડયોરે, બાળક મેરા જમુનામાં. એ દેશી. મુગતીસેં જાઈ મળ્યોરે, મોહન મેરા મુગતીસેં જાઇ મળ્યો, મોહસે કયું ન ડરયોરે, મો૦ નામ કરમ નીજરણા હેતે, ભગતકો ભાવ ભરયોરે, મો૦ ઉપદેશી શિવ મંદીર પહોતે, તો સેં બનાવ કરયોરે. મો૦ ૧ આકુંદાઠીક દશયું જાસી, પ્રુમ કને વરત ઉચરયોરે. મો૦ પાંચ મોટકાં જુઠ ન બોલે, મેંબી આશ ભરચોરે. ૨ બીજું વરત ધરી જુઠ ન બોલું, પણ અતીચાર ડરચોરે, મો૦ વસુરાજા આસનસેં પડાયો, નરકાવાસ જડચોરે. મો૦ ૩ મંસાહારી માતંગી બોલે, ભાનુ પ્રશ્ન ધરચોરે; મો૦ જુઠા નરે પગ ભુમી શોધન, જળ છટકાવ કરચોરે. મો૦ ૪ મંત્ર ભેદ રહે નારી ન કીજે, અછતી આળ હરચોરે, મો૦ કુટ લેખ મિથ્યા ઉપદેશ, વ્રતકો પાણી ઝરચોરે. મો૦ ૫ કમળશેઠ એ વરતસેં સુખીયો, જુઠસેં નંદ કાલ્યોરે; મો૦ શ્રી શુભ વીર વચન પરતીતે, કલ્પ વૃક્ષ ફળ્યોરે. મો૦ ૬ શ્રદ્ધા૦ આં, રેંહીં, ઇતિ દ્વીતીય વરતે વાસ પુજા. ૩

पुजा ४ थी दुहो,

સુરતરૂં જાયને કેતકી, ગુંથી ફુલની માળ; ત્રિસલા નંદન પુજીએ, વરિએ શિવ વરમાળ. ૧

ढाळ

હુંને અમારો હરજીવનજી, એ દેશી. પ્રભુ કંઠે ઠવી ફુલની માળા, થુળ થકી વરત ઉચરીએરે; ચિત ચોખે ચોરી નવી કરીએ; સ્વામી અદત્ત કદાપી ન લીજે,

ભેદ અઢારે પરિહરીએરે. ચિ૦ ૧ નવિ કરીએ તો ભવ જળ તરીએરે; ચિ૦ સાત પ્રકારે ચોર કહ્યો છે, ત્રણ તુષ માત્ર ન કર ધરીએરે; ચિ૦ રાજ દંડ ઉપજે તે ચોરી, નાઠું પડ્યું વળી વીસરીએરે. ચિ૦ ન૦ ૨ કુડે તોલ કુડે માપ, અતિચારે નરી અતિ ચરીએરે; ચિ૦ આ ભવ પરભવ ચોરી કરતાં, વધબંધન જીવીત હરીએ. ચિ૦ ન૦ ૩ ચોરીનું ધન ન ઠરે ઘરમાં, ચોર સદા ભુખે મરીએરે. ચિ૦ ચોરનો કોઈ ધણી ન હોવે, પાસે બેઠાં પણ ડરીએરે. ચિ૦ ન૦ ૪ પરધન લેતાં પ્રાણજ લીધા, પંચેંદ્રી હત્યા વરીએરે; ચિ૦ વરત ધરતાં જગમાં જસ ઉજળ, સુર લોકે જઈ અવતરીએરે. ચિ૦ ન૦ ૫ તિહાં પણ સાસય પડિમા પૂજી, પુન્ય તણા પોઠી ભરીએરે; ચિ૦ જળ કળસા ભરી જીન અભિષેકે, કલ્પતરૂ રૂડો ફળીએરે. ચિ૦ ન૦ ૬ ધનદત્ત શેઠ ગયો સુર લોકે, એ વરત શાખા વિસ્તરીએરે. ચિ૦ શ્રી શુભ વીર જીનેસ્વર ભગતે, સાસય સુખ શિવ મંદિરીએરે. ચિ૦ ન૦ ૭ શ્રધા. ઓં, ર્હીં, ઈતી તૃતીય વરતે પુસ્પ માળ પુજા. ૪

પુજા ૫ મી દુહો,

ચોથું વરત હવે વરણવું, દીપક સંમ જસ જ્યોત; કેવળ દીપક કારણે, દીપકનો ઉદ્યોત. ૧

ઢાળ,

વંદ્રાવનના વાસીરે વિઠલા તેં મુજને વીસારી, એ દેશી. એ વરત જગમાં દીવો, મેરે પ્યારે એ વરત જગમાં દીવો. પરમાતમ પુજીને વિધિશું, ગુરૂ આગળ વરત લીજે; અતિચાર પણ દુર કરીને, પરદારા દુર કીજે. મેરે પ્યારે૦ નિજ નારી સંતોષી શ્રાવક, અણુંવરત ચોથું પાળે; દેવતીરી નર નારી નજરે, રૂપ રંગ નવી ધારે. ૧ વૈરતને પીડા કાંમની કીડા, દુરગંધા જે બાળી; નાશા વિણ નારી પણ રાગે, પંચાસકમાં ટાળી. મે૦ વિધવા નારી બાળ કુમારી, વેસ્યા પણ પરજાતી;રંગે રાતી દુર્બળ છાતી, નર મારણ એ કાતી. મે૦ ૨, પરનારી હેતે શ્રાવકને, નવ વાડ્યો નિાધારી; નારાયણ ચેડા મહારાજે, કન્યાદાન નીવારી મે૦ ભરતરાયને રાજ્ય ભળાવી. રામ રહ્યા વનવાસે; ખર દુખણ નારી સવીકારી, દેખી ન પડ્યા પાસે. મે૦ ૩ દશ શિર રાવણ રણમાં રોળ્યો, સીતા સતીમાહામાં મોટી, સર્વ થકી જે બ્રહ્મ વરત પાળે. નાવે દાન હેમ કોટી. મે૦ વૈતરણીની વેદન માંહે, વરત ભાગે તે પેસે; વિરતીને પરણામ કરીને. ઈંદ્ર સભામાં બેસે, મે૦ ૪ મદિરા મંસથી વેદ પૂરાણે, પાપ ઘણું પરદારા; વિધ કન્યા રંડાપણુ અંધા, વરત ભંજક અવતારા. મે૦ વરત સંભાળે પાપ પખાળે, સુર તસ વંછીત સાધે; કલ્પતરૂ ફળ દાયક એ વરત જગ જસ કીરતી વાધે મે૦ ૫ દશમે અંગે બત્રીસ ઉપમ, શીળવતી વરત પાળી; નાથ

નિહાળી શરણુ આવ્યો, નેહ નજર તુમ ભાળી મે૦ હાથી મુખસે દાણો નિકશે, કોડી કુટંબ સહુ ખાવે, શ્રી શુભ વીર જીનેસ્વર સાહિબ, શોભા અમ શીર પાવે મે૦ ૬ શ્રદ્ધા ઓહે. ઇતિ ચતુર્થે વરતે દીપક પુજા ૫

पुजा ६ ठी दुहो

અણુવરત પંચમુ આદરી, પાંચ તજી અતિચાર; જીનવર ધુપે પૂજીએ, ત્રીસલા માત મલ્હાર. ૧

ढाल.

માડી અંબાના વડલા હેઠ, એ દેશી. મન મોહનજી જગ તાત વાત સુણો જીન રાજજીરે, નવી મળીયો આ સંસાર; તુમ્હ સરીખો શ્રી નાથજીરે, કૃષ્ણાગર ધુપ દશાંગ, ઉખેવી કરૂ વિનતીરે, તૃસ્ના તરૂણી રસ લીન; હું રઝળ્યોરે ચારે ગતીરે, વીર્યંચ તરૂનાં મુળ; રાખી રહ્યો ધન ઉપરેરે, પંચેંદ્રી કણીધર રૂપ, ધન દેખી મમતા કરેરે મ૦ ૧ સુર લોભી છે સંસાર, સંસારી ધન સંહરેરે; વીજે ભવ સમરાદિત્ય, સાધુ ચરીત્રને સાંભળેરે, નરભવ માંહે ધન કાજ, ઝાઝ ચઢ્યો રણમાં રડવડેરે; નિત્ય શીવા મુકી લાજ, રાજા રહી રણમાં પડ્યોરે. મ૦ ૨ સંસાર માંહી એક સાર જાણી કંચન કામનીરે, ન ગણી જપમાળા એક; નાથ નિરંજન નામનીરે, ભાગ્યે મળીયા ભગવાન, અવસર પામી વ્રત આદરયુંરે ગયો નરકે મમ્મણ શેઠ, સાંભળી લોભથી ઉસરૂરે. મ૦ ૩ નવ વિધ પરિગ્રહ પરિમાણ, આણંદાદિકની પરેરે, અથવા મુરછાં પરિમાણ, ધણ ધન્નાદિક ઉપરેરે, વળી સામાન્યે ખટભેદ, ઉત્તર ચોસઠ દાખિયારે, દશ વૈકાળીક નિરયુક્ત, ભદ્ર બાહુ ગુરૂ ભાખીયારે. મ૦ ૪ પરિમાણથી અધિકું હોય, તો તીરથે જઈ વાવરેરે, રોકાએ ભવનું પાપ; છાપ ખરી જીનની ધરેરે, ધન શેઠ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરીહરીરે, શુભ વીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવ સુંદરીરે, મ૦ ૫ શ્રદ્ધા૦ ઓં. ઇતિ પંચમ વરતે ધુપ પુજા. ૬

पुजा ७ मि दुहो,

ફુલ અમુલક મેહકયું, વરસાવી જીન અંગ, ગુણ વરત ત્રણ્યે તેહમાં, દિશિ પરીમાણને રંગ. ૧

ढाळ,

રાગ સારંગ, દાયક દિલ વશિયા. એ દેશી સમવસરણ સુરવર રચેરે, પૂજા ફુલ અશેસ, સાહિબ શિવ શિયા રાયપશેણી સુત્રમાંરે, કરે સુરયાભ વિશેસ. સા૦ ૧

પુજ્યની પુજા તિમ કરીરે, કરૂં આશા પરિમાણ, સા૦ ચાર દશા વિમળાતમારે, હિંસા એ પચખાણ. સા૦ ૨ આશ કરૂ અરિહા તણીરે, પંચ તજી અતિચાર, સા૦ તુમ સરીખા દીઠા નહીરે, જગમાં દેવ દયાળ. સા૦ ૩ વરસી વરસ્યા તે સમેરે, વિપ્ર ગયો પરદેશ, સા૦ સંજમ લેઇ સુખીયો કરચોરે, આપીણો દેઇ એસ. સા૦ ૪ હું પણ તે દીન કેઈ ગતીરે, કેવળી જમ જિનરાજ, સા૦ સાસન દેખી તાહરૂરે, આવ્યો તુમ શિર લાજ. સા૦ ૫ એ વરતથી શીવ સુખ લહ્યોરે, જિમ માહાનંદ કુમાર, સા૦ શ્રીશુભ વીર જીનેસરૂરે, અમને પણ આધાર. સા૦ ૬ અહ્ન ઓં૦ ઇતી વરતે સુગંધી ફુલની પુજા. ૭

પુજા ૮ મિ દુહા,

અષ્ટમંગળની પૂજના, કરિએ કરી પરિણામ; આઠમી પુજાએ નમો, ભવ મંગળ જિન નામ. ૧ ઉપભોગે પરી ભોગથી, સપ્તમ વરત ઉચાર; બીજુ ગુણ વરત એહના, વીસ તજો અતિચાર. ૨

ઢાળ,

સુતારિના બેટા તુને વિનવુંરેલો એ દેશી. વરત સાતમે વીરતી આદરરેલો, કરો સાહિબ જો મુજ મેહેરજો; તુજ આગમ અરિસો જોવતારેલો, દુર દીઠું છે શિવપુર શેહેરજો. ૧ મને સંસાર શેરી વીસરારેલો, જિહાં ચાર પાડોશી ચાડજો; નિત્ય રેહેવું ને નિત્ય વઢવાડજો. મ૦ ૨ ફુળ તંબોળ અન્ન ઉપભોગમાંરેલો, ઘર નારી ચિવર પરિભોગજો; કરી માન નમું નિત્ય નાથનેરેલો, જેથી જાએ ભવોભવ શોગજો; પ્રભુ પૂજા રચું અષ્ટ મંગળેરેલો, પરહાંસી તજી અવી રોશજો, અવી ઉદભટ વેશ ન પેહેરીએરેલો, નવી ધરીએ મલીનતા વેશજો. મ૦ ૩ ચાર માટી વીગય કરી વેગળીરેલો, દશ બાર અભક્ષ નીવારજો, તીહાં રાત્રી ભોજન કરતાં થકારેલો, મંજારી ગુહક અવતારજો. મ૦ ૪ છળે રાક્ષસ વ્યંતર ભુતડારેલો, કેશ કંટક જુનો વીકારજો, ત્રણ ભીમ ચરીત્રને સાંભળીરેલો, કરો રાત્રી ભોજન ચોવીહારજો. મ૦ ૫ ભાડાં વેહેલ વેચે ભાડાં કરેરેલો, અંગાર કર્મ વન કર્મજો; શર કુપ ઉપલ ખણતાં થકારેલો, નવી રહે શ્રાવકના ધર્મજો. મ૦ ૬ વિષ શસ્ત્ર વેપાર દાંત લાખનેરેલો, રસ કેસની લંછન કર્મજો; શુક મેના ન પાળીએ પાંજરેરેલો, વન દાહે દહે શિવ શર્મજો. મ૦ યંત્ર પીલણ સર નવી શોષાવીએરેલો, નિત્ય કરજ્યો માયા મહારાજજો; નહી ખોટ ખજાને દીજીએરેલો, શિવરાજ વધારી લાજજો. મ૦ ૮ રાજમંત્રી સુતા ફળ પામતીરેલો, વરત સાધક બાધક તાળજો. શુભ વીર પ્રભુના નામથીરેલો, નિત પામીએ મંગળ માળજો. મ૦ ૯ અધા૦ ઓં, ઇતિ સપ્તમ વરતે અષ્ટમંગળ પુજા. ૮

पुजा ९ मि दुहा,

દંડાએ વીણ હેતુએ, વળગે પાપ પ્રચંડ; પ્રભુ પૂજી વરત કારણે, તે કહુ અનર્થ દંડ. ૧ સ્વજન શરીરને કારણે, પાપે પેટ ભરાય તે નવી અનર્થ દંડ છે, એમ ભાખે જીનરાય. ૨

ઢાળ,

વેગળો રેહેને વરણાગીયા, એ દેશી. નેક નજર કરો નાથજી, જીમ જાએ દાળિદ્ર આજથી જીહો; નેક૦ અમે અક્ષત ઉજળ તંદુલે, કરી પૂજા કહુ જીન આગળે જીહો; નેક૦ આવી પોહતો છું પચમકાળમાં, સંસાર દાવાનળ બાળમાં જીહો. નેક૦ ૧ ધ્યાન આરતિ રૈદ્રે મંડિયો, ઠામ ઠામ અનર્થે દંડીયો જીહો; નેક૦ ઉપદેશમે પાપનો દાખીયો, કુડી વાતે થયો હું શાખીયો જીહો. નેક૦ આરંભ કરયા ઘણી ભાતિના, મેં યુદ્ધ કરયાં કેઈ જાતિના જીહો નેક૦ રથ મુસળ માગ્યાં આપીયાં, જતાં પંથે તે તરૂવર આપીયાં જીહો નેક૦ વળી વાદે તે વૃષભ દોડાવીયા, કરી જ્ઞાતીને લોક લઢાવીયા જીહો; નેક૦ ચાર વિકથાએ પૂન્ય ધન હારીઆ, જીમ અનિતી પુરે વ્યવહારીયો જીહો. નેક૦ ૪ તીહાં ચાર ધુતારા વાણીયા, ભરે પેટ તે પાપે પ્રાણીયા જીહો૦ રણઘંટા વચન જો પાળીયું, તો રત્નચુડે ધન વાળિયું જીહો. નેક૦ ૫, તિમ અરિહાની આણા પાળશું, વરત લેઇને પાપ પખાળશું જીહો, નેક૦ અતિચાર તે પાંચ નિવારશું, ગુરૂ શિક્ષા તે દીલમાં ધારશું જીહો નેક૦ ૬ વીરસેન કુસુમસિરી દો જાણી, વરત પાળી થયા સુખીયાં ઘણાં જીહો; નેક૦ અમે પામીએ લીલ વિલાસને, શુભ વીર પ્રભુને સારને જીહો. નેક૦ ૭ શ્રધા. ઓ. ઈત્યષ્ટમ વરતે અક્ષત પુજા. ૯

पुजा १० मि दुहो,

દશમી દર્પણ પુજના, ધરી જીન આગળ સાર; આતિમ રૂપ નિહાળીને, કહુ શિક્ષા વરત ચાર. ૧

ઢાળ,

સુણ ગોવાળણી, એ દેશી. હે સુખકારી આ સંસાર થકી જો મુજને ઉધ્ધરે, તુ ઉપગારી એ ઉપગાર તુમારો કદીય ન વીસરે, નવમે સામાયક ઉચરીએ, અમે દર્પણની પૂજા કરીએ, નીજ આતિમ રૂપે અનુસરીએ, સમતા સામાયક સંવરીએ. હે૦ ૧ સામાન્યે જીહાં મુનીવર ભાખે, અતિચાર પાંચ એહના દાખે; સાધુપરે જીવ દયા પાળે, નીજ ઘર ચૈત્યે પોષધશાળે. હે૦ ૨ રાજા મંત્રીને વ્યવહારી, ઘોડા રથ હાથી શણગારી; વાજીંત્ર ગીત આગળ પાળા, ઘર સંસે ખાટ દરશનવાળા, હે૦ ૩ એણી રીતે ગુરૂ પાસે આવી, કરે સામાયક સમતા લાવી; ઘડી બે સામાયક ઉચ્ચરીએ,

વળી બત્રીસ દોષને પરહરીએ. હે૦ ૪ લાખ ઓગણસાઠ બાણું કોડી, પચવીસ સહસ નવસેં જોડી; પચવીસ પલ્યોપમ ઝઝેરા, તે બાંધે આયુ સુર કેરા. હે૦ ૫ સામાયક વરત પાળી જુગતે, તે ભવ ધન મિત્ર ગયો મુગતે, આગમ રીતે વરત હું પાળું, પંચમ ગુણ ઠાણું અજુઆળું. હે૦ ૬ તુમે ધ્યેય રૂપ ધ્યાને આવો, શુભ વીર પ્રભુ કરૂણા લાવો; નહી વાર અચળ સુખ સાધંતે, ઘડી દોય મળે જો એકાંતે હે૦ ૭ અષ્ટા. ઓં. ઈતિ સામાયક વરતે દર્પણ પુજા. ૧૦

पुजा ११ मी,

વિગ્રહ ગતી દુરે કરી, આપો પદ અણહાર; એમ કહી જીનવર પૂજીએ, ઢોવી નૈવેદ રસાળ, ૧

ઢાળ,

તેજ તરણથી વડોરે, એ દેશી. દશમે દેશાવગાસિ કેરે, ચઉદ નિયમ સંખેપ વિસ્તારે પ્રભુ પૂજતાંરે, ન રહે કર્મનો લેપ હો જીનજી ૧ ભકિત સુધારસ ઘોળનોરે, રંગ લાગ્યો હે ચોળનોરે; પલક ન છોડ્યો જાય એ આંકણી. એક મહુરત દિન રાતિનુંરે, પક્ષ માસ પરિમાણ; સંવછર પ્રમુખ લગેરે, તે રીતે પચખાણ હો જીનજી. ભ૦ ૨ બારે વરતના નીમનોરે, સંખેપ એહમાં થાય; મંત્ર બળે જીમ વીંછીનુંરે, ઝેર તે ડંકે જાય હો જીનજી ભ૦ ૩ ગંઠસી ઘરસી દીપસીરે, એહમાં સવર સમાય; દીપક જ્યોત દેવતારે, ચંદવડંસગરાય હો જીનજી. ભ૦ ૪ પણ અતિચાર નીવારીનેરે, ધનદ ગયો શિવ ગેહ; શ્રી શુભ વીરશું માહરેરે, સાચો ધર્મ સનેહ હો જીનજી. ભ૦ ૫ અષ્ટાં૦ ઓહોં૦ ઈતિ દેશાવગાસિક નૈવેદ પુજા. ૧૧

पुजा १२ मि दुहो,

પડહ વજાવી અમારનો, ધન બાંધ્યો શુભ ધ્યાન; પોહોર સહવરત અગીયારમે, દેવજ પુજા શુભ ધ્યાન. ૧

ઢાળ.

વગડાનો વાશીરે મોર શિદ મારીયો એ દેશી. પ્રભુ પડિમા પુજીને પોસહ કરીએરે, વાતને વીસારીરે વીકથા ચારની, પ્રાએ સુરગતી સાધે પર્વને દીવશેરે, ધર્મની છાયારે તરૂ સહકારની, ૧ શીતળ નહી છાયારે આ સંસારની; કુડી છે માયારે આ સંસારની, કાયની કાયારે છેવટ છારની; સાચી એક માયારે જિન અણગારની. અપસી (૮૦) ભાંગે દેશ થકી જે પોસહરે, એકાસણ કહ્યુ રે શ્રી સિદ્ધાંતમે, નિજ ઘર જઈને જયના મંગળ ભાખીરે, ભાજન મુખ પુજીરે શબ્દ વિના જમે શી૦ કુ૦ કા૦ સા૦ ૨ સર્વેથી આઠ પોહોરનો ચોવીહારરે, સંથારો નિશીરે કંબળ ડાભનો;

પાંચ્યે પરવી ગૌતમ ગણધર ભાખ્યારે, પુરવ આઠ વીસ ગુણો છે ભાભનો. શી૰ કુ૰ કા૰ સા૰ ૩ કાર્તિકશેઠે પામ્યો હરી અવતારજો, શ્રાવક દશ વીશ વરશ સરગે ભયા. પ્રેત કુમાર વિરાધક ભાવને પામ્યારે, દેવ કુમાર વરતરે આરાધકથયા. શી૰ કુ૰ કા૰ સા૰ ૪ પણ અતીચાર તજી જિનજી વરત પાળું રે, તારક નામ સાચું રે જો મુજ તારશો; નામ ધરાવો નિર્યામક જો નાથરે, ભવોદધી પારરે તો ઉતારશો. શી૰ કુ૰ કા૰ સા૰ ૫ સુલસાદિક નવ જણને જિન પદ દિધાંરે, કરમ તે વેળારે વશીઓ વેગળો; સાસન દીઠુ ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યોરે સ્વામી એકલો શી૰ કુ૰ કા૰ સા૰ ૬. દાયક નામ ધરાવો તો સુખ આપોરે, સુરતરૂની આગેરે શી ખહુ માગણી શ્રી શુભ વીર પ્રભુજી સુખે કાળેરે. દીપંતા દાનરે સેખાથી ઘણી શી૰ કુ૰ કા૰ સા૰ ૭ અધા૰ ઓહોં૰ પ્રતિ પોષધ વરતે ધ્વજ પુજા ૧૨

पुजा १३ मी दुहो,

અતિથી કહ્યા અણગારને, સંવીભાગ વરત તાસ; ફળ પૂજા કરી તેરમી, માગો ફળ પ્રભુ પાસ. ૧

ઢાળ

ભમરા ભુદરશું નાખ્યો, એ દેશી. ઉતમ ફળ પૂજા કીજે મુનીને દાન સદા દીજે; બારમ વરત બાહો લીજેરે. ૧ શ્રાવક વરત સુરતરૂં ફળીઓ, મન મોહન મેળોરે મળીઓરે શ્રાવક૰ દેશ (૧) કાળ (૨) સરધા (૩) ત્રામીએ; ઉતર પારણે દાન દીએ, તેહમાં પણ નવી અતિચરીએરે શ્રા૰ ૨ વિનતી કરી મુનીને લાવે, મુની બેસણ આસન ઠાવે, પડીલાભે પોતે ભાવેરે શ્રા૰ ૩ દશ ડગમાં પૂંઠે જાવે, મુની દાને જે નવી આવે; વરતધારી તે નવી ખાવેરે શ્રા૰ ૪ મુની અછતે જમ દિશિ દેખી, પોસહ પારણ વિધી લાખી; ધર્મદાસ ગણી છે સાખીરે શ્રા૰ ૫ એકાદશ પડિમા વહિઆ, સુર ઉપસર્ગે નવી પડીયા, કામદેવ પ્રભુ મુખ ચડિયારે શ્રા૰ ૬ ગુણકર શેઠ ગયો મુગતે, હું પણ પાળુ એ જુગતે, શ્રી શુભ વીર પ્રભૂ ભકતેરે, શ્રા૰ ૭.

અથ સરવોપરી ગીત.—નિશ દીન જોઉતો વાટડી ઘેર આવો ઢોલા એ દેશી. વીર તીપૂણે હું વિનવું, પ્રભુ અમ ઘેર આવો; સેવક સ્વામી ભાવથી, નથી કોઈનો દાવો વિ૰ ૧ જિન વિલાસથી મુક્તિનાં, મુજ તેહ દેખાવો; મન મેળો મેળી કરી, ફોગટ બલચવો વિ૰ ૨. રંગ રસીલા રીઝીને; ત્રીસલા સુત આવો, થાય સેવક તુમ આવતે ચક્રરાજમાં આવો, વિ૰ ૩ પંથ વચ્ચે પ્રભુજી મળયા, હજુ હરખે જાવો; નિરનાથ નિજ પુર પામતા, પ્રભુ પાકો વોળાવો વિ૰ ૪ એણી ચઢી ગૈલસીએ, પરિસાટણ ભાવે સો [illegible] શિવ મંદીરે, જયોતે જયોત મિલાવો વિ૰ ૫ નાટક કુનાયો દેખતે, નાણો કોય આભાવે, શ્રી શુભ વીરને પુજતા ઘેર ઘેર વધાવો વિ૰ ૬

અધા૦ ઓં, ઇતિ અતિથી સંવીભાગે વ્રતોચ્ચરણા રૂપ પૂજા. ૧૩

કળસ ❊

રાગ ધન્યાસીરી, ગાયો ગાયોરે મહાવીર જીનેસર ગાયો, વીર મુખે વરત ઉચરીઆં જીમ, નરનારી સમુદાયો; એકસો ચોવીસ અતિચાર પ્રમાણે, ગાથાએ ભાવ બનાયોરે, મહા૦ ૧ વરતધારીને પુજાનો વિધી, ગણધર સુત્ર ગુથાયો, નિરભય દાવે શિવપૂર જાવે, જીમ જગંમાલ છપાયોરે; મ૦ ૨, તપગછ શ્રી વિજે સિંહસુરીના, સત્ય વિજય સત્ય પાયો. કપૂર વિજય ગુરૂ ખિમાવિજય તસ, જસવિજયો મુનીરાયોરે. મહા૦ શ્રી સુભવિજય સુગુરૂ સુપસાયે, સુત ચિંતામણી પાયો, વિજય દેવેંદ્ર સુરીસરરે રાજ્યે, એ અધિકાર રચાયોરે. મ૦ ૪ કષ્ટ નિવારે વંછીત સારે, મધુરે કંઠે મલ્હાયો, રાજનગરમાં પુજા ભણાવી, ઘરે ઘરે ઓછવ થાયોરે. મ૦ ૫ મુનીવ સુનાગ શશિ સંવછર (૧૮૮૭), દીવાળી દીન ગાયો, પંડિત વીરવિજય પ્રભુ ધ્યાને, જગ જસ પડહ વજાયોરે. મ૦ ૬ ઇતિ દ્વાદશ વરત વિધો જીન પુજા વિધિ સંપૂર્ણ અથ વિધિ વિશાળ જીન ભુવને અથવા પીઠ રચી વીર પ્રભુની પ્રતીમા થાપી વામ દીસે કલ્પવૃક્ષ થાપવો, તે આગળ પૂજા પુજાએ જે જણસ પ્રભુને ચઢે તે ચઢાવવી. બાકી દર્પણ, અષ્ટમંગળ, ધજા સર્વ મુકવાં. જઘન્યથી ૧૩ પૂરૂષ ૧૩ ઇંદ્રાણી શેષ વિધિ અષ્ટપ્રકારી પૂજાની રીતે જાણવી. ૧૨૪ અતીચાર ટાળવા, ૧૩ દીવા કરીએ, ઇતિ વીધી સરવ ગાથા ૧૨૪ શ્લોક સંખ્યા ૨૦૩ છે ઇતિ શ્રી દ્વાદશ વરત પુંજા વિધી સંપૂર્ણ.

અથ ચોસઠ પ્રકારી પુજા.

કર્મસુદન તપ દિન ૬૪ કરવો.

अथ तप यंत्र,

સંખ્યા	કર્મ તપનામ.	ઉપવાસ	એકાસણુ	એકસીથ	એકઠાણું	એકદતી	નીવી.	આંબિલ	અટ્ઠકવળ
૧	જ્ઞાનાવરણ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૨	દર્શનાવરણ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૩	વેદની કર્મ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૪	મોહની કર્મ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૫	આયુ કર્મ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૬	નામ કર્મ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૭	ગોત્ર કર્મ	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૮	અંતરાય કર્મ	૧	૧	૧	૧	૧	૧	૧	૮

જ્ઞાનાવરણી કર્મની.

पुजा १ लीं दुहा,

શ્રી ગુરૂભ્યો નમો નમઃ દુહા--શ્રી સંખેશ્વર સાહિબો, સમરી સરસતી માય; શ્રી શુભ વિજય સુગુરૂ નમી, કહું તપ ફળ સુખદાય. ૧ જ્ઞાન થકી સવી જાણતા, તે ભવ મુક્તી જીણંદ; વરત ધરી ભુતળ તપ તપ્યા; તપથી પદ મહાનંદ. ૨ દાન શક્તી જો નવી હુવે તો તનું શક્તી વિચાર; તપ તપીએ થઇ જોગતા, અલ્પ કષાય આહાર. ૩ પરનિંદા છંડી કપટ, વિધો ગીતારથ પાસ; આ ચાર દિનકર દાખીએ, તે તપ કરમ વિનાશ. ૪ વિવિધ પ્રકારે તપ કહ્યા, આગમ રયણની ખાણ; તેહમાં કરમ સુદન તપ, દીન ચઉસઠી પ્રમાણ. ૫ જ્ઞાનાવરણી કરમ આઠ, પચખાણ ભેદાય ઉપવાસાદિક અડકવળ, અંતિમ તિમ અંતરાય. ૬ ઉજમણું તપ પૂરણે, શક્તિ તણે અનુસાર; તરૂવર રૂપાનો કરો, ધાતીયાં શાખા ચાર. ૭ ચાર પ્રશાખા પાતળી, કર્મનો ભાવ વિચાર. ૭ ચઉસય અડવન પત્ર તસ, કાપવા કનક કુઠાર. ૮ ચોસઠ માદક મુકીએ, પુરતક આગળ સાર; ચોસઠી કળશા નામીએ, જીન પડીમા જયકાર. ૯

પુજા સામગ્રી રચી, ભરી ફળ નૈવેદ થાળ નાનો પખરણ મેળવી, ગાન અમરી મનોહાર. ૧૦ જળ કળશા ચોસઠ ભરી, ધરી પુરૂષને હાથ; તિર્થોદક કળશા ભરી, ચોસઠ કુમરી હાથ. ૧૧ ચોસઠ વસ્તુ મેળવી, મંડપ રચીએ સાર; મંગળ દીવો રાખીએ, પૂસ્તક મધ્ય વિચાર. ૧૨ સનાત્ર મહોત્સવ કીજીએ, પૂજા અષ્ટપ્રકાર, જ્ઞાનાવરણ હઠાવવા, આઠ અભિષેક ઉદાર. ૧૩

ઢાળ.

રાગ ચોળા આછા ઉરી મોતીવાળા ભમરજી, એ દેશી. ચરમ પ્રભુ મુખ ચંદ્રમા, સખી દેખણ દીજે, હાથ અરિસા બિંબરે, સખી મુને દેખણ દીજે, છપ્પનદીગકુમરી કહે સ૦ પ્રભુજીનો દેદારરે; સ૦ કત કરી ઘર આવતી, સ૦ એમત બાળકુમારરે. સ૦ ૨ યોવન વય સુખ ભોગવે, સ૦ શ્રી માહાવીર કુમારરે. સ૦ જ્ઞાનથીકાળ ગવેખીયો, સ૦ આપ હુવા અણગારરે. સ૦ ૩ ગુણ ઠાણું લહી બારમું, સ૦ જ્ઞાનાવરણી હણ્યું જેમરે. સ૦ કેવળ લહી મુગતે ગયા સ૦ હમે પણ કરશું તેમરે સ૦ ૪ સ્વામી સેવાથી લહે સ૦ સેવક સ્વામી ભાવરે સ૦ સાલંબન નિરાલંબને; સ૦ કરશું એહવો બનાવરે સ૦ ૫ તીસ કોડાકોડી સાગરૂ સ૦ વિતી અંતર મુરત જઘીસરે સ૦ બંધ ચતુરે વિધ ચેતશું સ૦ પગઈઠીએ રસ દેસરે સ૦ ૬ સુક્ષમ બંધ ઉદય વળી સ૦ ઉદીરણ સંતા ખીણરે, સ૦ સ્નાતક સ્નાન મણી હુવે સ૦ જ્ઞાન પડલ મલહીણરે, સ૦ ૭ સરવાંગે સ્નાતક પઈ સ૦ કરશું સાહેલી રંગરે સ૦ શુભ આનંદ ઘર રમો સ૦ શ્રી શુભ વીરને સંગેરે સ૦ ૮

શ્લોક— તિર્થોદકે ર્મિશ્રીન ચંદનૌઘે સંસાર.તાપાહતયે સુશીતૌ જરાજતી પ્રાંતરજો ભિશાંત્યે; તત્પમદા હારથ મર્જય જેહં. ૧ સુર નદી જળ પુર્ણ ઘટૈઘનૈ, ઘૃસૃણ મિશ્રિત વારિ ભુતે; પરે; સ્નપય તિર્થ કૃતં ગુણ વારિધિ, વિમલતા ક્રિયતાચનિ જાત્મન; ૨ જીનમનો મણિ ભાજન ભારયા, સમર શૈક સુધારસ ધારયા; સકળ બોધ કળા રમણીયકં; સહજ સિદ્ધ મહ પરિ પુજ્યોત: ૩ ઓહ્રોં, હ્રીં શ્રી પરમ પુરૂષાય, પરમેશ્વરાવ. જન્મ જરા મૃત્યુ નિવારણાય, અજ્ઞાનો છેદકાય; શ્રીમતે વીર જિનેંદ્રાય જલંય જામહે સ્વાહા. ઇતિ જળ પૂજા ૧

पुजा २ जी दुहा.

મુળ પ્રકૃતિએ એકએ, ઉત્તર પ્રકૃતિ પાંચ; મોહ સમ પણ નવિ સમ વિઘ્ન ખાયકની આંચ, ૧ તિણ તહિજ વિધી સાધવા. પુજો અરિહા અંગ, સિદ્ધ સ્વરૂપ રૂદય ધરી, પીળી કેસર રંગ; ૨

ઢાળ,

દેશી જુમખડાની, બીજી ચંદન પુજનારે, કેશરનો કરી ઘોળ, પ્રભુ પદ પુજીએ, બાહિર રંગ ગવેખીનેરે, રંગ અભ્યંતર ચોળ પ્ર૦ ન ધુરપ ગઈ ધુર કરમની રે; બંધ ત્રિભંગ પ્રકારે; પ્ર૦ ખયઉપસમ ગુણ નિપજેરે, અડવીસ ઉપર ચાર પ્ર૦ ૨ ત્રણસે ચાળીસ ઉતરૂરે, બહુવાદિક પદ બાર પ્ર૦ ધુવપ વિશેખા વસ્યકેરે, નંદી સુત્ર મોઝાર પ્ર૦ ૩ બંધ હેતુ છતે પામીએરે, મતિઆવરણ બંધણ પ્ર૦ ધુવબંધી પ્રકૃતી ટળેરે, જબ લહે ખાયક એગ પ્ર૦ જિમ રોહુ નૃપ રીઝવ્યોરે રીઝવવો એક સાંઈ, પ્ર૦ શ્રી શુભ વીરને આશરેરે, નાસે કરમ બલાયે પ્ર૦ ૫

શ્લોકઃ—જીન પતેર્વર બંધ સુપૂજનં, જનિ જરા મરણો ભવ ભીતિ હરં; સકળ રોગ વિયોગ વિપદ્ધરં, કુરૂ કરેણ સદા નિજ પાવનં. ૧ સહજ કરમ કલંક વિનાશૈને, રમણ ભાવ સુવાસન ચંદને, રવુપમાન ગુણ વળી દાયકં, સહજ સિદ્ધ મહં પરિ પૂજયેત. ૨ ઓં. રહીં. શ્રી૦ મતિ જ્ઞાનાવરણાય, શ્રીમતે વીર જીનેંદ્રાય ચંદનંય જામહેસ્વાહા. ઈતિ દ્વીતીય ચંદન પુજા ૨.

पुजा ३ जि दुहा,

શ્રુત જ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાળણહાર; ખિણમાં શુંત કેવળી કરયા, દેઈ ત્રિપદી ગણધાર. ૧ સુમનસ વૃષ્ટી તિહાં સમે, સમવ સરણ મોઝાર; કરતાં સુમનસ સુમનસા, પ્રભુ પૂજા દીલધાર. ૧

ઢાળ,

દ્રેશ ન ધરીએ બાબન દ્રેશ ન ધરીએ, એ દેશી. સમવસરણે શ્રુત જ્ઞાન પ્રકાશે, પૂજે સુરવર ફુલની રાસે; સ્વામી ફુલની૦ કેતકી જાયના ફુલ મંગાવે; ભેદ ત્રિક કરી પુજા રચાવો, સ્વા૦ ૧ પ્રભુ પદ પ્રણમી શ્રી શ્રુત માગો, શ્રુત જ્ઞાનાવરણ તે જીમ જાય ભાગો. સ્વા૦ ખયઉપસમ ગુણ જીમ જીમ થાવે, તિમતિમ આતિમ ગુણ પ્રગટાવે, સ્વા૦ ૨ મતિ વિણ શ્રુત ન લહે કોઈ પ્રાણી, સમકીતવંતની એહ નીશાની. સ્વા૦ ત્રત્યાદિક શ્રુત નાણ જણાવે, ખીર નીર જીમ હંસ બતાવે. સ્વા૦ ૩ ગીતારથ વિણ ઉગ્ર વિહારી. તપિયા પણ મુની બહુલ સંસારી. સ્વા૦ અલ્પાગમ તપ કલેશ તે જાણો, ધરમાદાસગણી વચન પ્રમાણો. સ્વા૦ ૪ ભેદ ચતુરદશ વીશ વખાણો, ઉર રીત મતિ જ્ઞાન સમાણો; મતિ શ્રુત નાણે ચઢ શિવ જાવે, શ્રુત કેવળી શુભ વીર વધાવે સ્વામી ફુલની૦ ૩

શ્લોકઃ—સુમનસાં ગતિ દાપિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુ પુજન, સુમનસા સુમનો ગુણ સંગીના, જન વિવેકી નિષેહી મનોર્ચ્ચન. ૧ સમયસાર સુપુષ્પ સુમાલયા, સહજ કરમ કરેણ વિશોધયા; પરમ યોગ બલેન વશીકૃત સહજસિ. ઓં.રંહીં શ્રી પરમ૦ શ્રુત જ્ઞાનાવરણીય કુસુમાણિય જામહેસ્વાહા, ઇતિ પુષ્પ પુજા. ૩

पुजा ४ थी दुहो,

અવધિ જ્ઞાનાવરણના, ક્ષયથી હુઆ ચિદ્રૂપ; તે આવર્ણ દહન ભણી, ઉર્દ્ધ ગતી રૂપ ધુપ. ૧

ઢાળ

રાગ જાતી ફાગ. સબાબ રાગીણી. જીનવર જગત દયાળ ભવીયાં. એ દેશી. એ ગુણ જ્ઞાન રસાળ ભવીયાં એ ગુણ જ્ઞાન૦ ધુપ ઘટા કરી જ્ઞાન છટા વળી, અવધી આવર્ણ પ્રજાળ ભવીયાં એ. ખટ ભેદાંતર વૃદ્ધિની રચના, જાણે ક્ષેત્રને કાળ. ભ૦ એ૦ ૧ અંગુળ આવળી સંખ્યમ સએ, પુરણે કિંચુરણ કાળ; ભ૦ પૂરણ વળી અંગુલ પ્રહુતે; હસ્તે પ્રહુતે વિસ્થાલ. ભ૦ એ૦ ૨, કોસ દિનાંતર જોજન દીન નવ, દ્રબ્ય પર્યાવ વિશાળ; ભ૦ પચ્ચ વીશ જોજન પક્ષ અધુરે, પક્ષે ભરત નિહાળ. ભ૦ એ૦ ૩ જંબુદ્વીપ તે માસ અધિકે, વરસે અઢી દ્વીપ ભાળ, ભ૦ રૂચકદ્વીપ તે વર્ષ પહુતે, સંખ્યા તે સંખ્યાતા કાળ. ભ૦ એ૦ ૪ કાળ અસંખ્ય દ્વિપ સંખમ સંખ્યા, જ્ઞાન પ્રતક્ષ નિહાળ; ભ૦ એક સમે આઠ અધિક સત સિદ્ધ ટાળી ભવ જંજાળ. ભ૦ એ૦ ૫ શિવરાજરૂષી વિભંગને ટાળી, વરીયા શિવ વરમાળ, ભ૦ સાયરદ્વીપ અસંખ્ય દિખાવે, શ્રી શુભવીર દયાળ. ભ૦ એ૦ ૬

શ્લોકં—અગર મુખ્ય મુનોહર વસ્તુન, સ્વનિરૂપાધિ ગુણાઘ વિધીયિન; પ્રભૂ શરીર સુગંધ સુહેતુના, રચય ધુપન પૂજન મરહત ૧ નિજ ગુણા ક્ષય રૂપ સુધુપને સ્વ ગુણ ઘાત મલં પ્રવિકર્ષણ, વિશદબોધ મનંત સુખાત્મકં, સહજ સિધ૦ ૨ ઓહીં. હ્રીં શ્રી પર૦ અવધિયાવરણનિવારણાય ધુપંય જામહેસ્વાહા ઇતિ ધુપ પૂજા

पुजा ५ मी दुहो,

મન પજ્જવ આવરણતમ. હરવા દીપકમાળ જ્યોતસે જ્યોત મિલાઇએ, જ્ઞાન વિશેષ વિશાળ.

ઢાળ,

ગોપી વીનવેરે એ દેશી. જ્યોતી ઝગમગેરે, અઢી દ્વીપ પ્રમાણ, દો ભેદ કરીરે, અઢી અંગુલ નોતરતમ જાણ જેહ વિપૂલમતિરે, તેહને તે ભવ પદ નિરવાણ; મુની વેશજ વીનારે. નવી ઉપજે દો ભેદ નાણ, જ્યો૦ ૧ વિમલાતમ દિશારે, જાણે જ્યોતીશ વંતર ઠાણ; તીછાલોકમાંરે, ભાખ્યું એહ પ્રમાણ અધોલોકમાંરે જોજન સો અધીકેરાં જાણ, સંજ્ઞી જીવનારે. જાણે મન ચિંતન મંડાણ જ્યો૦ ૨ રૂજુમતી દ્રબ્યથીરે, અનંત અનંત પ્રદેશ વિસ્તાર; અસંખ્યાત ભવ કહેરે, પલિય

અસંખ્યમ ભાગ ત્રિકાળ; સંજ્ઞી પજ્જાપનારે, ભાગ અનંતા મનથી સાર. ચારે ભાવથીરે, અધિકા વિપુલમતી અણગાર જયો૦ ૩ મતિશ્રુતનાણુથીરે, મણપજ્જવ પામ્યા મુનીરાય, ખાયક ભાવથીરે, એક સમય દશ મુગતી જાય, ખયઉપસમ પદેરે, મુની વરતે સાતે ગુણ ઠાણ, શ્રી શુભ વીરથીરે જંબુ સ્વામી લગે એ નાણ જયો૦ ૪

શ્લોક—ભવતિ દીપ શિખા પરિમોચન ત્રિભુવનેસ્વર સદમની શોભનં; સ્વતનુ કાંતી કરતિમિરં હરં, જગતિ મંગળ કારણ માતરં. ૧ શુચિ મનાતમ ચિદુ જવલ દીપકે, જ્વલિત પાપ પતંગ સમુંકે, સ્વકપદં વિમલં પરિલોભીરે, સહજ સિદ્ધ૦ ૨ ઓંહ્રીં શ્રીં શ્રી૦ મનપરયવાવરણો છેદકાય દીપ૦ ઇતી દીપ પૂજા ૫

पुजा ६ ठी दुहो

ઘનઘાતી ઘાતે કરી; તેહ થયા મુની ભુપ; બહિરાતમ ઉછેદીને, અંતર આતિમ રૂપ. ૧

ઢાળ

સાહેલડીઆં એ દેશી. અક્ષત પદ વરવા ભણી; સુણો સંતાજી; અ[illegible] પૂજા સાર, ગુણવંતાજી, અક્ષત ઉજલ તંદુલા. સુ૦ ઉજળ જ્ઞાન ઉદાર ગુ૦ ૧ પંચમ પગઈ ટાળવા, સુ૦ વરવા પંચમ જ્ઞાન, ગુ૦ ત્રિસલાનંદન નિહાળીએ, સુ૦ બાર વરસ એક ધ્યાન ગુ૦ ૨, નિંદ શયન જાગરે દિશા, સુ૦ તે સવિ દુરે હોય; સુ૦ દુજે ઉજાગર દિશા. સુ૦ ઉજળ પાયા દોય, ગુ૦ ૩ લહી ગુણઠાણું તેરમું. સુ૦ ધુર સમયે સાકાર, ગુ૦ ભવ જીનેશ્વર વંદીએ. સુ૦ નાઠા દોષ અઢાર. ગુ૦ ૪ છતી પર્યાએ જ્ઞાનથી સુ૦ જાણે સેય અનંત, ગુ૦ શ્રી શુભ વીરની સેવના સુ૦ આપે પદ અરિહંત. ગુ૦ ૫

શ્લોક.--ક્ષિતિતલેક્ષત શરમ નિદાનકે, ગણિવરસ્ય પુરોક્ષત મંડલં; ક્ષત વિવર્જિત દેહ નિવારણં, ભવપયોધિ સમુદ્ધરણોદ્યતં. ૧ સહજ ભાવસુનિર્મલ તાંદુલૈં, વિપુલદોષ વિશોધક મંગલૈં; સ્નુ પરોધ સુબોધ વિધાનકં, સહજ સિ૦ ૨ ઓં૦ શ્રી કેવળજ્ઞાનાવરણ નિવારણાય અક્ષતંય જામહેસ્વાહા. ઇત્યક્ષત પુજા. ૬

पुजा ७ मि दुहो,

બાહ્યરૂપ આહારે બધે, રૂપાંતર અણાહાર; અણાહારી પદ પામવા, ઠવો નવેદ રસાળ. ૧

ઢાળ.

રાગ વિલાવરો. નૈવેદ પ્રભુ આગળ ધરી, બહુ છંદી વાજે, જ્ઞાનાવરણ નિવા-

રીએ, રૂચકાંતર ભાજે, હાંહાંરે તત્વસાંએ નિવાજે. હાંહાંરે જીન સાસન રાજે. ન૦ ૧ અજ્ઞાની પૂન્ય પાપનો નવી ભેદ તે જાણે, નયગમ ભંગ પરૂપણા, હઠ વાદે તાણે, હાંહાંરે એક આપ વખાણે, હાંહાંરે બંધ ઉદય ન જાણે. નેં૦ ૨ આશાતના કરે જ્ઞાનની, જયણા નવી પાળે, સુગુરૂ વચન નવી સદહે, પડ્યો મોહની જાળે, હાંહાંરે તે અનંત કાળે, હાંહાંરે નરભવ ન નિહાળે, નેં૦ ૩ રોહીતમચ્છની ઓપમા, સિદ્ધાંતે જણાવે, જ્ઞાન દિશા શુભ વીરનું, જો દર્સન પાવે, હાંહાંરે અજ્ઞાન હઠાવે, હાંહાંરે જ્યોત નયન જગાવે. નેં૦ ૪

શ્લોક.--અનસનં દ્રુમ માશ્રિવતિ બુદ્ધિનો, રૂચાર ભોજન સંચિત ભોજનં, પ્રતિદિનં વિધીના જીન મંદીરે, શુભ મતે બત ઢોકય ચેતસા. ૧ કુમત બોધ વિરોધ નિવેદકે, વિંહિત જાતી જરા મરણાંતકે, નિંરશનં પ્રચુરાત્મ ગુણાલયં, સહજસી૦ ૨ ઓં. રંહીં શ્રી અજ્ઞાનો છેદકાય નૈવેદ્યંયવે જામહે સ્વાહા. ઈતી સપ્તમી પુજા. ૭

पुजा ८ मि दुहा,

બંધોદય સતાપ્રુતા, પાંચે પયડી જોય; દશ ઘાતીની ચ્યાર છે, કેવળ સરવ થી હોય. ૧ જ્ઞાનાચારે વરતતાં, ફળ પ્રગટે નિરધાર, તિણે ફળ પૂજા પ્રભુ તણી, કરીએ વિવિધ પ્રકાર. ૨

ઢાળ,

રાગ ફાગ. સુરતી મહીનાની દેશી. એ પાંચે આવરણનો, બંધ દશમ ગુણ ઠાણ, ઉદય ઉદીરણ સતા, ખીણ કહે જગભાણ. ૧ જ્ઞાનથી સાસો સાસમાં. કઠિન કરમ ક્ષય જાય; ફળ વંચકતાંતસ ટળે, યોગા વંચક થાય ૨ અરિહા પણ તપ કરતા, એકુકી રહી રાણ, અણહુંતા સુર કોડી, શિવે પૂરણ નાણ. ૩ જ્ઞાન દિશા. વિણ તપ જપ: કિરીયા કરત અનેક; ફળ નવી પામે રાંક તે, રણમાં રોયા એક. ૩ તેલી બળદ પરે કષ્ટ કરે, બ્યુ વિણ સુત હહેર. નિશિદીન નયન બિંચાણે ફરતો ઘેરનો ઘેર. ૫ જ્ઞાન પ્રથમ પછે જયણા, દશ વૈકાલિક વાણ; જ્ઞાનીને સુરતરૂ ઓપમા, જ્ઞાનથી ફળ નિરવાણ. ૬ કર્મસુડન તપ પુરણ, ફળ પુજા ફળ સાર; શ્રી શુભ વીરના જ્ઞાનને, વંદીએ વાર હજાર. ૭

શ્લોક—શિવતરો; ફળ દાન પરૈર્નવૈ વરફળ; કિલપુજય તિરથંપં; ત્રિદશનાથ નતક્રમપંકજં, નિહત મોહ મહીધર મંડલં. ૧ શમરસૈક સુધારસ માધુરે, રનુભવાખ્ય ફલૈર ભય પ્રદે; અહિત દુખહરં વિભવપ્રદં; સહજ સિદ્ધમહં પરિ પૂજયોત, ઓહો. રહીં. શ્રી૦ પ્રથમ કર્મો છેદનાય ફલંય જામહે સ્વાહા. ઈતી પ્રથમ કર્મ પુજા. ૮ દિન ૧ સરવ ગાથા ૮૪. અથ ભણાવવાની વિધી.

ઉપરની ગ્નાનાવરણી કરમની પુજામાં પુજા દીઠ જે બબ્બે શ્લોક છે તે આઠ કરમની પુજા ભણાવતાં પુજા દીઠ કેહેવા અંતરાય કરમની છેલી પૂજા પછે કળસ લખેલા છે તે દરરોજ એકેક કરમની આઠ પુજાઓ ભણાવ્યા પછી ભણાવવો.

અથ દર્શનાવરણી કરમની પુજા.

पुजा १ ली दुहा,

દર્શનાવરણ તે વરણવું, નવ પગઇ દુરદંત, દરિશન નિંદ્રા ભેદથી, ચઉ પણ કહે અરિહંત. ૧ બંધોદયસત્તાધ્રુવા, પયડી નવ તિમ પંચ, નિંદ્રા અધ્રુવોદય કહી સરવ ઘાતી પણ પંચ. ૨ દંશણ તિગ દેશ ઘાતિયાં; કેવળ દંશણ એક, સરવ ઘાતી મેં દાખીયો, વાદળ મેઘ વિવેક. ૩ વિકટ નિકટ ઘટ પટ લહે, જિમ આવારણ વિયોગ; ગ્નાનાંતર ક્ષણથી સહુ, સામાન્યે ઉપયોગ. ૪ એ આવરણ બળે કરી; ન લહ્યું દરશન નાથ; નૈગમ દરશન ભટકીયો, પાણી વલોવ્યું હાથ. ૫ પૂરણ દરશન પામવા, ભજીએ ભવી ભગવંત; દુર કરે આ વરણને, જિમ જળથી જળકંત. ૬

ઢાળ,

રાગ આશાઉરી, નમોરે નમો શ્રી સેતરૂંજે ગીરિવર, એ દેશી. માગધને વરદામ પ્રભાશહ, ગંગા નીર વિવેકરે; દરશાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે. ૧ નમોરે નમો દરશન દાયકને; દરશન દાયક શ્રી જીનવરનુ, લાયકતાને લાગરે, પ્રીત પટંતર દાય ન ભાજે, જો હોય સાચો રાગરે. નમો૦ ૨ રાગવિના નવી રીજે સાંઇ, નિરાગી વીતરાગરે, ગ્નાન નયન કરી દરશન દેખે; તે પ્રાણી વડભાગીરે. નમો૦ ૩ ચઉ દંશણ પ્રતિ સુક્ષમ બંધે; ઉદયાદિક ખીણ અંતરે; તે આવરણ કઠિન મલ ખાલી, સ્નાતક સંત પ્રસંતરે નમો૦ ગ્રંથી વિકટ જે પોળ પોળીઓ; પોકે દરશન ભુપરે, શ્રી શુભ વીર જે નયન નિહાળે, શેવક સાધન રૂપરે. નમો૦ ૫ ઓહીં. શ્રીં. શ્રી બંધોદય નીવારણાય જંબય ષતી જળ પૂજા. ૯

पुजा २ जी दुहा.

ઉપદેશક નવ તત્વના, પ્રભુ નવ અંગ ઉદાર; નવ તિલકે ઉતર નવ, પગઇ ટાળણહાર. ૧

ઢાલ.

રાગ કાફી નાચકી છે. વશિયા દિલ દીઠડી ન્યોવી મગારી, એ દેશી. તુજ મુરતિ મોહનગારી, રશિયા તુજ મુરતિ મોહનગારી, દ્રવ્ય ગુણ પરજ્યાયને મુદ્રા, ચઉ ગુણ પડીમા ચારી; રશિયા૦ નયગમ ભંગ પ્રમાણે ન નિરખી, કુમતી કદાગ્રહ ધારી રશિયા૦ ૧ જીન ઘર તીરથ સુવીહીત આગમ, દરશને નયન નિવારી, રશિયા૦ ચક્ષુદર્શનાવર્ણ કર્મ તે, બાંધે મુઢ ગમારી. રશિયા૦ ૨, કાણા નિસીનરી જાત્યંધાપણું, દુખીયા દીન અવતારી; રશિયા૦ દર્સનાવરણ પ્રથમ ઉદયેથી, પરભવ એહ વિચારી. રશિયા૦ ૩ અલ્પ તેજ નયના તપ દેખી, જુએ આડો કર ધારી. રશિયા૦ જાણું પૂર્વ ભવ કુમતીની, હજીય ન ટેવ વિસારી. રશિયા૦ ૪ જયણાયુત ગુરૂ આગમ પુજો, જીન પડીમા જયકારી. રશિયા૦ શ્રી શુભ વીરનું સાસન વરતે, એકવીસ વરસ હજારી. રશિયા૦ ૫ ઓં શ્રી ચક્ષુદર્શનાવરણ નીο ચંદનંયο પ્રતી દ્વીતીયા. ૧૦

पुजा ३ जि दुहा,

ફુલ અમુલક પુજના, ત્રીસલા નંદન પાય, સુરભી દુરભી નાશા પ્રમુખ, અચક્ષુ આવરણ હઠાય. ૧

ઢાળ,

રાજ પધારો મેરે મંદીર, એ દેશી. કમણિ મરૂઓ કેતકી ફુલે, પુજન ફળ પ્રકાશોજી; ભોગી નિવાસા સંયુત આશ, લક્ષણવંતી નાશા. ૧ ભવ ભવ કરીએજી, જીન ગુણ માળ રસાળ કંઠે ધરીએજી; ગુણ બહુ માન જીનાગમ વાણી, કાને ધરી બહુ માનેજી, દ્રવ્ય ભાવ બહીરાતમ ટાળી, પરભવ સમજે શાને. ભ૦ ૨ પ્રભુ ગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ શુદ્ધ પરૂપેજી; પુરૂષ મુંગા ન બહે પરભવ, ન પડે વળી ભવ કુપે. ભ૦ ૩ પરમેષ્ટીને શિશ નમાવે, ફરસે તીરથ ભાવેજી; વિનય વયાવચ્ચાદિક કરતાં, ભરતેસર સુખ પાવે. ભ૦ ૪ જીમ જીમ ખય ઉપસમ આવરણા, તિમ ગુણ આવીર ભાવેજી; શ્રી શુભ વીર વચન રસ લબ્ધી, સંભિન્ન ઓત જણાવે. ભ૦ ૫ ઓં. શ્રી. અચક્ષુ દરશના૦ પુસ્પાણીય ઇતિ તૃતીયા. ૧૧

पुजा ४ थी दुहो,

અવધિદર્શનાવરણ ખય, ઉપસમ ચઉગતી માંહી, ખાયક ભાવે કેવળી, નમો નમો સિદ્ધ ઉછાંહ. ૧

ઢાળ,

ચંદ્રશેખર રાજા થયો, એ દેશી. અવધિ રૂપી ગ્રાહકો, ખટ ભેદ વિશેષે; અ-

વધિ દરશન તેહેનું, સામાન્યે દેખે. ૧ એ ગુણ ઉપન્યા પરભવથી સ્વામી; આ ભવમાં સુખીઆ અમે, તુમ દરશન પામી. ૨ દેવ તિરગતીથી લહે, ગુણથો નર તિરીયા, કાઉશગમાં મુનિ હાથથી હેઠા ઉતરીયા. ૩ પરિણામે ચઢતી દશા, રૂપિ દ્રવ્ય અનંતા; જઘન્યથી ઉતકૃષ્ટથી, સવી દ્રવ્ય સુણંતા. ખેત્ર અસંખ અંગુલ લઘુ, ગુરૂ લોક અસંખ્યા; ભાગ અસંખ લઘુ આવળી, ઉત્સપ્પિણી અસંખ્યા, ૫ ચાર ભાવ દ્રવ્ય એકમાં, લઘુ ભાવ વિશેષે, અસંખ્ય પર્યવ દ્રવ્ય પ્રતે, ગુરૂ દરશન દેખે. ૬ નંદીસૂત્રે એણી પરે, કહ્યું અવધિનાણ; અનાકાર ઉપયોગથી; દરશન પરિમાણ. ૭ વિભંગે પણ દાખીયો, દરશન સિદ્ધાંતે; તત્વારથ ટીકા કહે, સમકિત એકાંતે. ૮ તસ આવરણ દહન ભણી, ધુપ પુજન કરીએ; શ્રી શુભ વીર શરણ ગ્રહી, ભવસાયર તરીએ. ૯ ઓં. શ્રી. અવધિ દરશન ધુપંપ૦ ભતિ ચતુરથી. ૧૨

पुजा ५ मि दुहो,

કેવળ દરશના વરણને. તું પ્રભુ ટાળણહાર; જ્ઞાન દીપકથી દેખીએ; મોહોટા તુજ આધાર. ૧

ढाळ,

રાગીણી આશા ઉરી, ભરખાની દેશી. દીપક દીપતોરે લોકાલોક પ્રગાશ,. દરશન દીવડોરે હણીયા વરણ લહે નિરવાણ. આંકણી. ૧ ખાયક ભાવે અનાદી ચેતન, આઠ પ્રદેશ ઉઘાડારે; અવરનું દરશન દેખાણ ભગીઓ, પણ આવરણ તે આડા. દી૦ ૨, તુમ શવે તે તુમ સમ હોવે, શક્તિ અપુરવ યોગેરે; ખપકશ્રેણી આરોહી અગોહા, ધ્યાન શુકુળ સયોગે. દી૦ ૩ ધનઘાતીનો ઘાત કરીને, પ્રથમ સમય સાકારેરે, સમયાંતર દરશન ઉપયોગે, દરશના વરણ વિદારે. દી૦ ૪ મુળ એક બંધ ચાર સત્તોદય, ઉત્તર પણ એક બાંધેરે; બેહેતાળીસ ઉદયે પંચ્યાસી, સતાહણી શિવ સાધે. દી૦ ૫ ઝગમગ જાલા દીપક પુજન, કરતાં કોડી દીવાળીરે; શ્રી શુભ વીર જીનેસ્વર રાજન, રાજ્યે રહિઆત તાજા. દી૦ ઓં. શ્રી. કેવળ દરશનાવરણ નિ૦ દીપય૦ ભતિ પંચમી. ૧૩

पुजा ६ ठि दुहो,

નિંદ્રા દુગદળ છેદવા, કરવા નિરમળ જાત; અક્ષત નિરમળ પુજના, પુજો શ્રી જગ તાત. ૧

ढाळ,

ધુણીભદ્ર કહે સુણ બાળારે એ દેશી. હવે નિંદ્રા પાંચની કેટીરે, મોહરાય

તણી એ ચોટીરે; સરવ ઘાતી પયડી મોટીરે, નિંદ્રા દુગ અન્હો છોટીરે. ૧ એ
અના જગત પીતરાણીરે, નાના મોટા મુઝાવે પ્રાણીરે, ભાનુદત પુરવ ધર પડીયારે,
દીપકજ્યોત જોયા નવી જડીયારે. ૨ સુખે જાગે આળસ મોટીરે, તે નીંદ્રાખાળ
વધુટીરે, ઉભાં બેઠાં નયણાં ઘુંટીરે, જબ જાગે વયણની સોટીરે. ૨ તવ નયણથી
નિંદ વછુટીરે, પ્રચલા લક્ષણ ગતી ખોટીરે, દ્વાદશાંગી ગણી રૂપ પેટીરે, મુની નયણે
નીંદ્રા પલટીરે. ૩ પુરવધર પણ શ્રુત મેટીરે, રહ્યા નીગોદમાં દુખ વેઠીરે, અપુરવ
બંધેથી છુટીરે, સતાઉદયે બારમે ખુટીરે. ૩ મુનીરાજે મળીને લુટીરે, અપ્રમતને
ડંડે કુટીરે; છળ જોતીને રોતી વછુટીરે. ધ્યાન મહેર બગાડે બુટીરે. ૫ શુભ વીર
સમા નહી માંટીરે, નીંદ્રાની વનકટી કાટીરે, થઇ સાદી અનંતની છેટીરે, શીવસુ-
દરી સેહેજે ભેટીરે ૭ ઓહોં. શ્રી૦ નીંદ્રાપ્રચલા વીછેદનાય અક્ષતંય૦ ઇતી ષષ્ટી૧૪

पुजा ७ मि दुहा,

આહારે ઉંઘ વધે ઘણી, નિંદ્રા દુખ ભંડાર, નેવેદ ધરી પ્રભુ આગળે, વરી
એ પદ અણાહાર. ૧

ढाळ,

રાગ ગોડી. તોરણ આઈ કયુ ચલરે એ દેસી. થિણદ્ધી ત્રિકગ સાંભળોરે,
નિંદ્રા જે દુખદાય સલુણા. બંધ બીજા ગુણ ઠાણશેરે, છઠે ઉદય મુનીરાય સલુણા
૧ જિમ જિમ જીનવર પૂજીએરે. તિમ તિમ ધુજે કર્મ સ૦ સંપ કરી સતા રહેરે,
નવ માને એક ભાગે સ૦ નિંદ્રા નિંદ્રા તહમારે કાટે કરી જે જાગે સ૦ જિ૦ ૨
પ્રચલા પ્રચલા ચાલતાંરે. નયણે નિંદ ઘુમાર. સ૦ જાગે રણ સંગ્રામમારે, વીજળી
જયું ઝળકાર સ૦ જી૦ ૩ દીન ચીંતા રાત્રે કરેરે, કરણી જે નર નારે; સ૦ બ-
ળદેવનું બળ તે સમેરે નરકગતી અવતાર સ૦ જી૦ ૪ એમ વિશેષાવસ્યકેરે, પરણ-
વિયોએ અધિકાર; સ૦ સાધુ મંડળીમાં રહેરે. એક લઘુ અણગાર સ૦ જિ૦ ૫ થી
ણદ્ધીનિંદ્રા વશ્યેરે, હણીયો હસ્તી ચાહંત સ૦ સુતો ભર નિંદ્રા વશ્યેરે, મુનઘણીઓ
દાય દંત સ૦ જી૦ ૬ અંગ આદ્રસી શિષ્યનુંરે, સંશય ભરાયા સાખ સ૦ જ્ઞાની
વયણે કાઢિયોરે, ઉપસવનેથી કાગ સ૦ જી૦ ૭ બાટ માસે નિંદ્રા લહેરે. શીક વધુ
દ્રષ્ટાંત સ૦ નિંદ વિયોગે કેવળીરે, શ્રી શુભ વીર જીણંદ સ૦ જી૦ ૮ ઓહોં. રીણ-
થીણદ્ધી ત્રિક દહનાયનૈવેદ્યં૦ ઇતી સપ્તમી પૂજા ૫

पुजा ८ मि दुहा,

વિવીધ ફળે પ્રભુ પૂજતાં, ફળ પ્રગટે નિરવાણ, દર્શાવરણ વિલય હુવે, વિઘટે
બંધના ઠાણ. ૧

ઢાળ,

રાગ ફાગ. દીપચંદની ચાલ, હોરી ખેલાવત કાન્હઈઆ, નેમીસર સંગે લે ભઈઆ. એ દેશી હોરી ખેલુ મેરે સાહબીઆ, સંગે રંગે સુણ હો ભઈયા, અબિર ગુલાલ સુગંધ વીખરીયા, કનક કચોળી કેશરીયા હોરી૦ ૧ ખારેક બીજોરાં ફળ ટેટી, પુજો ફળ થાળે ભરિયાં; ફાગ ગ્યાન ગુણ તાન બજૈયા, દર્શનાવરણ ભએ ડરીયા. હો૦ ૨ એ પ્રભુ દરશન વિણ ભવ ફરિયા, કુદેવ કુતીરથ વરણવીયા; કુગુરૂ કુશાસ્ત્ર પ્રસંસા કરિયા, મિથ્યાત ધર્મ હઈએ ધરીયા. હો૦ ૩ બહોત દુખે બહુ શોકે ભરીયા, સમકીત દુષણ આચરીયા, દુવ્રત પાળે ને ચાલે અનઈયા; પરમેષ્ટી ગુરૂ ઓળવિયા હો૦ ૪ પડણિયા ગુરૂ અત્યાસણિયા, ભગવઈ ભાખે બાણધરીયા; દર્શનાવરણી કરમ ધિરઈયા, તીસ કોડાકોડી સાગરીયા હો૦ ૫ એસે બંધકો બંધ ધરૈયા, સાંભળી આણા શીર ધરીયા, શર્ંગીલવણ મધુરી બેહરીયા, શ્રી સુભ વીર પ્રભુ મળિયા હો૦ ૬ ઓં. દ્વીતીય કરમ દહનાય ફળં ય૦ ઇતિ દ્વીતીય કર્મેષ્ટમી પુજા, ૧૬ દીન ૨. સરવ ગાથા, ૬૨.

અથ વેદની કર્મની પુજા.

પુજા ૧ લી દુહા,

ત્રીજું અઘાતાવેદની, જીવ લહે શિવ શરમ; સંસારે સવી જીવને, તવ લગે એ હિજ કરમ. ૧ બંદોદય અધ્રૂવ કહી, ધ્રુવ સત્તાએ હોય; પયડી અઘાતી જાણીએ, શાતા અશાતા દોય. ૨ કરમ વિનાસીને હુવા; સિદ્ધબુદ્ધ ભગવાન; તે કારણ જીનરાજની, પુજા અષ્ટ વિધાન. ૩ નવણ ૧, વિલેપન ૨, કુસુમની .૩, જીનપુરે ધુપ ૪, પ્રદીપ ૫, અક્ષત ૬ નૈવેદ ૭ ફળ તણી, કરો જીનરાજ સમીપ. ૪

ઢાળ.

કુડીને રઢીયાળીરે વ્હાલા તારી વાંસળીરે. એ દેશી. નવણની પૂજારે નિરમળ આતમારે, તીરથોદકનાં જળ ભળાય; મનોહર ગંધે તે મેળાય. ન૦ ૧ સુરગીરી દેવારે પ્રવા જીન તણીરે, કરતાં નવણ તે નિરમળ થાય; કનક રજત મણી કળસ ઢળાય.

ન૦ ૨ સુરવહુ નાચેરે માચે રંગશુંરે, બાવન દેવ તે જીન ગુણ ગાય; વેથાલિક સુખ કરણ પાય. ન૦ ૩ ચિહુંગતી માંહેરે ચેતન રોળીયોરે, સુરનર જે સુખિયા સંસાર; નારકતિરિ દુખનો ભંડાર. ન૦ ૪ શી વશ સુખમાં સ્વામી ન સાંભરયારે, તિણે હું રળ્યો કાળ અનંત; મલિન રતન નવી તેજ ઝગંત. ન૦ ૫ પ્રભુ નવરાવીરે મલ નિવારશુંરે, વેદની વિઘટે મણી ઝળકંત, શ્રી સુભ વીર મળે એકાંત. ન૦ ૬ ઓ. રંહીં. શ્રી વેદની નિવારણાય જલંપ, ઇતિ પ્રથમ. ૧૭

पुजा २ जी दुहो.

વેદની કરમ તણી કહુ, ઉતર પયડી દોય; જાસ વિદશ ભવ ચોકમાં, સુખ્રાણા સહુ કોય. ૧

ઢાળ,

રાગ આશાઉરી સાહિબ શ્રી.સફણા. એ દેશી. તન વિકસે મન ઉલસેરે, દેખી પ્રભુની રીત, દાયક દીલ વશીવા, કુરણ લાગી જીભડીરે, પૂરણ બાંધી પ્રીત. દા૦ ૧ નયન જોતી સમ પ્રીતડીરે, એક સુરત દોય કાન. દા૦ વેદની હરી ધનવંતરીરે, કરી એ આપ સમાન. દા૦ વેદની ઘરે વાશી વસોરે, નડિયા નાથ કુનાથ. દા૦ પાણી વલોવ્યું એકલુંરે, ચતુર ન ચઢીયો હાથ. દા૦ ૩ ખડગધાર મધ લેપશુંરે, તેહેવો એ સંસાર; દા૦ લક્ષણ વેદની કરમનુંરે, ફળ કિંપાક વિચાર. દા૦ ૪ તુજ સાસન પામે થકેરે, બાંધ્યો કરમનો મરમ, દા૦ કોડી કપટ કોઇ દાખવેરે, પણ ન તજુ તુજ ધર્મ. દા૦ ૫ પૂજ્ય મળે પુજા રચુરે, કેસર ઘોળી હાથ; શ્રી શુભ વીરવીજય પ્રભુરે, મળીઆ અરીહડ સાથ દા૦ ૬ ઓહ્રીં શ્રી૦ વેદની લક્ષણ નિવા૦ ચંદનય૦ ઇતિ દ્વીતીયા. ૧૮

पुजा ३ जि दुहो,

મળીયો સાથ મળે થકે, ચોર તણો નહી જોર; જીનપદ કુસુમે પૂજતાં, નાસે કર્મ કઠોર. ૧

ઢાળ

રાગ સારંગ હો ધના એ દેશી. કર્મ કઠોર દુરે કરોરે, મીતા, પામી શ્રી જીનરાજ; કુસુમગર પુજા રચોરે મીતા, પામી નરભવ આજરે; રંગીલા મીતા, એ પ્રભુ શીવાને ૧ વેદની વશ તુમ કાં પડોરે, મી૦ જેહને પ્રભુશું વેર. સાહિબ વેરી ન વિસરારે મી૦ તો હોય સાહિબ મહેરરે રં૦ એ૦ છઠ્ઠા ગુણઠાણા લગેરે મી૦ બંધ અશાતા જાણ. શાતા બાંધે કેવળીરે મી૦ તેરમે પણ ગુણઠાણેરે રં૦ એ૦ ૩ શાતા

અશાતા એક પદેરે મી૦ ચરમ ગુણે પરીહાર. સંતાઉદયથી કેવળીરે, મી૦ સહે પરી શહ અગીઆરરે ૨૦ એ૦ ૪ ત્રીસ કોડાકોડી સાગરૂરે, મી૦ લઘુ સાતેયા તિભાગ બંધ અશાતા વેદનારે મી૦ હવે શાતા સુવીભાગરે. ૨૦ એ૦ ૫, પનરે કોડાકોડી સાગરૂ રે, લઘુ દોય સમય તે થીર ગૌતમ સંશય ટાળીઆરે મી૦ ભગવઈમા શુભ વીરરે ૨૦ એ૦ ઓહેં૦ શ્રી૦ વેદની બંધ નિવા૦ પુષ્પં૦ યજા તૃતીયા ૧૯

पुजा ४ थी दुहा,

ઉતરાધ્યને થિતી લઘુ, અંતર મહુરત હોય; પનવણામાં બાર તે, શાતા બંધ સંપરાય. ૧ શાતા વેદની બંધનું; ઠાણ પ્રભુ પુરશુપ; મિથ્યત દુર્ગંધ દુરે ટળે, પ્રગટે આતમ સ્વરૂપ. ૨

ઢાળ

વિમળાચળ વેગે વધાવો, એ દેશી. ચઉમાશી પારણું આવે, કરી વિનતી નિજ ઘર જાવે; પ્રિયા પુત્રને વાત જણાવે; પટકુળ જરી પથરાવેરે; માહાવીર પ્રભુ ઘેર આવે, જીરણશેઠ ભાવના ભાવેરે મહા૦ ૧ ઉભી શેરીએ જળ છટકાવે, જાય કેતકી ફુલ બીછાવે; નિજ ઘર તોરણ તોરણુ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવેરે મ૦ અરિહાને દાનજ દીજે; દેતાં જે દેખી રીજે; ખટ માશી રોગ હરીજે, સીજે દાયક ભવ ત્રીજેરે મ૦ ૩ તે જીનવર સનમુખ જાવું, મુજ મંદીરીએ પધરાવું, પારણું ભલિ ભક્તિ કરાવુ, જુગતે જીન પૂજા રચાવું. ૩ મ૦ ૪ પછે પ્રભુને વોળાવા જઈશું, કરજોડી સામા રહીશું, નમી વંદી પાવન થઈશું; વીરતી અતી રંગે વહીશુંરે મ૦ ૫ દયા દાન ખીમા શીલ ધરશુ, ઉપદેશ સજનને કરશું; સત્ય જ્ઞાન દિશ; અનુસરેશુ, અનુકંપા લક્ષણ વરશુરે મ૦ ૬ એમ જીરણશેઠ વદંતા. પરિણામની ધારે ચઢંતા, શ્રાવકની શીમે ઠરંતા, દેવ દુદુભીનાદ સુણંતારે મ૦ ૭ કરી આયુ પુરણ શુભ ભાવે, સુર લોક અચ્યુતે ૧૨ જાવે; શાતા વેદની સુખ પાવે; શુભ વીર વચન રસ ભાવેરે મ૦ ૮ ઓહેં. શ્રી૦ શાતાબંધાપહાય ધુપં૦ યજા ચતુરથી. ૨૦

पुजा ५ मी दुहो,

શાતાબંધક પ્રાણીયા, દીપે એણે સંસાર; તિણે દીપક પુજા કરી, હરીએ દુખ અંધાર. ૧

ઢાળ,

ચતુરો ભેતા ચેતવનાલી એ દેશી. સાંભળજો મુની સંજમ રાગે, ઉપશમ શ્રેણે

પડીયારે; સાતાવેદની બંધ કરીને, એણુ ચડી તે પડીયારે સાં० १ ભાખે ભગવઈ છઠ તપ બાઝી, સાતલવાયુ ઓઢેરે, સરવારથ સીધે મુની પોહોત્યા. પુરણાયુ નવી છોડેરે સાં० २ સજ્યામાં પોહોઢ્યા નિત રેહવે, શિવમારગ વિસામેરે; નીરમળ અવધી નાણે જાણે; કેવળી મન પરીણામેરે, સાં० ३ તે સજ્યા ઉપર ચંદ્રુએ; જુબખડે છે મોતીરે. વિચલુ મોતી ચોસઠ મણનું, ઝગમગ ઝાલમ જ્યોતીરે સાં० ४ બત્રીસ મણનાં ચઉ પાખળીએ. શોળમણા અડસુણીયારે, આઠ મણાં સોળસ મુગતાફળ, તિમ બત્રીસ ચઉમણીયારે સાં० ૫ા મણ કેરાં ચોસઠ મોતી, ઇગસય અડવીસ મણીયારે. દોય સતને વળી ત્રેપન મોતી; સરવ થઇને મળીયારે સાંભળ० ६ એ સઘળાં વિમલા મોતીશુ, આભળે વાયુ જોગેરે, રાગ રાગીણી નાટક પ્રગટે, લવ સતમ સુર ભોગેરે સાં० ७ ભુખ તરસ છીપે રસ લીના, સુરસાગર તેત્રીસરે શાતા લેહેરમાં ખીણ ખીણ સમરે, વીર વીજય જગદીશરે સાં० ८ ઓહોં. શ્રીં० શાતાતર સુખ પ્રાપણાય દીપ'ય० ઇતી પંચમી २१

पुजा ६ ठी दुहो

અક્ષત પૂજાએ કરી. પૂજો જગત દયાળ; હવે આશાતા વેદની, બંધનાં ઠાણુ નિહાળ. १

બટાઉની દેશી. પ્રભુ તુંજ સાસન મીઠુંરે, સમતા સાધન સાર, ચોભ નબીઠા કુંઆડી, તેતો નાનીને દરબારરે. હું રોલ્યો એણે સંસારરે ગુણ અવગુણ સરીખા ધારરે; હીરો હાથ આવ્યો અંધારરે, ન કરી નાનીશુ ગોઠડી મેરે લાલ १ શોક કરે સંસારમાંરે, પરને પીડા દીધ, ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંધીખાને કીધરે, મુનીરા જાની નીંદ્યા કીધરે, મુની સંતાપ્યા બહુ વીધરે, રાજા દેવ શ્રીનાભિધરે, એક સરિખ શતક પરસિદ્ધરે, ન० २ માણસના વધ આચારથારે, છેદન ભેદન તાસ; થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસરે; દમીયા પર ક્રોધની વાસરે, કેઇ જીવજીવીકા રહી પાસરે, કેઇ જીવની ભાગી આશરે, થયો કરપી કપીલા દાસરે; ન० ३ એમ આશાતાવેદનીરે, બાંધે પ્રાણી અનંત; સુત્ર વિપાકે સાંભળો, મૃઘા પૂત્ર તણો દૃષ્ટાંતરે, સુણી કંપે સમકીતવંતરે, સુખ અક્ષર પામે એકાંતરે, કરો અક્ષત પુજા સંતરે. શુભ વીર ભજો ભગવંતરે ન० ४ ઓહોં શ્રીં० અશાતાબંધસ્થાન નિવા० અક્ષત ઇતી ષષ્ટી પૂજા २२

पुजा ७ मि दुहो,

ન કરી નવેદ પૂજના, ન ધરી ગુરની શીખ; લહે અશાતા પરભવે, ઘર ઘર માગે ભીખ. १

ઢાળ,

ધરૂપદ-કાફી ચિત તુમ્હે કરો ભવિકજન મણી તંદુલ ઉદાર. ચીત૦ મ૦ અખંડ અક્ષત આણી ભાવે, ભવીકજન થાળ ભરો જયકાર ચી૦ મ૦ ૧ જિન આગળ સવી આપ કરો તુમ્હે, સ્વસ્તીક પૂરો વિશાળ; વિચે વિચે રતન ધરીજે અમુલક,

નિજ મોતિ સાક જમાળ. ચી૦ મ૦ ૨ ઉજ્જવળ અક્ષત ભરી તંદુલ શુભ, વાસ વાસિત ઘનસાર, મુગતાફળ વળી માંહી મનોહર, શોભે અતી સીરદાર ચી૦ મ૦ ૩ એહ વિધ પૂજા કરત જિનવરકી, પાવતહે ભવ પાર; દ્રવ્ય વિધીધાને ભક્તિશુ કીજે, ભાવ પ્રગટે નીરધાર ચી૦ મ૦ ૪ ઇતી અગ્યારમી અક્ષત પૂજા.

पुजा १२ मी दुहो,

ઇંદ્ર ઇંદ્રાદીક ભાવશું, ભક્તિ કરે વળી જેહ, ઇંદ્ર ધ્વજ શુ શોભતાં, હરખ ધરે વળી તેહ. ૧

ઢાળ

ધરૂપદ—રાગ ગોડી. કનક દંડ કરે રત્ન જડીત વળી, સુરપતી ગ્રહે મન રંગેરે; વળી ઉપરે મુક્તાફળ માળા, કુસુમ ફુલ સુખ સંગેરે. ૧ દંડ ગગનશું વાદ કરે જે કંકણી નાદ ઘન ગાજેરે, ચપળા કરી પતાકા એમ કહે, ઘોષગુ દઈ સુર રાજેરે, ૨, સહસ જોજન દંડ ઉતંગ સોહે, ભવીજનના મન મોહેરે; લઘુપતાકા જે પૂજા કરતાં, જેમ જિન આગળ જોહેરે. ૩ જેમ સુરના મન મોહેસુંદર, સુરનર ધ્વજ જિમ કીધોરે; તિમ ભવીજન ધ્વજ પૂજા કરતાં, તિણે નરભવ ફળ લાધોરે. ૪ ઇતી બારમી ધ્વજ પૂજા.

पुजा १३ मि दुहो,

સિંહાસન જિન થાપીને, પુજા કરે સુરરાય; ચામર પ્રભુ શીર ઢાળતાં; કરતા પૂણ્ય ઉપાય. ૧

ઢાળ,

રાગ કાફી–ધરૂપદ, તિમ તુમે કરો ભવીકજન; ચામર વિંઝે સુરરાજ; તિ૦ ઇંદ્ર ઇંદ્રાદીક સનમુખ ઢાઢે, કરતાં જનમ શુભ કાજ તિ૦ ૧ હેમતાર સુર ગુંથી કરથી, કરતા જડીત જડાવ; રત્નમય દંડ રત્નમેં જડતાં, કરતા ભક્તિ પ્રભાવ તિ૦ ૨ મણી માણીક મોતીમેં જડતા, હીરા લાલ વિશાળ; ચામર વીંઝે સુર મન રીઝે, વિઝે થય ઉજમાળ. તિ૦ ૩ એહ વિધ પુજા, તેરમી કીજે, કુશળ એમ દીજે, સુરપતી ભક્તિ સહિત કરે પુજા, સુર સુખ શુભ ફળ લીજે. તિ૦ ૪ ઇતિ ચામર પૂજા ૧૩

पुजा १४ मि दुहा,

રત્ન જડીત પટ ઉપરે, થાપી શ્રી જીનરાય; સુરપતી છત્રાદીક ધરે, સાધે વંછીત કાજ. ૧

ઢાળ.

ધરૂપદ-રાગ સોરઠ. વિવિધ જુગતે જડયુ, છત્ર શોભા બન્યું; પ્રભુ શીર સોહતું ૧ રયણ કંચન તણું, જડાવ જડાયનું, સુરમન મોહતું. ૨ મણી માણેક સહી હીરલા પુષ્કરાજ મધ; લાલ લીલમ સોહતું ૩ ઇંદ્ર ઇંદ્રાણી ભકિત કરે, હર્ષ મનશું ધરે; ઉચ્છાહ કરે જોહતું. ૪ ઇતી ચૌદમી છત્ર પુજા. ૧૪

पुजा १५ मी दुहा,

કરણ કુંડળશું જડ્યાં, રયણાદીક વળી જેહ; મુગટ પ્રભુ શીર સોહતો, નિરખે ઇંદ્ર વળી તેહ. ૧

ઢાળ,

ધરૂપદ રાગ ગોડી. મુગટ ઇંદ્ર જડીત લઇ આવે, પ્રભુ શીર તેહ સોહાવેરે; ઇંદ્ર ઇંદ્રાણી મળી કુસુમ ભરાવે, મુગતાફળશું જડાવેરે. ૧ ઉરપર હાર રચીત બહુ ભુષણ; જિન કંઠે તેહ પેહેરાવેરે; ભુજ યુગ વર બહેરખા દેઇ, ભાલ તીલક જડાવેરે. સુ૦ ૨ સુરપતી ભકિત કરે મન રંગે, સહસ્ર લોચન કરી નીરખેરે, તેમ ભવીજન નિરમળ ચીતે, પૂજે પ્રભુ મન હરખેરે. ૩ ઇતી પન્નરમી મુગટ પુજા ૧૫

पुजा १६ मि दुहा,

પ્રભુ દરશન કરવા ભણી, દરપણ પૂજા વિશાળ; આતમ દરપણથી જુએ, દરશણ હોય તતકાળ. ૧

ઢાલ.

ધરૂપદ રાગ કાફી. શુધ્ધ દેવ ગુરૂ ધરમ ધરોરે, તવ દરશણ તુમ્હે આતમ કરોરે; દરપણ પૂજા દરશણ કારણ; જિન પુજી તુમે આપ તરોરે. શુ૦ ૧ શુધ્ધ દેવ મન માંહી ધરીને, ચીત દરપણસેં આપ જુઓરે; ગુરૂ ઉપદેશ ધર્મ ચિત ધારી, પરૂપરણતી તુમ્હે આપ ખુઓરે. શુ૦ ૨, ચેતન રીધ્ધિ અનંતી ધરાવે, દરિશણ વિણ રીધ્ધિ આપ ખુએરે, દરપણ પૂજા કરત જીનવરકી, તવ નિજ રીધ્ધિ આપ જુએરે. શુ૦ ૩ એહ વિધ પૂજા કરત જીનવરકી, ચેતન આવર્ણ તે સર્વે મિટેરે; શુધ્ધ દશા દરપણ રૂપ બની; અશુભ દશા તસ સર્વે કટેરે શુ૦ ૪ ઇતી સોળમી દરપણ પુજા ૧૬.

पुजा १७ मि दुहो,

વિવીધ પ્રકતી પકવાનશું, લઇ ચીત ઉદાર, અણાહારી પદ પામવા, ઢીનવું વારોવાર. ૧

ઢાળ,

ધરૂપદ રાગ પુરવી સોરઠી. જિણંદરાય નૈવેદ થાળ ભરીરી, જિ૦ હેમ પાત્ર ભરી વીવીધશુંરે કંસાર સીંચ ધરીરી. જિ૦ ૧ ઘેબર ફીણી પિંડા પતાસા, સાકર પાક કરીરી; ખાજાં ખુરમાં ખાંતીશું લાવો, ખીર ખાંડ ઘૃતશું પુરીરી. જિ૦ ૨ શાળ દાળ શુભ શાળણુંરે, શાક પાક કરી જેહ; એહ વિધ, નૈવેદ થાળ ભરીને; અણાહારીપદ લીજે તેહ. જિ૦ ૩ ઇતી સતરમી નૈવેદ પુજા. ૧૭

पुजा १८ मी दुहो,

પુજા કરતાં નીપજે, તરૂવર સિંચે જેમ; તરવર ફળ જિમ આપશે, પૂજા હોય તેમ. ૧

ઢાળ,

ધરૂપદ રાગ સોરઠી તથા આશાઉરી. ભવી ભાવે શ્રીફળ પુજા કરો, ભવી૦ જેમ હોયે ફળ અનંત વિવીધ જાતિ ફળ ગ્રહી જિન આગે, ઠાવો નિર્મળ ચીતરે ભ૦ ૧ શ્રીફળ દ્રાક્ષ ખારેક અખોડ પુંગી ફળ મન રંગેરે, કદલી બદામ મિષ્ટાંગ લિંબુ, પુજીજે જિન સંગેરે ભ૦ ૨ ઇંદ્રાદિક વળી પુજા કારણ, ફળ લાવે ધરી રાગેરે; ફળ પૂજા કરતાં મન શુદ્ધે, શીવ ફળ અનુપે માગેરે. ભ૦ ૩ ઇતી અઢારમી ફળ પૂજા.

पुजा १९ मि दुहो,

ઇંદ્ર ઇંદ્રાણી તે મળી, ગાવે ગીત રસાળ, તાળ મૃદંગ વાજીંત્રશું, પ્રભુ ગુંથી ગુણ માળ. ૧

ઢાળ

ધરૂપદ. રાગ સોરઠી. પ્રભુ ગુણ ધ્યાન કરે જે સુરપતી, ગાવે ધરીય આણં-દોરે; ધન્ય ભાગ્ય દીન આજ અમારો, દુરીતસકળ નીકંદોરે. પ્રભુ૦ ૧ વાજતી વા-જતી ઇંદ્ર ઘટામાં, શ્રી મંડળ ઘનઘોરરે; સાત સ્વર તીન ગ્રામ મુરછના, ગીત ગા-એ રંગરોળરે. પ્રભુ૦ ૨ ઇંદ્ર. ઇંદ્રાણી ગાવે સ્વર મધુરે, પ્રભુ ગુણ ચીતમાં ધરતારે; તિમ ભવિક જન પ્રભુ ગુણ ગાતા, દુરીત તિમીર રસ વિહરતારે. પ્રભુ૦ ૩ ઇતી ઓ-ગણીસમી ગીત પુજા ૧૯.

पुजा. २० मि दुहो,

સુર્યાભાદિક જિમ કરે, નાટીક પુજા જેહ; નાટીક પ્રભુ આગળ કરી, કર્મ ખ-પાવે તેહ. ૧

ઢાળ

રાગ સોરઠી, સરસ નાટીક કરી, શુધ ભાવના ધરી; કરી નીજ આતમ મતિઅ સારી; એક સત આઠ કુમર કુમરી કરથી કરે, વિવિધ સંગીત વાજીત્ર ધારી. ૧ સોળ શણગાર કરો, કુમરી નાચતી વળી, થેઈય થેઈયા થેઈય થેઈયા કરતી; દેખાવતી હસ્તગત ઘુઘરી નાદશું, ઘુંટણ દેઈ ભમરીય ફરતી ૨ વિવિધ પ્રકાર એમ નાટીક કરતી લાજ મર્યાદ મનમાં ધરતી; એહ વિધ ભવિકજન નાટિક કરતાં, સંસાર સમુદ્ર વેહેલાં તરતી. સરસ૦ ૩ ઇતી વીસમી નાટીક પુજા. ૨૦

પુજા ૨૧ મિ દુહો

સમોસરણ દેવે રચ્યો, થાપી શ્રી જીનરાજ, વાજીત્રની પુજા કરી; સાધે વંછીત કાજ. ૧

ઢાળ,

રાગ ધન્યાસરી. સમોવસરણ સુર રચિત સિંહાશન, વાજીત્ર પૂજા સારેરે; દેવ દુંદુભી મહુવર ભેરી, વેણા વંસી નાયકારેરે. સ૦ ૧ ઢોલ નિશાન કંસાલ તાલશું, સરણાઇ રણકારેરે, ઝુંમળ ભેરી અંબર નાદ બાજે, કહે જગ તુંહી આધારેરે. સ૦ ૨ વાજીત્ર વાજે દે આસીસો, કહે પ્રભૂ તું જગ દીવારે; દીએ આશીસ વાજીત્ર સવી બોલે, કહે પ્રભુ તું ચિરંજીવોરે. સા૦ ૩ ઇતી એકવીસમી વાજીત્ર પૂજા ૨૧

અથ કળસ *

થુણીઓરે પ્રભુ ગીત અંતરજામી થુણીઓ તીન, ભુવનમાં નહી તુજ તોલે, તેં મનમાં ધરીઓરે પ્ર૦ ૧ એક સત પંચ કવીત કરી અનોપમ, તુજ ગુણ ગુંથી ગુણીઓ, ભવીક જીવ તુજ પૂજા કરતાં, દુરીત તાપ સવી ટળીયોરે પ્ર૦ ૨ એણે વીધ એકવીસ પૂજા કરતાં, શીવ સુખ સહુ મિલીઓરે; સકળ મુનીશર કાઉસગ ધ્યાને, ચીદાનંદશું ભળીઓરે. પ્ર૦ ૩ શ્રી તપગછે દીનકર શોભે, વિજયદાન સુર ગુણીઓરે. શ્રી હીરવીજય પ્રભૂ ધ્યાને ધ્યાતા, હેમ હીરો જેમ જડીઓરે પ્ર૦ ૪ ઇતી એકવીસ પ્રકારી પૂજા સંપૂર્ણ.

અથ શ્રી નવ પદજીની પુજા.

ઉપાધ્યાય શ્રી જસોવીજયજી કૃત.

श्री अरीहंत पद पुजा १ ली,

કાવ્ય જાતી-ઉપન્ન સંનાણ મહો મયાણં, સપાડિહેરા સણ સહિયાણં, સદ્દ સણાણં દિવસ જણાણં, નમો નમો હોઉસાયા જિણાણં. ૧ નમોં નંત સંત પ્રમોદ પ્રદાન, પ્રદાનાય ભવ્યાત્મને ભાસ્વતાય; થયા જેહના ધ્યાનથી સૌખ્ય ભાજા, સદા સિધચક્રાય શ્રીપાળ રાજા. ૨; કરેચાં કર્મ દુમર્મ ચકચુર જેણે, ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે, કરી પુજના ભવ્ય ભાવે ત્રિકાળે સદા વાસિયો આતમા તેણ કાળે. ૩ જિકે તિરથંકર કર્મ ઉદયે કરીને, દીએ દેશનાભ વ્યને હીત ધરીને, સદા આઠ મહા પાડિહારે સમેતા, સુરેસેં નરેસ સ્તવ્યા બ્રહ્મ પુતા. ૪ કરેચાં ઘાતીયાં કર્મ ચારે અલગાં, ભવોપગ્રહી ચાર જે છે વિલગાં, જગત પંચ કલ્યાણકે સાખ્ય પામે, નમો તેહ તીરથંકરા મોક્ષ કામે. ૫

ઉલાલાની દેશી. તીરથપતી અરીહા નમુ; ધર્મ ધુરંધર ધારોજી દેશના અમૃત વરસતા, નીજ વીરજ વડ વીરોજી. ૧ ઉલાલો, વર અખય નિર્મળ જ્ઞાન ભાસન, સર્વ ભાવ પ્રકાશતા નિજ શુદ્ધ શ્રદ્ધા આતમ ભાવે, ચરણ થિરતા વાસતા, ૨, જિન નામ કર્મ પ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા; જગજંતુ કરૂણાવંત ભગવંત, ભવીકજનને થોભતા ૩,

ढाल १ ली,

રાસની દેશી. ત્રીજે ભવ વરથાનક તપ કરી: જિણે બાંધ્યું જિન નામ; ચોસઠ ઇંદ્રે પૂજીત જે જિન, કીજે તાસ પ્રણામરે. ૧ ભવીકા સિદ્ધચક્ર પદ વંદો, જિમ ચીરકાળે આણંદોરે ભ૦ સી૦ એ આંકણી. જેહને હોય કલ્યાણક દીવસ, નરકે પીણ અજુવાળુ, સકળ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘટાળુંરે; ભ૦ સિ૦ ૨ જે તિહું નાણ સમગ ઉપના, ભોગ કરમ ખીણ જાણી, લઇ દીક્ષા શિક્ષા દિએ જનને, તે નમીએ જિન નાણીરે. ભ૦ સિ૦ ૩ મહા ગોપ મહા માહણ કહીએ

નિરયામક સથવાહ; ઓપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉછાંહરે. ભ૦ સિ૦ ૪ આઠ પ્રાતીહારજ જસ છાજે, પાંત્રીસ ગુણ યુત વાણી; જે પ્રતીબોધ કરે જગ જનને, તે જિન નમીએ પ્રાણીરે. ભ૦ સિ૦ ૫

ઢાળ, અરીહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે, ભેદ છેદ કરી આતમા, અરીહંત રૂપી થાયરે. ૧ વીર જીનેશ્વર ઉપદિસે; સાંભળજો ચિત લાઇરે, આતમ ધ્યાને આતમા, રીદ્ધિ મળે સવી આઇરે વી૦ ૨ ઇતી શ્રી અરીહંત પદ પુજા ૧

श्री सिद्ध पद पुजा २ जी

સિદ્ધાણ માણંદરમાલયાણં. નમો નમો ણંત ચઉ કહાણં; કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા, જરા જન્મ મરણાદી ભય જેણે વામ્યા; નિરાવર્ણ જે આતમ રૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા ૧ ત્રિભાગો ન દેહવગાહાતમ દેશા, રહ્યા જ્ઞાન મય જાત વરણાદી લેશા; સદાનંત સૌખ્યા શ્રિતા જ્યોતિ રૂપા, અનાબાધ અપૂનર્ભ વાદિ સ્વરૂપા. ૨

ઉલાલાની દેશી. સકળ કરમ મળ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી; અવ્યાબાધ પ્રભુતા મઇ, આતમ સંપતી ભુપોજી. ૧ ઉલાલો, જેહ ભુપ આતમ સહજ સંપતી, શકિતં વ્યકિતપણો કરી, સ્વદ્રવ્ય ક્ષેત્ર સ્વકાળ ભાવે, ગુણ અનંતા આદરી, સુસ્વભાવ ગુણ પરજાય પરિણતી, સિધ સાધન પર ભણી; મુનીરાજ માનસર હંસ સમવડ, નમો સિધ મહા ગુણી. ૨

ઢાળ,

રાસની દેશી, સમય પએ સંતર અણફરસી, ચરમતિભાગ વિશેષ; અવગાહન લઇ જે શિવ પોહોતા; સિધ નમો તે અશેષરે, ભ૦ ૬ પૂર્વ પ્રયોગને ગતી પરીણામે, બંધન છેદ અસંગ; સમય એક ઉરધ ગતી જેહની, તે સિધ પ્રણમો રંગરે ભ૦ ૭ નિર્મળ સિધસલાને ઉપરે, જોયણ એક લોગંત; સાદી અનંત તિહાં થિતી જેહની, તે સિધ પ્રણમો સંતરે. ભ૦ ૮ જાણે પણ ન શકે કહી પૂરગુણ, પ્રાકૃતી તિમ ગુણ જાસ, ઉપમા વિણ નાણી ભવ માંહે, તે સિધ દીઓ ઉલાસરે ભ૦ ૯ જ્યોતશું જ્યોત મિલી જસ અનુપમ, વીરમી સકળ ઉપાધિ; આતમરામ રમાપતી સમરો, તે સિધ સહજ સમાધીરે ભ૦ ૧૦.

ઢાળ ૩ જી—રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણીરે, તે ધ્યાતા નિજ આતમા, હોએ સિધ ગુણ ખાણીરે વી૦ ૩ ઇતી સિધ પદ પુજા ૨

श्री आचार्य पद पुजा ३ जी

સુરિગુ ફુરી કય કુગ્ગહાણં, નમો નમો સુરી સમપ્પહાણં, નમુ સુરી રાજા સદા તત્વ તાજા, જિનેંદ્રા ગમે પ્રોઢ સામ્રાજ્ય ભાજા; ષટ વગ વરગિત ગુણે શોભમાના, પંચાચારને પાળવે સાવધાના. ૧ ભવી પ્રાણીને દેશના દેશ કાળે, સદા અપ્રમત્તા યથા સુત્ર આલે. જિકે સાસનાધાર દિગદંતી કલ્પા, જગે તે ચીરંજીવજ્યો શુદ્ધ જલ્પા. ૨.

ઉનાલાની દેશી. આચારજ મુની પતી ગણી, ગુણ છત્રીસિ ધામોજી, ચિદાનંદ રસ સ્વાદતા પરભાવે નિ કામોજી. ૧ ઉલાસો નિ કામ નિર્મળ શુધ ચિદઘન, સાધ્ય નિજ નિરધારથી; નિજ ગ્નાન દર્સણ ચરણ વીજ, સાધના વ્યાપારથી ભવી જીવ બોધક તત્વ શોધક, સયળ ગુણ સંપતોધરા. સંવર સમાધી ગત ઉપાધી, દુવીધ તપ ગુણ આગરા. ૨

ઢાળ,

રાસની દેશી, પંચ આચાર જે શુધા પાળે, મારગ ભાખે સાચો: તે આચારજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચોરે ભ૦ ૧૧ વર છત્રીસ ગુણે કરી સોહે, જુગ પ્રધન જન મોહે; જગ બોહે ન રહે ખિણ કોહે, સુરી નમુ તે જોહરે. ભ૦ ૧૨ નીત અપ્રમત ધરમ ઉવએસે, નહી વિકથાન કષાય, જેહને તે આચારજ નમીએ, અકુલશ અમલ અમાયરે ભ૦ ૧૩ જે દીએ સારણ વારણ ચોળણ, પડિચોયણ વળી જનને, પટધારી ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુની માનનેરે ભ૦ ૧૪ અથમીએ જિન સુરજ કેવળ, ચંદે જે જગ દીવો; ભુવન પદારથ પ્રગટ ન પટુતે, આચારજ ચીરંજીવોરે ભ૦ ૧૫.

ઢાળ ૩ જી—ધ્યાતા આચારજ ભલા, મહા મંત્ર શુભ ધ્યાનારે; પંચ પ્રસ્થાને આતમા. આચારજ હોએ પ્રાણીરે વીર૦ ૪ ઇતી આચારજ પદ પૂજા. ૩

श्री उपाध्याय पद पुजा ४ थि

સુતધવિથારણ તપ્પરાણં, નમો નમોં વાયગ કુંજરાણં. નહી સુરી પણ સુરી ગણને સહાયા નમું વાચકા ત્યકત મદ મોહ માયા, વળી દ્વાદશાંગાદિ સુત્રાર્થ દાને, જિકે સાવધાના નિરૂધાભિમાને. ૧ ધરે પંચને વગ વરગિત ગુણોઢ, પ્રવાદિદ્વિપૂછેદને તુલ્ય સિંધ: ગણી ગચ્છ સંધારણે સ્થંભ ભુતા, ઉપાધ્યાય તે વંદીએ ચિત પ્રભૂતા. ૧.

ઉલાળાની દેશી. ખંતિજુઆ મુતિજુઆ, અજ્જવ મદ્દવ જુતાજી; સચ્ચાસો અં અકિંચણા, તવ સંજમ ગુણરતાજી ૧ ઉલાળો. જે રમ્યા બ્રહ્મ સુગુપ્તિ ગુપ્તા, સુમતિ સુમતા શ્રુતધરા; સ્યાદ્વાદવાદે તત્વ વાદક, આત્મપરવિભજનકરા; ભવ ભીરૂ સાધન ધીર સાસન, વહન ધોરી મુનીવરા; સિધાંત વાયણ દાન સમરથ, નમો પાઠક પરધરા. ૨

ઢાળ

રાસની દેશી. દ્વાદશ અંગ સિજાય કરે જે, પારગ ધારગ તાસ; સુત્ર અર્થ વિસ્તાર રસીક તે, નમો ઉવઝાય ઉલાસરે ભ૦ ૧૬ અરથ સુત્રને દાન વિભાગે. આચારજ ઉવઝાય; ભવ ત્રીજે જે લહે શીવ સંપદ, નમીએ તે સુપસાયરે. ભ૦ ૧૭ મુરખ શિષ્ય નીપાએ જે પ્રભુ, પાહણને પલ્લવ આણે; તે ઉવઝાય સકળ જન પુજીત સુત્ર અરથ સવી જાણેરે. ભ૦ ૧૮ રાજકુમર સરિખા ગણ ચિંતક આચારજ પદ જોગે તે ઉવઝાય સદા તે નમતાં, નાવે ભવ ભય સોગરે. ભ૦ ૧૯ બાવનાચંદન રસ સમ વયણે, અહિત તાપ સવિ ટાળે; તે ઉવઝાય નમીજે જે વળી, જિન સાસન અજુવાળેરે. ભ૦ ૨૦.

ઢાળ ૩ જી—તપ સજાએ રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતારે; ઉપાધ્યાય તે આતમા, જગ બંધવ જગ ભ્રાતારે. વી૦ ૬ ઇતી ઉપાધયાય પદ પુજા ૪,

શ્રી મુનિ પદ પુજા ૫ મિ,

સાહુણ સંસાહિઅ સંજમાણં, નમો નમો શુધ દયા દમાણં કરે સેવના સુરી વાયગ ગણીની, કરૂં વર્ણના તેહની શી મુણીની; સમેતા સદા પંચ સુમતિ ત્રિગુપ્તા ત્રિગુપ્તે નહી કામ ભોગે સુલીપ્તા ૧ વળી બાહ્ય અભ્યંતરે ગ્રંથી ટાળી, હોએ મુક્તિને યોગ્ય ચારીત્ર પાળી; શુભાષ્ટાંગ યોગે રમે ચિત વાળી, નમું સાધુને તેહ.ની જ પાપ ટાળી. ૨

ઉલાળાની દેશી, સકળ વિષય વિષ વારીને, નિઃકામી નિસંગીજી; ભવ દવ તાપ સમાવતા; આતમ સાધન રંગીજી. ૧ ઉલાળો૦ જે રમ્યા શુધ સ્વરૂપ રમણે, દેહ નીરમમ નિર્મદા; કાઊશગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાશી સદા તપ તેજ દીપે કરમ ઝીપે, નૈવ છીપે પરભણી મુનીરાજ કરૂણાસિંધુ ત્રીભુવન, બંધુ પ્રણમું હિત ભણી. ૨

ઢાળ,

રાસની દેશી. જીમ તરૂ ફુલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે; લેઇ રસ આ

તમ સંતોષ્મે, તિમ મુની ગોચરી જાયેરે. ભ૦ ૨૧ પંચ ઇંદ્રીને જે નિત ઝીપે, ખટ કાયક પ્રતીપાળ; સંજમ સતર પ્રકારે આરાધે, વંદુ તેહ દયાળરે. ભ૦ ૨૨ અઢાર સહસ શીલાંગના ધોરી, અચળ આચાર ચારિત્ર, મુની મહંત જયાગ્રુત વંદી, કીજે જનમ પવીત્રરે. ભ૦ ૨૩, નવ વિધ બ્રહ્મ ગુપતિ જે પાળે, બાર સવિહ તપ સુરા; એહવા મુની નમીએ જો પ્રગટે, પુરવ પૂન્ય અંકુરારે ભ૦ ૨૪ સોના તણી પરે પરીક્ષા દીસે, દીન દીન ચઢતે વાને: સંજમ ખપ કરતા મુની નમીએ, દેશકાળ અનુમાનેરે ભ૦ ૨૫

ઢાળ. અપ્રમત જે નિત રહે, નવી હરખે નવી સોચેરે; સાધુ સુધા તે આતમા, શું મુંડે શુ લોચેરે વીર૦ ૭ ષતી મુનીપદ પુજા ૫

सम्यग दर्शण पद पुजा ६ ठि,

જિણુત તત્તે રૂઈ બખાણસ્સ, નમો નમો નિમ્મલદંસણસ. વિપરયાસ હઠ વાસના રૂપ મિથ્યા, ટળે જે અનાદીઅ છે જેમ પથ્યા; જિનોકતે હોએ સહજથી શ્રદ્ધાનં, કહીએ દર્શનં તેહ પરમ નિધાનં. ૧ વિના જેહથી ગ્યાન મગ્યાન રૂપં, ચરિત્રં વીચિત્રં ભવારણ્ય કુપં, પ્રક્રતી સાતને ઉપસમે ક્ષયે તે હોવે, તિહાં આપ રૂપે સદા આપ જોવે. ૨

ઉલાલાની દેશી, સમ્યગ દરશણ ગુણ નમો, તત્વ પ્રતીત સ્વરૂપોજી; જસુ નિરધાર સ્વભાવ છે, ચેતન ગુણ જે અરૂપોજી, ૧ ઉલાલો૦ જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે; સયળ પર ઇહા ટળે; નિજ શુદ્ધ સતા પ્રગટ અનુભવ, કરણ રૂચિતા ઉછળે બહુમાન પરણતિ વસ્તુ તત્વે, અહવ તસુ કારણ પણે, નિજ સાધ્ય દ્રષ્ટે સરવ કર્ણ તતતા સંપતો ગણે. ૨

ढाल.

રાસની દેશી. શુદ્ધ દેવ ગુરૂ ધરમ પરીક્ષા, સદહણા પરિણા; જેહ પામીજે તેહ નમીજે; સમ્યગદરશણ નામરે ભ૦ ૨૬; મલ ઉપસમ ક્ષય ઉપસમ ક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ; સમ્યગદરશણ તેહ નમીજે, જિન ધર્મ દ્રઢ રંગરે. ભ૦ ૨૭ પંચ વાર ઉપસમિઅ લહીજે, ખય ઉપસમય અસંખ; એકવાર ખાયક તે સમકીત, દરશણ નમીએ અસંખરે. ભ૦ ૨૮ જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારીત્ર તરૂ નવી ફળીઓ; સુખ નિરવાણ ન જે વીણ લહીએ, સમકીત દરશણ બળીયોરે. ભ૦ ૨૯ સડસઠ બોલ જે અલંકરીઓ, ગ્યાન ચારીત્રનું મુળ, સમકીત દરશણ તે નિત પ્રણમુ; શિવ પંથનું અનુકુળરે. ભ૦

ઢાળ. સમ સંવેગાદીક ગુણા, ખય ઉપસમ જે આવેરે; દરશણ તેહીજ આતમા, શું હોએ નામ ધરાવેરે. વીર૦ ૮ ષતી છઠી પૂજા ૬

सम्यग ज्ञान पद पुजा ७ मि,

અન્નાણ સમોહ તમોહ રસ્સ. નમો નમો નાણ દિવાયરસ્સ. હોએ જેહથી જ્ઞાન શુધ પ્રબોધ, યથાવર્ણ નાસે વિચીત્રા વબોધ, તેણે જાણીએ વસ્તુ ષટ દ્રવ્ય ભાવા, નહુએ વિતથા વાદની જેછે સ્વભાવા. ૧ હોએ પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદ, ગુરૂપાસથી યોગ્યતા તેહ વેદ; વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિતમાં જેમ ધ્વાંપે પ્રદીપે. ૨

ઉલાલાની દેશી, ભવ્ય નમો ગુણ જ્ઞાનને. સ્વપર પ્રકાશક ભાવેજી; પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સભાવેજી. ૧ ઉલાલો૦ જે મુખ્ય પરણુતી સકળ જ્ઞાયક બોધ ભાવ વિલછના; મતિ આદિ પંચ પ્રકાર નિરમળ, સિધી સાધન લછના, સ્યાદ્વાદસંગી તત્વ રંગી, પ્રથમ ભેદા ભેદતા; સવિ કલ્પને અવિકલ્પ વસ્તુ; સકળ સંસય છેદતા, ૨.

ઢાળ,

રાસની દેશી.ભક્ષા અભક્ષ ન જે વીણ લહીએ, પેઅપેય વિચાર, કૃત્યાકૃત્ય ન જે વીણ લહીએ. જ્ઞાન તે સકળ આધારરે. ભ૦ ૩૧ પ્રથમ જ્ઞાનને પછે અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું, જ્ઞાનને વંદો જ્ઞાન મની દો, જ્ઞાનીએ શીવ સુખ ચાખ્યુંરે. ભ૦ ૩૨ સકળ ક્રિયાનું મુળ તે શ્રધા; તેહનુ મુગ જે કહીએ; તેહ જ્ઞાન નીત નીત વંદીજે, તે વિણ કહો કીમ રહીએરે. ભ૦ ૩૩ પંચ જ્ઞાન માંહી જેહ સદાગમ, સ્વપર પ્રકાશ જેહ; દીપક પરે ત્રિભુવન ઉપગારી, વળી જીમ રવી શશી મેહરે, ભ૦ ૩૪ લોક ઉરધ અધ તીર્યગ જ્યોતીષ; વૈમાનીકને સિધ; લોકાલોક પ્રગટ સવી જેહથી, તેહ જ્ઞાન મુજ શુધરે ભ૦ ૩૫

ઢાળ-જ્ઞાનાવરણી જે કર્મ છે; ખય ઉપસમ તસ થાયરે; તો હોએ એહીજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે વી૦ ૮. ઇતી જ્ઞાન પૂજા. ૭.

श्री चारित्र पद पुजा ८ मी

આરાહી અખંડી અચકીઅસ્સ, નમો નમો સંજમ વીરીઅસ્સ, વળી જ્ઞાન ફળ ચરણ ધરીએ સુરંગે નીરા સંસતા દ્વાર રોધ પ્રસંગે; ભવાં ભોધી સંતારણે યાન તુલ્યં, ધરૂ તેહ ચારીત્ર અપ્રાપ્ત મુલ્યં. ૧ હોએ જાસ મહિમા થકી રંક રાજા, વળી દ્વાદશાંગી ભણી હોએ તાજા; વળી પાપ રૂપોપ નીઃપાપ થાએ, થઇ સિધ તે કર્મને પાર જાએ, ૨

ઉલાલાની દેશી. ચારીત્ર ગુણ વળી વળી નમો, તત્વ રમણ જસુ મુળોજી; પરરમણીયપણો ટળે, સકળ સિદ્ધ અનુકુળોજી. ઉલાલો૦ પ્રતિકુળ આશ્રવ ત્યાગ સંજમ, તત્વ થિરતા દમ મયી; સુચી પરમ ખંતી મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચયી; સામાયિકાદીક ભેદ ધર્મે, યથા ખ્યાતે પુણતા; અકષાય અકલુસ અમલ ઉજ્જળ, કામ કસમલ સુણંતા ૨

ઢાળ,

રાસની દેશી. દેશ વીરતીને સરવ વિરતી જે, ગ્રહીજને અભીરામ, તે ચારીત્ર જગતજય વંતો, કીજે તાસ પ્રણામરે, ભ૦ ૩૬ તૃણ પરે જે ષટ ખંડ સુખછંડી, ચક્રવરતી પણ વરીઓ, તે ચારીત્ર અખય સુખ કારણ. તે મેં મન માંહે ધરીયોરે. ભ૦ ૩૮ હુઆ રાંકપણેજે આદરી, પુજીત ઇંદ નરિંદ, અશરણ શરણ ચરણ તે વંદુ, પુરીયું જ્ઞાન આણંદોરે ભ૦ ૩૮ બાર માસ પરજાએ જેહને અનુતર સુખ અતીક્રમીએ; શુકલ શુકલ અભિ જાત તે ઉપરે, તે ચારીત્રને નમીએરે, ભ૦ ૪૯ ચયતે આઠ કરમનો સંચય, રીકત કરે જે તેહ; ચારીત્ર નામ નીરૂતે ભાખ્યું, તે વંદુ ગુણ ગેહરે ભ૦ ૪૦

ઢાળ—જાણ ચારીત્ર તે આતમા, નીજ સ્વભાવમાં રમતોરે; લેશ્યા શુદ્ધ અલંકરયો; મોહવને નવી ભમતોરે, વી૦ ઇતી ચારીત્ર પદ પૂજા ૮

श्री तप पद पुजा ९ मि,

કમ્મ દુમ્મુમ્મણ કુંજરસ્સ, નમો નમો તીવ્વ તવો ભરસ્સ, ઇય નવ પયસીધ્ધં, લધ્ધી વીજ્જા સમીધ્ધં, પયડીય સુરવગ્ગં, હ્રીંતી રેહાસમગ્ગં દીસવઇ સુરસારં, ખોણી પીડા વયારં; તીજય વીજય ચક્કં. શીધચક્કં નમામી. ૧ ત્રીકાળીકપણે કર્મ કષાય ટાળે, નીકાચીતપણે બાંધીયાં તેહ બાળે; કહ્યો તેહ તપ બાહ્ય અંતર દુ ભેદે. ક્ષમા યુકતી નીરહેતુ દુરધ્યાન છેદે. ૨ હોએ જાસ મહીમા થકી લબ્ધી સીધ્ધી; અવાંછક પણે કર્મ આવરણ શુધી; તપો તેહ તપ જે મહાનંદ હેતે, હોએ સીધી સીમંતની જીમ સહુને. ૩ ઇશા નવ પદ ધ્યાનને જેહ ધ્યાવે, સદાનંદ ચિદ્રુપતા તેહ પાવે વળી જ્ઞાન વીમળાદી ગુણરત્ન ધામા, નમું તેહ સદા સીધચક્ર પ્રધાના. ૪ એમ નવ પદ ધ્યાવે પરમ આણંદ પાવે, નવમે ભવ શીવ જાવે દેવ નરભવ પાવે; જ્ઞાન વીમળ ગુણ ગાવે શીધચક્ર પ્રભાવે, સવી દુરીત ઉપ સમાવે વીશ્વ જયકાર પાવે. ૫

ઉલાલાની દેશી, ઇચ્છારોધન તપ નમો; બાહ્ય અભ્યંતર ભેદેજી, આતમ સત્તા એકતા. પર પરણતી ઉછેદેજી. ૧ ઉલા૦ ઉછેદ કર્મ અનાદી સંતતી, જેહ શીધપણો વરે. યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રીયતા કરે, અંતર મહુરત તત્વ

સાધે, સર્વે સંવરેતા કરી; નીજ આતમ સતા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી. ૨ એમ નવ પદ ગુણ મંડળ, ચઉ નિક્ષેપ પ્રમાણેજી, સાત નયે જે આદરે, સમ્યગ જ્ઞાને જાણેજી. ૩ ઉલાલો૦ નીરધાર સેતી ગુણી ગુણનો, કરે જે બહુ માન એ, તસુ કરણ ઇહા તત્વ રમણે, થાય નિરમળ ધ્યાનએ. એમ શુધ સતા ભલ્યો ચેતન, સકળ શીદ્ધી અનુસરે, અક્ષય અનંત મહંત ચીદઘન, પરમ આનંદતા વરે ૪

અથ કળસ *

ઇય સયળ સુખકર ગુણ પુરંદર, શીદ્ધચક્ર પદાવળી, સવી લબ્ધી વીજ્જા શીદ્ધી મંદર, ભવીક પુજો મન રળી, ઉવઝાય વર શ્રી રાજ સાગર, જ્ઞાન ધર્મ સુરાજતા, ગુરૂ દીપચંદ સુચરણ સેવક, દેવચંદ સુસોભતા. ઇતી સ્તવન.

ઢાળ,

રાસની દેશી, જાણંતા ત્રીહુ જ્ઞાને સંયુકત; તે ભવ મુકતી જીણંદ, જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શીવતરૂ કંદરે, ભ૦ ૪૧ કર્મ નીકાચીત પણ ક્ષય જાએ, ખીમા સહીત જે કરતાં, તે તપ નમીએ જેહ દીપાવે, જીનસાસન ઉજમંતારે, ભ૦ ૪૨ આમો સંહી પમુહ બહુ લદ્ધી, હોવે જાસ પ્રભાવે, અષ્ટ મહાશીધી નવનીધી પ્રગટે, નમીએ તે તપ ભાવેરે. ભ૦ ૪૩ ફળ શીવ સુખ મોટુ સુર નરવર, સંપતી જેહનું ફુલ, તે તપ સુરતરૂ સરીખો વંદુ, સમમકરંદ અમુલરે. ભ૦ ૪૪ સર્વ મંગળ માંહી પહિલું મંગળ. વરણવીયુ જે ગ્રંથે. તે તપ પદ ત્રીહુકાળ નમીજે, વરસહાય શીવ પંથેરે. ભ૦ ૪૫ એમ નવ પદ થુણતો તીહાં લીનો, હુઓ તનમય શ્રીપાળ, સુજસ વીલાશ છે ચોથે ખંડે, એ અગ્યારમી ઢાળેરે. ભ૦ ૪૬,

ઢાળ-ઇચ્છારોધે સંવરી, પરણતી સમતા જોગેરે, તપ તે એહીજ આતમા, વર્તે નીજ ગુણ ભોગેરે. વી૦ ૧૦ આગમનો આગમ તણો, ભાવ તે જાણો સાચોરે, આતમ ભાવે થીર હોજો, પરભાવે મત રાચોરે. વી૦ ૧૧ અષ્ટક સકળ સમૃધીને, ઘટ માંહે રીદ્ધ દાખીરે, તીમ નવ પદ રીદ્ધી જાણજ્યો, આતમરામ છે સાખીરે વી૦ ૧૨ જોગ અસંખ્ય છે જીન કહ્યા, નવ પદ મુખ્ય તે જાણોરે, એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણોરે વી૦ ૧૩ ઢાળ બારમી એહની, ચોથે ખંડે પૂરીરે, વાણી વાચક જસ તણી. કોઈ નએ ન અધુરીરે. વી૦ ૧૪ ઇતી તપ પદ પુજા, ૯ ઇતી નવ પદ પુજા સમાપ્ત.

અથ શ્રી વીસસ્થાનક તપ પુજા.

श्री विजय लक्ष्मणसुरिजि कृत,

શ્રી અરિહંત પદ પૂજા ૧ લી દુહા.

શ્રી સંખેસ્વર પાસજી, સકળ જંતુ હિતકાર, પ્રણમી પદ યુગ તેહના, સ્તવન પુજા રચુ સાર, ૧ બહુ વિધ તપ જપ દાખીયા લોક લોકોતર સપ; વિશ થાનક શમ કો નહી, સદગુરૂ વંદે પસપ. ૨ અરિહંતાદિક પદ તણું; કારણ એ તપ સત્વ, ત્રિક યોગે પ્રભુ પુજીએ, ભાવ શું જેહવી સકત, ૩ નિમંગ પીઠ ત્રિકો પરી, થાપી જીનવર વીસ; પુજો પરગણ મળી, પૂજીએ વિશ્વાસ. ૪ એક એક પદ વર્ણવ કરી, પૂજા પંચ પ્રકાર, અડવીધ એકવીસ જાણીએ, શેવો સતર ઉદાર. ૫ સજળ કળશ આઠ જાતના, જીન આણા શીર ધાર, પૂજે થાનીક વીશને, તસનહી દુરીત પ્રચાર. ૬ પરમ પંચ પરમેષ્ટીમાં, પરમેસ્વર ભગવાન; ચાર નિખેપે ધ્યાઇએ, નમો નમો શ્રી જીન ભાણ, ૭

ઢાળ

આદિ જીણંદ મયા કરો. એ દેશી. શ્રી અરીહંત પદ ધ્યાઇએ, ચોત્રીશ અતીશય વંતારે; પાંત્રીશ વાણી ગુણે ભરયા. બાર ગુણે ગુણવંતારે. શ્રી० ૧ અડહિય શહસ લક્ષણ દેહી, ઇંદ્ર અસંખ્ય કરે શેવારે; ત્રિહુકાળના જીન વાંદયા, દેવ પંચમ મહ[illegible]ારે. શ્રી० ૨ પંચ કલ્યાણક વાસરે, ત્રીભુવન થાય ઉદ્યોતરે; દોષ અઢાર રહિત પ્રભુ, તરણ તારણ જગ પોતરે શ્રી० ૩ ખટકાય ગોકુળ પાળવા, મહા ગોપ કહેવાયરે, દયા પડહ વજડાવવા; મહા માહણ જગ તાયરે. શ્રી० ૪ ભવોદધી પાર પમાડતા, શોધી વર્ગ દેખાવેરે; ભાવ નિરજામક ભાવિઆ, મહા સથવાહ સોહાવેરે. શ્રી० ૫ અસંખ્ય પ્રદેશ નિરમળ થયા, છતિ પરજાય અનંતારે; નવનવા ગ્નેયની વરતના, અનંત અનંતિ જાણંતારે. શ્રી० ૬ પીંડ પદસ્થ રૂપસ્થમાં, દ્રવ્ય ગુણ પરજાએ ધ્યાયારે; દેવ પાળાદિ સુખી થયા, સૌભાગ્ય લક્ષમી પદ પાયારે. શ્રી० ૭ ઇતી અરીહંત પદ પૂજા ૧

श्रि सिद्ध पद पुजा २ जी दुहो,

ગુણ અનંત નિરમળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ, અરટ કરમ મલ ખય કરી

ઢાળ,

દેશી રશીયાની. શ્રી સિદ્ધ પદ આરાધીએરે. ખય કીધાં અડ કર્મરે; સિવ વશીયા અરિહંતે પણ માનીયારે; સાદિ અનંત સ્થિતિ સર્મરે. શિ૦ ૧ ગુણ એકત્રીસ પરમાતમારે, તુરીય દશા આસ્વાદરે; શી૦ એવંભુત નયે સિદ્ધ થયારે, ગુણ ગણનો અલ્હાદરે. શિ૦ ૨ સુરગણ સુખ ત્રિહું કાળનાંરે, અનંત ગુણા તે કીધરે. શી૦ અનંત વર્ગે વરગીત કરયારે, તોપણ સુખ સમિધરે. શી૦ ૩ બંધ ઉદય ઉદીરણારે. સત્તા કર્મ અભાવરે; શી૦ ઉર્ધ્વ ગતિ કરે સિદ્ધજીરે, પુર્વ પ્રયોગ સદભાવરે. શી૦ ૪ બતી પરિણામીક ભાવથીરે, બંધન છેદન યોગરે; શી૦ અસંગ ક્રિયા બળે નિરમળોરે, સિધગતીનો ઉદ્યોતરે શી૦ ૫ પએસંતર આગુફરસતારે, એક સમયમાં સિધરે. શિ૦ ચરમ ત્રિભાગ વિશેષથીરે, અવગાહન ઘન કીધરે શી૦ ૬ શિધસિલાને ઉપરેરે, જ્યોતીમાં જ્યોતી નિવાસરે; શી૦ હસ્તીપાળ પરે શેવતાંરે, સૌભાગ્યલક્ષ્મી પ્રકાસરે શી૦ ૭ ઇતી શિધપદ પુજા ૨

प्रवचन पद पुजा ३ जी दुहो.

ભાવામયઓષધ સમી, પ્રવચન અમ્રત વૃષ્ટી; ત્રિભુવન જીવને સુખ કરે, જય જય પ્રવચન દ્રષ્ટ. ૧

ઢાળ,

મેં કીનો નહી પ્રભુ વીન ઓરશું રાગ. એ દેશી, પ્રવચન પદને શેવીએરે, જૈન દરશન સંઘ રૂપ; અરિહા પણ નમે તીર્થનેરે, સમવસરણના ભુપ. ૧ મેં કીનો સહી પ્રવચન૦ પદશુ રાગ. પ્રવચન૦ મેં૦ કીનો૦ એ આંકણી. પ્રવચન ભકિત રાગથીરે, થયા સંભવ જીનરાય, સઘળા ધર્મ કારજ તણારે, એહમાં પૂન્ય સમાય. મેં૦ ૨ પાપ ક્ષેત્ર સાત વારીએરે, પુન્ય ક્ષેત્ર સાત ઠામ; સવા લાખ જીન મંદિરારે, જીન મંડીત પૂર ગામ. મે૦ ૩ સવાકોડ જીન બિંબનેરે, ભરાવે સંપ્રતિરાય, જ્ઞાન ભંડાર એકવીસ કીયારે, કુમર નરિંદ શુભ ઠાય. મે૦ ૪ યથોચિત ચઉવિહ સંઘનીરે. ભરતાદિકપરે ભકિત, દ્રવ્ય ભાવથી આદરોરે, યોગા અવંચક શકિત. મેં૦ ૫ પદસ્થ ધ્યાને કરી આતમનેરે, તન્મય કરણ પ્રકાર; સેહેજાનંદ વિલાસતારે, સૌભાગ્યલક્ષ્મી પદ ધાર. મેં૦ ૬ ઇતી પ્રવચન પદ પૂજા ૩

आचार्य पद पुजा ४ थि दुहो

છત્રિસ છત્રીસી ગુણે, જુગ પ્રધાન મુણિંદ; જીનમત પરમત જાણતા, નમો નમો તેહ સુરિંદ. ૧

ઢાલ.

આવો આવોરે સયણું ભગવતિ સુત્રને સુણીએ. એ દેશી. સરસતી ત્રિભુવન સ્વામીની દેવી શ્રી દેવી જક્ષરાયા, મંત્રરાજ એ પંચ પ્રસ્થાને, શિવ નીત સુખદાયા. ભવી તુમે વંદોરે સુગુરૂ ગચ્છરાયા. ૧ એ આંકણી. ત્રણે કાળના જીન વંદન હોએ, મંત્ર રાજ સમરણથી; જુગપ્રધાન સમ ભાવાચારજ, પંચાચાર ચરણથી. ભ૦ ૨ પડી-રૂવદિક ચઉદ ગુણધારી, ખંતી પ્રમુખ દશ ધર્મ; બાર ભાવના ભાવિત નિજ આતમ, એમ છત્રીસ ગુણ વર્મ. ભ૦ ૩ આઠ પ્રમાદ તજી ઉપદેશી, વિકથા સાત નિવારે ચાર શિક્ષા કરી જન પડીબોહે, ચઉ અનુયોગ સંભારે. ભ૦ ૪ બારસેં છનું ગુણે ગુણવંતા, સોહમ જંબુ મહંતા; આચારિયા દીઠે તે દીઠા, સ્વરૂપ સમાધી ઉલસંતા. ભ૦ ૫ જુગ પ્રધાન સુરી ત્રેવીસ ઉદએ, દોય હજારને ચાર, સમપાગમ અનુભવ અરૂપાશી, થાશે જગ જન મનોહાર. ભ૦ ૬ એ પદ શેવતો પૂરૂષોતમ નૃપ, જીનવર પદવી લહીયા; સૌભાગ્યલક્ષ્મી સુરી ભાવે ભજતા, ભવીક જીવ ગહગહીયા. ભ૦ ૭ ઇતી સુરીપદ પુજા. ૪

थिविरपद पुजा ५ मि दुहो,

તજી પર પરણતી રમણતા, લહે નીજ ભાવ સ્વરૂપ; થિર કરતા ભવી લોકને જયજય થિવિર અનુપ. ૧

ઢાળ

તપશું રંગ લાગ્યો. એ દેશી. પંચમ પદને ગાઈએરે, ભાવ થિવિર અધિકારરે; લૌકિક માત પીતા કહ્યારે. લોકોતર વરતધાર. ૧ ગુણીજન વંદોરે; વંદો વંદોરે થિ-વિર માહારાજ, દુરિત નિકંદોરે. એ આંકણી. સંજમ યોગે સિજતારે, બાળ ગીલા-નાદિ સાધરે; યથોચિત સાહાજ્ય દેવે કરીરે, ટાળે સરવ ઉપાધી. ગુ૦ વં૦ ૨ વિસ વરસ પરજાયથીરે. સાઠ વરસ વય હુંતરે, ચોથા અંગ ઉપર ભણ્યારે, શ્રુત થિવિરા એ ભાગ્યંત. ગુ૦ વં૦ ૩ મેઘ અઈમતા થિર કરયારે, ત્રિસલા નંદન દેવરે; પંચાસ સહસ સાધુ સાધ્વીરે. સબંધ કહે કામદેવ. ગુ૦ વં૦ ૪ ઠાણંગે દશ થિવિરા ક-હ્યારે, રત્નત્રયના નિધાનરે; તે ઇહાં પ્રસસ્ય ભાવે ગ્રહ્યારે, દ્રવ્યાદિક અનુમાન ગુ૦ વં૦

૫ તપ શુત ધીરજ ધ્યાનધીરે, દ્રવ્ય ગુણ પરજાય જ્ઞાતારે: સ્વરૂપ રમણ વિવિરા ભજારે, નહી પ્રતીતાંકુર ત્રાતા ગુ૦ વં૦ ૬ એ પદ સાધતો ભાવધીરે, પદ્મોતર મહારાયરે; તીરથંકર પદવી લહેરે, સૌભાગ્યલક્ષ્મી સુખદાય. ગુ૦ વં૦ ૭ ઇતી ચિ- વિર પદ પુજા. ૫

उपाध्यायपद पुजा ६ ठि दुहो,

બોધ સુક્ષમ વીનું જીવને, ન હોએ તત્વ પ્રતીત; ભણે ભણાવે સુત્રને, જય જય પાઠક ગીત. ૧

ઢાળ,

રશીયાની દેશી. શ્રી ઉવઝાય બહુ શ્રુત નમો ભાવશું, અંગ ઉપાંગના જાણ સુણીંદા. ભણે ભણાવે શીષ્યને હીત કરી, કરે નવ પલવ પહાણ વીનીતા. શ્રી૦ ૧ અર્થ સુત્ર કહેવાના વીભાગથી, સુરીસ્વર પાઠક સાર સોહંતા; ભવ ત્રીજે અવીનાશી સુખ લહે. જુવરાજ પરે અણગાર મહંતા, શ્રી૦ ૨ ચઉદ દાશ ભરેચો અવી નીત શીષ્યને, કરે પત્થર ગુણ કાંત વીદીતા, ગ્રહણ આસેવન શિક્ષા દાનથી, સમય જાણે અનેકાંત સુગ્નાની. શ્રી૦ ૩ આવશ્યક પચવીસ શિખવે વાંદણે, પચવીશ કીરીયા નો ત્યાગ કીયારી; પચવીશ ભાવના ભાવે મહાવ્રતી, શુભ પચવીશી ગુણ રાગ સુધારી. શ્રી૦ ૪ પય ભરચો દક્ષણા વર્ત સંખ શોભીયો; તીમ નય ભાવ પ્રમાણ પ્રવીણા: હય ગય વૃષભ પંચાનન સારીખા, ટાળે પરવાદી અભીમાન અદીના શ્રી૦ ૫ વાસુદેવ નરદેવ સુરપતી ઓપમા, રવી સંશી ભંડારી રૂપ દીપંતા. જંબુ સીતા નદી મેરૂ મહીધરા, સ્વયંભુ દધી રયણ ભૂપ ભણંતા. શ્રી૦ ૬ એ સોળ ઓપમા બહુ શુતને કહી, ઉતરાધ્યનેર સાળ જીણંદા; મહીંદ્રપાળ વાચક પદ ધ્યાવતો, સૌભાગ્યલક્ષ્મી સુવીશાળ સુરીંદા. શ્રી૦ ૭ ઇતી ઉપાધ્યાય પદ પુજા ૬

साधु पद पुजा ७ मि दुहो,

સ્યાદવાદ ગુણ પરણમ્યો, રમતા સમતા સંગ; સાધે શુધા નંદતા નમો નમો સાધુ સુરંદ, ૧

ઢાળ,

કરમ પરીક્ષા કારણ કુમરે ચલ્યોરે. એ દેશી. મુનીવર તપથી રખી અણગાર જીરે વાચયમ વૃતી સાધ, ગુણ સતાવીસે જેહ અલંકરેચારે, વીરમી સકળ ઉપાધ. ૧ ભવીયણ વંદોરે સાતમું પદ ભલુરે. એ આંકણી. નવ વીધ ભાવશીલ કરે સંજમીરે,

દશમા કથનો સોય, એગણત્રીસ પાપથા લિદછેરે, વારે તસ નહી જગ સોય. ભ૦ ૨, દોષ સડતાળીસ આહારના વારતારે, અતીક્રમ ન કરેરે ચાર; મુનીને અરથે સમારે મંદીરારે, પરીહરે એહ આચારે. ભ૦ ૩ નરેના દોષ અડાર નિવારીનેરે, દિક્ષા શિક્ષા દિએ સાર; પુન્ય પાપ પુદગળ હોય રુપતારે, સમભાવે મુગતી સંસાર. ભ૦ ૪ સત્ય હેતુ ભાવ સત્ય હેતુ ભવ અડવી મુકતારે, ફરસ્યું છઠુ ગુણઠાણું; યોગ અધ્યાતમ ગ્રંથની ચેતનારે, ક્રીરીયા નાણ પ્રહાણ. ભ૦ ૫ પુરવ વરત વિરાધક યોગથીરે, કુટલિંગીપણું થાય; દંભ ભાળ જંજાળ સવી પરીહરેરે, સરણ રશિક તે કહેવાય. ભ૦ ૬ કોડી સહસ નવ સાધુ સંભારે, સ્તવીએ ગીતારથ જેહ, વીરભદ્ર પરે તીરથપતી હુએરે, સોભાગ્યલક્ષ્મી ગુણ ગેહ. ભ૦ ૭ ઇતી સાધુ પદ પૂજા ૭

श्री ज्ञानपद पुजा ८ मी दुहो,

અધ્યાતમ ગ્યાને કરી, વિઘટે ભવ ભ્રમ ભિત; સત્ય ધરમ તે ગ્યાન છે: નમો નમો ગ્યાનની રીત. ૧.

ढाळ.

અરણિક મુનીવર ચાલ્યા ગોચરી. એ દેશી ગ્યાન પદ ભજીએરે જગત સોહંકરૂ, પાંચ એકાવન ભેદરે; સમ્યગગ્યાન જે જીનવર ભાખિયો, જડતા જગની ઉછેદરે. ગ્યા૦ ૧ ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જીમ હંસોરે; ભાગ અનંતમો અક્ષરનો સદા, અપ્રતિપાતી પ્રકાસ્યોરે. ગ્યા૦ ૨ મનથી ન જાણેરે કુંભ કરણ વિધી, તેહથી કુંભ કીમ થાશેરે; ગ્યાન દયાથીરે પ્રથમ છે નિયમા, સદસદ ભાવ વિકાસેરે. ગ્યા૦ ૩ કંચન નાણુંરે લોચનવંત લહે, અંધો અંધ પીલાયરે; એકાંત વાદીરે તત્વ પામે નહી સ્યાદવાદ રસ સમુદાયરે. ગ્યા૦ ૪ ગ્યાન ભરયાં ભરતાદીક ભવ તરયા, ગ્યાન સકળ ગુણ મુળરે; ગ્યાના ગ્યાન તણી પરણતી થકી, પામે ભવ જળ કુળરે. ગ્યા૦ ૫ અલ્પાગમ જઇ ઉગ્ર વિહાર કરે, વિચરે ઊદ્યમવંતરે: ઉપદેશમાળામાં કીરીયા તેહની, કાય કીલેસ તસ હુંતરે. ગ્યા૦ ૬ જયંતનરેશર ગ્યાન આરાધતો, તીરથંકર પદ પામેરે; રવી સશી મેહપરે ગ્યાન અનંત ગુણી, સોભાગ્યલક્ષ્મી હિત કામેરે. ગ્યા૦ ૭ ઇતી ગ્યાન પદ પુજા. ૮.

सम्यग दर्शन पद पुजा ९ मी दुहो,

સાચા સાચના ભાવ જે, કેવળી ભાષિત જેહ; સત્ય કરી અવધારતો, નમો નમો દરશન તેહ. ૧

ઢાળ

નમોરે નમો શ્રી શેત્રુંજા ગીરીવર. એ દેશી. શ્રી દરશન પદ પામી પ્રાણી દ-રશન મોહની દુરરે; કેવળી દીઠુ તે મીઠુ માને, અધા સકળ ગુણ પુરરે ૧ પ્રભુજી સુખકર સમકીત દીજે, એ આંકણી. વિઘટે મિથ્યા પુદગળ આતમથી, તેહીજ સમ-કીતુ વસ્તરે; જીન પ્રતિમા દરશન તસ હોવે, પામીને સમકીત દસ્તરે. પ્ર૦ ૨ દો વિધ દરશન શાસ્ત્રે ભાખ્યું, દ્રવ્ય ભાવ અનુસારરે; જે નિજ નયણે ધરમને જોવે, તે દ્રવ્ય દરશન ધારરે. પ્ર૦ ૩ જીનવંદન પૂજન નમનાદીક, ધર્મ બીજ નિરધારરે; યોગ દ્રષ્ટી સુમુચ્ચય માહે. એહ કહ્યો અધિકારરે પ્ર૦ ૪ અદ્યાપી અબળ અછે તોહિંપણ આયતિ હિતકર સેવે, શ્રીજીપં ભવ પરે એહથી પામે, ભાવ દરશન પણ કોયરે પ્ર૦ ૫ સમકીત સકળ ધરમનો આશ્રય; એહના ખટ ઉપમાનરે, ચારીત્ર નાણ નહી વીણ સમકીત, ઉતરાધ્યન વખાણરે. પ્ર૦ ૬ દરશન વીણ કીરીયા નવી સફળ, બિંદુ યથા વિણ અંકરે; દશ માંહી નવ અંક અભેદ છે. તિમ કુસંગે નિકલંકરે. પ્ર૦ ૭ અં-તર મહુરત પણ જે જીવે, પામ્યું દરશન સારરે; અરધા પૂદગળ પરિયટ્ટ માંહી નિ-શ્ચય તસ સંસારરે. ૮ ગત સમકીત પુર્વ બદ્ધાયુષ, દો વિનું સમકીતવંતરે; વિણ વૈમાનીક આયુ ન બાંધે, વિશેષાવશ્યક કહંતરે. પ્ર૦ ૯ ભેદ અનેક છે દરશન કેરા સડસઠ ભેદ ઉદારરે; શોવતો હરીવિક્રમ પ્રભુ થાએ. સોભાગ્યલક્ષ્મી વિસ્તારરે. પ્ર૦ ૧૦ ઈતી દરશન પદ પુજા. ૯.

विनय पद पुजा १०ᵐ मी दुहो,

સૌચ મુખથી મહા ગુણી, સરવ ધરમનું સાર, ગુણ અનંતનુ કંદ એ, નમો નમો વીનયાચાર. ૧

ઢાળ

બાળા કીહાં છેરે. એ દેશી. વીનયપદ દશમુ પરકાશ્યું, પંચ ભેદ સામાન્યરે, દશ વીહતેર પ્રકારે જાણો, બાવન ભેદ વીધાનરે. ૧ વીનય પદ શેવોરે. અરીહંતા જીહાં મુખ્ય. વી૦ આંકણી. છાસટ ભેદ સીધાંતે ગાયા. સઘળા ગુણનો આધારરે. સમદમા ધીક સવી ગુણ સાધ્યા; રાચ્યા જે વીનવ વિચારરે. વી૦ ૨ અરીહાદીકનો ભાવ પ્ર-શસ્તે, વિધીએ વીનય કરંતોરે; આહારી પણ ઉપવાસ તણું ફળ. નીરંતર અનુસરંતોરે વી૦ ૧ દોય હજારને બાર ચિહુંતેર, દેવ વંદન વિધી ધારોરે; ચ્યારસેં બાણું બોલ ત્રિ ચાલી. ગુરૂ વંદન અવધારોરે, વિ૦ ૩ ગુરૂ વિનયે રત્નત્રય પામે, સંતરતપ નિરજર ધારે, કર્મક્ષયે કેવળ ગુણ તેહથી, મોક્ષ અનંત સુખ વરણારે. વિ૦ ૫ પાંચ વંદન

માં ભાવ વંદન તે, ઉપયોગે શુભ લહીએરે; અરિહાદિકનો વિનય ભાવંતો, ચેતન તદ રૂપ કહીએરે વિ૦ ૬ દ્રવ્ય ભાવ દો નય વિશુધી, ધન્નો એ પદ સેવંતોરે શ્રધા ભાસન તત્વ રમણ લહી, સોભાગ્યલક્ષ્મી દીપંતોરે. વિ૦ ૭ ઇતી શ્રી વિનયપદ પુજા ૧૦

चारित्र पद पुजा ११ मी दुहो

રત્નત્રય વિનું સાધના, નિફળ કહી સદીવ ભાવ રયણનું નિધાન છે, જય જય સંજમ જીવ. ૧

ઢાળ

અજીત જીણંદશું પ્રીતડી. એ દેશી; ચારીત્ર પદ શુભ ચિત ધરયું, જેહ સઘળા હો નયનો ઉદ્ધાર; આઠ કર્મ ચય રીકત કરે, નિરૂતેહો ચારીત્ર ઉચ્ચાર. ચા૦ ૧ ચારીત્ર મોહ અભાવથી, દેશ સંજમહો સરવ સંજમ થાય, આઠ કષાય મિટાવીને, દેશ વીરતીહો મનમાંય ઠરાય ચા૦ ૨ બાર કષાય મનથી મીટે, સરવ વીરતીહો પ્રગટે ગુણઠાણી; દેશથી સરવ સંજમ વિષે. અનત ગુણીહો વિશુદ્ધી સમાસ. ચા૦ ૩ સંજમ ગુણઠાણ ફરશ્યા વિના, તત્વ રમણતાહો કિમ નામે કહેવાય, ગજ પાખર ખર નવી વહે, એહની ગુરૂતાહો આતમમાં સમાય. ચા૦ ૪ વર્ષ સંજમના પર્યાયમાં, અનુતર નાહો સુખ અતિક્રમ હોય, શુકલ શુકલ પરીણામથી, સંજમથી હો ક્ષણમાં સિદ્ધી જોય ચા૦ ૫ સરવ સંવર ચારીત્ર લહી, પામે અજરાહાહો સહી મુગતીનું રાજ, અનંતર કારણ ચરણ છે, શિવ પદનુંહો નિશ્ચય મુનીરાજ, ચા૦ ૬ સતર ભેદ સંજમ તણા. ચરણ સીતરીહો કહી આગમ માંહી; વરૂણદેવ જીનવર થયા. વીજય લક્ષમીહો પ્રગટે ઉછાંહે, ચા૦ ૭ ઇતી ચારીત્ર પદ પૂજા ૧૧

बंभवय पद पुजा १२ मि दुहो,

જીન પ્રતીમા જીન મંદીરા, કંચનના કરે જેહ; બ્રહ્મવરતથી બહુ ફળ લહે, નમો નમો શીઅળ સુદેહ.

ઢાળ,

કયું જાણું કયું બની આ વહી. એ દેશી, બ્રહ્મચરજ પદ પુજીએ, વરતમાં મુગટ સમાન હો વિનિત; શીયળ સુરતરૂ રાખવા, કહી નવવાડ ભગવાન હો. વી૦ ૧ નમો નમો બંભવય ધારીણું એ આંકણી. કત કારીત અનુમત તજે, દિવ્ય ઉદા-

ચીક કીમ હો. વિ૦ ત્રિકરણુ યોગે એ પરીહરે, ભેદ અઢાર ગુણ ધામહો. હો૦ વિ૦ ૨, દશ અવસ્થા કાગની: ત્રેવીસ વિષય રહુંત હો૦ વિ૦ અઢાર સહશ શિલાંગરથે, મ-ઠા મુની વિચરંત હો વિ૦ ન૦ ૩ દ્રવ્યથી ચાર દારા તજે, ભાવેપર પરતીતી ત્યાગ હો; વિ૦ દશ સમાહિ ઠાણ સેવતાં, ત્રીસ અબંભ નામ પાગ હો. વિ૦ નમો૦ ૪ દીએ દાન સોવન કોડીનું, કંચન ચૈત્ય કરાવહો વિ૦ તેહથી બ્રહ્મવરત ધારતાં અ-ગણીત પૂન્ય સમુદાયહો. વિ૦ ન૦ ૫ ચોરાશી સહસ મુની દાનનું, ગ્રહસ્થ ભકિત ફળ જોય હો. વિ૦ ક્રિયા ગુણ ઠાણે મુનીવડા, ભાવ તુલ્ય નહી કોયહો. વિ૦ ન૦ ૬ દશમે અંગે વખાણીયું, ચંદ્રવરમા નરિંદહો. વિ૦ તિમ આરાધી પ્રભુતા વરેચો: સોભાગ્યલક્ષ્મી સુરિંદહો વિ૦ નમો૦ ૭ ઇતી શ્રીબ્રહ્મચર્યપદ પૂજા ૧૨

क्रिया पद पुजा १३ मि दुहो,

આત્મબોધ વિણું જે ક્રિયા, તેતા બાળક ચાલ; તત્વારથથી ધારીએ, નમો નમો ક્રિયા વિશાળ. ૧

ઢાળ,

સુણ બહેની પીઉડા પરદેશી એ દેશી. ધ્યાન ક્રિયા મનમાં આણીજે, ધરમ શુકલ ધ્યાયીજેરે; આરતરોદ્રનાં કારણ કીરીયા, પચવીસને વારીજેરે. ૧ ધ્યાન ક્રિયા ભજો નિશ દીન પ્રાણી; એ આંકણી. કંચન કાંતી પરમેષ્ટી રૂપ, લોકાલોક પ્રમાણરે સરવ શાંતીકર ભાલ ઠેકાણે ધ્યાવો પ્રવણ ગુણ ખાણીરે; ધ્યા૦ ૨ તેર કીરીયા ઠાણ તેરહ કાઠીયા, તજી કરણ સિતરી ભજીએરે, જોગ આઠદીઠી સમ્મન કીરીયા: આતમ સુખ કર દહીજેરે ધ્યા૦ ૩ પહેલી ચઉદીઠી જ્ઞાનાધારે. રત્નત્રયા ધારે ચારરે, અડ કર્મ ક્ષય ઉપદેશ વિચીત્રા; બોધ દ્રષ્ટી બાહુ પ્રકારરે ધ્યા૦ ૪ વિશારલકીનાધિકવારો, તદ્હેતુ અમૃત વધારોરે; પ્રીતી ભકિત વચન નિસંગે, શુભ પરણતી સુધારોરે. ધ્યા૦ ૫ અંતર તત્વ વિષય પ્રતિતી. એ જ્ઞાને કીરીયા સાચીરે; અક્રિયાવાદી ક્રસ્નપક્ષીઓ, શુક-લપક્ષીયો કીરીયા વાદીરે, ધ્યા૦ ૬ અશુભ ધ્યાન ઠાણ ત્રેસઠ વારી, ધ્યાન સતક મન ધારીરે, હરિવાહન તીરથંકર હુઆ, સોભાગ્યલક્ષ્મી ગુણ ધારીરે. ધ્યા૦ ૭ ઇતી શ્રી ક્રિયાપદ પૂજા ૧૩

तप पद पुजा १४ मि दुहो,

કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ; પંચાસ લબ્ધી ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૧

ઢાળ

રાગ કાફી-અળગી રહેને એ દેશી, તપ પદને પૂજીજેહો પ્રાણી, તપ પદને પૂજીજે. એ આંકણી. સર્વ મંગળમાં પહીલું મંગળ, કર્મનીકાચીત ટાળે, ક્ષમા સહીત જે આહાર નીરીહતા; આતમ રીધી નીહાળે હો પ્રાણી. તપ૦ ૧ તે ભવ મુગતી જાણે જીનવર, ત્રીણ ચઉ જ્ઞાને નીયમાં; તોહે તપ આચરણ ન મુકે, અનંત ગુણો તપ મહીમાહો પ્રાણી ત૦ ૨ પીઠ અને મહાપીઠ મુનીશ્વર, પૂરવ ભવ મલ્લી જીનનો; સાધવી જખમણા તપ નવી કળીઓ, દંભ ગયો નહી મનનોહો પ્રાણી ત૦ અગ્યાર લાખને એશી હજાર, પાંચસે પાંચ દીન ઉણા, નંદનરીખીએ માસ ખમણ કરી; કીધા કાગ સંપુન હો પ્રાણી ત૦ ૪ તપ તપીયા ગુણ રત્ન સંવછર, ખંધક ક્ષમાના દરીયા; ચઉદ હજાર સાધુમાં અધીકા, ધન્નો તપ ગુણ ભરીયાહો પ્રાણી ત૦ ૫ ખટ ભેદ બાહિર તપના પ્રકાસ્યા, અંતર તપ ખટ ભેદ, બાર ભેદ તપ તપતાં નીરમળ, શકુળે અને ઉમેદ હો પ્રાણી ત૦ ૬ કનકકેતુ એ પદને આરાધ્યાં, સાધે આતમનાં કાજ, તીરથંકર ગુણ અનુભવ ઉતમ, સોભાગ્યલક્ષ્મી માહારાજ હો પ્રાણી ત૦ ૭ ઇતી તપપદ પૂજા ૧૪.

गोयम पद पुजा १५ मि दुहो,

છઠ છઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણ ધામ એ સમું શુભ પાત્ર કો નહી, નમો નમો ગોયમ સ્વામ. ૧

ઢાળ.

રાગ પુરવી. દાદાજી મોહે દરીશણ દીજે હો૦ એ દેશી. દાન સુપાત્રે દીજેહો ભવીયાં. દાન સુપાત્રે દીજે લબ્ધી અઠાવીશ જ્ઞાની ગોયમ, ઉતમ પાત્ર કહીજેહો ભવીયાં. દાન૦ ૧ મહુરતમાં ચઉદ પુરવ રચીયા, ત્રીપદી વીરથી પામી, ચઉદસે બાવન ગણધર વાંદ્યા, એ પદ અંતરજામીહો ભવીયાં૦ ૨ ગણેશ ગણપતી મહામંગળપદ, ગોયમ વીણ નહી દુજો; સહસ કમળ દળ સોવન પંકજ. બેઠા સુરનર પુજોહો. ભવીયાં૦ ૩ ક્ષીણ મોહી મુની રત્ન પાત્ર સમ, બીજા કંચન સમ પાત્ર; રજતના આવક સમકીતી ત્રંબા અવરતી લોહ મતીપતાહો ભ૦ ૪ મીથ્યાત્વી સહસથી એક અણુંવરતી, અણુવરતી સહસથી સાધુ, સાધુ સહસથી ગણધર જીનવરે, અધીકા ટાળે ઉપાધીહો ભ૦ પાંચ દાન દશ દાનમાં મોટાં, અભય સુપાત્ર વીદીતા; એહથી હરીવાહન હુઓ જીનવર, સોભાગ્યલક્ષ્મી ગુણ ગીતાહો ભ૦ ૬ ઇતી શ્રી ગોયમપદ પુજા ૧૫.

जिनपद पुजा १६ मि दुहो,

દોષ અઢારે ક્ષય થયા. ઉપના ગુણ જસ અંગ. વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જીનપદ સંગ. १

ढाळ,

રાગ કલ્યાણ. ચઉદ લોકકે પાર કહાવે. એ દેશી. જીનપદ જગમાં જાચો જાણો; સ્વરૂપ રમણ સુવિલાસી; સોળ કષાય જીતે તે જીનજી, ગુણ ગણ અનંત ઉજાશી. १ જીનપદ જપીએ જીનપદ ભજીએ, જીનપદ અતિ સુખદાઇ. એ આંકણી શ્રુતકેહી મન પરજવ જીનજી, છઉમથા વિતરાગી; કેવળી જીનને વચન અગોચર, મહિમા જીન વડભાગી; જી० २ જીનવર સુરી વાચક સાધુ, બાળ થીવીરગીલાણી; તપશી ચૈત્ય શ્રમણ સંઘ કહી, વૈયાવચ્ચ ગુણ ખાણી. જી० ३ ગુણીજન દશનો વૈયાવચ્ચ કીજે, સહુમાં જીનવર મુખ્ય, વયાવચ્ચ ગુણ અપડિવાઇ, જીન આગમ લીત શિષ્ય જી० ४ નીચ ગોત્ર બાંધે નહી કબહી, કરે ઊંચ ગોત્રનો બંધ, આઠ કરમ બંધ સીથળ હોવે, ઉપરાઇચેન પ્રબંધ, જી० ५ મન શુધ્ધે એ પદને આરાધી, જીમુતકેતુ જીન હોવે; વીજય સોભાગ્યલક્ષમી સુરી સંપદ, પરમાનંદ પદ જોવે. જી० ६ ઇતી શ્રી જીનપદ પૂજા १६

संजम पद-पुजा १७ मी दुहो.

શુદ્ધાતમ ગુણમે રમે, તજી ઇંદ્રીય આસંશ. થીર સમાધી સંતોષમાં; જય જય સંજમ વંશ.

ढाळ

કુમર ગંભારો નજરે દેખતાંજી. એ દેશી. સમાધિ ગુણ મય ચારીત્ર પદ ભલોરે, સતરમા સુખકારરે; વીસ અસમાધિદોષ નીવારીનેરે, ઉપના ગુણ સંતોષ શ્રીકાર રે. १ નમો નમો સંજમ પદનેમુનીવરારે. એ ટેક, અનુકંપા દિનાદીકની જે, કરેરે, તે કહીએ દ્રવ્ય સમાધીરે; સારણાદીક કહી ધર્મમમાં થીર કરેર. તે લહીએ ભાવ સમાધી રે નમો० २ વરત શ્રાવકનાં બાર ભેદે કહ્યાંરે, મુનીના મહાવરત પાંચરે: સતર એ દ્રવ્યભાવથી જાણીનેરે, યથોચીત કરે સંજમ સંચરે. ન० ३ ચાર નીખેપે સાત નયે કરીરે: કારણ પાંચ સંભારરે, ત્રીપદી સાત ભાગે કરી ધારીએરે, સોપાદીત્રીક અવધારરે. ન० ४ ચાર પ્રમાણે ખટ દ્રવ્યે કરીરે, નવતત્વે ધીર ભાવરે; સામાયક નવ

ઠારે વીચારીએરે, ઉભય ખટ આવશ્યક ભાવરે. ન૦ ૫ ચાર સામાયક આગમમાં કહ્યારે, સરવ વીરતી અધીકારરે; પાંચ ભેદ છે સંજમ ધર્મનારે, નીરમળ પરીણામ સુવીશુધરે ન૦ ૬ સમાધીવર ગણધરજીએ ભાખીઓરે, ચઉવીસ જીનને કરી પ્રણામરે, પૂરંદર તીરથંકર થયા એહથીરે, સોભાગ્યલખમી ગુણ ધામરે, નમો૦ ૭ ઈતી સંજમ પદ પુજા. ૧૭.

नाण पद पुजा १८ मि दुहो

જ્ઞાન વૃક્ષ સેવો ભવીક, ચારીત્ર સમકીત મુળ, અજર અગમ પદ ફળ લહો; જીનવર પદવી ફુલ. ૧

ઢાળ.

કોઈ લો પરવત ધુંધલોરે લાલ, એ દેશી, અભિનવ જ્ઞાન ભણો સુદારે લાલ; મુકી પ્રમાદ વીભાવરે, હું વારી લાલ, ગુરૂના આઠ ગુણ ધારીએરે લાલ, આઠ દોષ નો અભાવરે. હું૦ ૧ પ્રણમો પદ અઢારમોરે લાલ, આંકણી. દેશઆરાધક કીરીયા કહી રે લાલ, સર્વઆરાધક જ્ઞાનરે, હું૦ મુહુરતાદીક કીરીયા કરીરે લાલ, નિરંતર અનુભવ જ્ઞાનરે હું૦ પ્ર૦ ૨ જ્ઞાન રહીત કીરીયા કરેરે લાલ, કીરીયા રહીત જે જ્ઞાનરે હું૦ અંતર ખજુઆ રવી જીસ્યોરે લાલ. ઓપ્રાશકની વાણરે. હું૦ પ્ર૦ ૩ છઠ અઠમાદી તપે કરીરે લાલ; અજ્ઞાની જે શુધિરે; હું૦ એહથી અનંત ગુણી ગુપતારે લાલ, જ્ઞાની પ્રગટપણે લહેરે. હું૦ પ્ર૦ ૪ રાચે જુજુઠ કીરીયા કરીરે લાલ, જ્ઞાનવંત ગુઓ મુકિતરે, હું૦ જુઠ સાચ આતમ જ્ઞાનથીરે લાલ; પરખે નિજ નિજ વ્યકિતરે હું૦ પ્ર૦ ૫, પંચ ભેદ છે જ્ઞાનનારે લાલ, તેહ આરાધો નેહરે હું૦ સાગરચંદ્ર પરે પ્રભુ હોએરે લાલ, સોભાગ્યલક્ષ્મીના ગુણ ગેહરે, હું૦ પ્ર૦ ૬ ઈતી શ્રી નાણપદ પુજા १८

अथ सुतपद पुजा १९मि दुहो,

વ્યકતા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન, ધ્યાતા ધ્યેયની એકતા. જય જય શ્રુત સુખ લીન. ૧

ઢાળ,

અજીતનાથીની સેજડીએ રંગ લાગ્યો માહારી સજની એ દેશી, શ્રુત પદ નમીએ ભાવ ભવીઆં, શ્રુત છે જગત આધારોજી; દુસમ રજની સમયે સાચો, શ્રુત દીપક વ્યવહારો ૧ શ્રુત પદ નમીએજી, શ્રુત પદ નમીએ ભાવે ભવિયાં. શ્રુત૦ એ ટેક, બત્રીશ દોષ રહીત પ્રભુ આગમ, આઠ ગુણે કરી ભળીયુંજી, અરથથી અરિહંતજીએ

પ્રકાસ્યું. સુત્રથી ગણધર રચીયું શુ૦ ૨ ગણધર પ્રત્યેક બુદ્ધે ગુંથ્યું; શ્રુત કેવળી દસ પુરવીજી; સુત્ર રાજાસમ અરથ પ્રધાન છે; અનુયોગ ચારની કરી શુ૦ ૩ જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વરસ હજારજી; સ્વરગના સુખ અનંતા વીલસે, પામે ભવજળ પાર. ૪ કેવળથી વાચકતા માટે, છે સુય નાણ સમથજી, શ્રુત ગ્નાની શ્રુત ગ્નાને જાણે. કેવળી જીમ પથ. શુ૦ ૫ કાળ વિનય પ્રમુખ છે અડવીધ, સુત્રે ગ્નાનાચારજી; શ્રુત ગ્નાનીનો વિનય ન શેવે, તો પામે અતિચાર. શુ૦ ૬ ચઉદ ભેદ શ્રુત વીસ ભેદ છે, સુત્ર પીસ્તાળીસ ભેદજી, રત્ન ચુડ આરાધતો અરિહા, સોભાગ્યલક્ષ્મી સુખ વેદે. શુ૦ ૭ ઇતી શ્રી નમો સુઅસપદ પૂજા ૧૯.

तीर्थ पद पुजा २० मि दुहो,

તીરથ જાત્રા પ્રભાવ છે, સાસન ઉનતી કાજ, પરમાનંદ વિલાસતા, જય જય તીરથ જહાજ ૧

ઢાળ.

રાગ ધન્યાસીરી ગીરૂઆરે ગુણ તુમ તણા, એ દેશી. શ્રી તીરથ પદ પુજો ગુણીજન, જેહથી તરીએ તે તીરથરે; અરિહંત ગણધર નિયમા તીરથ. ચઉવીહ શંઘ મહા તિરથરે. શ્રી૦ ૧ લોકીક અડસઠ તીરથ તજીએ, લોકોતરને ભજીએરે; લોકોતર દ્રવ્ય ભાવ દુભેદ, થાવર જંગમ જજીએરે. શ્રી૦ ૨ પુંડરીકાદીક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકારરે; થાવર તીરથ એહ ભણીજે, તીરથ જાત્રા મનોહારરે. ૩ વિહરમાન વીસ જંગમ તીરથ, બે કોડી કેવળી સાથરે; વિચરંતા દુખ દોહગ ટાળે, જંગમ તીરથ નાથરે. શ્રી૦ ૪ સંઘ ચતુર્વિધ જંગમ તીરથ, સાસનને સોભાવેરે; અડતાળીસ ગુણે ગુણવંતા, તીરથપતી નમે ભાવેરે શ્રી૦ ૫ તીરથપદ ધ્યાવો ગુણ ગાવો, પંચરંગી રયણમે લાવોરે; થાળ ભરી ભરી તીરથ વધાવો ગુણ અનંતા દીલ લાવોરે. શ્રી૦ ૬ મેરૂપ્રભ પરમેસ્વર હુઓ, એ તીરથને પ્રભાવેરે. વિજય સોભાગ્યલક્ષ્મી સુરી સંપદ, પરમ મહોદય પાવેરે. ઇતી શ્રી તિરથ પદ

ઢાળ ૨૧—ઘણું જીવ તું જીવ જીનરાજજી જીયો ઘણું એ દેશી. ઘણું પૂજ તું પૂજ થાનિકપદ પુજ તું, સમ્યગ ભાવ ગુણ ચિત આણી; જીનવર પદ તણુ હેતુ છે એ ભલુ, કો નહી એહ સમો સમય વાણી. ઘ૦ ૧ વીસ વીસ વસ્તુ મેળવી કરી ઉજવો, નરભવ પામીને લાહો લીજે; તપ ફળ વાધશે ઉજમણા થકી, જીનવર ગણધરે એમ વદીજે. ઘ૦ ૨ ખંભાયત બંદીરે સુંદર ભાવીયા શ્રાવક શ્રાવિકા પૂન્યવંતા; વીસથાનક

તણી ભક્તિ કરે ભાવથી, સાસન ઉનતી અતિ કરંતાં. પ૦ ૩ તાસ તણે આગ્રહે સ્તવન પૂજા રચી, શુદ્ધ કરો શુંત ધર પુન્ય જાણી, વિજય આનંદગણી વિજય સૌ- ભાગ્યશુરી, વિજય લક્ષ્મીશુરી જૈન વાણી. પ૦ ૪

અથ કળસ ☼

ઇમ વીસથાન સ્તવન કુસુમે, પુજીઓ સંખેશ્વરો. સંવત સુમતિ વેદ વસુ સશી વિજય દશમી મનોહરો, તપગચ્છ વિજયાનંદ પટધરુ, શ્રી વિજય સૌભાગ્ય સુરી- સ્વરો; શ્રી વિજય લક્ષ્મી સુરી પભણે, સયળ સંઘને જય જય કરો. ૧ ઇતી શ્રી વીસ થાનક સ્તવન સંપુર્ણ,

ઇતી શ્રી વીરવીજેજી કૃત પુજાઓ સમાપ્ત.

ભાગ બીજો

अथ श्री पदमविजयजी तथा रुपविजयजी कृत पुजाओ प्रारंभ,

अथ श्री नवपदजीनी पुजा,

પુજા ૧ લી દુહા.

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદુ જીન ચોવીસ ગુણ સિધ અકના ગાવતાં જગમાં હોય જગીસ. ૧ અરિંત સિધ સુરીનવુ પાઠક મુની ગુણ ધામ દંશણ નાણ ચરણ વલી તપ ગુણમાંહી ઉદામ. ૨ ઈમ નવ પદ ભકિત કરી આરાધે નીત મેવ જેહથી ભવ દુઃખ ઉપશમે પામે શિવ સ્વયમેવ. ૩ તે નવ પદ કાંઈ વરણવું ધરતો ભાવ ઉલાસ ગુણી ગુણ ગુણ ગાતાં થકાં, લહીએ જ્ઞાન પ્રકાશ ૪ પ્રતિષ્ટા કલ્પે કહી નવપદ પુજા સાર તિણે નવપદ પૂજા ભણું કરતો ભકિત ઉદાર ૫

ઢાળ

રાગ ભૈરવ, પ્રથમ પદ જીનપતી, ગાઈએ ગુણતતી, પાઈએ વીપુળ ફળ સહજ આપ, નામ ગોત્રજ સુણ્યા કર્મ મહાનીરજરા, જાય ભવસંત તીખધ પાપ. ૧ એક વર રૂપમાં વરણ પંચે હોએ, એક તુજ વરણને જગ નમાચો, એક તીમ સ્લોક માં, વરણ બત્રીસ હોએ, એક તુજ વેવરણ કીણહી ન માયા, ૨, વાચ ગુણ અતીશયા પાડી હેરાસયા બાહ્ય પણ એ ગુણ કુણે ન ગવાયા, કેવળનાણ તહ કેવળ દંશણ, પમુહ અભ્યંતર જીન પપાયા, તેહમુખ્ય પદમથી કીમ કહાયા, ૩

દુહો—જીન ગુણ અનંત અનંત છે, વાચક્રમ મીતદીહ, બુદ્ધી રહીત શકિત વીકલ, કીમ કહુ એકણ જીહ.

ગીત—રાગ દિશાખ, ભાવ ધરી ભવી પુજીએ, વીગ અડપણ ભેય, તીમ સતર ભેદે કરી પુજો ગત એવ, ભા૦ ૧ એગવીસ અડસય ભેદથી, જીન ભાવ સંભારી, પૂજો પરીઘલ ભાવશું પ્રભુ આણાકારી, ભા૦ ૨, પુજા કરતાં પુજ્યની પૂજ્ય પોતે થાવે, તુજપદ પદમ શેવક તેહ અક્ષય પદ પાવે, ભા૦ ૩, ઇતી શ્રી પ્રથમ પદ પૂજા, ૧

पुजा २ जी दुहो

શિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવી ધોય; જેહ થશે ને થાય છે, સીધ નમો સહુકોય. ૧

ઢાલ

પાવીરે જાતીનું ફુલ સ્વર્ગથી, એ દેશી. નમો સિધાણું હવે પદ બીજે જે નીજ સંપદ વરીયા, જ્ઞાન દર્શણ અનંત ખજાનો અવ્યા બાધ સુખ દરીયા. ૧ કે સિધ સુબુધ કે સ્વામી નીજરામી કે હારેવાલા પ્રણમો નીજ ગુણ કામીરે; ગુણ કામી, ગુણ કામી ગુણ ગુણવંતા, જે વચના તીત હુવારે. ૨, આંકણી. ખાયક સમો કીત ને અક્ષય સ્થીતી, જે અરૂપી નામ, અવગાહન અગુરૂ લઘુ જેહની: વીરજ અનંતનો ધામકે, શિ૦ ૨ એમ અડકર્મ અભાવે અડગુણ વળી ઈગતીસ કહેવાય, વળી વિશેષે અનંત અનંત ગુણ, નાણ નયણ નીરખાય; નીત નીત વંદન થાય કે, સિ૦ ૩,

દુહો– જીહાં નીજ એક અવગાહના. તીહાં નમુ સિધ અનંત, ફરસીત દેશ પ્રદેશને. અસંખ્ય ગુણા ભગવંત. ૧

ગીત, રાગ કાગ. શીધ ભજો ભગવંત પ્રાણી પુરણા નંદી, લોકા લોક લહે એક સામયે, સિધી વધુ વર કંત. પ્રા૦ ૧, અજ અવીનાસી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદીક વંત. પ્રા૦ ૨, વરાણુન ગંધન રસ નહી ફરસન દીર્ઘ ન સ્વન હુત. ૩ પ્ર૦ નહી શુક્ષ્મ બાદર ગત વેદી ત્રસ થાવર નક હંત. ૪ પ્રા. અકોહી અમાની અમાય અલોભી ગુણ અનંત ભદંત ૫ પ્રા. પદમ વિજય નીતુ સીધ સ્વામીને ભલી ભલી ભલી પ્રણમંત ૬, પ્રા. ઇતિ સીધ પદ પુજા. ૨,

पुजा ३ जि दुहो,

પડીમાવહે વળી તપ કરે ભાવના ભાવે બાર નમીએ તે આચાર્યને જે પાલે પંચા ચાર. ૧,

ઢાળ,

સંભવ જીનવર વિનંની. એ દેસી. આચાર્ય ત્રીજે પદે નમિયે, જે ગચ્છ ધારીરે; ઇંદ્રી તુરંગમ વસ કરે જે લહી જ્ઞાનની દોરીરે, ૧, આ૦ સુધ પરૂપક ગુણ થકી, જે જીનવર સમ ભાખ્યારે, છત્રીસ છત્રીસી ગુણે. સોભિત સમયમાં દાખ્યારે, ૨, આં૦ ઉત્કૃષ્ટા ત્રીજે ભવે પામે અવિચલ ઠામેરે; ભાવા ચારજ વંદના કરીએ થઇ સાવધાનરે. ૩, આં.

દુહો, નવ વિધ બ્રહ્મ ગુપ્તી ધરે, વરજે પાપ નિયાણ વિહાર કરે; નવ કલ્પ નવ સુરી તત્વના જાણ. ૧,

ગીત—રાગ બેહાગડો. મુજ ઘર આવજોરે નાથ, એ દેશી. સત્તાવીસ ગુણ સાધુના, શોભીત જાસ શરીર; નવ કોટી શુધ આહાર લે એમ ગુણ છત્રીસે ધીર; ભવિજન ભાવશું નમો આજ જીમ પામો અક્ષય રાજ. ભ૦ ૧ એ આંકણી. જે પ્રગટ કરવા અતિ નીપુણ વરલબ્ધિ અઠાવિસ અડવિહ પ્રભાવકપણું ધરે એ સુરી ગુણ છત્રીસ. ભ૦ ૨, તજે ચઉદ અંતર ગઠિને પરિ સહજીતે એ બાવીસ કહે પદમ આચાર્ય નમો બહુ સુરી ગુણ છત્રીસ. ભ૦ ૩ ઇતિ ત્રતિયં પદં પૂજા. ૩

पुजा ४ थि दुहो,

દુહો—ચોથે પદ પાઠક નમું, સકલ સંઘ આધાર; ભણે ભણાવે સાધુને સમતા રસ ભંડાર. ૧

ઢાળ,

રાગ વસંત. તુતો જીન ભજવિ લેખન કરી હો હોરી કે અબધયા, એ દેશી. તુતો પાઠક પદ મનધરહો હો રંગીલા જીઉરા રાય રાંકજસુ નિકટે આવે પણ જસ નહી નીજ પરહો. ૧, હો, સારણાદિક ગછ માંહે કરતા પણ રમતાં નીજ ઘર હો. ૨, દ્વાદશાંગ સઝાય કરેશક્ર જે નિશ દિનં તતપરહો. ૩ હો, એ ઉવઝાય નિર્યામ કપાનિ તુતો ભવસાયર સુખેતર હો. ૪ હો, જે પરવાદી મતં ગજ કેરા જે ન ધરે હરીપરે ડરહો. ૫. હો, ઉત્તમ ગુરૂ પદ પદમ સેવનથે પકડે શિવ વધુ કર હો. ૬ હો.

દુહો—આચારજ મુખ્ય આગળે, જે જુવરાજ સમાન; નિંદ્રા વિકથા નવિ કરે સર્વ સમય સાવધાન. ૧

ઢાળ.

જીન વચને વેરાગીયા હો ધન્ના, એ દેશી. નમો ઉવઝાયાણં જપો હોમીતતા જેહના ગુણ પચવીસરે એકાગર મીતા, એ પદ ધ્યાઇએ, એ પદ ધ્યા ઊધ્યાનમારે મીતા, મુકી રાગને રીસરે. એ૦ ૧ અંગ અગ્યાર પુરવ ધરા હો મીતા પરી સહસહે બાવીસ, ત્રણી ગુપ્તી ગુપતા રહે હો મીતતા. ભાવે ભાવના પંચ વીસરે, એ૦ ૨ અંગ ઉપાંગ સોહામણાં હો મીતા ધરતાં જેહ ગુણાંસ ગણતાં. મુખ્યપદ પદમથીહો મીતા નંદી અણુ જોગ જગીસરે, એ૦ ૩ ઇતી ચતુર્થ પદ પુજા ૪

पुजा ५ मि दुहो.

હવે પંચમ પદ મુનીવરા, જે નીરમમની સંગ, દીન દીન કંચન નીપરે, દીસે ચઢતે રંગ, ૧

ઢાળ

રાગ વસંત– શામન ભવનવીશાળ સાધ્યાં, એ દેશી. મુનીવર ધર્મ દયાળ ભવીયાં મુનીવર ધર્મ દયાળ, તુમે પ્રણમોને ભાવ વીશાળ ભવીયાં. મુ૦ આંકણી, કુંખી શ, બળ મુનીવર ભાખ્યા આહાર દોષ ટાળે બ્યાળ, ભા૦ મુ૦ બાહ્ય અભ્યંતર પરીગ્રહ છાંડી જેણે છાંડી સવી જંજાળ. ભા૦ મુ૦ ૨ જીણે એ રીખીનું શરણ કરયું તેણે. પાણી પેહેલી બાંધી પાળ. ભા૦ મુ૦ જ્ઞાન ધ્યાન કીરીયા સાધતાં, કાઢી પૂર્વના કાળ. ભા૦ મુ૦ ૩ સંજમ સતર પ્રકારે આરાધે, છજીવના પ્રતીપાળ, ભા૦ મુ૦ એમ મુની ગુણ ગાવે તે પેહેરે, સીધી વધુ વરમાળ. ભા૦ મુ૦

દુહો–પંચે ઇંદ્રી વશ કરે પાળે પંચ આચાર; પંચ સુમતી સુમતા રેહે, વંદુ તે અણગાર. ૧

ગીત–ગીરીરાજકુ સદા મોરી વંદનારે. એ દેશી. મુનીરાજકુ સદા મોરી વંદનારે, મુ૦ ભોગવસ્યા તે મનસુ ન ઇચ્છે, નાગજ્યુ હોય અંગધનારે, મુ૦ પરીસહુ ઉપસરગે સ્થીર રેહેવે, મેરૂપેરે ની કંપનારે. મુ૦ ૧ ઇચ્છા મીછા આવસીયાની સીહીયા, તહકારને વળી છંદનારે, મુ૦ પૃછા પ્રતા પૃછા ઉપસંપદા, સમાચારી નીમંતનારે મુ૦ ૨, એદસવીધ સમાચારી પાળે, કહે પદમ લેઉ તસ ભામણારે. મુ૦ એ રીખીરાજ વંદનથી હોવે, ભવોભવ પાપ નીકંદનારે, મુ૦ ઇતી શ્રી પંચમ મુનીપદ પૂજા ૫

पुजा ६ ठि दुहो,

સમકીત વીણ નવ પુરવી, અગ્નાની કહેવાય; સમકીત વીણ સંસારમાં, અરેહાપરો અથડાય. ૧

ઢાળ

રાગ સારંગ–પ્રભુ નીરમળ દરીશણ કીજીએ, એ આંકણી. આતમ જ્ઞાનકો અનુભવ દરશન, સરસ સુધારસ પીજીએ. પ્ર૦ જસપર ભાવ અનંત પરીઅટા ભવ સંસાર સો છીજીએ, પ્ર૦ ભીન મહુર્ત દરશન ફરશનથે, અરધ પરીવટે સીજીએ. પ્ર૦ ૨, જેહથી હોવે દેવગુરૂ ધુની, ધર્મ રંગ અઠમીજીએ; પ્ર૦ એસો ઉતમ દરશન પામી, પદમ કહે શીવલીજીએ, પ્ર૦ ૩

દુહો—સમકીતી અડપ વચણ ધણી, પણ ગ્નાની કહેવાય, અરધ પુદગળ પરા વર્તમાં. સકળ કમળ જાય. ૧

ગીત—ધન ધન સંપતી સાચો રાજા. એ દેશી, સમ્યગ દરીશણ પદ તુમે પ્રણમો જે નીજ ધુર ગુણ હોયરે, ચારીત્ર વીણ લહે સ્વાસ્વત તપદવી, સમકીત વીણ નહી કોયરે, ૧ સં૦ સદહણા ચઉ લક્ષણ દુખણ ભૂખણ પંચ વીચારોરે, જયણ ભાવણ ઠાણ આગારા, ખટ ખટ તાસ પ્રકારોરે, ૨. ૨૦ શુધ લીગ ત્રણ આઠ પ્રભાવક, દસ વીધ વીનય ઉદારોરે, એમ સડસઠ ભેદે અલંકરીયો, સમકીત શુધ આચારો રે, સં૦ કેવળી નીરખીત સુક્ષમ અરૂપી, તે જેહને ચીત ધારીયોરે, જીન ઉતમ પદ પદમની સેવા કરવામાં ઘણું રસીઓરે. ૪, સા૦ ઇતી શ્રી સમ્યગ પદ પૂજા ૬

पुजा ७ मि दुहो

નાણ સભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ તેહ નાણ દીપક સમુ, પ્રણમો ધર્મ સનેહ. ૧

ढाळ,

દેશી નારાયણની' નાણરૂપદારો ધન કરોરે, જીમ અહો નીરમળ નાણરે ભવી કુજન, સરધા પણ થીરતો રહેરે, જો નવ તત્વ વીનાણરે, ભ૦ ૧ ના૦ અગ્નાની કરસે કીરયુરે સ્યુ લેશે પુન્ય પાપરે. ભ૦ પુન્ય પાપ નાણી લહેરે; કરે નીજ નીરમળ આપરે. ભા૦ ૨ ના૦ પ્રથમ ગ્નાન પછે દયારે, દસ વૈકાળીક વાણરે, ભ૦ ભેદ એ કાતન તેહનારે, શમજો ચતુર સુજાણરે, ભ૦ ૩ ના૦

દુહો—બહુ કોડાં વરસે ખપે. કર્મ અગ્નાને જેહ, ગ્નાની શાસો સાસમાં, કર્મ ખપાવે તેહ. ૧

ગીત—મતવાલે સાજનાં એ દેશી, નાણ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્ય ભાવ મેરે લાલ, જાણે ગ્નાન ક્રિયા વળી, તિમ ચેતનને જડ ભાવ. મે૦ ૧ ના૦ નરગ સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર મેરે લાલ, હેયજ્ઞેય ઉપાદે લહે, લહે નીશ્ચય ને વ્યવહાર, મે૦ ૨ ના૦ નામ ઠવણ દ્રવ્ય ભાવ જે, વળી સગનય ને સપ્ત ભંગ મેરે લાલ. જીન મુખ પદમ દ્રહ થકી, લહો ગ્નાન પ્રવાહ શુભંગ, મે૦ ૩ ના૦ ઇતી શ્રી સાતમી ગ્નાનપદ પુજા ૭.

पुजा ८ मी दुहो.

ચારીત્ર ધર્મ નમો હવે, જે કરે કર્મનીરોધ; ચારિત્ર ધર્મ જસ મન વસ્યો, સફળો તસ અવબોધ. ૧

ઢાળ,

ટુક ટુક અને ટોડા વીચરે, મેદી કેરા છોડ મધી રંગ લાગ્યો: એ દેશી. ચારીત્ર પદ નમો આઠમેરે, જેહથી ભવ ભય જાય સંજમ રંગ જગ્યો, સતર ભેદ છે જેહનારે, સીતેર ભેદ પણ થાય. સં० ૧ સુમતી ગુપ્તી માહા વ્રત વળીરે, દશ ખાંત્યાદીક ધરમ, સં० નાણ કારજ વિરતીય છેરે, અનુપમ સમતા સરમ. ૨, સં० બાર કષાય ખય ઉપસમેરે, સરવ વીરતી ગુણ ઠાણ. સં० સંજમ ઠાણ અસંખ્ય છેરે, પ્રણમો ભવીક સુજાણ. ૩, સં०

દુહો—હરી કેસી મુની રાજીયો, ઉપન્યો કુળ ચંડાળ: પણ જીવુસુર સેવા કરે, ચારીત્ર ગુણ અસરાળ. ૧,

ગીત.—સાહીબ કબ મીલસે સસનેહી પ્યારા હો, એ દેશી. સંજમ કબ મીલે સસનેહી પ્યારા હો, સં० એ ટેક. જ્યું સમકીત ગુણ ઠાણ ગવારા, આતમસે કરત બીચારા હો. સં० ૧, દોષ, બેતાળીસ સુદ્ધ અહારા, નવ કલ્પ ઉગ્ર વીહારા હો. સં० ૨, સહેસ તેવીસ દોષ રહીત નીહારા, આવશ્યક દોય વારા હો. સં० ૩, પરીસહ સહના દીક પરકારા, એસબહે બ્યવહારા હો. સં० ૪ નિશ્ચય નીજ ગુણ ઠાણ ઉદારા, લહેત ઉત્તમ ભવ પારાહો. સં० ૫ મોહાદીક પરભાવસે ન્યારા, ડુગ નય સંજુત સારાહો. સં० ૬, પદ્મ કહે એમ સુણી ઉજમાળા, 'લહે શીવ વધુવર હારાહો. સં० ૭ ઇતિ શ્રી અષ્ટમ પદે મુની પદ પુજા ૮.

पुजा ९ मि दुहो,

દ્રઢ પ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર; પણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર. ૧

ઢાળ

પુરષોતમ સમતા છે થારા ઘટમાં, એ દેશી. તપ કરીએ સમતા રાખી ઘટમાં તપ કરીએ સમતા રાખી ઘટમાં, તપ કરવાળ કરાળ લેકરમાં, અડીએ કરમ અરી ભટમાં. તપ० ૧, ખાવત પીવત મોક્ષ જે માને, તે સીરદાર બહુ ઝટમાં. તપ० ૨, એક અચરીજ પ્રભી ઓતે તરતાં, આવે ભવસાયર તટમાં. તપ० ૩, કાળ અનાદીકા કરમ સંગ તીયે, છુટ પડી ઓજ્યુ ખટપટમાં. ત० ૪, તાસ વીજોગ કરણ એકર ણું છુટે નવી ભમીએ ભવનટમાં. ત० ૫, હોય પુરાણ તે કરમનીજરે, એસમ નહી સાધન ઘટમાં. ત० ૬, ધ્યાન તપે સવી કરમ જલાઇ, શીવ વધુ વરીએ ઝટપટમાં, તપ० ૭

દુહો—વીઘન ટળે તપ ગુણ થકી, તપથી જાય વીકાર; પ્રસંસ્યો તપ ગુણ થકી વીરેધનો અણગાર. ૧

ગીત—સરખા સાહેબ હો ડંકા જોર બજાયાહે, એ દેશી. તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયાહે, એ આંકણી. ઉજમણાં તપ કેરાં કરતાં; સાસન સોહ ચઢાયો હો, વિર્ય ઉલાસ વધે તીણ કારણ, કરમ નીઝરા પાયા. ત૦ ૧, અડ સીધિ અણિ માલ ખિમાદીક, તીમ લબ્ધિ અડ વીસાહો, વીશ્નુ કુમારો છેક પેરે જગમાં, પાંમત જયત જગીસા, ત૦ ૨, ગૌતમ અષ્ટાપદ ગીરી ચઢીયા, તાપસ આહાર કરાયા હો, જે તપ કરમ નીકાચીત તપવે, ખીમા સહીત મુની રાયા. ત૦ ૩, સાઢા બાર વરસ જીન ઉતમ, વીરજી ભૌમીન ઠાયાહો, ઘોર તપે કેવળ લહે, તેહના પદ્મવિજય નમે પાય. ૪, ઇતિ શ્રી નવમી તપ પદ પૂજા. ૯

અથ કળસ *

રાગ ધન્યાશ્રી.—આજ માહારે ત્રીભુવન સાહેબ તુઠો, અનુભવ અમૃત વુઠોરે. મ૦ ગુણ અનુજાઇ ચેતન કરતાં, કીશ્યું કરે મોહ રૂઠોરે, મા૦ ૧ ભવી પ્રાણી હો આજ નવ પદનું ધ્યાન ધરંતાં, નવ નીધી રીધી ઘેર આવે; નવ નીવાણનો ત્યાગ કરીને, નવ ખાયક પદ પાવે, ભા૦ ૨, વીજય સીહ સુરી સીષ અનોપમ, ગીતારથ ગુણ રાગી, સત્ય વીજય તસ શિષ્ય વીબુધવર, કપુર વીજય વડ ભાગી, ભ૦ ૩, તાસ શિષ શ્રી ખીમા વિજય વર, જીન વિજય પંન્યાસ, શ્રી ગુરૂ ઉત્તમ વિજય સુ શિષ્યો શાસ્ત્ર અભ્યાસ વીલાસ. ભ૦ ૪, ગજ વન્હિ મદ ચંદ્ર સવસરો માહાવદ બીજ ગુરૂવારો, રહી ચોમાસુ લીબડી નગરે ઉદ્યમ એહ ઉદારો, તપ ગછ વિજય ધરમ સુરી રાજે, શાંતી જીણંદ પસાયો, શ્રી ગુરૂ ઉત્તમ ક્રમજ અલીસમ, પદમ વિજય ગુણ ગાયો, ઇતિ શ્રી પદમ વીજેજી કૃત શ્રી નવ પદજીની પુજા સંપુર્ણ.

અથ શ્રી પંચ જ્ઞાનની પુજાઓ

પુજા ૧ લિ દુહો,

સકળ કુશળ કમળાવળી, ભાષક ભાણુ સમાન; શ્રી સંખેશ્વર પાસના, ચરણ નમી ધરી ધ્યાન, ૧, કરમ તિમર ભર ટાળવા જ્ઞાન તે અભીનવસુર, જ્ઞાની જ્ઞાન બળે કહે, સપરસ ભાવ પડુર. ૨, સાધા મુળ ક્રિયા કહી, તેહનું મુળ તે જ્ઞાન, તેહથી શીવ સુખ બહુ જણા, પામ્યા ધરી એક તાન, ૩ અસંખ્ય ભેદ ક્રિયા તણા, ભાખ્યા શ્રી અરીહંત, જ્ઞાન મુળ સકળ સવે, પંચ ભેદ તસ તંત. ૪, મઈસુખ ઓહી મણ પજુવા, પંચમ કેવળ જાણ, પુજા કરતાં તેહની લહીએ પંચમનાણ.૫. જાણે કેવળ કેવળી, શ્રુતથી કરે વખાણ, અણ મુગા શ્રુત બોળનું, ભાખે ત્રીભુવન ભાણ, ૬, પંચ જ્ઞાન અનુક્રમે લહી, જેહ થયા અરીહંત અષ્ટ પ્રકારે પુજતાં, લહીએ જ્ઞાન અનંત. ૭

ઢાળ,

શ્વેતાંબી નગરી ધણી, નામે પ્રદેસીરાય, કેશી ગણધર દેશના, સાંભળી શ્રાવક થાય, ૧ શમકીત પામી સુભમતી, પાળી નિરમળ ધરમ, નીરૂપમ સુર સુખ ભગવતી, મનુજ ભવે શીવ શરમ. ૨

ढाळ

નાયતારે તુમે તે ચાહ્યા ગાજરેરે લાલ એ દેશી. સુરી આભરે સુરવરે અવધી નાણ ધીરે લાલ. આમલકલપા ઉદ્યાનરે લાલ મોરે મન માન્યો એ જીનરાજરે લાલ. વિચરતારે વિર જીણંદ વિલોકીનેરે લાલ, કરે વંદન શનમાનરે લાલ, મોરે મન માન્યો એ જીનરાજરે લાલ. ૧ એ ટેક. ભાખેરે અભીયોગીક સુરને તદારે લાલ, દિશ ચો સણા કરો સારરે લાલ, મો૦ આવજોરે જીન વંદન કરવા ભણીરે લાલ, પામવા ભવજળ પારરે લાલ મો૦ ૨ સુરવરરે સાથે વંદી વીરનેરે લાલ, પુજી પદકજ ખાસરે લાલ, મો૦ પુછેરે ભવ્યાદીક ખટપદ ભલારે લાલ, પામી મન ઉલાસરે લાલ, મો૦ ૪ જીનપતીરે જપે ભવ્ય તુ સમકીતીરે લાલ; ચરમ શરીરી ખાસરે લાલ મો૦ સાંભળીરે હરખે નાટીક તે કરેરે લાલ. બત્રીસ બધ ઉલાસરે લાલ મો૦ ૫. એકસતરે આઠ દેવ દેવી નચેરે લાલ, થેઈ થેઈ કરતી મંગરે લાલ. મો૦ દેવીરે શીહુદસ ફરતી ફુદડીરે લાલ, જીન ગુણ ગાતી ઉમંગરે લાલ, મો૦ ૫ વાજેરે વાજાં છંદે નવ નવારે લાલ, હાવ ભાવ લય તાલરે લાલ મો૦ ભાસ કરે પાસક અંતર ભાવનારે લાલ, દ્વાદસા કીરણ રસાળ મો૦ ૬ વીસ્તરેરે રાયપસેણી સુત્રમાંરે લાલ જીન ઉતમ માહારાજરે લાલ, મો૦ ભાખેરે નીજ ગુણ પદમથી દેશનારે લાલ, રૂપવિજય પદ કાજરે લાલ મો૦ ૭ ઇતીશ્રી રાયપસેણી બીજા ઉપાંગ સુત્ર પુજા તેરમી

पुजा १४ मि दुहो,

જીવા જીવ પદારથનો, અભીગમ જેહથી થાય, જીવા ભીગમ ઉપાંગને, પૂજતાં પાપ પલાય. ૧

ઢાળ

સ્વામી સ્વયં પ્રભુ સુંદરૂરે એ દેશી. ત્રીસલાનંદન વંદીએરે, ત્રીભોવન જન આધારરે ગુણ રસીયા, ત્રવિધ અવંચક જોગથીરે, સેવી લહો ભવ પારરે, ગુ૦ ૧, જીવા ભીગમ ઉપાંગમેરે, નવ પડી વરતી ઉદારરે ગુ૦ ભાખી ગણધરને સુદારે, જીનવર જગદા ધારરે, ગુ૦ ૨, વિજય દેવ વ્યકત અતારે ભાખી બહુ વીસ્તારરે, ગુ૦ જીન પુજા જુગતે કરીરે, લહેસે ભવ નીસ્તારરે. ગુ૦ ૩, નંદીસ્વર દ્વીપે વળીરે, સાસ્વત જીન પ્રાસાદરે, ગુ૦ તે પુજી સુર નર લહેરે, સમકીત સુખ સ્વાદરે, ગુ૦૪, સીવ સુખદાઈ એ સુતેરે, ખટ દ્રવ બહુ અધિકારરે, ગુ૦ સખા ભાષણ રમણતારે, ફરી પુજો નીરધારરે, ગુ૦ ૫, જીન ઉતમ સુખ પદમનીરે, વાણી અમૃત ધારરે. ગુ૦ રૂપવિજય કહે પુજીએરે, ધરમ પોષન આધારરે, ગુ૦ ૬, ઇતી શ્રી ત્રીજુ જીવા ભીગમ ઉપાંગ સુત્ર પુજા ચઉદમી.

पुजा १५ मि दुहा

પનવણામાં પ્રેમથી, પદ છત્રીસ ઉદાર, ભાખ્યા બહુ અર્થ ભરેલા, તે પૂજો નરનાર. ૧,

ઢાળ

ત્રીભુવન તારણહારે વારૂ વિઠલ તુજને, એ દેશી. મુનીવર ભાખ્યોરે સુત્ર પનવણા નામે, ભવી તુમે સુણજોરે વધતે શુભ પરીણામે, એ આંકણી. એ આગમની ભગતે પૂજા કરતાં પાપ પલાય, કુમત કુસંગ કુવાસના જાએ, સમકીત નિરમળ થાએ, ગુ૦ ૧, પનવણ ને ઠાણ અજાવ બહુ, થીતી વિશેષ વુકતી, ઉસાસના જોણી પરમ પદ, ભાષા પદ સમરંતી, ગુ૦ ૨, સરીર પદે પણ દેહ પરૂપણ, પરીણામ તેરમા જાણો, કસાય ઇંદ્રી પ્રયોગ લેસ્યાપદ, ખટ ઉદેશ વખાણો, ગુ૦ ૩, કાય થીતી સમકીત અંત ક્રીયા, અવગાહણ સંઠાણ. ક્રીયા કરમ પ્રકૃતી બંધ વેદન, વેદ બંધ પદ જાણો. ગુ૦ ૪, વેદ વેદ આહારને ઉપયોગે, પાસણયા પદ સુણીએ, સની સંયત અવધી ચોત્રીસમા, પરી ચારણ પદ સુણીએ, ગુ૦ ૫, પછી વેદનાને સમુદ ઘાત કરી, તુલ્ય કરમ થીતી કરતા, અંતર મહુરતે જોગ નીરોધી, રૂપ વીજય પદ વરતા, ગુ૦ ૬, ઇતી શ્રી પનવણા સુત્ર ઉપાંગ પુજા પંદરમી.

पुजा १६ मि दुहा.

સુર પનતી સુત્રમાં, પમુના જનક વિચાર, ભાખ્યો સોહમ ગણધરે, ચાર તણો વિસ્તાર. ૧,

ઢાળ,

ભોળગડી આદીનાથનીજો, એ દેશી. સુર પનતી ઉપાંગમાંજો, સતાવન પહુડાં સારજો, વીર જીણંદ વખાણીયાજો, તે સુણજો ભવી નીરધારજો, સુ૦ ૧, એકસો ચોરાસી ભલાજો, મંડળ રવી રચારના ધારજો, પાંચસેને દસ જોયણાંજો, મંડળ નો ચાર ઉલાસજો, સુ૦ ૨, દુગ દુગ જોયણ અંતરેજો; નીત ઉગે સવીતા સારજો, ઉડુપતી ગ્રહ ઉડુ તારકાજો; નીજ જોગ્ય ખેતર ફરે ચારજો; સુ૦ ૩, જીનપતી કલ્યાણક દીનેજો; સમકીતી સવીતા ધરી ભાવજો, ભગતે કરે જીન સેવનાજો; ભવ વારધી તરવા નાવજો, સુ૦ ૪, સુર પનતી સુત્રનીજો, સેવનાથી કેવળ સુરજો, જીન ઉત્તમ પદ પદમનજો, ભગતે ચીદ રૂપનો પૂરજો, શુ૦ ૫, ઇતી શ્રી શુર પનતી ઉપાંગ શુત્ર પૂજા સોળમી.

पुजा १७ मि दुहा

ચોસઠ સુરપતી સુરતતી; સુમકીત ધારી સુરંગ, જનમ મોહોછવ જીન તણો કરે મન ધરી ઉછરંગ. ૧

ઢાળ,

રાગ સારંગ, જીન પુજે હરી ભગતે કરી એ આંકણી, દ્રહ નદી ખીર સમુદ્ર કુંડથી, લાવે જળ કુંભમા ભરી, જળ પુજા જીન રાજની કરતાં, જાવે તે ભવમાં ફરી જી૦ ૧ કુલગીરીવરખારા ગજ દંતા. દ્રાહસે તિમ કંચનગીરી, ઓશધી કમળ ફુલ બહુ જાતીના, લાવે છાબ ભરી ભરી જી૦ ૨ ચોસઠ સુરપતી નીજ નીજ ક-રણી, કરતા બહુ ભગતે કરી, રાચે નાચે ને વળી માચે, સાચે ભાવે ફરી ફરી જી૦ ૩ જીન મુખ જોતી પાટક ખોતી, નાચે શુરવહુ મણ હરી, ઠમક ઠમક વાં-છુવા ઠમકાવે, ધમ ધમ ધરતી ધુપતી, જી૦ ૪ ખલક ખલક ચુડી ખલકાવતી, રણઝણ પાએ નેઉરી, થેઇ થેઇ કરતી દીએ ફુદડી, લળી લળી નમતી ઝીકરી, જી. ૫ શુરવર શુરપહુ ઇંદ્ર ઇંદ્રાણી૰ માને નીજ સફળી ઘરી, તીણે વીધ શ્રાવક શ્રાવીયા જીનની, પૂજા કરે ભવજળ તરી, જી૦ ૬ જંબુદ્વીપ પનતી પાઠ, શુણી. કુમતી કુવાસના પરીહરી, રૂપવિજય કહે કરજો પુજા સીવવહુ સેહેજ રમણ કરી. જી૦ ૭ ઇતિ શ્રી જંબુદ્વીપ પનતી ઉપાંગ શુત્ર પૂજા સતરમી.

पुजा १८ मि दुहो

ચંદ પનતી શુત્રમાં, જ્યોતીસ ચાર વિચાર, શીખો ગુરૂ સેવા કરી, જીમ લહો અરથ ઉદાર. ૧

ઢાળ

ઉભો રહેને ગોવાળીઆ તારી વાસળી મીઠી વાય, એ દેશી, ઉભો રહેને રે જીઉડા તુંતો સાંભળ આગમ વાણ, કામ ક્રોધને છાંડીને નીત અનુભવ ઉલટે આણ, ઉ० ૧ અમૃત રસથા મીઠડી, એતો ગણધર મુખની ભાખ, રોમ રોમ રસ સંચરે, જીમ સાકર સરખી સાખ, ઉ० ૨ ચંદ પનતી શુત્રના કહ્યા પાહુડા સરસ પચાસ, સાંભળતાં મન રીઝસે, નીત વધશે ગ્નાન અભ્યાસ ઉ० ૩ શ્રાવણ વદી પડવા થકી, ઘડી દીવશમાં સરોતુખાસ, અપન સવંછર જુગ તણી, નીત કરી કલના અભ્યાસ, ઉ० ૪ સંખ્ય અસંખ્ય અનંતતા, કહી કાલની કળણા તીણ, તથા ભવ્ય પરીપાકથી, થાઓ સીવ સુંદરી રસ લીન ઉ० ૫ જીન ઉતમ મુખ પદમથી, શુણી ચંદ પનતી સાર, પુજો ધ્યાઇ પામજો, નીજ રૂપવિજય જયકાર ઉ० ૬ ઇતિ ચંદ પનતિ ઉપાંગ શુત્ર પુજા અઢારમી.

पुजा १९ मि दुहा,

આશા દાસો રસ પડ્યા, જકડ્યા કર્મ જંજીર, પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીડ.

ઢાળ

મધુકર માધવને કેહેજો એ દેશી, પરીગ્રહ ભાર ભરયા પ્રાણી: જસુમતી લાભે લલચાણી, પામે અધોગતી દુઃખ ખાણીરે, ચેતન ચતુર સુણો ભાઇ, લોભ દશા તજો દુઃખ દાઇ; ચેતન० ૧, લાભે લાલચ જાસ ઘણી, ધરણુતી નીચી તેહ તણી, લટપટ કરે બહુ લોક તણી, ચે० ૨, લો० લોભી દેશ વિદેશ ભમે, મન કારણ નીજ દેહ દમે, તડકા તાઢના દુઃખ ખમે, ચે० ૩, લો० લોભે પુત્ર પીતા જગડે, લોભ નરપતી રહે વગડે, લોભે બંધવ જોર લડે; ચે० ૪, લો० હાર હાર લોભે લીનો, કોણીકે સંગર બહુ કીનો, માતા મહને દુઃખ દીનોરે, ચે० ૫, લો० લોભા રંભે બહુ નડીઆ, કાળાદીક નરકે પડીઆ, નારઆવલી પાઠે ચઢીઆરે, ચે० ૬ લો० લોભ તજી સંવર કરજો, ગુરૂ પદ પદમને અનુ સરજો, રૂપવિજય પદને વરજોરે ચે० ૭, લો, ઇતિ શ્રી નીરીઆ વળી ઉપાંગ શુત્ર પુજા ઓગણીસમી.

पुजा २० मि दुहो

કપવ ડંસીયા શુત્રમાં, જે ભાખ્યા અણગાર, તસપદ પદમ વંદન કરૂં, દીવસ માંહી સો વાર.

ઢાળ

સખી પડવે તે પંથ સધાવ્યારે. એ દેશી. સાસનપતી વીર જીણંદરે, શુણી દેશના મન આણંદરે, લહ્યા ચારીત્ર ગુણ મકરંદ, વાલાહો સાંભળો જીન વાણીરે, આગમ અનુભવ રસ ખાણી, વાહાલા હો૦ ૧, એ સુીક શુત કાલ કુમાર રે, પમુહા દશ મહા જુમારરે, નંદન તેઉના દસ સાર, વા૦ ૨, આ૦ પદમાદીક દશ ગુણ ભરીઆરે; સંજમ રમણીને વરીઆરે, ભવસાર પાર ઉતરીઆ. વા૦ ૩, આ૦ જેણે માયા મમતા છોડીરે, એતો સંજમ રથના ધોરીરે, વરસે સીવ શુંદરી ગોરી; વા૦ ૪, આ૦ નાક નવમ અગ્યારમો છંડીરે, દશ દેવલોકે રહ્યા મંડીરે, થયા શુરવર પાપને ખંડી. વા૦ ૫. આ૦ વીદેહે પરમ પદ વરસેરે, એ શુત્રને જે અનુસરસેરે, તે ભવ સાગરને તરસે. વા૦ ૬, આ૦ શ્રી પદમવિજય ગુરૂ રાયારે, શુભવાચી આગમ પાયારે, કહી રૂપવિજય ગુણ ગાયા. વા૦ ૭, આ૦ ઈતી શ્રી કપવડંસીયા ઉપાંગ શુત્ર પુજા વીસમી.

पुजा २१ मि दुहा

પૂરીઆ શુત્રની પુજના, કરજે પંચ પ્રકાર, જૈનાગમની પુજના, શીવ શુખ ફળ દાતાર. ૧,

ઢાળ,

ખાચકે ખાચકે પૂણી આપે, વહુ ચુલામે ચાંપેરે, મારી સહીરે સમાણી, એ દેશી. જીનવર શ્રી મહાવીરને વંદી, શુણી ખામ પાંચે આણંદીરે, સમકીત ગુણ ધારી, જીન ઉત્તમ મુખ પદમની વાણી, સાંભળી હરખે હરખાણીરે, સ૦ ૧, સોહમ દેવ લોકની વસનારી, બહુ પુત્રીકા દેવી સારીરે, સ૦ બત્રીસ બદ્ધનાટીક મંડાણ, કરે જીન ગુણને બહુ માણરે, સ૦ ૨, દીવ કુમર કુમરી તીહાં નાચે જીન મુખડું જોઈ જોઈ માચેરે; સ૦ નાચે ઠમક ઠમક પદ ધરતી, તતા થેઈ થેઈ નાટક કરતીરે, સ૦ ૩; તાલ કંસાર મૃદંગ ડફ વીણા; સારંગીના સ્વર ઝીણારે; સ૦ બેઠા ત્યાં મંડળ ઠરણાઈ, શ્વરમાં જીનવર ગુણ ગાઈરે; સ૦ ૪, સમકીત કરણી ભવજળ તરણી. શીવ મંદીરનો સરણીરે, સ૦ બહુ પુતીઆ દેવી ભવ તરસે, ત્રીજે ભવે શીવ વરસેરે; સ૦ ૫, પુરીઆ શુત્રના દશ અજયણા, એતો શ્રી જીનરાજના વયણારે;

સ૦ પુજે ભાવે જે નરનારી, તે રૂપવિજય પદ ધારીરે, સ૦ ૬, ઈતી શ્રી પુપ્ફીઆ સુત્ર ઊપાંગ પુજા એકવીસમી

पुजा २२ मि दुहो

પુષ્પ ચુલીકા શુત્રમાં, શ્રી હ્રીતી કીરતી બુદ્ધ, દશ દેવી જીન ભકતીથી, લગતે ભાવે લહે સીધ. ૧,

ढाळ

અગની દુર કરેના, એ દેશી. જીન પૂજા ભવ તરણી, પુજા ભવ તરણી; ભવ જલતરણી, સીવ મંદીરની સારણી પુ૦ જળ ચંદન કુસુમ વલી ધરણી, ધુપ દીપક ની કરણી પુ૦ ૧ અક્ષત નૈવેદ્ય ફળસે વરણી, ભવ સાયર ઉતરણી પુ૦ સમકીત આદિક ગુણ આચરણી, કુમતીકુ રતી ભરણી પુ૦ ૨ શ્રીય હ્રિ ધ્રિતિ દેવીઆચરણી આગમ દાખના કરણી પુ૦ બત્રીસ બધ નાટીકની કરણી. કરી શીવ લાડી વરણી પુ૦ ૩ અવધી આસાતના દોઝની હરણી. સંવર નૃપની ઘરણી પુ૦ ભાવ થકી જીન નીત આચરણી, સકલ સંયમ ગુણ ડરણી. પુ૦ ૪ હાહિગ ધ્યાને ગુની કુમરણી, પાપ સંતાપકી હરણી, પુ૦ શ્રી ગુરૂ પદમ વિજય સુખ ભરણી, રૂપવિજય સુખ કરણી પુ૦ ઈતી શ્રી પુષ્ફ ચુલીકા ઉપાંગ સુત્ર પુજા બાવીસમી,

पुजा २३ मि दुहा

ચારીત્ર નીરતી ચારજે, પાળે નીરમળ મન, નીપધાદીક મુનીવર પરે, સરવારથ ઉપંન. ૧ વંની દશમા વરણવ્યા, નીષધાદીક મુનીબાર. કરજોડી તેહને સદા, વંદુ વાર હજાર. ૨

ढाळ

વંદુ વીર જીનેસર રાયા, એ દેસી પૂજોરે ભવીયાં જીન સુખદાઈ, તેહ અગોચર અનાઈરે, અવીનાશી અકલંક મનોહર, વીન શિવન ઠકોરા ઈરે, પૂ૦ ૧ નેમી જીનેશ્વર વચન અમ્રતરસ પીયા બુધી ઠરાઈરે, નિષધ કુમારાદીક ગુની દાસ, લઈ સંજમ લય લાગીરે, પૂ૦ ૨ અગ્યાર અંગ સુરંગ ભણીને ચરણ કરણ ધાર ઠાઈરે, સરવારથ સીદ્ધે થયા સુરવર બવસતનીઆ જાઈરે, પૂ૦ ૩ બાર અઝયણ વંની દશામે, કહે સોહમ સુખદાઈરે, એ આગમને પૂજો ધ્યાવો, ગાવો હરખ ભરાઈરે, પૂ૦ ૪ સત્યકપૂરણમા જીન ઉતમ, પદમ વિજય ગુરૂ પાઈરે, અનુભવ જોગે રૂપવિજય ગણી, આગમ પૂજા ગાઈરે. પુ૦ ૫, ઈતી શ્રી વહિન દશાંગ ઉપાંગ સુત્ર પુજા, ત્રેવીસમી

पुजा २४ मि दुहा

સુતધર વીર જીણંદના, અઉદ સેહેસ આણગાર, પ્રતેક બુધ તેણે રચ્યા, પયનાં અઉદ હજાર, ૧ સંપ્રતી પણ વરતે ઘણા, પણ દસના પડઘોસ, તે આગમને પૂજતા કરે પુન્યનો પોષ. ૨

ઢાળ

નેમજીવન જોવા વાલહો, એ દેસી. ચારીત્ર શુધ આરાધના, સામાયકથી થાય લાલરે, સાવદ્ય જોગને છાંડતાં, પાતીક દુર પલાય લાલરે, ચારીત્ર શુધ આરાધના. ૧, એ આંકણી. દરશન આરની શુધતા, ચોવીસથ પયાર્થ લાલરે, ગુણ ગાતાં જીન રાજના, સમકીત દુષણ જાય લાલરે, ચા૦ ૨, ગ્નાન દરશન ચારીત્રના, આરાધક ગુરૂરાય લાલરે. દેવા દસધા વંદન કરી, પુજજો શ્રી ગુરૂરાય લાલરે, ચા૦ ૩, અતી ક્રમે વ્રતી કરમ વરત તણાં, દરસણ ચરણને નાશ લાલરે, તેહનાં દુઃખણ છાંડીએ, પડીકમણુ તે ભાસ લાલરે. ચા૦ ૪, વ્રણ રૂઝ જીમ પટીએ, તીમ કાઉસગે દોષ લાલરે, પડી કમતાં બાકી રહ્યા, કરીએ તેહનો સોષ લાલરે, ચા૦ ૫, ગુણ ધારણ કરવા ભણી, કરજો દસ પચખાણ લાલરે, વિરજ આર વિસુધતા, કરી સઘળે સુખ ખાણ લાલરે. ચા૦ ૬, એણી સરણે જીન રાજની, પુજના કરશે જેહ લાલરે, જીન ઉતમપદ પદમની, રૂપવિજય કહે તેહ લાલરે, ચા૦ ૭, ઇતી શ્રી ચતુર સરણ પૂજા ચોવીસમી.

पुजा २५ मि दुहो

રાગ દ્વેશને છેદજો, ભેદજો આઠે કર્મ, સ્નાતક પદને અનુસરી, ભજજો સાશ્વત સર્મ ૧

ઢાળ,

પૂજ્યજાવઉ વીનએ જયોરે એ દેશી. દેશ વિરતી ગુણ ઠાણ એરે, વરતે શ્રાવક જેહ, આણંદાદીક નીપરેરે, તજે મીથ્યાતને તેહ. સુગુણનર પૂજો શ્રી જીન દેવ, ૧ એ આંકણી. બારે વરતના પરીહરરે, એકસોચોવીસ અતીચાર, કરમાદાંણ પંદર તજીરે, સમકીતના પંચ ધાર, સુ૦ ૨ ગ્નાન દરશન ચારીત્રનારે, તપ વીરજના જેહ, અતીચાર ચઉદ કરીરે, ભજી જીનવર ગુણ ગેહ. સુ૦ ૩ પારંભત પદ પુજીએરે, તજી તેસઠ દુર ધ્યાન, ઇંદ્રી કશાય તે જીપીનેરે, પામે સમર્ઇક થાન, સુ૦ ૪ આઉર પચખાણ સુત્રનીરે, કરે આરાધના જેહ, ત્રીજે ભવે શીવ સંપદારે, નિશ્ચય પામે તેહ સુ૦ ૫ તેણે એ સુત્રની પુજનારે, કરજો ધરી સુહ ભાણ, રૂપવિજય કહે પામજો

૨, સારસ્વત સુખ નીરવાણ. પુ૦ ૬ ઇતી શ્રી આઉર પચખાણ ॥ સુત્ર પૂજા પચીસમી.

पुजा २६ मि दुहा,

માહા પચખાણ પયનમાં, પંડીત વિરજયંત, અણસણ સુખ આરાધતાં, હોય મુની શીવ વધુ કંત. ૧

ઢાળ

આવો હરી બાસરીયા વાહાલા. એ દેશી. પુજારે જીન રાજય તણી કરીએ. ચોરાસી આશાતન હરીએ, જુગતીથી અષ્ટદરવ ધરીએ. પૂ૦ ૧ આગ્યા શ્રી જીન વરની કરીએ, મીથ્યાશુત દુરે પરહરીએ, જીનાગમ પૂજા અનુસરીએ. પુ૦ ૨ દરસન ગ્યાન ચરણ જેહ, સંજમ તપ સંવર ગેહ. કહી જીન ભાવ પૂજા તેહ, પૂ૦ ૩ મુનીસર તેહના અધીકારી, નીંદા વંદના પરીહારી, નમો નમો સંજમ ગુણ ધારી, પૂ૦ ૪ સંવરમે મન જાસ રમે, ક્રોધ દાવાનળ તાસ સમે, તેહને આણસણ તીન ગમે. પુ૦ ૫ પંચ પરમેષ્ટિની પુજા, જે કરે તાસ પાતીક ધુજ્યાં, કર્મ અરી સાથે તે જુજ્યા. પુ૦ ૬ જીન ઉતમ પુજન કરીએ, તસપદ પદમને અનુસરી, રૂપવિજય શીવપદ વરીએ. પૂ૦ ૭ ઇતી શ્રી માહા પ્રકીર્ણ સુત્ર પૂજા છવીસમી,

पुजा २७ मि दुंहा.

જીન આણા આરાધતાં, તપ જપ કીરીયા જેહ, ભત પરીગ્યા સુત્રમાં કહ્યું શિવપદ લહે તેહ. ૧

ઢાળ,

મોહનગારા રાજ માહારા સામળીયા સુગુણ સુડા એ દેશી. ત્રીકરણ જોગ સમાધીનેજી આલોચી અતીચાર, સંવર જોગે સંવરીજી, કરી સુચીતન મન ઠારકે, મોહનગારા રાજ વંદો, જીન રાજય પરમ સુખ કંદો. ૧, એ ટેક. કૃશાગર માહા મંત્રથીજી પામે ઉપસમ જેમ, જીન પુજા પ્રણી ધ્યાનથીજી મન ઉપસમ લહે તેમકે, મો૦ ૨, કામ સનેહને દીઠીનાજી, નવલા છંડોરાગ, ધરમરાગ વાસીત મને જી, પામે ભવજળ તાગકે, મો૦ ૩, સમકીત નિરમળ કારણીજી જીનપૂજા નારધાર, નાગકેતુ પેરે જે કરેજી, તે લહે ભવજળ પારકે. મો૦ ૪, અરીહંત સિધને ચૈત્યનીજી, પ્રવચન સુરી સાધ, ષટપદ પુજી ભાવથીજી, તરી સંસાર અગાધકે, મો૦ ૫, શ્રી ગુરૂ પદમ વીજય મુખેજી, ભતપયનું સાર, સાંભળીને જે પુજસેજી, તસ શીવ રૂપ અપારકે, મો૦ ૬, ઇતી શ્રી ભકત પ્રકીર્ણ સુત્ર પૂજા સતાવીસમી.

पुजा २८ मि दुहा

જન્મ જરા મરણે કરી, ભમીયો જીઉ સંસાર, કીમ હીક જો નરભવ લહ્યો, તો કર પરમ ઉદાર. ૧,

ઢાળ

સીતળજીન સહેજાનંદ, એ દેશી. શ્રી જીનવર જગદાધાર, અડપ્રાતીહાર જસાર, અઠ વીશ સુર સેવા કાર, એક કોડીજઘન્ય વિચાર, ભવીક જીન પુજીયે જીન રાજા, જીમ લહીયે શીવ સુખ તાજા, ભવીક૦ ૧, એ આંકણી. પંચવરણી કુસુમ ની માળા, જીન કંઠઠવા સુરશાળા, ગુણ ગાતા ભાવ વિશાળ, શીવ રમણી વરે તત્કાળ. ભ૦ ૨, અસુચી પુદગળથી ભરીઓ, દેહ ઉદારીક દુઃખ દરીઓ, નરભવ શુભીપદ અનુસરીઓ, જીન ભગતી કરી ભવી તરીઓ. ભ૦ ૩, જીનવર પુજા પરભાવે, દુઃખ દોહગ ઉદ આના આવે, જીનવર પદવી ભવી પાવે, તસસુરે જશ ભણી ગુણ ગાવે, ભ૦ ૪. તદુલ વિયાલી મઝાર, કહ્યો શરભતણો અધિકાર, તે સાંભળી પરમ વિચાર; કરી પામો ભવજળ પાર, ભ૦ ૫, જીનવર મુખ પદમની વાણી, સાંભળી વરે શીવ પટરાણી, જીમ દુખ દોહગ હોય હાણી. લહે કુંવલીજન સુખ ખાણી. ભ૦ ૬, ઇતી શ્રી તંદુલ વિયાલી સુત્ર પુજા અઠાવીસમી.

पुजा २९ मि दुहो

તિથીવાર કરણે ભલા શુભ મુરત લેઈ જેહ, સાધે પરમ સોહામણો નિશ્ચય ફળ લહે તેહ. ૧,

ઢાળ,

અરણીક મુનીવર ચાલ્યા ગોચરી, એ દેશી. સમકીત ધારીરે નરનારી મળી, અવિધી દોશ સહી ટાળીરે, જીનવર પૂજારે જુગતી યતી કરો, આગમ રીત સંભાળીરે, શ્રી જીન પૂજોરે ભાવે ભવિજના. અંગ ચઢાવોરે કેસર કુસુમને કસ્તુરીને બરાસરે, રત્ન જડીત રમુદર આભુષણે, પૂજો મનને ઉલાસોરે. શ્રી, ૨, ધુપ દીપ નૈવેદ ને ફળ ઠવો, જીન આગળ ધરી રાગરે, વીરજ ઉલાસેરે નીત પુજા કરે, તેપામે ભવ ત્યાગેરે. શ્રી૦ ૩, જીન ગુણ શુતી કરતાં મન નિરમાળો, જેહથી શાવ શુખ મુળરે; સંવર વાધેરે સાધે સીધીને, લહે શિવ શુખ અનુકુળરે. શ્રી૦ ૪, ગણી વીજા શુત્રે મન થીર કરો, આરાધો નરનારીરે, જીન ઉતમ પદ પદમને પુજતાં, લહો રીદ રૂપ ઉદારરે. શ્રી૦ ૫, ઇતિ ગણી વિજા શુત્ર પૂજા ઓગણત્રીસમી.

पुजा ३० मि दुहो

કેવળ નાણ દરસણ ધરા, ત્રણ જગત સીરતાજ, લોકાલોક પ્રકાસ કર, નમો સકળ જીનરાજ. ૧,

ढाळ,

કાંઇ મનડારે કાજે મનડો અડ રહ્યો વારૂજી; એ દેસી. જીનવર પૂજો જયકારા, ત્રણ ભુવન ઉપગારીરે, દીલડો અડ રહ્યો વારૂજી, ત્રણ નિસિહિ પ્રદક્ષણા સારી, કરી ત્રીન પ્રણામ વિચારીરે; દીલડો અડ રહ્યો વારૂજી. ૧, જીનરાજ ભગતીને કાજે, દીલડો૦ તિવીહા પૂજા હીતકારી; ત્રણ ભાવી અવસ્તા ધારીરે, દી૦ ત્રીદીશી નીરખણ પરીહારી; જીન સનમુખ અંબક ધારીર; દી૦ ૨. પય ભુમી ત્રીહા પર માજી, જીન પુજા કરે જે તાજીરે; દી૦ આલંબન તીન વિચારી; કરી મુદ્રા ત્રીકમનોહારીરે; દી૦ ૩, ઇંદ્રી ચંચળતા છોડી, પ્રણીધાન સમરી ત્રણ ધારીરે, દી૦ નાણ દરશણ ચરણ વિચારી, કરો જીન પૂજા મનોહારીરે. દી૦ ૪ ચંદા વિજયસુતધારી, આગમની જાઉ બલીહારીરે. દી૦ શ્રી જીન ઉતમ દીલધારી, લહો રૂપવિજય નરનારીરે, દી૦ ૫ ઇતિ ચંદાવિજય પ્રકીરણ સુત્ર પુજા ત્રીસમી.

पुजा ३१ मि दुहा.

ચઉવિહ દેવની નીકાયના, ઇંદ્રાદ નમે જાસ, તે જીનરાજને પૂજતાં પાપ તાપ હોય નાશ. ૧

ढाळ,

ગુણ શ્રીવતનમે દેશના, કાંઇ ભાખે મોહન સ્વામીરે, એ દેશી સુરપતી સઘળા નીજ નીજ પરીકર, સાથે સુરગીરી સંગરે, શ્રી જીનરાજની પૂજા કરવા આવે અતિ ઉછરંગ, સુરપતી રચિયારે, જીનરાજ પૂજા નારંગ, કરે ઉલસિયારે. ૧ પંચ રૂપ કરી હરી જીન ધરતી ધરતો વિનય અમંદરે, સુરવર સાથે જીન ગ્રહી હાથે, આવે મેરૂ ગીરીંદ. સુ૦ ૨ જી૦ ક્ષીરસમુદ્રથી તીરથ જળથી, કળશા ભરી મનોહારરે, પારંગતનું અંગ પખાળી, કરે આતમા નિસ્તાર, શુ૦ ૩ જી૦ ભાવના ચંદને જીમ તનું ચરચી, પહેરાવે ફુલ માળરે, સુણ્યા જીનવર ગુણ માળા, ગાવે રંગ રસાળ, શુ૦ ૪ જી૦ તીણ વિધ ભાવક સાવક ભગતે. પુજે પ્રભુ પદ પદમરે, રૂપવિજય પ્રભુ ધ્યાન પસાએ, લહે સાસ્વતશિવ સદમ, શુ૦ ૫ જી૦ ઇતિ શ્રી દેવીંદ્રસતવ પ્રકીરણ સુત્ર પૂજા એકત્રીસમી.

पुजा ३२ मि दुहो

સાધન સાધે સીદ્ધીના સાવધાનપણે સાર, તે મુનીવર આરાધતાં, કરી પા-

એ ભવપાર. ૬

ढाळ

અનીહારે ગોકુળ ગામને ગાંદરેરે. એ દેશી. અનીહારે શીવ નીરંજન પુજતારે, પાતીક દુર પલાય, પુન્યપક પુજ્યની પુજનારે, કરતાં પુજ્ય તે થાય. શી૦ ૧ અનીહારે દંસરણ નાણ ચરણ તણીરે, હોય આરાહણ ખાસ, શ્રી જીનરાજ્ય પુજા થકીરે, બીર સંગીત અધનાસ શી૦ ૨ અનીહારે સાધન જોગથી સંપજેરે, સાધ્યપણું નીરધાર ધ્યાતા ધેયના ધ્યાનથીરે, ધ્યેહોય જગસાર. સી૦ ૩ અનીહારે તીવીહા પુજાએ પુજ્યનીરે, કરતાં જીનપદ થાય, તિવિહ અવંચક જોગથીરે, ભાવ પુજા શુકરાય. શી૦ ૪ અનીહારે જીન ઉતમ પદ પદમનીરે, પુજના કરશું નેહ, રૂપવિજય પદ સંપદારે, અવિચલ લેરેશુ તેહ, શી૦ ૫ ઇતિ શ્રી મરણ સમાધી પ્રકીરણ સુત્ર પુજા બત્રીસમી.

पुजा ३३ मि दुहा

જાવ તીરથ આધાર છે, જંગમ તીરથ ચાર, થાવર તીરથ અસંખ્યમાં, સુખ્ય સેતરૂંજો ગીરનાર, ૧ પાદ પોપ અણસણ કરી, સીધો લહા જીન સરવ, તે જીનવરના પુજના, કરીએ સુકી ગવં૦ ૨

ढाळ

ગોકુળ મથુરાંરે વાલા, એ દેશી. નીશલા નંદનરે દેવ, રચીએ પુજા અધીક નેહે, નવ નવ ભાતેરે કરીએ, જીમ ભવ સાગર હેળે તરીએ, ચેતન પ્યારારે માહારા જીનપુજા કરી લહો ભવ પારા. ચેતન૦ ૧ નમણું કરો મન રંગે; ચરચુ કેશર પ્રભુ નવ અંગે ફુલની ફુટડીરે માળા, કંઠે ઠવો પંચરંગ રસાળા, ચે૦ ૨ ધુપ દીપ મનોહાર. અક્ષત નૈવેદ ફળશુ રસાળ, જીનવર જગસણગાર, ગાવો ગીત ગ્યાન મનોહાર ચે૦ ૩ દરશણ ચરણને નાણ, તપ એ ચઊહા પુજા જાણ, આરાધક તે કહીએ, પુજા દ્વાદશ ભેદે લહીએ. ચે૦ ૪ પાદ પોપ પદધારી, વરીયા જીન ઉતમ શીવ નારી, તસ પદ પદમને વંદો, રૂપવિજય પદ જાહી આણંદો ચે૦ ૫ ઇતિ શ્રી સંસ્થારક પ્રકીરણ શુત્ર પુજા તેત્રીસમી.

अथ छ छेद सुत्र पुजा प्रारंभते,

पुजा ३४ मि दुहा,

પટ વરવ પંજાક મુની તણા ભાખ્યા પટશ્રુત જેહ, છેદ શુત્ર તે જાણીએ ધરીએ તેહશું નેહ, ૧ સુત સુત પદ દાયક તણી, પુજા વિવિધ પ્રકાર; કરતાં જીન પદ પામીએ, સકળ જંતુ હિતકાર. ૨

ઢાળ

હરખીજી હરખીજી હું તો હરખીરે નરખીજી. એ દેશી જીનવરની જીનવરની પુજા કીજે લાભ જીનવરની; શીવ મદીરની સરણી. પુજા કીજે લાભ જીનવરની. એ આંકણી. નામ ગોત્ર જીનવરના કાને સુણતાં પાપ પલાય, તે જીનવરની ભાવે પૂજન કરતાં શીવ સુખ થાય, પૂ૦ ૧ જીન આણા રંગી ગુણ સંગી, આંગી જેહ રચાવે, સકળ વિભાવ અભાવ કરીને; જીનવર લીલા પાવે, પૂ૦ ૨ શ્રેણીકરાએ વીર જીણંદની; ભક્તિ અતી કરી બહુ માને. તિર્થકર પદ નિરમળ બાંધું, જીન પૂજા પ્રણી ધ્યાને. પૂ૦ ૩ નમના ભીગમન વંદન કરણી, થયથુઈ મંગળ સાર; ભાવ થાપના જીનને કરત; લહીએ ભવ જળ પાર; પુ૦ ૪ દશા સુત્રનાં દશ અઝયણાં; ગુરૂ મુખ પદમથી જાણી; રૂપવિજય કહે સંજમ સાધો; વરવા સીવ પટરાણી; પુ૦ ૫ ઇતિ શ્રી દસાસુત સ્કંધ સુત્ર પુજા ચોત્રીસમી.

पुजा ३५ मि दुहा

વરત કલપમાં ભાખીઆ; મુનીવરના આચાર; કલપા કલપ વિભાગથી; શ્રી જીનવરે નિરધાર. ૧

ઢાળ

ના કરીએજીરે નેડો ના કરીએ. એ દેશી. નીત કરીએજી પુજા નીત કરીએજી વિધી જોગેરે પુજા નીત કરીએ; ભવ સાયર જીમ ઝટ તરીએજી વિધી જોગેરે પુજા નિત કરીએ; એ આંકણી. તદ ગય ચીત સીમય અનુસારે; ભાવ ભગતિ મન અનુસરીએજી. વિ૦ સંવર જોગમાં ચીત લગાવી; ખટ પલીમંથ દુરે કરીએજી વિ૦ ૧ સંજમનો પલિમંથ કુકેતા, મોખરીપણુ દુરે કરીએજી. વી૦ સત્ય વચન પલિમંથુ સુખરતાં; તજી સંજમ રમણી વરીએજી વિ૦ ૨ ચક્ષુ લોલઈ રજાપલિમંથુ સુનાજન નિત નિત પરીહરીએજી, વિ૦ તિણિક એ ખગુપલિમંથુ, સત્ય વચન વરત વિખરીએજી વિ૦ ૩ ઇછા લોલ મુની લીમથુ, મુનીવર મન નવી આચરીએજી વિ૦ ભિજાનીયાણ મોક્ષ પલિમંથુ, તજી જીન આણા શીર ધરીએજી વિ૦ ૪ જીન આણાધારી મહા માહણ, ભવ સાયર હેલે તરીએજી, વિ૦ દ્રવ્ય પુજા આરાધક શ્રાવક. ભાવક સુરપદ અનુસરીએજી વિ૦ ૫ જીન ઉતમ પદ પદમ પૂજન થએ નવ જોવન શીવ વહુ વરીએજી વિ૦ બ્રહત કલપ આરાહણા કરતાં રૂપવિજય ભવજળ તરીએજી. વિ૦ ૬ ઇતિ શ્રી બ્રહત કલપ સુત્ર પુજા પાંત્રીસમી,

पुजा ३६ मि दुहा

વ્યવહાર સુત્રમાં ભાખીયો વ્યવહાર પંચ પ્રકાર, ગણધરને શ્રી જીનવરે, વરવા શિવ વહુ સાર. ૧

ઢાળ,

સંભવ જીન અવધારીએ એ દેશી. વિધીપૂરવક જીનરાજની, પુજા કરી શુભ ચિત સલુને, આપ શક્તિ અનુસારથી, ત્રણ ટંકશું પવિત્ર સલુને ત્રિ૦ ૧ સુરભિ દુગ્ધ ઘટ કરી, કરે અભિષેક જે સાર સલુને, તે સુરે સુખ ઉજ્જલ લહી, વરે શિવ સુખ ગિરધાર સલુને, વિ૦ ૨ દધિ ઘરત કુંભ ભરી ભરી, પૂજે જે નર નારી સ લુને. વિ૦ ૩ આગમ શ્રુત આણા જના, ધારણા જીત એવં પંચ સલુને. વિ૦ ૪ વ્યવહાર જીન છે સંપ્રવા, તિણ વિધ જે કરે કાજ સલુને, જીન ઉતમ સુખ પદમની.વાણિ એ શીવરૂપ રાજ સલુને, વિ૦ ૫ ઇતિ શ્રી વ્યવહાર છેદ સુત્ર પુજા છત્રીસમી.

પુજા ૩૭ મિ દુહા

જીત કલ્પ સુત્રે કહ્યો, આલોયણ અધિકાર, શ્રી જીનરાજે જીનો, કરવા ભવ નિસ્તાર. ૧

ઢાળ

નંદ સલુના નંદનારે લાલ, તુમે મને નાંખી ફંદમારે લાલ, એ દેશી. શ્રી જીનરાજ પૂજા કરેરે લાલ. પાપ ક્રિત સવિ પરીહરોરે લાલ, વિનય કરીને ધ્યાઇએ રે લાલ, મધુરે સ્વરે ગુણ ગાઇએરે લાલ. ૧ આણાએ કરણી કરેરે લાલ, તે પ્રાણી ભવ જલ તરેરે લાલ, અવિધિ દોષને છંડીએરે લાલ, વિધી જોગેથીર મંડીએ રે લાલ, ૨ દોષ તજી નિજ દેહથીરે લાલ, આલોયણ કરે નેહથીરે લાલ, પડિકમણે અધવારીએરે લાલ, મિસવિ વેગમ ન ધારીએર લાલ, ૩ કાઉસગ્ગે અધટાલિએરે લાલ, તપ કરી પાતિક ગાળીએરે લાલ, છેદ તથા મુળ જાણીએરે લાલ, આણવઠીપ પદ માણીએરે લાલ. ૪ પારંચીત દશમો વલિરે લાલ, કહે જીન ગણધર કેવળીરે લાલ, જીન આણા પૂજા દવારે લાલ, કરી ઉતમ શિવ પદ પાવારે લાલ, ૫ જીત કલ્પ જે જાણશેરે લાલ, તે હઠ વાદ ન તાણસેરે લાલ, શ્રી ગુરૂ પદમવિજય કહીરે લાલ, વાણી રૂપવિજય લહીરે લાલ. ૬ ઇતિ શ્રી જીત કલ્પ છેદ પુજા સાડત્રીસમી

પુજા ૩૮ મિ દુહા

લઘુ નિશી થઆ સાધુનો, ઉતમ કહ્યો આચાર, ધન્ય તેહ અણગારને, જે ધરે નિરધા ચાર.

ઢાળ

આવો હરી લાસરીઆ વાહાલા એ દેશી. જગત ગુરૂ જીનવર જયકારી, સેવો તુમે ભાવે નરનારી, આશાતના ચોરાસી વારી વારી, જગતગુરૂ જીનવર જયકારી એ આંકણી ૧ જળ ચંદન કુસુમે કરીએ, ધુપ દીપ અક્ષત ધરીએ, નેવેદ ફળ આગળ કરીએ, જ૦ ૨ થય થુઇ ભાવ પૂજા સારી, નાટીક ગીતપી મનોહારી, ત્રીધા

શુધી કરે હીતકારી, જ૦ ૩ ભાવથી દ્રવ્ય પુજા કરશે, તે ભવ સાયરને તરશે, સરસ શીવ સુંદરીને વરશે, જ૦ ૪ નીસીથ ઉદેસાપી સાર, સુત્રનીશીથછે મનોહાર, પુજો રે ભવિ રૂપવિજય પાર, જ૦ ૫ ઈતિ શ્રી લઘુનીશીથ શુધ પુજા અડત્રીસમી.

पुजा ३९ मि दुहो

માહા નીસીથ સીધાંતમાં, મુની મારગ નીરધાર, વિર જીણંદ વખાણીઉ, પુજો તે સુત્ર સાર. ૧

ઢાળ,

મુજરો લ્યોને જાલીમ જાટણીરે, એ દેશી, શ્રી જીનરાજને જાઉ ભામણેરે, જાસ શુરા શુરે ખાસ સેવા સારે તારે આપનેરે, નિરમળ સમકીત ભાસ. ૧ શ્રી૦ દુવિહા પુજા ભાખી શુત્રમારે, દ્રવ્યને ભાવથી ખાસ, ભાવ પુજા સાધક સાધુ ભણારે, શ્રાદ્ધીને દોય ઉલાસ, શ્રી૦ ૨ દાનાદિક ચઉ સમ જીન પુજનારે, બારમા સરગ નિવાસ, ભાવ પુજાથી સીવ શુખ સંપજેરે, કહે જીન આગમ ખાસ શ્રી૦ ૩ તિમ વળી આઠ નવ સતર પ્રકારથીરે, એકવીસ અડસઠ ભેદ, ભોગવ ગુણગાથી જે પુજા કરેરે, ન લહે તે ભવ ખેદ, શ્રી૦ ૪ જીનવરને જીન આગમ પુજતારે, કરમ કઠીણ ખય થાય, તીરથપતિ પદ પામી નિરમળુરે, સાદિઅનંત તપ પઠાય શ્રી૦ ૫ ક્ષમાવિજય જીનરાજે ભાખીયુરે, ઉત્તમ નિજ મુખ પદમથી ખાસ, માહાનીસીથ શુત્ર તે પુજતારે, રૂપવિજય શુખ વાસ, શ્રી૦ ૬ ઈતિ શ્રી મહાનિસીથ છેદ શુત્ર પુજા ઓગણચાલીસમી.

पुजा ४० मि दुहा.

ચારીત્ર તરૂના મુળ સમ, મુળ શુત્ર છે ચાર, શ્રી જીનરાજ વખાણીઆ, પુજો ભવી ભવ પાર. ૧, આવશ્યક આરાધીએ, ષટ અધ્યયને ખાસ, નમન સ્તવન પુજન કરી, લહો આતમગુ પ્રકાશ. ૨

ઢાળ,

પંથડો નીહાળતીરે જાતી વૃંદાવનની વાટ, એ દેશી, ચોખે ચિત થીર કરીએ શ્રી જીનરાજની સેવ, જગમાં કો નહીરે હોયે આ સમો દુજો દેવ, કરૂણા જળનીધીરે, જગમાં કલપતરૂ ભગવાન, કરીએ પુજનારે આઠ પ્રકારી રૂડે ધ્યાન. ૧ ભાવો ભાવનારે ધ્યાવો શુધ નિરંજન દેવ, ગાવો ગુણ ભાવારે સારો ત્રીકરણ જોગે સેવ, દાતા પરમનારે ત્રાતા ષટ વિશ્વના સાર, તે પ્રભુ પુજતારે લહિયે ભવ સાયરનો પાર, ૨ સુત્ર આવશ્યકેરે ભાખ્યા ષટ અધ્યયનરસાળ, તેહને સેવતારે પાતિક જાએ સહુ વિસરાળ સમ ભાવે કરીરે કરીએ આવશ્યક દોય ટંક, ભાવની વૃધીએરે તોડે આઠ કરમનો વંક. ૩ સાવધ જોગનીરે વિરતી જીન ગુણનો બહુ માન, ચરણે ગુરૂ તણેરે વાંદણાં દીજે ધરી શુભ ધ્યાન, આલોએ મનનેરે વાસરે રયણીના અતીચાર,

કાઉસગ ધ્યાનધીરે સોહિ આતિમની કરે સાર. ૪ પચખાણનેરે આતમ તારે ગ્રહી અણગાર, વીરજ ફોરવીરે પામે ભવ સાયરનો પાર, વાણી સાંભળીરે ઉતમ ગુરૂ સુખ પદમની જેહ રૂપવિજય કહેરે તે લહે, અવિચલ શિવપુર ગેહ, ૫ ઇતિ શ્રી આવસ્યક સુળ સુત્ર પુજા ચાળીસમી,

पुजा ४१ मि दूहो

દશ વઇકોલીક સુત્રમાં મુનીમારગ અધીકાર, ભાવે તેહ આરાધતાં, પામી જે ભવપાર. ૧

ઢાળ

વેસરે હે ગઇરે ગમાઇ, મ્હારે નાહાને દેવરે પાઇ લાલ, વેસરે હે૦ એ દેશી, શ્રી જીનવર મુખની વાણી, અનુભવ અમૃત રસ ખાણી, લાલ જીન વાણી, ચઉ અ અનુજોગે કહે વાણી, સગ ભંગી જોગ ઠરાણી. લા૦ ૧ નય સાત થકી સુથાણી, સ્યાદ વાદની છાપ અંકાણી, લાલ૦ પાંત્રીસ વયણ ગુણ જાણી, ગણધર દિલડે સોહાણી. લા૦ ૨ ભવ તાપને દુર ગમાવે, શુચી આતમ મોક્ષને પાવે, લા૦ મીથ્યાત તિમીર કુતરણી, દુરમતી વરતા નેહ વિભરાણી. લા૦ ૩ શુત સરધાવંત જે પ્રાણી, વિધી જોગે સરધા આણી, લા૦ કરે પૂજા નવ નવ રંગે, ધન ખરચે અધીક ઉમંગે લા૦ ૪ પૂજા તે દયા રસ ખાણી, ભાવ ધરમની એ નિશાણી લા૦ શ્રી ગુરૂ સુખ પદમની વાણી, સિદ્દરૂપવિજય પદ ખાણી લા૦ ૫ ઇતિ શ્રી દશ વઇકાલીક સુળ સુત્ર પૂજા એકતાળીસમી.

पुजा ४२ मि दुहा

ઉતરાધ્યને ઉપદિશા, અજણા છત્રીસ, સમજી અરથ સુહામણો, પુજો શ્રી જગદીશ, ૧

ઢાળ

કુનો જાઊનીત બલહારી મુખને મરકુલડે એ દેશી, જીનરાજ જગત ઉપગારી જી પુજો નરનારી, એતો ત્રણ ભુવન હીતકારીજી જીનવર જયકારી, પ્રભુ નામે નવ નીત થાયજી પુ૦ દુખ દોહગ દુર પલાયજી જી૦ ૧ પારંગત પાર ઊતારેજી પુ૦ આણે ભવ સાયર આરેજી જી૦ ભવ ભવનાં પાપ ગમાવેજી જી૦ ૨ જળચંદન કુસુમ ને ધુપેજી પૂ૦ જીમ ન પડો ભવને કુપેજી, જી૦ જીમણી દીસ દીપક ઠાવોજીપુ૦ જીમ કેવળ નાણને પાવોજી. જી૦ ૩ ધય થુઇ જીનરાજની કરીએજી પૂ૦ અક્ષત નઇવેદ ફળ ધરીએજી જી૦ દ્રવ્ય ભાવથી પૂજા જેહજી પુ૦ આપે અવીચળ સુખ તેહજી જી૦ ૪ ઊતરાધ્યેન સુત્ર જે ધ્યાવેજી, પુ૦ તે ત્રીજે ભવે શીવ પાવેજી, જી૦ શ્રી પદમવિજય ગુરૂ વાણીજી. પુ૦ શીષ્યે રૂપવિજય સુખ થાણીજી, જી૦ ૫ ઇતિ શ્રી ઉતરાધ્યેન સુત્ર પૂજા બેતાળીસમી.

पुजा ४३ मि दुहा,

ક્રોધમાન માયા તજી, લોભન જાસ લગાર, દોશ રહીત જે આહાર લે, વં-
દુ તે અણગાર. ૧

ढाळ,

દેખું દેખું નણદ હઠીલી એ દેશી. જય જય જીનવર જયકારી, પ્રભુ સુરતી મો
હનગારીરે, ભવી પુજીએ જીનરાજા. જીમ લહીએ શીવ સુખ તાજારે, ભવી૦ અ-
શોકથી શોક નીવારે, સંસાર સમુદ્રથી તારેરે ભ૦ ૧ જી૦ પંચવરણી કુશુમ વરસાવે;
શુર ભગતીએ સમકીત પાવેરે, ભ૦ જી૦ વાંસળીએ સમસ્વર પુરે, નીજ આતમ
તમ કરે દુરેરે, ભ૦ ૨ જી૦ ઉજળ ચાંમર સોહંતા, પ્રભુદાજન મન મોહંતારે ભ૦
જી૦ સીહાસન આસનકારી, પ્રભુ દરીશણની બલીહારીરે ભ૦ ૩ જી૦ ભામંડળ ર-
વી સમસોહે૦ દેવ દુંદુભી જન મન મોહેરે ભ૦ જી૦ ત્રણ છત્ર પ્રભુ શીરધારે, ત્રણ
જગતની આ પદ વારેરે. ભ૦ જી૦ પિડનીરજુગતી પરકાસી, જીન ઉતમ ગુણ
નીરાસીરે ભ૦ જી૦ આ પદમવિજય ગુરૂ શીખ્ય કહે રૂપ નમો જગદીશરે, ભ૦ ૫
જી૦ ઈતિ શ્રી પીડનીર જુગતી શુત્ર પૂજા તેતાળીસમી.

पुजा ४४ मि दुहा

મહાશુભ એહીમણ પજવા, પંચમ કેવળ નાણ, નંદી શુત્ર માંહી કહ્યા, પૂ-
જન તે શુદ્ધ જાણ. ૧,

ढाळ

પડવેની પણ પ્રીત ઘટમાં ભુલીરે, મારે હરી વીના એક વાત સરવે શુનીરે,
એ દેશી. જીનવર જગગુરૂ જગ ધણી ઉપગારીરે, તુમે પૂજો ધરી મન રંગ મ-
ળી નરનારીરે, સમવ સરણમાં સોહતા ઉપગારીરે, બારમળ જેની સંગ, જયના
ઉપગારારે. ૧, મતી શુત નાણ ના જાણીએ, ઊ૦ અડવીસ ચઉદસ ભેદ, જ૦ અ
વધી ખટ ભેદે લહ્યો, ઊ૦ દુગમણ પજવ ભેદ, જ૦ ૨, ખાયક ભાવે કેવળી, ઊ૦
લોકા લોકના જાણ, જ૦ ચાર ગ્નાનની જે પ્રભા, ઊ૦ એહમાં તસ મંડાણ, જ૦
૩, સેવો ધ્યાવો ભાવથી, ઊ૦ ગાઓ જીન ગુણ ગીત, જ૦ ભાવના ભાવો ભાં-
વશું, ઊ૦ ભકતી કરો ધરી પ્રીત; જ૦ ૪, નાણ નાણીની પુજના, ઊ૦ કરતાં
લહીએ નાણ; જ૦ નંદી શુત્રની પૂજના, ઊ૦ કરો ભવીયણ શુદ્ધ જાણ, જ૦ ૫, જીન
ઉતમ પદ પદમની, ઊ૦ પુજા કરો ધરી રાગ. જ૦ રૂપવીજય પદ સંપદા, ઊ૦ પામો
નીત્ય અથાગ. જ૦ ૬, ઈતિ શ્રી નંદી શુત્ર પૂજા ચુમાળીસમી.

पुजा ४५ मि दुहा

શ્રી અનુ જોગ દુવારમાં, ચઉ અનુ જોગ વિચાર; સરધા ભાષણ રમણતા,
કરી પુજો નરનાર. ૧, ધન્ય ધન્ય આગમ જીન તણું, બાધી બીજ ભંડાર, નાણ
ચરણ રયણે ભર્યો, સાસ્વત શુખ દાતાર. ૨,

ढाळ

મન મોહન મેરે, એ દેશી. શ્રી શ્રી અનુ જોગ દુવારની મન મોહન મેરે, હું જાઉ બલીહાર મન મોહન મેરે, ત્રીસલા નંદન જીનવરે; મ૦ ભાખ્યો અર્થ વિચાર. મ૦ ૧, ઊપક્રમ નીખેપ અનુગમા. મ૦ નય અનુ જોગ એ ચાર, મ૦ ષટ અઊ દુગસમ ભેદથી, મ૦ સુત્ર તણો વિસ્તાર; મ૦ ૨, સુત્ર સુણે સંશય ટળે, મ૦ અધા નિરમળ થાય; મ૦ તત્વ ગ્યાનમાં ભીતરમે; મ૦ દુરમતી દુર પલાય, મ૦ ૩, સુત વાસીત જે પ્રણીયા; મ૦ તે લહે ભવજળ પાર; મ૦ ગ્યાન ભાણ જસ જગ હળે, મ૦ તે કરે જગ નીસ્તાર, મ૦ ૪, સુત્ર ભખાવે સાસ્ત્રે, મ૦ પૂજે દ્યા એ સાર, મ૦ ભણે ભણાવે સુભ મને; મ૦ અણુ આદ ધરી પ્યાર, મ૦ ૫, તે સુર નર વર સુખ લહી મ૦ કરમ કઠીન કરે દુર મ૦ કેવળ કમળા પામીને મ૦ શીવ વહુ વરે સસ નુરે મ૦ ૬ સુક સુખ પદમની દેશના મ૦ સાંભળી હરખ અપાર મ૦ રૂપવિજ્યા કહે તે લહે, મ૦ નિતઃનિત્ય મંગળ ચાર મ૦ ૭ ઇતીશ્રી અનુજોગ દ્વાર પૂજા પીસતાળીસમી

दुहा

રાજનગરમાં રાજ સમ, ઓસવંસ શીણગાર; સેઠ હેમાભાઇ ભલા, પુન્યવંત શીરદાર. ૧, આગમ સાંભળે આદરે, સરધાવંત સુધીર, તસ સમરણને કારણે, રચી પૂજા ગંભીર. ૨,

અથ કળસ *

રાગ ધન્યાશીરી, ગાયા ગાયારે પણ્ણા લીસ આગમ ગાયા, જીનવર ભાખીત ગણધર ગુંથીત, મુનીવર કંઠમ લાયારે, પણ૦ ૧, ગ્યાના રાધન સાધન મોટું, કરતાં કરમ ખપાયા, સરખા ભાખ્યું રમણ કરણથી, નિરમળ મન વચ કાયારે, પ૦ ૨, છઠ અઠમને દસમ દુવાલસ, તપ કરી કરમ ખપાયા, નીમ ભોગ ત્યાગી મુની તેહથી, પરમ ઘીસુખના ઠાયારે, પણ૦ ૩, આ વીજે દેવ સુરીશ્વર પટધર, વિજય સીંહ સુરીરાયા, સત્ય વિજય તસ શિષ્ય મનોહર, સંવેગમા રગ ધ્યાયારે, પણ૦ ૪, કપુર સમા જીન ઊતમ નામથી, વિજય પદે સોહાયા, શ્રી ગુરૂ પદમવિજય પદ પંકજ, નમતાં નવ નીધ પાયારે, પ૦ ૫. વાંગ નાગ ગજ ચંદ્ર સંવતસર, આસો માસ સુહાયા, ત્રીજ સચોતા સુતવારે ભલા, કંઠે ગીત ગવાયારે પ૦ ૬ તપ ગછ વિજય દીનીંદ્ર સુરીશ્વર, રાજ્યે સુજસ સોહાય, રૂપવિજય કહે આગમ પૂજન, કરતા સવી સુખ પાયારે. પ૦ ૭ ઇતિ શ્રી પીસતાળીસ આગમની પુજા સમાપ્ત.

इती श्री पंडीत रुपविजय तथा पद्मविजयजी कृत पुजाओ भाग बीजो समाप्त,

ભાગ ૪ થો

અથ શ્રી શિધગીરી માહાત્મ,

શ્રી સુગુરૂભ્યોનમઃ

આહીજ ચોવીશિના પ્રથમ તીરથંકર માહારાજ શ્રી રીષભદેવ સ્વામીએ, બ્યાખ્યાન દ્વારે શ્રી શત્રુંજય તીર્થનો મહીમા વરણવ્યો, તે સાંભળીને, શ્રી પુંડરીક ગણધર માહારાજે શ્રી શતરૂંજય માહાત્મની સવાલાખ પ્રમાણે રચના કીધી, તે વાર પછે અનુક્રમે ચોવીસમા તીરથંકર શ્રી માહાવીર સ્વામી થયા, તેવો ભવીક જીવોને દેશના દીયે છે, તેવામાં તેમની સભામાં પ્રથમ દેવલોકના ઇંદ્ર સૌધર્મા નામે આવી ભગવંતને વંદન નમસ્કાર કરી બ્યાખ્યાન સાંભળવા બેઠા, ત્યાંહાં ભગવંત શ્રી માહાવીર સ્વામીએ, શ્રી શતરૂંજય મહીમા વરણવ્યો, તે સાંભળી ભગવંતના પાંચમા ગણધરે વરતમાન કાળના ભવ્ય જીવોના ઉપકારને અરથે, શેતરૂંજય માહાત્મના સવાલાખ માહેથી. સાર લઈને ચોવીસ હજાર પ્રમાણે રચના કરી, શ્રી સુધરમા સ્વામીની પાટે પરંપરાએ શ્રી ધનેસ્વર સુરી થયા, તેઓએ વલભીપૂરના રાજા સીલ્યાતદીનને પ્રતીબોધ્યો પછી શ્રી તીર્થ મહીમામાં સરવોતમ તીર્થ શ્રી શેતરૂંજય તીર્થ વખાણ્યો, તે સાંભળીને શીલ્યાદીત રાજાએ વિષેશથી પુછ્યું, તેવારે આચારજે, શ્રી સુધરમા સ્વામી કૃત શ્રી શેતરૂંજય માહાતમમાંથી સાર લઈ શેતરૂંજાનો મહીમા કહ્યો તે રચનાનો થોડો (કીંચીત) સાર, શ્રી ચોવીસ તીરથંકર માહારાજના ચરીત્ર સાથે લખીએ છીએ.

અથ શ્રી રીષભદેવજીનું ચરીત્ર,

આહીજ અવસરપિણીએ ત્રીજા આરાને છેડે આહીજ, જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે દક્ષીણ મધ્ય ખંડમાં કોસળના મારગને વિષે વીનીતા નામે નગરી હોતી હતી, તે નગરીને વિષે. નાભી નામે કુળગર વસે છે, તેમને મારૂદેવા નામે શ્રી

છે, તેની સાથે સંસારનાં સુખ વીલસે છે, એકદા, અશાડ વદી ૪ ને દીવશે રાતને સમે શ્રી રીષભદેવ સ્વામી, સર્વાંરથ સીધનામા માહા વીમાન ચવીને, મારૂ દેવા માતાની કુખને વીષે આવીને ઉપના, તેણે કરીને તેજ રાત્રે મારૂદેવી માતાએ અતી નીરમળ ચઉદ માહા સુપનાં દીઠા, તે પોતાના સ્વામી પ્રતે કહી સંભળાવ્યાં; હાથી ૧, વૃષભ ૨, સીંહ ૩, લક્ષ્મી ૪, ફુલની માળા ૫, ચંદ્ર ૬, સુર્ય ૭, ધવજા ૮, કળસ ૯, પદમ સરોવર ૧૦ સમુદ્ર ૧૧, વીમાન ૧૨, રત્નનો ઢગલો ૧૩, નિધુમ અગ્ની ૧૪,

એહવાં ચઉદ સ્વપનાં દેખી મારૂદેવી માતાએ નાભી રાજાને કહ્યાં, તે સાંભળી નાભી રાજા કહે કે દેવાણુ પ્રીયા કુમારે માહા ઉતમ પુત્ર થાશે, તે સાંભળી મારૂ દેવા ઘણો હરખ પામ્યાં.

ભગવંત ગર્ભને વિષે આવ્યા તેવારે તેમની માતાએ સ્વપનામાં વૃષભ દીઠા હતો તેથી તેમના માતા પીતાએ વિચાર્યુ જે, આપણા પુત્રનું નામ રીષભ સ્થાપીશું, એવો ઠરાવ કીધો પછી અનુક્રમે પુરણ માસે ચૈત્ર વદી અષ્ટમીએ સુભયોગે, સુભ નક્ષત્રે ભગવંત જનમ્યા, તેવારે ત્રીલોકને વિષે ઉદ્યોત થયો સાતે નરકને વિષે પણ ઉદ્યોત થયો, તેજ સમે છપનદીગ કુમારી આવીને ભગવંતને તથા ભગવંતની માતા પ્રતે નમસ્કાર કરીને સુતીકર્મ કરી પોતાના સ્થાનક પ્રતે જતી હવી, તેવાર પછે, પહેલી દેવલોકના ઇંદ્ર માહારાજનું આસન કંપ્યું, એટલે ઇંદ્રે અવધી ગ્યાને કરી જાણ્યું જે પ્રથમ તીરથંકર માહારાજનો જન્મ થયો, એવું જાણી સભામાંથી પોતાના શીહાશન ઉપરથી ઉઠી પગમાંથી રત્નની જડેલી પાવડીઓ ઉતારી, ઉત્રાસંગ કરી, મસ્તકે બે હાથ લગાવી નમસ્કાર કરી સાત આઠ પગલાં આગળ વધી, અરથાત ભગવંતને સનમુખ આવી, ફરી નમસ્કાર કરી નમુથુણં કહી વાંદી તથા ભગવંતના ગુણ સ્તવીને, યોગ્ય દેવતાને હુકમ કીધો જે સુઘોષા ઘંટ વજડાવો, એવી રીતનો ઇંદ્રનો હુકમ થતાંજ તે દેવતાએ ઘંટ વજડાવ્યો, તેવારે બત્રીસ લાખ વીમાનોમાં સમકાળે ઘંટના અવાજ થયા તે સાંભળી સરવે દેવ દેવીઓ હરખ પામી, ભેગાં થઈને ભગવંતનો જન્મ મોસ્તવ કરવાને અતી હરખ સહીત તઈયાર થયાં પછી સુધર્મા ઇંદ્રે પાલકનામા દેવતાને વીમાન રચવાનો હુકમ દીધો, તેવારે તેણે એક લાખ જોજનનું પાલકનામે વીમાન રચ્યું; તે માંહે બેશીને સ્વપરીવાર સહીત ઇંદ્ર વીનીતા નગરને વિષે આવ્યા વીહાં આવી ભગવંતને તેમની માતા સમીપે વાંદી નમસ્કાર કીધો. પછી ભગવંતની માતાને અવસ્વા પીની નિંદ્રા મુકી ભગવંતનો હુકમ માગી ઇંદ્રે પાંચ રૂપ ધારણ કીધાં, એક રૂપે ભગવંતને કર સંપુટમાં લઈ ભગવંતની માતા પાસે ભગવંતના જેવો પ્રતી બીંબ સ્થાપી માતાની આગ્ના માગી, અને બીજે રૂપે ભગવંતને છત્ર ધારણ કીધું, તથા બે રૂપે બે બાજુ ચાંમર વીજવા

લાગ્યા, અને પાંચમા રૂપે ભગવંતની આગળ વજ્ર ઉલાલતા અનુક્રમે મેરૂ પર્વતના સીખર ઉપર પાંડુક વનમાં પાંડુક બલ સીલા ઉપર સીંહાસન ઉપર ઈંદ્ર ભગવંતને ખોળામાં લઇને બેઠા તેવારે બાકી ત્રેસઠ ઈંદ્ર અનેક દેવ દેવીના પરિવારે સહિત આવીને પ્રભુને વાંદે પછી અચ્યુત ઈંદ્ર દેવતાઓને હુકમ કરે જે ક્ષીર સમુદ્ર પદ્મ દ્રહ ગંગા નદી પ્રમુખના જળ તથા ઓષધી પ્રમુખ લાવો તે સાંભળીને દેવતા સરવ વસ્તુ લાવ્યા, તેવાર પછે ભગવંતને આઠ જાતના કળસે કરી બસેને પચાસ અભિષેક કરે, તેવાર પછે ઈશાન ઈંદ્ર ભગવંતને ખોળામાં લઇને આસન ઉપર બેઠા, એટલે સુધરમા ઈંદ્રે વૃષભનું રૂપ કરી સીંઘડામાં જળ ભરી ભગવંતને અભિષેક કરી પૂજી સ્તવી તથા ભગવંત આગળ નાટ નાચી ભગવંતને લઇને તેમની માતા પાસે મુકી, પ્રતી બીંબ તથા નિંદ્રા પાછી ગ્રહણ કરી, બત્રીસ કોડ મણી માણેક પ્રમુખનો વરસાત ભગવંતના ઘરને વિષે વસાવી, ભગવંતના જમણા હાથનાં અંગુઠે અમૃત મુકી ભગવંતની રજા માગી તથા અવિધિ અસાતા પ્રમુખની માફી માગી, ને નંદીસ્વર દ્વીપને વિષે સાસ્વતા જીનના બીંબને વાંદી પુજી અઠાઇ મોહત્સવ કરી દેવતાઓ અને ઈંદ્ર પોતપોતાને સ્થાનકે ગયા, ભગવંતનું નામ રીષભદેવ સ્થાપવા માટે દીધુ. જે પ્રથમ ભગવંત ગર્ભાવાસે આવ્યા તેવારે ભગવંતની માતાએ પેહેલેજ સ્વપને રીષભ દીઠો હતો તેથી અગર આ ભરતક્ષેત્રને વિષે આ કાળે પ્રથમ ધોરી બીજવાવવાને તથા ધરમ રથ ધરવાને ધોરી સમાન થશે માટે ભગવંતનું રીષભ નામ દીધું. હવે ભગવંત શ્રી રીષભદેવ સ્વામી અનુક્રમે વૃદ્ધી કરવા લાગ્યા, એકદા સમે નાભી રાજાના ખોળામાં ભગવંત બેઠા હતા, તેવાંમાં ઈંદ્ર સેલડીનો સાંઠો હાથમાં લઇને ભગવંતને વાંદવા આવ્યા, તેવારે ભગવંતે તે સેલડીનો સાંઠો ઈંદ્રના હાથમાં દેખીને સામો હાથ પસાર્યો, તે જોઇને ઇંદ્રે ભગવંતનો કાશ્યપગોત્ર તથા ઇક્ષ્વાકુ વંશ થાપ્યો, પછી અનુક્રમે ભગવંત શ્રી રીષભદેવ સ્વામી યોવન અવસ્થા પામ્યા, પછી ભગવંતે બે સ્ત્રીયો ધારણ કીધી એકનું નામ સોનંદી તથા એકનું સોમંગળા એ બંનેની સાથે ભગવંત ભોગ વીલાસ કરવા લાગ્યા, એકદા પડતા કાળના પ્રભાવથી જુગળીયામાં લડાઇ થવા લાગી, તેવારે જુગળીયા નાભી રાજાની પાસે આવી અરજ કરવા લાગ્યાં જે અમારો ન્યાય ચુકાવવાને અમારે શીર રાજા જોઇએ, તે સાંભળી નાભી રાજાએ કહ્યું જે તમારો રાજા રીષભ થશે એવું નાભી રાજાનું વચન સાંભળી રીષભદેવને રાજ્યાભિષેક કરવા માટે જુગળીયાં જળ લેવા ગયાં, તેવારે સુધરમા ઈંદ્રે વીહાં આવી ભગવંતને સનાત્ર કરી ચંદનાદી ચરચીને વસ્ત્ર આભુષણ પેહેરાવ્યાં, અને પછી સીંહાસને સ્થાપ્યા તે પછી જુગળીયાં કમળ પત્રમાં જળ લઇને આવ્યાં અને તીહાં જુવે છે તો ભગવંતના સરવ અંગે પૂજા થએલી દીઠી પછી વિચાર કરવા લાગ્યા જે આપણે કીયા અંગની પુજા કરીશું એમ વિચારતાં ભગવંતનો જમણા પગનો અંગુઠો ઉઘાડો દેખીને વીહાં જળ તથા ફુલ

અડાવ્યાં તે જોઈને ઈંદ્રે તેમને વિનયવંત જાણીને વીનીતા નામની નગરી તીહાં
વસાવી આપી તેમાં સરવે જુગળીયાં સુખે રેહેવા લાગ્યાં, અને માંહો માંહે કોઈને
વિરોધ થાય તેની ફરીયાદ ભગવંતની આગળ જાય, તેવારે ભગવંતે ડંડ ઠરાવ્યો,
હકાર કહો તે રીતે કેટલોક કાળ ગયો, તેવાર પછે તે નીતીલો પાણી એટલે ભ-
ગવંતે થોડું ડંડ, હકારને બાણે ડંડ મકાર ઠરાવ્યો, તેની પણ લોપાણી એટલે ભ-
ગવંતે થોડા ડંડે હકાર, મધ્યમ ડંડે મકાર, અને ઘણા ડંડે ધીકાર ઠરાવ્યો; હેવે
કાળ દોષે ઓછા પુન્યથી કલ્પ વૃક્ષ વીછેદ ગયાં, તેવારે જુગળીયાએ આવી ભગ-
વંતને કહ્યું જે હે સ્વામી અસાળ પ્રમુખ અન ઓષધી ખાવાના ઉપાય બતાવો,
તે ખાવાના ઉપાય ભગવંતે બતાવ્યો પણ તે ખાધુ પજરે નહી તેથી ફેર પૂછવા
આવ્યાં, તેવારે ભગવંતે હાથમાં બગલમાં રાખી ખાવાનુ બતાવ્યું હેવે વનમાં અ-
તી પવન થયાથી કાષ્ટ સમાસામી ઘસાયાથી અગ્ની નીપનો તેથી કેટલાંક ઝાડ બળી
ગયાં, તે જોઈને જુગળીયાં બીહતાં થકાં ભગવંતની પાસે આવી કેહેવા લાગ્યાં જે
હે સ્વામી વનમાં કોઇક પીસાચ પ્રગટ થયો છે, તે સાંભળી પ્રભુજીએ અવધી જ્ઞાને
અગ્ની પ્રગટ થયો જાણ્યો. તેવારે તે સરવ જુગળીયાને કહ્યું જે શાલ્ય તેમાં નાંખી
પકવીને ખાજ્યો. તેમને જઈ શાલ્ય અગ્નીમાં નાંખી પાછી માગવા લાગ્યા પણ તે
તો કાંઈ આપે નહી તેવારે જુગલીયાંએ પ્રભુ પાસે ફરીયાદ કરી કે તેતો આપતો
નથી. પોતેજ ખાય છે. તેવારે પ્રભુજીએ માટી મંગાવી હાથીના કુંભસ્થલ ઉપરે
ભાજન કરી આપી, કહ્યું કે આ ભાજનમાં રાંધીને ખાજ્યો. તે જુગલીયાંએ તેમ
કરયું. એ પ્રથમ કુંભારનું શીલ્પ થયું. એમ પ્રભુજીએ સો શીલ્પ રાજનીતી લોક
નીતી થાપી, એ પ્રભુજીને ભરતચક્રવરતિ આદે એકસો પૂત્ર થયા. બ્રામી સુંદરી
બે પુત્રી થઈ તેમને પુરૂષ નીકલા ૭૨ સ્ત્રી નીકલા ૬૪ અઢાર લીપી અંકગણીત
આદે પ્રભુજી યથાયોગ્ય બતાવતા હતા. ભરતને વીનીતા નગરીનું રાજ આપ્યુ. બા
હુબલ પ્રમુખ નવાણું પુત્રને બોહોલાદેશ પ્રમુખનુ રાજ આપ્યું પ્રભુ ત્યાશી લાખ પૂ-
રવધર વાસે રહી અવધીજ્ઞાને દીક્ષાકાળ નજીક જાણી સંસાર ઉપર વેરાગ ચીતવંત
થયા. તેવારે લોકાંતીક દેવતા આવી પ્રભુજીને વીનવતા હવા. હે સ્વામી ધર્મ તીરથ
પ્રવરતાવો તે સાંભળી પ્રભુજી છંવછરી દાન દેવા માંડ્યું. દીન પ્રતે ૧ કોડ ૮ લા
ખ સોના મોહોરો આપતા હવા. તદાકાળે લોકદાન લેઈ જાણે નહી તેવારે ઈંદ્ર આવી
દાન લીધુ તેથી તે રીતી જોઈ લોકે લેવા માંડ્યુ પ્રભુજી ચૈત્ર વદી ૮ ને દીવસે
૪૦૦૦ રાજ પુત્ર કછ મહા કછાદિક સાથે ભરત રાજા કૃત દિક્ષા મહોત્સવ સહીત
ચાર મુષ્ટી લોચ કરયો તેવારે ઈંદ્રે પ્રભુજીને વીનંતી કરી જે પ્રભુજી એક મુષ્ટી રાખરે
વાદ્યો. એટલા કેશ ખંધ ઉપર ઘણા શોભે છે. તે સાંભળી રેહેવા દીધા પ્રભુજી પં
ચમહાવરત ઉચરતા હવા. તે વરતનાં નામ.

૧ સવાઓ પાણાઇ વાયાઓ વીરમણં સર્વથા છકાયજીવને પ્રાણ થકી રહીત નકરૂ.

૨ સવાઓ મુસાવાયાઓ વીરમણં સરવથા મૃષાજે જુઠુ ન બોલવું.

૩ સવાઓ અદિના દાણાઓ વીરમણં સરવથા અણ આપ્યું કાંઇ લેવું નહી

૪ સવાઓ મેહુણાઓ વીરમણં સરવથા સ્ત્રી સેવન કરવું નહી.

૫ સવાઓ પરીગહાઓ વીરમણં સરવથા પરીગ્રહ ધન ધાનાદીકની મમતા તજુ

એમ વ્રત લેઇ ભરત રાજાને કહી પ્રભુજીએ વીહાર કર્યો. હવે કચ્છ મહા કચ્છાદીક ૪૦૦૦ જે સાધુ તેમને ભુખ લાગી પ્રભુજીને પુછવા ગયા. પ્રભુજી તો મુન પણે રહ્યા છે, તેથી કાંઇ ઉતર દીધો નહી તેવારે તેમને ક્ષુધાવેદની પરીસહ ન સહાયાથી વિચારવા લાગ્યા જે દિક્ષા મુકી ઘેર તો કેમ જવાય. જગતમાં માહા અપમાન થાય. તીમ ભુખે પણ ન રહેવાય. માટે વનમાં રહી સુકાં પત્ર ફુલાદી ખાઇ તાપસ વેષે રહીએ. એમ વિચારી તે સરવ તાપસ થયા. વનમાં રહે, વરકલ જે વૃક્ષ ની છાલ્ય તે પેહેરે. જટા વધારે શ્રી રીષભદેવજીનું સ્મરણ કરે. સુકાં પત્ર ફળાદીક ખાય. હવે પ્રભુજી પારણાનીમીતે આહાર લેવા ગામાદીક નગરીમાં જાય. પણ તદા કાલે લોકોને આહાર દેવાની રીતી માલમ નથી તેથી વીચારે જે પ્રભુજીને આહાર કેમ દેવાય. એમ જાણી હાથી, ઘોડા પ્રમુખ આપવા લાગ્યા પ્રભુજી તે ન લે વનમાં રહે. હવે નમી વીનમી બે ભાઇ પ્રભુના પાલક પુત્ર પ્રભુજીએ ભરતાદીકને રાજ્ય વેંચી આપી દીક્ષા લીધી. તેવારે કામ અર્થે ગામાંતર ગયા હશે તેમને આવી ભરત રાજાને પુછયું જે પીતાજીએ અમારો રાજ ભાગ આપ્યો છે. તે સાંભળી ભરત રાજા બોલ્યા કે તાતજીએ તો આપ્યો નથી પણ હું આપું. તે સાંભળી બે ભાઇ બોલ્યા કે તાતજીનોજ આપ્યો લેઇશું એમ કહી પ્રભુજી વનમાં કાઉસગ રહેલા છે. તીહાં આવી નમી વાંદી હાથ જોડી વિનંતી કરી જે પીતાજી અમને રાજ ભાગ આપો, પ્રભુજી તો મુનપણે રહે. હવે તે બે ભાઇ જયાંહાં પ્રભુજી કાઉસગે રહે તીહાં ભુમી સુદ્ધ કરી જળ છાંટી ફુલ પાથરી બે ભાઇ સસ્ત્ર ગ્રહી ચોકી કરે, તથા નીરંતર રાજ ભાગ જાચે. હવે એકદા પ્રભુજીને વાંદવા ધરણેંદ્ર આવી પ્રભુને વાંદી બે ભાઇ પ્રભુજીની સેવા વિનય પૂર્વક કરતા દેખી હરષ થયો. પુછયું જે તમો પ્રભુજીની સેવા કરી રાજ ભાગ જાચોછો તે પ્રભુજી તો મુનપણે છે માટે ઉત્તર ન દીએ માટે હુજુ મને રાજ ભાગ આપ્યું. તે સાંભળી બે ભાઇ બોલ્યા કે પિતાજી આપેતોજ લેઇશું. તે સાંભળી પ્રભુજીની તરફથી બે ભાઇને ગોરી ગંધારી પ્રમુખ ઘણી વિદ્યાઓ સાથે વૈતાઢ પર્વતે ઉત્તર શ્રેણી ૬૦ નગર દક્ષણ શ્રેણ ૫૦ નગરનું રાજ આપ્યું. તે બે ભાઇ પ્રભુજીને વાંદી ભરત રાજાને કહી પરિવાર સહિત વૈતાઢે ગયા. હવે પ્રભુજીને શુદ્ધમાન આહાર ન મલ્યાથી વરસ દિવસ ઝાંઝેરો થયો.

એકદા પ્રભુજી વીહાર કરતા ગજપુર નગરે પધારેચા. ત્યાંહાં બાહુબલના પુત્ર સોમ જસા રાજ કરે છે તેમના પૂત્ર શ્રેયાંસ કુમાર જુવરાજ છે. ગઈ રાતે શ્રેયાંસને સુપ્ન આવ્યું.

શ્રેયાંસ વિહિત સાહાય્યા, રણભૂવિ વિજયી જાત;
સ્વપ્નં સોમ પ્રભો ઉપશ્યત્. ૨

॥ श्रेष्टीने स्वप्न; ॥

રવિ મંડલંતઃ પતિતં કરજાલં ગલિતતેજ સ્તત્ર;
શ્રેયાંસેન ત્રુધટિતં સ્વપ્નં શ્રેષ્ટિ દદર્શેતિ. ૩

પ્રભાતે રાજ સભામાં ભેગા મલ્યા, ત્યાં સ્વપ્નનો વિચાર કરતા નિર્ણય થયો કે આજ શ્રેયાંસ કુમારને મોહોટો લાભ થાશે. હવે શ્રેયાંસ આપણે સોવે આવી ગોખે બેઠાછે. હવે પ્રભુજી આહાર અર્થે નગરમાં પધારેચા, ત્યાં નગરના લોક તાતજીને હાથી, ઘોડા, વસ્ત્ર, અલંકાર આપે પણ પ્રભુજી તે નલીએ તેથી નગ્રમાં કોલા હલ થયો. અનુક્રમે પ્રભુજી શ્રેયાંસના મોહોલ સમીપે આવ્યા. તે જોઈ કોઇને કોલાહલનું કારણ પુછ્યાથી તેણે કહ્યુ જે પ્રભુજી પધારેચા છે. તેથી લોક કોલાહલ કરે છે. તે વાત સાંભળી કુંવર તરત પ્રભુ પાસે આવી પ્રભુને જોઈ ઉહાપોહ કરતાં જાતી સ્મરણ જ્ઞાને પ્રભુજીને ઓળખ્યા કે આ ભવથી ત્રીજે ભવે માહા વીદેહ ક્ષેત્રમાં પુંડરીક ગીણી નગરીએ વજ્રસેન જીનના પૂત્ર વજ્રનાભ નામે ચક્રવરતી હતા તેવારે હું તેમનો સુયશાનામે સારથી હતો. ત્યાંહાંથી સર્વાર્થ સિદ્ધે દેવ થયા તીહાંથી આવી પ્રભુજી થયા ને હું શ્રેયાંસ થયો. તે અવસરે સેલડીના રસના ઘડા ભેટમાં આવેલા તે રસની પ્રભુજીને નીમંત્રણા કરી. પ્રભુજીએ શુદ્ધ માન જાણી બે હાથમાં તે રસ ગ્રહણ કરચો તેની શિષા ચાલી. પણ બીંદુ માત્ર ભુમીએ પડ્યો નહી. તેલબ્ધિનો મહીમા જાણવો.

તે રસથી પ્રભુજીએ વઇશાક સુદી ૩ એક વરસ ઝાઝેરે પારણું કરયું. તદાકાળથી સુપાત્ર દાન ધરમ ચાલ્યો પંચ દિવ્ય પ્રગટ થયાં. શ્રેયાંસનો જશ વિસ્તાર થયો. સરવે કહ્યું કે સુપ્નનો લાભ શ્રેયાંસને થયાં. પ્રભુજી અનુક્રમે વીચરતાં એક હજાર વર્ષ છદમસ્થ અવસ્થા પાલી ક્ષપક શ્રેણીએ ચડી ઘાતી ૪ કરમ તેનાં નામ જ્ઞાનાવર્ણિ ૧ દર્શના વરણી. ૨ મોહની. ૩ અંતરાય. ૪ એચ્યાર ક્ષય કરી ફાગણ વદી ૧૧ કેવળ જ્ઞાન કેવળ દરશન પામ્યા. ત્યાંહાં ચ્યાર નીકાયના દેવતા ભુવનપતી, વ્યંતર, જ્યોતષી, વમાનીકે, મલી, જ્ઞાન, મહોત્સવ કરચો. ત્યાંહાં સમોસરણની રચના કરી.

ते समोसरणनी थापना यंत्र.

તે સમોસરણમાં બેઠા ચોત્રીસ અતિશયે શોભાયમાન થતા હતા. તેવામાં તે વનનો પાલક તેણે ભરતરાજાને વધામણી દીધી. તેજ અવસરે આયુધશાળામાં ચક્ર રત્ન પરગટ થયું તેની વધામણી પણ તેજ વખતે આવી. ભરત રાજાએ ક્ષણ એક વિચાર કર્યો કે પરથમ ચક્ર રત્નનો ઓછવ કરૂં કે તાતજીના ગ્નાનનો મહીમા કરૂં. એમ વિચારતાં નિરણય કર્યો કે ચક્રરત્ન તો આ ભવમાં પુદગલીક સુખનું કારણ છે. ને પરભુજીનું ગ્નાન તો ઉભયલોકે આત્મીક સુખનું કારણ છે. માટે પરભુજીને વંદવા જવું. એમ વિચારી વન પાલકને બહુ દાન દેઈ ચક્રવરતીની પદવી ચતુરંગી સેના સજી સપરિવારે મહામહોત્સવે જાવા ઉજમાલ થયા. તે અવસરે ભરત રાજાએ ધાર્યું જે મારી દાદી મરૂદેવાજી મુજને નીરંતર ઠબકો દેતાં કે મારા પૂત્રની તું કાંઈ શુદ્ધી લેતો નથી ને તે પુત્રની રીદ્ધિ કેવી છે તે માટે દાદીને પુત્રની રીદ્ધી દેખાડું. એમ ધારી દાદીને વિનંતી કરી કે પધારો આપના રીષભની શોભા દેખાડું એમ કહી હાથી ઉપર બેસારી પરભુજીને વાંદવા ચાલ્યા. અનુક્રમે વનમાં સમોસરણ સમીપ આવ્યા. તેવારે ભરત રાજા દાદીને કેહેવા લાગ્યા. જુઓ તમારા પુત્રની રીદ્ધ તે સાંભળતાં જોતાં આંખ્યોનાં પડલ ફાટ્યાં મનમાં ઉદ્વેગ થયો કે મારો પુત્ર આટલો રીદ્ધી ભોગવતો થકો મુજને કાંઈપણ જણાવ્યું નહી ને હું તો પુત્રની ચીંતા કરી રોઈ આંખ્યો ગમાવી. એમ ચિંતવતાં વૈરાગ્ય આવ્યો કે, કોના પૂત્ર કોની માતા સંસારમાં કોઈ કોઈનું નથી. એમ વિચારતાં બધુ કરમા માટે સમકીત ચારિત્ર ગુણ ફરસી ખપક શ્રેણીએ ચઢી ઘાતી અઘાતી મળી આઠે કર્મ ક્ષય કરી અંતકૃત કેવલી થઈ મોક્ષ પદ પામ્યા.

ઈંદ્રે મરૂદેવીનું શરીર ક્ષીર સમુદ્રે મુક્યું. ભરત રાજા પ્રભુને વાંદી સ્તુતિ કરી. સ્તવના કરી પથો ચીત થાનકે બેઠા. પરભૂજીએ પરષદામાં દેશના દીધી.

તે સાંભળી ભરત ચક્રીના પુત્ર રીષભસેન પ્રભુને નમીને વીનંતી કરી જે હે જગતપુજ્ય મુજને સંસાર ભવોદધીથી ચારીત્ર આપી નીસ્તારો. તે સાંભળી ભવ્ય બંધુ પ્રભુજી બોલ્યા, જ્યાંહાં સુખ માપડીબંધ તે સાંભળી રીષભસેન તથા ૪૯૯ બીજા ભરતના પુત્ર તથા ૭૦૦ ભરતના પૂત્રના પૂત્રે ત્યાંહાં ચારીત્ર લીધું. તેવારે ભરતના પુત્ર મરીચી દીક્ષા લેતા હવા. વળી ભરતની આગ્ના લઈ બ્રામીજી પણ ઘણી રાજકન્યા સહીત દિક્ષા લેતાં હવાં. સુંદરીને દિક્ષા લેવાની ભરતે ના કહી, તેથી પ્રથમ શ્રાવીકા થઈ. ભરતરાજા પ્રથમ શ્રાવક થયા. તેવાર પછે ઘણા ભુચર ઘણા વિદ્યાધરે સાધુપણું લીધુ, ઘણાઈ શ્રાવક વરત લીધાં. ઘણા સમકીત પામ્યા. કોઈ ભદ્રક ભાવી થયા. તેવારે પૂર્વે કછ મહાકછાદિકે જે તાપસ થયા હતા તે બાપજી

બાકીના તાપસો પ્રભુ પાસે મુની થયા. તેવારે પ્રભુજીએ સંઘ થાપના કરી,

૧ રૂષભસેન પુંડરીક આદે ગણધર મુની થાપ્યા.

૨ બ્રામીઆદ સાધવીઓ થઈ.

૩ શ્રેયાંસ આદે શ્રાવક થયા.

૪ સુંદરી આદિ શ્રાવીકા થઈ.

એમ સંઘ થાપના કરી, પ્રભુજીએ ત્રીપદી કહી ૧ ઉપનેવા, ૨ વીધનેવા, ૩ ધરૂવેવા. તે સાંભળી ગણધર બધિથી દ્વાદસાંગી રચતા હવા. અનુક્રમે સભારવરથા નંદે ગઈ પ્રભુજી વીહાર કરતા હવા. ભરતે પણ જઈ ચક્ર રત્નની પુજા કરી, છ ખંડ સાધવા પ્રયાંણ કરયુ. તે વીસ્તારેતો શતરૂંજય માહાત્માદિકથી જાણવો, એકદા ગંગા કિનારે ચૈત્ય જાણી ભરત વાંદી પૂજી વડીયાએ બેઠા. ત્યાંહાં એક મુની દેખી પ્રણમી કરી. ભરત બોલ્યા, હે મુની તું વીદ્યાધર છે. નમી વીનમી સાથે મારી સાથે યુદ્ધ કરવા આવ્યો હતો, તે હાલ મુની થયો. તે વઈરાગનું કારણ કહો, તે સાંભળી મુની બોલ્યા કે ભરત તેજ હું નમી વીનમી સાથે તાતજી પાસે જઈ દિક્ષા લીધી. તેજ હું ભરને પૂછ્યું તાતજી કીહાં છે. તે મુની બોલ્યા કે હાલ પ્રભુજી શ્રીપ્રભ ઉદ્યાનમાં છે ત્યાંહાં ધરણીધર આવી પ્રભુને વાંદી તીરથ મહીમા સાંભળી અતી આનંદીત થયા, હું પણ તીરથ યાત્રા કરતો ઈહાં આવ્યો. આ ચૈત્ય બાહુબળના પુત્ર સોમયસાયેં કરાવ્યો છે, ઇત્યાદિક કહી વીહાર કરયો,. ભરતે બાહુબલ સાથે યુદ્ધ કરયું. બાહુબલજીએ સંસાર અસાર જાણી ચારીત્ર લીધુ, મનમાં વિચાર આવ્યો જે હું તાતજીને વાંદવા જાઉ, પણ પૂરવે મારા ૯૮ ભાઈએ દીક્ષા લીધી છે તેમને હું વડો થઈને કેમ નમુ. માટે કેવળજ્ઞાન થાય તો જાઉ. એમ ચિંતવી ૧૨ માસ કાઉશગ્ગે રહ્યા. તે તાતજીએ દેશનામાં માનની ઉપદેશના દીધી, તે સાંભળી બ્રહ્મીજીએ પ્રતીબોધ કરી સમઝાવ્યા. તેમને પ્રભૂને વાંદવા એક પગ ઉપાડયો. તેજ અવસરે ભાવના વશથી ઘાતી કર્મ ક્ષય કરી કેવળગ્યાન પામ્યા, પ્રભુ પાસે આવ્યા પ્રભુજી અનુક્રમે પૃથ્વી પાવન કરતા શ્રી શત્રુંજયે સમોસરયા.

ઇંદ્રાદિક દેવે આવી સમોસરણ રચ્યું. ત્યાંહાં બેઠી એ તીરથની શોભા વરણવે છે, અને વૃક્ષ અનેક ઓષધી અનેક કુડાદિ જળસ્થાનકે શોભીત છે. તથા એ તીરથે આદે અનંતા તિરથંકર અનંતા ગણધર અનંતા મુની. અનંત સાધવી અનંત શ્રાવક અનંત શ્રાવીકા અનંતા સિદ્ધ અનંતા વિદ્યાધર અનંતા બંધરવ પ્રમુખ આ તીરથે આવી દેશના દેઈ ઘણા ભવ્ય જીવોને ચારીત્ર દેઈ ત્યાંહાં અણસણ કરી સિદ્ધ થયા છે. આગામીકાલે પદમનાભાદિક તિરથંકર ગણધર મુની પ્રમુખ પરીવારે સમોસરશે તેવારે કેઈ ભવ્ય મોક્ષસુખ પામશે વળી આ તીરથે વરતમાનકાળે ઇક્ષાકુવંશી રાજા પ્રમુખ અનેક મોક્ષ સરવારથ સિધાદી દેવગતી પામશે ઇત્યાદી દેશના દીધી

તેહમાં શ્રી વીમલાચલ તીરથનું મહાતમ પ્રકાસ્યું, તે સાંભળી પ્રથમ ગણધર શ્રી પૂડ-રીકજીએ સવાલાખ શતરૂંજા મહાતમની રચના કરી. પ્રભુજીએ શતરૂંજાના ૨૧ નામ પ્રરૂપ્યાં.

॥ यतः गाथा. ॥

વિમલગીરી મુત્તિનિ લઓ. ॥ સતરૂંજો સિદ્ધ ખિત્ત પૂંડરીઓ. ॥
સિરિ સિદ્ધ સેહરઓ. ॥ સિધપવઓ સિધ રાઓઅ. ॥ ૧ ॥
બાહુબલી મરૂદેવો ॥ ભગીરહો સહસપત્ત સચવત્તો. ॥
કુડસય ઠુત્તરઓ ॥ નગાહિરાઓ સહસ કમલો ॥ ૨ ॥
ઢંકો કઊડિ નિવાસો ॥ લોહિચ્યો તાલુઝોઓ કયબુતિ ॥
સુર નર મુણિ કય નામો ॥ સોવિમલગિરા જયઓ તીથ્યં. ॥ ૩ ॥

ઇત્યાદિક નામ દેવતાદિકે થાપ્યાં છે. તે સાંભળી પુંડરીક ગણધરે પ્રભુજીને વિનંતી કરી પૂછ્યું જે હે કૃપાનાથ પાંચમુ પૂંડરીક નામ શા માટે દીધું. તેવારે પ્રભુજીએ કહ્યું. હે પૂંડરીક આ તીરથે પાંચકોડ મુનીને પરીવારે ચૈત્રી પૂનમે તુમો સિ-દ્ધિપદ વરશ્યો. તેથી એ ગીરીનું નામ પૂંડરીક અથવા સરવ તીરથોમાં પુંડરીક કમલ નીપરે ઊતમ માટે પૂંડરીક તે સાંભળી પુંડરીક ગણધરજીએ પ્રભુજીને પુછ્યું સ્વામી એ એકવીસ નામના ગુણ પ્રસાદ કરો. તે સાંભળી પરભુજી ૨૧ નામ ગુણે કરી વ-રણવે છે.

त्रण गाथाए नामनो अर्थ,

૧ શ્રી વિમલનામ ગીરિ ॥ એ તીરથનો અરથ વંદિ ફરસેં પુજયે ગુણ સ્તુતિ કરવેં જીવ કરમ મલ રહિત થાય તેથી એ તીરથ વિમલાચલ.૧

૨ શ્રી મુક્તિનિલય ॥ ભરતચક્રવરતીને પાટે આઠ પાટ સુધી અરીસા ભુવનમાં કેવળગ્યાન પામી મુગતી વરશ્યો માટે એ તીરથનું નામ મુ-ક્તિ નિલય ॥ ૨ ॥

૩ શ્રી શતરૂંજય ॥ જીતારી રાજા એ તીરથને સેવી છ માસ આંબિલતપ કીધો શતરૂને જીત્યા માટે શતરૂંજય ॥ ૩ ॥ સુક રાજાનો જીવ

૪ શ્રી સિધક્ષેત્ર ॥ એ તીરથે કાંકરે કાંકરે અનંતા સિધી વરયા માટે સિધ ક્ષેત્ર. ॥ ૪ ॥

૫ શ્રી પુંડરીકગીરી ॥ પુંડરીક ગણધર તુમો ચૈત્ર સુદી પુનમે મુની પાંચ કોડથી સિધ્ધ થયા માટે વા સરવ તીરાંથ કમલમપૂંડરીક કમલ સમાન

સરવોતમ માટે પૂંડરીક ॥ ૫ ॥

૬ શ્રી સિદ્ધસેખરે ॥ સરવ તીરથ તથા અઢી દ્વીપમાં સિધ થયાં તેથી આ તીરથે ઘણા સિધિ વરયા માટે સિધસેખરે ॥ ૬ ॥

૭ શ્રી સિદ્ધપરવત ॥ સઘળા તીરથોથી તથા સઘળા પરવતોથી પરસિધ પરવત માટે સિધ પંરવત ॥ ૭ ॥

૮ શ્રી સિધરાજ ॥ ઘણા રાજા કેવળગ્નાન પામી સિધી વરયા માટે સિધરાજ ॥ ૮ ॥

૯ શ્રી બાહુબલિ ॥ બાહુબલનામા રિષિસ્વરે કાઉશગ કરયો માટે બાહુબલી ॥ ૯ ॥

૧૦ શ્રી મરૂદેવ ॥ શ્રી રીષભમાતા શ્રી મરૂદેવીની એ તીરથે ટુંક છે માટે માટે મરૂદેવ ॥ ૧૦ ॥

૧૧ શ્રી ભગિરથ ॥ એ તીરથનું રખોપૂં કરવા સગર ચક્રવરતીએ ઇંદ્રને વચને સમુદ્રની ખાઇ આણી તેથી ભગિરથ ॥ ૧૧ ॥

૧૨ શ્રી સહસ પત્ર ॥ એ પરવત પૂંઠે સહસ કુટ છે માટે સહસપત્ર ॥ ૧૨ ॥

૧૩ શ્રી સવતનુ ॥ એ પરવતને પૂંઠે સેવંત્રાની ટુંક છે માટે સવતનુ ॥ ૧૩ ॥

૧૪ શ્રી અષ્ટોતર શતકુટ ॥ એ પરવતને પૂંઠે એકસો આઠ કુટ વા શિખર છે માટે અષ્ટોતરશતકુટ ॥ ૧૪ ॥

૧૫ શ્રી નગાધીરાજ ॥ સરવ પરવતમાં એ પરવત રાજા સમાન છે માટે નગાધીરાજ ॥ ૧૫ ॥

૧૬ શ્રી સહસ કમલા ॥ એ પરવત પૂંઠે કમળનીપરે સહસ ટુંક છે માટે સહસ કમલા ॥ ૧૬ ॥

૧૭ શ્રી ઢંકગિરિ ॥ ઢંક નામે ટુંક છે માટે ઢંકગિરિ ॥ ૧૭ ॥

૧૮ શ્રી કોડી નીવાસો ॥ કવડનામા જક્ષનું દેરાસર છે માટે કોડી નીવાસ ॥ ૧૮ ॥

૧૯ શ્રી લોહીતગિરિ ॥ લોહીત ધ્વજ પરવત છે માટે લોહિતગિરિ ॥ ૧૯ ॥

૨૦ શ્રી તાલધ્વજ ॥ તાલધ્વજ નામે પરવત છે માટે તાલધ્વજ. ॥ ૨૦ ॥

૨૧ શ્રી કંદબગિરિ ॥ ગઇ ચોવીશીમાં નિરવાણી નામા તીરથંકરના ગણધર કદંબ નામે કોડમુની સાથે આ તીરથની ટુંકે સિધી વરયા માટે કદંબગિરિ.

એ નામ દેવતા મનુષ્ય મુનિયો મળી કરયા કરશે. ત માટે એ તીરથ રીષભ કુટાદીકની પરે પ્રાયેં શાસ્વતો છે. ઘટવધ કાલે થાય. પણ સરવથા નાશ ન થાય

ઇત્યાદિક દેશના સાંભળી ઇંદ્રાદિક એ તીરથને સમરતા સ્વસ્થાનકે ગયા પરભૂજી વીહાર કરતા હવા. એકદા શ્રી પૂંડરીક ગણધર પ્રભુજીને પુછી પાંચ કોડ મુનીને પરિવારે શ્રી સિદ્ધાચલ જઇ એક માસની સંલેખણા કરી. ચૈત્ર શુદી ૧૫ મેં સિદ્ધી પદ પામ્યા. તદાકાળથી એ તીરથ પુંડરીકનામે વિખ્યાત થયો. એ તીરથે શ્રી રીષભ દેવજી ફાગુણ સુદી ૮ ને દિવસે પુરવનવાણુંવાર સમોસરયા દેશના દેઇ અનેક જીવો ને પ્રતિબોધ્યા તે ભવ્ય પ્રાણીઓએ સંસાર સંબંધ ધન ધાન્ય પૂત્ર કલત્ર માતા પીતા સરવ ધન યોવન રૂપ બલ ક્ષીણવીનાસી સંધ્યાના વાદલ જળના પરપોટા વાદલની છાંહડી, વેશ્યાનો સ્નેહ, જુગટીયાનો અલંકાર, હાથીના કાનની પરે, ચંચળ જાણી, ઘર આરંભ, છંડી ચારિત્ર લેઇ એ તીર્થે અણસણ કરી આત્મ રીદ્ધી જે કેવળ જ્ઞાન કેવળ દરશન યથાખ્યાત ચારિત્ર ક્ષાયક સમકીતાદિ અનંતા ગુણના ભજનાર થયા. હવે તે ભરત રાજા ચક્રવરતીની રીધી લેઇ વાંદવા આવ્યા. ત્યાંહાં તીર્થ મહીમા સાંભળી સમસ્ત સંઘ સહીત માહા ઓછવથી જાત્રાએ ચઢ્યા, મારગમાં સંઘ ભક્તી તીરથ યાત્રા કરતા સિધાચલ મધ્યે આણંદે આવ્યા ત્યાંહાં આણંદપુર નગર વસાવ્યું તેવારે સાથે સુધર્મ ઇંદ્ર છે. તેમને ભરતરાજાએ પુછ્યું જે આ પાદુકા તથા કુંડ જીરણ થઇ ગયો છે તે કોણે કરાવ્યો છે. તેવારે ઇંદ્ર કહે છે ભરત તારે પૂર્વે ગઇ ચોવીસીમાં પ્રથમ કેવળગ્નાની તિરથંકર થયા. તેમનાં પગલાં છે તથા ભરતનામે કુંડ છે તે સાંભળી ભરતરાજાએ તેનો જીર્ણો દ્ધાર કરાવી આગળ ચાલ્યા ત્યાંહાં ઉપર ચઢી પાર્દ્ધિકને હુકમ કરી નવો ઉદ્ધાર કરાવ્યો, ત્યાંહાં શ્રી રીષભદેવજીનો પ્રાસાદ કરાવ્યો, ઇંદ્રે માળ પેહેરાવી શ્રી પુંડરીક ગણધરજીની થાપના કરાવી, રાયણ હેઠે પ્રભુજીનાં પગલાં થાપ્યાં, મરૂદેવી માતા. તથા સુનંદા, સુમંગલા તથા નવાણુ ભાઇ તથા બ્રાહ્મી સુંદરી પ્રમુખની પ્રતિમા યથાયોગ્ય કરાવતા હવા, બીજી પણ સરવ કરણી યથોચીત કરી સોરઠ દેશનો અધિપતી આપણા ભાઇનો પૂત્ર શકિતસિંહ નામે તેને સાથે લેઇને શ્રી ગીરનાર પરવતે જાત્રા કરવા સંઘ સહીત ચાલ્યા. એહવે નમી વીનમી વિદ્યાધર મુની ભરત રાજા પાસે આવી કહે જે અમોને પુરવે તાતજીએ અમારા આતમાની કાર્યસિધિ આ પરવતે થવી કહી છે. માટે અમો અતરે અણસણ કરીશું. તે સાંભળી ભરતરાજાએ શુધમાન જગ્યાનો અવગ્રહ આપ્યો તે સાંભળી તે બને વિદ્યાધર મુનીરાજે બે માસની સંલેખણા કરી. બે કોડય મુનીપરીવારે ફાગુણ સુદી ૧૦ મે સરવ કર્મ ક્ષય કરી સિધીપદ પામ્યા. વળી ભરત રાજા આગે શેતરૂંજી નદીએ આવી નાહિને તે નદીને કાંઠે ચારે દિશાએ ચાર વન છે

૧ પુરવ દિસે. સુર્ય વન છે.
૨ પશ્ચિમ દિસે, ચંદ્ર વન છે.
૩ દક્ષણ દિસે, લક્ષમી વન છે.

૪ ઉત્તર દિસે, કુસુમ વન છે.

એ ચારે વનની શોભા જોતાં આગળ ચાલ્યા ત્યાંહાં આગળ એક જટાધારી તાપસ બેઠો છે. તેહને ભરતરાજાએ પૂછ્યુ. કે તાપસ તુમો ઇહાં કેમ બેઠા છો. તેવારે તે તાપસ કહે છે જે પૂર્જને શ્રી રીખભદેવજીએ કહ્યુ છે જે શ્રી ચંદ્ર પ્રભુજી આઠમા તીરથંકરને વારે આ તીરથે તું સિધોપદ વરીશ. તે માટે હું ઇહાં બેઠો છું. તે વાત સાંભળી તે થાનકે શ્રી ચંદ્ર પ્રભુજીનો પ્રાસાદ કરાવ્યો. વળી આગળ ચાલ્યા તેવારે નમિરાજાની ચોસઠ પુત્રીઓ ચરમા આદે ચૈત્ર વદી ૧૪ શે અણસણ કરી મોક્ષે ગયા વા કેટલા આચાર્ય કહે છે જે દેવગતીએ ગયા તેહની થાપના તિહાં કરાવી. તેથી એ તીરથનું નામ ચર્ચગીરી થયું વળી આગળ ચાલ્યા ત્યાંહાં મારગમાં એક પરવતનું શિખર આવ્યું તેવારે ચક્રીએ શકિતસિંહજીને પૂછ્યુ જે આ શિખર કીયું છે. તે સાંભળી શકિતસિંહ બોલ્યા જે. કંદબગીરીનામા પરવત છે તે ગઇ ચોવીશીના બીજા શ્રી નિરવાણીનામે તિરથંકર તેમના કદંબ નામે ગણધર એક કોડ સાથે આ પરવતે સિધીપદ પામ્યા છે. માટે તદાકાળથી એ પરવતનું નામ કદંબગીરી થયું છે.

વળી ભરતરાજા આગળ ચાલ્યા તેવારે આગલે એક ટુંક આવી તે દેખીને શકતીસીંહને ભરતરાજાએ પુછ્યું જે આ પરવત કોયો છે. તેવારે શકતીસીંહ બોલ્યો એ તાલધ્વજ નામે પરવત છે, એ પરવતે શ્રી બાહુબલીજી મોક્ષે પધારયા છે. તે સાંભળી ત્યાંહાં ભરતરાજાએ બાહુબળજીનો પ્રાસાદ કરાવ્યો. તદા કાળથી બાહુબલી ટુંક થયું. ત્યાંહાંથી વળી આગળ ચાલ્યા ત્યાંહાં એક પરવત સેતરૂંજી નદીને સમીપે છે. ત્યાંહાં પુર્વે ભરતરાજા છ ખંડ સાધવા ગયા, તીહાં મ્લેછ રાજાએ રોગ મુકયા તેવારે ઘણા મનુષ મરવા લાગ્યાં; તેવારે કોઇ ચારણ મુનીએ ભરતને કહ્યું જે આ ઘડા માણસ સંગ્રામ વિના કેમ મરે છે. ભરતે કહ્યું હે સ્વામી તેં ન જાણ્યું. તેવારે ચારણ મુની બોલ્યા કે, મ્લેછ રાજાએ રોગ મુકયો છે. તે તું આ નદી જળ છાંટીશ તો રોગ જશે મુની એમ કહી ગયા ભરતે તેમજ કરયું. રોગ ગયો પણ ભાવી ન મટે. એક ભરતનો હાથી મરણ પામ્યો તીહાં ભરતે હસ્તી નાગપૂર નગર વસાવ્યુ પ્રભુજીનો પ્રાસાદ કરાવ્યો તદાકાળથી હસ્તી કલ્પ નામે તીર્થ પ્રવત્યું ત્યાંહાંથી શ્રી ગીરનાર પરવતે આવ્યા. તીહાં શ્રી નેમનાથ બાવીસમા તીર્થંકરના ત્રણ કલ્યાણક ભાવી કાલે થનાર છે. તે જાણી ઇહાં ઉદ્ધાર કરયો જોઇએ. એમ વિચારીને શ્રી નેમનાથજીનો પ્રાસાદ કરાવ્યો. ત્યારથી ગીરનાર તીરથ પ્રવત્યું મહીમા વિસ્તારયો. ચારે દિશે ચાર પરવત ઉપરે ચ્યાર પ્રાસાદ કરાવ્યા. ત્યાંહાંથી ખરડો નામે પરવત દેખાય છે. તે પરવત ઉપરે ખરડોનામા રાક્ષસ રેહે છે તે રાક્ષસ સંઘને તથા પ્રજાને ઘણો ઉપદ્રવ કરે છે પણ કોઇને વશ આવતો નથી. તે

વચન સાંભળતાં શ્રી ભરત ચક્ર વરતીએ આપણા સુષેણ નામા સેનાપતી રત્ન મોકલ્યો. તે સેનાપતિએ ખરડાને જીતીને શકતીસીંહને પગે લગાડીને ભરત રાજા પાસે આંણ્યો. ભરત રાજાએ તે ખરડાને ઉપદેશ દેઇ સમકીત પમાડ્યું. તે પરવતે ભરત રાજાએ પ્રભુજીનો પ્રાસાદ કરાવ્યો. તથી ખરડગીરી તીરથ પ્રવરત્યુ ને ખરડા રાક્ષસને સોરઠ દેશનો અધીષ્ટાયક કર્યો. ત્યાંહાંથી શ્રી ભરતેશ્વર સંઘ લેઇ શ્રી અરબુદગીરીએ આવ્યા. ત્યાંહાં પરમેશ્વરજીનો પ્રાસાદ કરાવ્યો. ત્યાંહાંથી ભરત ચક્રી શ્રી સમેતશિખરે આવ્યા, ત્યાંહાં આવતે કાલે વીસ પ્રભુજી સિદ્ધિ વરસે. તેવું જાણીને વીસે પ્રભુજીના પ્રાસાદ કરાવ્યા. એમ ભરત રાજાએ અનેક તીર્થ થાપના સંઘભકતી સ્વામી વચ્છલ દાનશાળા પ્રમુખ કરાવ્યાં. એ પ્રથમ શ્રી ભરતરાજાનો ઉદ્ધાર. ॥૧॥

વળી એ પરવત તીરથ રાજે શ્રી રીષભ પુત્ર દ્રાવીડ રાજા તેમના બે પુત્ર દ્રાવીડને વાલી ખીલ તે બે ભાઇએ રાજને લાભે સંગ્રામ માંડ્યો. તે બે ભાઇ ઘણા બળીઆ દશ દશ ક્રોડ પાયદળશું કલેશ કરતાં એકે કાને પાંચ પાંચ ક્રોડ પાયદલનો વીધ્વંશ થયો. તેવારે ચોમાસું આવ્યું સંગ્રામ બંધ રાખ્યો. અનુક્રમે શરદ રૂતુ આવી. ત્યાંહાં ગંગા નદીને કીનારે ફરતાં તાપસનાં ઓલવડાં દેખી દ્રાવીડ રાજા તાપસગુરૂને દેખી વાંદવા ગયા વાંદી બેઠા. તાપસે આશિષ દેઇને ધર્મોપદેશ દીધો તે સાંભળી પ્રતિબોધ પામી ભાઇને ખમાવવા ગયા, ભાઇએ પણ મોટા ભાઇને ખમાવી પ્રતિબોધ પામી બે ભાઇ પ્રધાન પ્રમુખ દશક્રોડ તાપસી વરત લીધું, અનુક્રમે તપ કરતા રહે છે. એકદા ચારણ મુની આવ્યા દેશના દીધી ત્યાંહાં મુનીનાં પંચ મહાવરત રૂપ ધરમ તથા શ્રી સિદ્ધાચલજીનું મહાતમ પ્રરૂપ્યો. તે સાંભળી પ્રતિબોધ પામ્યા, ચારણ મુની સાથે શ્રી સિદ્ધાચલજી આવ્યા આવતાં મારગમાં ઘણા હંસ એક તલાવને ઉપકંઠે એકઠા થયા છે. તેહમાં એક વ્રધ હંસ શકિતએ મંદ તે ત્યાંહાં રહ્યો. બીજા સરવ હંસ મનુસ્યનો પગરવટ સાંભળી ઉડી ગયા, ને તે વ્રદ્ધ હંસ અંત્ય અવસ્થાએ આવ્યો છે. તેને મુનીએ પાણી પાયું. તીહાંથી તે હંસને સાથે લીધો. તે હંસને સિદ્ધાચલ ઉપર અણસણ કરાવ્યું તે હંસ પણ અણસણ આરાધીને આઠમે દેવલોકે દેવતા થયો, તે હંસદેવે અવધીજ્ઞાને જોયું. તેવારે શ્રી સિદ્ધાચલજી તીરથનો ઉપગાર જાણીને તેજ અવસરે શ્રી સિદ્ધાચલજી આવીને નમો પ્રાસાદ કરાવ્યો. તદાકાળથી હંસી અવતાર એહવે નામે તીરથ પ્રવરત્યુ. તે શ્રી સિદ્ધાચલ તીરથનું માહાતમ દ્રાવડાદિક દસ ક્રોડ જોઇને ચારણ મુની પાસે ચારીત્ર લેઇ બે ભાઇ મુની પરિવાર સહિત શ્રી સિદ્ધાચલજી તીર્થે અણસણ કરી કારતક સુદી ૧૫ ને દીને દશ ક્રોડ મુની સાથે સિધિપદ પામ્યા. ઇત્યાદિક એ તીરથનું માહાત્મ્ય પ્રથમ શ્રી રીષભદેવજીએ પ્રરૂપ્યુ. તે શ્રી રીષભદેવ સ્વામીએ ઘણા પ્રાણીઓને પ્રતિબોધ દેઇ મોક્ષ માર્ગ પ્રવર્તાવ્યો તે પ્રભુજીએ ૨૦ લાખ પૂરવ કુંમરપણે રહ્યા. ૬૩ લાખ પૂર્વ

રાજ પાળી રાજનીતી પ્રવરતાવી એમ ૮૩ લાખ પૂરવ ગ્રહસ્થપર્યાય પાળી લોકાંતીક દેવતાએ દિક્ષા કાળ જણાવ્યો છંવછરીદાન દીધું. તેવાર પછે ચારિત્ર લેઈ ૧૦૦૦ વરસ છદમસ્થ પર્યાય પાળી કેવળગ્યાન પામી ઘણા જીવ પ્રતિબોધી દેસણાદીધું. એક લાખ પુરવ કેવળીપણું પાળી પુંડરીક આદ ૮૪ ગણધર ૮૪૦૦૦ મુની બ્રાહ્મી આદ. ૩ લાખ સાધવી. ૩ લાખ પાંચ હજાર શ્રાવક થયા. ૫ લાખ ૫૪ હજાર શ્રાવીકા ઈત્યાદિક સમસ્ત પરિવાર પ્રવરતાવ્યો. શેષ આયુ જાણી શ્રી અષ્ટાપદ પરવતે સમોશ્રી તીહાં અણસણ કરી ૧૦ હજાર મુની સાથે માહા વદી ૧૩ સે સિદ્ધિ પદ પામ્યા. સરવ કરમથી મુકાણા તે જાણી સુધરમાદિક ૬૪ ઈંદ્ર તથા ભરત ચક્રવરતી સરવ પરિવાર સહિત આવી પ્રભુના શરીરને વાંદી શોક સહિત મોક્ષ કલ્યાણક મહીમા કરી સ્વસ્થાનકે ગયા. તીહાં ભરત ચક્રવરતીએ ચોવીસેં પ્રભુજીની થાપના કરાવી બેસા, સીંહને આકારે દેરાસર કરાવ્યું. હવે પ્રભુજીના ભરતાદિ આઠ પાઠ સુધી તો અ-રીસા ભુવનમાં કેવળી થયા. તેમાં ૮ મે પાટે દંડવિરય રાજા થયા તેમને શ્રી સેતરૂંજે બીજો ઉદ્ધાર કરાવ્યો. સેતરૂજાની જાત્રાદિક સંઘભકતી પ્રમુખ સરવ ભરતજીનીપરે જાણવું. એમ અસંખ્યાતા પાટ મોક્ષે તથા અસંખ્યાતા પાટ સર્વાર્થ સિધ વીમાને ગયા. તે શ્રી રીષભદેવજીને થયા પછે ૫૦ લાખ કોડ સાગરોપમને આંતરે બીજા શ્રી અજીતનાથજી ઉપન્યા. નમોસ્તુ શ્રી સિધાચલાય. ઈતિ પ્રથમ રીષભદેવજીનો વ-રણવ સંપૂર્ણ ॥ ૧ ॥

हवे बिजा श्री अजितनाथ स्वामीने

माहारो नमस्कार हो,

બીજા શ્રી અજીતનાથજી તિર્થંકર કોશલ દેશ અજોધ્યા નગરી જીત શત્રુ રાજા વિજયારાણી તે વિજ્યારાણીની કુખે વિજય વીમાનથી ચવી ચઉદ માહાસ્વપ્ન સહિત ત્રણ ગ્યાને પ્રભુ આવી વઈશાખ સુદી ૧૩ સે અવતરયા. તેવારે જીત શતરૂ રાજા વિજયારાણી સાથે પાસાની ક્રિડા કરતાં વિજયાજી નીરંતર જીતયાં. તેવારે વિચારયું જે, મારા ગરભનો મહીમા એમ નિરણય કરી નિરધારયું જે મારે પુત્ર થાશે તે વારે અજીતનામ દેશું. અનુક્રમે માહા સુદી ૮ મે પ્રભુજી જનમ્યા, ઈંદ્રાદિક પ્રભુજીનો જનમ ઓછવ કરયો. અનુક્રમે માહા સુદી ૯ દીને દિક્ષા લેઈ વીહાર કરયો.

જાવતૂ ૧૨ વરસ છદ્મસ્થ પણું પાલી પોસ સુદી ૧૧ દીને ચાર ઘાતી કરમ ક્ષય કરી કેવળજ્ઞાન કેવળ દરશન પામ્યા. દેવતાએ સમવસરણની રચના કરી પ્રભુજી સમોસરણે બેઠા. બાર પરખદા આવી ઉચીત સ્થાનકે રહી પ્રભુજીની વાણી ૩૫ ગુણે સહિત સાંભળી ઘણા જીવ પ્રતિબોધ પામ્યા. પ્રભુજીએ સંઘ થાપના કરી. શ્રી સીંહસેન આદ્યે ૯૫ ગણધરની થાપના કરી. ૧ લાખ સાધુ મુનીરાજ ફાલ્ગુન પ્રમુખ ૩ લાખ ને ૩૦ હજાર સાધવી થઈ. ૨, લાખ ૯૮ હજાર શ્રાવક થયા. ૫ લાખ ૫૪ હજાર શ્રાવીકા થઈ. અનુક્રમે પ્રભુજી ગ્રામાનુ ગ્રામ વીહાર કરતા શ્રી સિદ્ધાચલજી પધારેયા તીહાં ચોમાસુ રહ્યા. તીહાં સુધરમા નામે પ્રભુજીના શિષ્ય પ્રભુજીને વાંદવાને આવતા હતા. એવામાં મધ્યાન સમય થયો. પાણીનું ભાજન મુકી વીસામે બેઠા. એવે અકસ્માત કાગડે ઝડપ મારી પાણી ઢળી ગયું. મુનીને કષાયનો ઉદય થયો. તેવારે મુનીએ કાગડાને સરાપ દીધો. જારે દુષ્ટ પાપી પંખી, તારૂં અહીં કામ નહી. તદાકાળથી એ તીરથ ઉપરથી કાગડા ગયા મુનીને પશ્ચાતાપ સમ્યો, વિચાર આવ્યો જે, માહારૂં ચીત બગડ્યું. તેમ બીજા કોઈનું ચીત બગડે તે સારૂં નહી. તે માટે આ તિથ સદાકાળ ફાસુ પાણી હોજયો. તદાકાળથી તે ઠેકાણે ઉજ્જ્વલ જલ થયું તે સાધુ શ્રી અજીતનાથ પરમેશ્વર પાસે આવી પ્રભુજીને વાંદી રહ્યા, તેવારે તે મુનીને પરમેશ્વરજીએ કહ્યું જે, તુમારા આત્માના કાર્યની સિદ્ધિ આ તિર્થે થશે. તે વચન સાંભળી તે મુની તીહાં અણસણ કરીને મોક્ષે ગયા. તેવાર પછે તે પરમેશ્વરજીનું સમવસરણ દેવતાએ રચ્યું; તીહાં પ્રભુજી બેસીને દેશના દીધી. તે દેશના સાંભળી અનેક ભવ્ય પ્રાણી પ્રતિબોધ પામી ચારિત્ર લેઈ સકલ કરમ ક્ષય કરી મોક્ષ પામ્યા. વળી તે પ્રભુજીને વારે બીજા ચક્રવરતી સગરનામે થયા, તેમને એ તિર્થે ઉદ્ધાર કરાવ્યો તે કેમ? એકદા સગર ચક્રવરતીના સાઠ હજાર પુત્રમાં વડા પુત્ર જહ્નુકુમાર તે સગર ચક્રવરતીની આગ્ના માગીને સરવ ભાઈ સમસ્ત સેન્યા સહિત શ્રી અષ્ટાપદ તિર્થે જાત્રા કરવા ગયા, જાત્રા કરી ઘણોજ આનંદ થયો.

પ્રધાનને પુછ્યું જે આ તીરથ કોને કરાવ્યું પરધાન બોલ્યો સ્વામી પ્રથમ ભરતચક્રવરતે શ્રી રીષભદેવજીનું મોક્ષ થાનક જાણી દરશન શુધીને અર્થે વર્તમાન ચોવીસીના ચોવીસે તીરથંકરની પ્રતિમા માનોપેત ભરાવી તે સાંભળી જહ્નુકુમારને તીરથનું રખોપુ કરવાનુ મન થયું તેથી પોતે જાણ્યું જે આગે પડતો કાળ આવશે માટે એ તીરથ પાછળ ખાઈ કરવી એમ ધારી દંડ રત્ને ખાઈ ખોદવા માંડી તેથી તે ખાઈ ૧૦૦૦ જોજનની કરી તેવારે ભુવનપતીના રમણીક જે ભુવન તેહમાં ઉપઘાત થવા લાગ્યો તેવારે તે દેવતાએ પોતાના માલીક જે ઈંદ્ર તેમને વીનંતી કરી તેથી ઈંદ્રે ગ્નાને જોઈને ત્યાંથી દેવતાને મોકલી જહ્નુકુમારને કેહેવરાવ્યું તે સાંભળી જહ્નુકુમારે ખાઈ ખોદાવવી બંધ રાખી તે દેવતા સ્વસ્થાનકે ગયો તેવાર પછે જ-

કુમારે વિચાર્યું જે ઘણે કાળે એ ખાઈ પુરાઈ જાશે માટે ડંડ રત્ને ફરી ગંગા નદીનો પ્રવાહ તે ખાઈમાં લાવી મેળાવ્યો તેથી ફરી ભુવનપતીના ભુવનમાં પાણીનો ઉપદ્રવ થયો દેવતાને અતયંત કોપ ચડ્યો તેથી અગ્ની જ્વાલા મુકી તે સાઠ હજારે સગર ચક્રીના પૂત્રોને બાળી ભસ્મ કરેચા તે તીરથધ્યાને મરણ પામી ૧૨ મા દેવલોકે દેવ થયા હવે સરવે મરણ થયા તે અનરથ જોઈ પ્રધાન આદ સરવે સેનના લોકો ઘણાજ ઉદાશી થયા વિચારયું જે હવે આપણા ચક્રવરતીને શું મુખ દેખાડીશું માટે હવે આપણ સરવે સેના સહીત ઈહાં ચેહે કરી બળી મરીએ એમ નકી કરયું એહવે પ્રથમ દેવલોકના સ્વામી સુધરમા ઈંદ્રે અવધી ગ્નાને જોઈ વીચારયું જે માહા અનરથ થશે માટે તે લોકોને પ્રતીબોધ કરીને રાખું એમ ચીંતવીને ત્યાંહાં આવી વૃધ બ્રાહ્મણનું રૂપ કરીને પ્રધાનાદીકને કહ્યુ જે ગઈ વસ્તુની સોચ કરી કર્મ બંધ કરો નહી ઇત્યાદીક અનીત્ય અશરણ ભાવનાથી પ્રતીબોધી સરવેને, લેઈને શ્રી અજોધ્યા નગરીએ આવ્યા. સેન વનમાં રહ્યું ઈંદ્ર મૃતપૂત્રનું રૂપ કરી રાજા પાસે આવીને વીનતી કરીને વીલાપ કરવા લાગ્યો ચક્રીએ પૂછયું કેમ વિલાપ કરે છે તેવારે તે બ્રાહ્મણ બોલ્યો હે સ્વામી મારે વૃધપણામાં એકજ પૂત્ર હતો તે પુત્રને સાપ ડશ્યો છે તે ઝેર ઉતારવા માટે ઘણા ઉપાય કરેચા પણ ઝેર ઉતરૂ નહી હવે એક ઉપાય રહ્યો છે જો કુમારી ભસ્મ મળે તો એ પુત્ર સજીવન થાય તેતો તમો ચક્રવરતી પ્રજાના પાલક પાંચમા લોકપાલ છો માટે મુજને તે ભસ્મ પેદા કરી આપો તે સાંભળી ચક્રીએ પરોપકાર જાણી બ્રાહ્મણને સાથે લેઈને નગરમાં ઘર ઘર પ્રત્યે ફરેચા પણ તે રાખ કોહાંએ મળી નહી તેવારે ચક્રવરતીએ કહ્યુ જે મારા ઘરમાં હોય તો અપાવું તે સાંભળી સગર ચક્રવરતીની માતા કહે જે હે પુત્ર આપણા ઘરની રાખ કુમારી નથી તે સાંભળી બ્રાહ્મણ ઘણોજ વીલાપ કરવા લાગ્યો તેવારે સગર ચક્રવરતીએ તે પુત્ર મુવો જાણી ઘણી અનીત ભાવના કહી પ્રતીબોધ કરેચો. પણ તે દેવતા સમજ્યો નહી ને કેહેવા લાગ્યો કે માહારાજ પરને સમજાવવું સોહલું પણ આપે સમજવું દોહલું છે.

ઇત્યાદિક વચન સાંભળી ચક્રવરતી બોલ્યા જે હે વાડવ ઈમ કાં બોલો છો તેવારે મુળ રૂપ સુધરમા ઈંદ્રનું પ્રગટ કરેચું પછે બોલ્યા જે હે ચક્રવરતી આપના પૂત્ર જહનું કુમારાદિક સાઠ હજાર અષ્ટાપદ તીરથે દેવ કોપના નિમીતથી મરણ પામ્યા છે. તે વચન સાંભળી ચક્રવરતી ઘણો શોક ધરવા લાગ્યો તેવારે ઈંદ્રે સંસાર સ્વરૂપ કહી શોક નીવારણ કરાવ્યો એહવામાં વધામણી આવી કે શ્રી અજીતનાથ પ્રભુજી વનમાં આવી સમોસરયા છે તે વાત સાંભળી ચક્રવરતી હરખ પામી સાડંબરે ઈંદ્ર સહીત પ્રભુજીને વાંદવા આવ્યા વીતરાગ ભગવંતને વાંદી ઉચિત સ્થાનકે બેઠા. પ્રભુજીએ ધર્મદેશનામાં સંસાર અનીત્ય પ્રરૂપ્યો.

એમ માતા તે સ્ત્રી થાય સ્ત્રી મરી માતા થાય પીતા મરી પુત્ર થાય એમ સંસારમાં એક અવસ્થીત નથી સરવ જીવ કર્મવશ છે.

ઇત્યાદીક વચન સાંભળતાં સગર ચક્રવરતી વૈરાગ પામ્યા તેવારે પ્રભુજીએ શ્રી સિદ્ધાચલ તીરથનો મહીમા વરણવ્યો તે સાંભળી સગર ચક્રવરતી સંઘ સહિત માહા હરખે સિદ્ધાચળજી જાત્રા જવાની સજાઈ કરતા હવા. એહવામાં એહવી ખબર આવી કે ગંગા નદીના પ્રવાહમાં ઘણાં ગામ નગર દેશ તણાય છે તેવારે સગર ચક્રવરતીએ જહ્નુકુમારના પૂત્ર ભાગીરથને હુકમ કરચો જે તે ઉપદ્રવ નીવારીને સિદ્ધાચલજી આવો પછે સગર ચક્રવરતી સંઘ સહીત સિધાચલ આવી જાત્રા કરી તીરથનો ઉધાર કરવો એહવે ઇંદરે વિનંતી કરી જે શ્રી સિધાચલજી એહેવું અદભુત તીરથ છે ને આગળ પડતો કાળ આવશે એટલા માટે સમુદ્ર નજીક લાવો તો તીરથનું રખોપૂ રૂડી રીતે થાય તે સાંભળી લવણ સમુદ્રનો અધીષ્ટાયક સ્વસ્તીક દેવને કહ્યું તે પણ દરીઓ લઈને શ્રી વીમલાચલ તીરથ સમીપ આવ્યો તેવારે તેવારે ઇંદરે સગર ચક્રવરતીને કહ્યુ કે દરીઓ કાંઇક વેગળો રખાવો તે સાંભળી બીસ કોસ વેગળો રખાવ્યો એહવે ભાગીરથ પણ ગંગાના પ્રવાહનો ઉપદ્રવ વારી આવ્યો એમ શ્રી અજીતનાથ સ્વામીને વારે સગર ચક્રવરતીએ શ્રી વીમલાચલે સાતમો ઉદ્ધાર કરચો વળી તે શ્રી અજીતનાથજીને વારે ૧૭૦ એકસોને સીતેર તીરથંકર વીચરતા હતા તે કીમ તે કહે છે અઢીદ્વિપમાં ૧૫ કર્મ ભુમીમાં મળી થયા જંબુદ્વિપ ધાતકીખંડ પુષ્કરધ એ અંઢીદ્વીપ તેમાં પાંચ ભરત પાંચ એરવત પાંચ મહાવીદેહ તે પન્નર તેમાં અજીતનાથાદિક પાંચ તીરથંકર ભરતક્ષેત્રમાં હતા એરવતક્ષેત્રમાં પાંચ તીરથંકર હતા પાંચ મહાવીદેહ ક્ષેત્રમાં પ્રતેકે ૩૨ વીજયાગણતાં ૧૬૦ થાય તે સહિત ૧૦ પ્રથમના મળી ૧૭૦ થયા ને સરવ તીરથંકરોએ તીરથના મહીમા વરણવ્યા તેમાં તીરથોતમ તીરથ શ્રી સિધાચલનું માહત્મ પ્રરૂપ્યું હવે શ્રી અજીતનાથજી અનુક્રમે વીહાર કરતા શેષ આયુ જાણી શ્રી સમેતસીખર તીરથે પધારચા ત્યાંહાં એક માસનું અણસણ કરી ૪૫૦ ધનુષદેહમાન કંચન વરણ હાથીનું લંછન ૭૨ લાખ પૂરવનું સરવ આયુ પાળી શેષ ચાર અઘાતી કર્મ ક્ષય કરી ૧૦ હજાર મુની સહીત ચૈત્ર સુદી ૫ મે તેજ સમેત સીખર તીરથે મોક્ષ પધારચા જાવત સરવ દુઃખ થકી મુકાણા તેવારે પછે ૩૦ કોડ લાખ સાગરોપમને આંતરે ત્રીજા શ્રી સંભવનાથ તીરથંકર પ્રભુજી થયા. ઇતિ શ્રી અજીતનાથજીનો અધિકાર સંપુર્ણ થયો નમોસ્તુ શ્રી મુકિત નીલયગીરી રાજાય. ॥ ૨ ॥

अथ त्रीजा श्री संभवनाथ स्वामीने माहारो नमस्कार होज्यो,

શ્રી સંભવનાથજી કુણાલ દેશ શ્રી સાવથ્થી નગરી જીતારી રાજા સેના રાણી તેમની કુખે સાતમા ગ્રૈવેકથી ચવીને ફાગણ સુદી ૮ મે આવી ઉપન્યા, માતાએ ચઉદ માહા સ્વપ્ન દીઠાં. અનુક્રમે માગસીર સુદી ૧૪ પ્રભુજી જનમ્યા, ઇંદ્રાદિકે જન્મ ઓછવ કરયો, સંભવનાથ નામ સાભળી દીધું. પ્રભુજી ગર્ભે આવ્યા પેહેલાં દુ:કાળ હતો. તે પ્રભુજી ગર્ભે આવ્યા પછી સુગાલ થયો, અકાલે વૃષ્ટી થઈ, ધાનનો સંભવ થયો તેથી સંભવનાથ નામ દીધું. અનુક્રમે યોવનવય પામ્યા. અવધી ગ્નાને દિક્ષા કાળ જાણી ભોગ કરમ ક્ષીણ જાણી સંવછરી દાન દેઈ માગશર સુદી ૧૫ મે દિક્ષા લેઈ અનુક્રમે ૧૪ વરસ છદમસ્થ અવસ્થા પાલી ઘાતી કરમ ક્ષય કરી કારતિક વદી ૫ મે નિરાવરણ પડીપુરણ કેવળ ગ્નાન કેવળ દરશન થયું. દેવતાંએ ગ્નાનનો મહીમા કરયો સમોસરણની રચના કરી. પ્રભુજીએ પરમ દેશના દેઈ ચારૂદત્તાદિક ૧૦૨ ગણધર આદે ચતુરવીધ સંઘ થાપીને અનેક ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ દેતા, ગ્રામાનું ગ્રામ વીહાર કરતા. શ્રી સિધાચલજી તિરથે સમોસરયા, દેવતાએ સમવ સરણની રચના કરી; તીહાં પ્રભુજી બેશીને ધરમ દેશના દીધી. જે હે ભવ્ય પ્રાણીઓ મનુષ્ય જન્મ પામવો દુર્લભ તે પામીને વિષય કષાય દુ:ખદાઈ જાણી તજવા તપજપ સુખદાઈ જાણી આદરવા જેથી જીવને અવ્યા બાધ સુખ થાય. માટે કોઈ પ્રાણીગણને દુ:ખ દેવું નહી. આણ દીધું કોઈનું કાંઈ લેવું નહી. સ્ત્રી સેવન કરવું નહી ધન્યધાન્યાદીક પરીગ્રહની મુરછા કરવી નહી અભક્ષ અનંતકાય રાત્રી ભોજન, મદીરા, માંસ, માંખણ, ભક્ષણ કરવાં નહી જેથી પ્રકૃતિ વીકાર થાય. તેથી અવિવેકપણું પરગટે તો હીતાહીત ન જાણે તે પસુની ઓપમાને પામે માટે એ હીતોપદેશ છે. સુગુરૂની વૈયાવચ્ચ ભક્તિ કરવી, ઉત્તમ તીરથની સેવા કરવી. તે તીરથના બે ભેદ છે. જંગમ તીરથ તે મુની આદિક. થાવર તીરથ તે આ વિમલાચલાદિક જે તીરથે અનેક તીર્થંકર ગણધર મુની સાધવી શ્રાવક શ્રાવીકા ઘણા સિદ્ધિપદ પ્રત્યે પામ્યા છે, પામે છે, પામશે, ઇત્યાદિક દેશના સાંભળી સંસાર ભ્રમણ કલેશ જાણી વૈરાગ્ય પામી ચારીત્ર લેઈ નીજ કાર્યની સિધિ એ તીરથે જાણી અણસણ કરતા હતા. પરભૂજી પણ અનુક્રમે વીચરી ઘણા જીવ પ્રતિબોધી આપણું આયુષ્ય શેષ જાણી ચારૂદત્ત પરમુખ ૧૦૨ ગણધર, બે લાખ સાધુ, સામ્યા પરમુખ, ૩૩૬૦૦૦ ત્રણ લાખ છત્રીસ હજાર સા-

ધરી, ૨૯૩૦૦૦ શ્રાવક ૬૩૬૦૦૦ શ્રાવીકા ચ્યારસે ધનુષ દેહમાન સાઠ લાખ પુરવનું આયુ. કંચન વરણ, તુરંગ લંછન, ૧૦૦૦ પુરૂષ સાથે શ્રી સમેતશિખર ઉપર ચઈત્ર સુદી ૫ મે મોક્ષે પોહોતા. તેવાર પછે દશક્રોડ લાખ સાગરોપમે ચોથા શ્રી અભિનંદન પરમેશ્વર ઉપન્યા. ઇતિ શ્રી સંભવનાથજીનો અધિકાર સમાપ્ત. નમોસ્તુ શ્રી વિમલાચલ તીરથ રાજાય. ॥ ૩ ॥

अथ चोथा श्री अभिनंदन स्वामीने माहारो नमस्कार होज्यो,

હવે ચોથા શ્રી અભિનંદન સ્વામી કોશલ દેશ શ્રી વીનીતા નગરી શંવર રાજા સિધારથ રાણી તેની કુખે ત્રીજા જયંત અનુત્તર વીમાનથી ચવીને વઈશાખ સુદી ૪ આવીને ઉપન્યા માતાએ ચઉદ મહા સ્વપ્ન દીઠાં. અનુક્રમે માહા સુદી ૨ પ્રભુજી જનમ્યા ઈંદ્રાદિકે જન્મ ઓછવ કરેચો. હવે પ્રભુજીનું નામ શ્રી અભિનંદન તે સાભ-ળી દીધું. જ્યારે પ્રભુજી માતાની કુખે ઉપન્યા, ત્યાર પછે ઈંદ્ર આવી વારંવાર સ્તવના કરતા તેથી વા સમસ્ત લોકને આનંદ ઉપન્યો માટે શ્રી અભિનંદન નામ દીધું. અનુક્રમે પ્રભુજી યોવનવય પામ્યા. અવધી જ્ઞાને ભોગ કરમ ક્ષય જાણી છંવછરી દાન દેઈ સરવને સંતોષીને માહા સુદી ૧૨ મોહોટા આડંબરથી ચારીત્ર લેઈ આજ્ઞા માગી પ્રભુજી વીહાર કરતા હવા. અઢાર વરસ છદ્મસ્થપણું પાલી ઘાતી કરમ ચારે ક્ષય કરી પોશ સુદી ૧૪ કેવળ જ્ઞાન પામ્યા. ચારે નીકાયના દેવતાએ સમોસરણની રચના કરી તીહાં પ્રભુજીએ બેશી ધરમદેશના દીધી. તે સાંભળી ઘણા ભવ્ય પ્રાણી પ્રતિબોધ પામ્યા. તીહાં શ્રી વજરનાભ પ્રમુખ ૧૧૬ ગણધરની થાપના કરી અનુક્રમે સંઘ થાપના કરી પ્રભુજી અન્યત વીહાર કરતા ગ્રામાનું ગ્રામ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરતા. શ્રી સોરઠ દેશમાં અનોપમ તીરથ શ્રી સિધાચલજી સમોસરયા, તીહાં એ તીરથનું માહાતમ પ્રકાશતા હવા. ઘણા ભવ્ય પ્રાણીઓ એ તીરથનું માહાતમ સાંભળી સંસાર કારાગ્રહ બંધન મુકી ચારીત્ર લેઈ સિધાચલજી આવી અણસણ કરી સિધી સુખ પામતા હવા. વળી શ્રી અભિનંદન પ્રભુજીને વારે શ્રી શત્રુંજો હેવું નામ એ તીરથનું થયું, કેમ તે કહે છે.

अत्र सुकराजानी कथा,

પૂર્વે શુકરાજ પાછલે ભવે જીતસનરૂ રાજા હતો. એકદા શ્રી વિમલાચલ તીરથનો મોહોટો મહીમા સાંભળી એ તીરથ ભેટવાનો અભિલાષ થયો તેથી અભીગ્રહ લીધો જે શ્રી સિધાચલજી ભેટુ તેવારે ચાર આહાર કરૂં. એમ કરી આચાર્ય ગુરૂ સાથે સંઘસહિત પગે ચાલતા તીરથ રાજ ભેટવા નીકળ્યા. મારગે ચાલતાં અનુક્રમે કાશ્મીર દેશની અટવીમાં આવ્યા. એહવે પુદગલનો ધરમ તો પૂરણ ગલણ છે. રાજાનું શરીર તો આહાર પાણી વિના ગ્લાન થયું. તે દેખી સંઘ મળી રાજાને કહે જે, તમો અભિગ્રહ મુકો પારણું કરો. જીન મત બે પ્રકારે છે, એક તો ઉત્સર્ગ મારગ, બીજો અપવાદ મારગ એવું સંઘના મુખથી વચન સાંભળીને પણ રાજાનું મન લગાર માત્ર ડગ્યું નહી તેવારે સંઘ ચીંતાતુર થયો એહવે સુર્ય અસ્ત થયો રાત્રી થઇ સરવ સુઇ રહ્યા. એહવે કવડનામા યક્ષ આવીને શ્રી આચાર્ય ભગવાનને સુપન દીધું, પરધાનને સુપન દીધું, ચારે અધિકારીને સુપન દીધું. જે તમો કોઇ રાજાની તરફથી ચીંતા કરશો નહી એક પોહોર દિવસ ચઢતાં શ્રી સિધાચલજીનાં દર્શન સરવ સંઘને તથા રાજાને હું કરાવીસ એમ કહી જક્ષ ગયો. પરભાતે સરવને તે વાત જાહેર થઇ સંઘને ઘણો હરખ થયો. સંઘ તીહાંથી ચાલ્યો દિન પ્રહર એક ચડ્યો એટલે કવડ જક્ષ કાશમીર દેશની શીમે નવો શ્રી સિધાચલ પરવત તીહાં પ્રગટ કર્યો. તેવારે રાજાદીક સમસ્ત સંઘે જાતરા કરી હરખ પામ્યા. રાજાએ પોતાનો અભીગ્રહ પુરો થયો જાણી પારણું કર્યું તીહાંથી સંઘ સ્વસ્થાનકે ગયો હવે રાજા પ્રભુ દરશન કરે વળી બાહાર નીકળે, વળી જઇ દરશન કરે, એમ સાત આઠ વાર ગયા ને આવ્યા પણ રાજાનું મન ઘર ભણી આવ્યાનું થાય નહી. તેવારે પરધાન પ્રમુખે રાજાને વિનતી કરીજે સ્વામી ચાલો સ્વદેશે જઇએ. તે સાંભળી રાજા બોલ્યા હે પ્રધાન તમો સરવ જાઓ હું અહાં રહીશ. પ્રધાનાદિકે તે વચન પ્રમાણ કર્યું. તીહાં રાજાએ વિમલપુર નગર વસાવ્યું. રાજા તથા પ્રથમ હંસીનામા રાણી બીજી સારસી નામા રાણી તથા હંસના પરધાન એ ચાર સ્વપરીવારે તીહાં રહ્યા નીરંતર પ્રભુજીની સેવા સ્તુતી કરે એકદા ત્યાંહાં એક સુડો સુંદર રૂપવંત આવ્યો તે જોઇ રાજાને ઘણો વલભ લાગ્યો એમ રહેતાં કેટલાક કાળ થયો રાજાએ અંત્ય અવસર આવી જાણી સિધાચલજી ઉપર અણસણ કર્યું તેવારે રાણીઓ પ્રધાન પ્રમુખ ધરમ વચનથી રાજાને નીઝામે છે તેવારે વનને વિષે સુડો દેખી રાજાનું ચીત તે સુડામાં ગયું તેવારે રાજા સુડામાં લીન થયો કરમની વીચીત્ર ગતી છે રાજાને તીર્યંચ આયુ બંધાયું તેથી રાજા મરી સુડો થયો તે રાજાનું મૃત્યુ કાર્ય કરી હંસી સારસી બે રાણીઓ સંસાર સબંધ અથીર જાણી વેરાગ પામી [illegible] ચારીત્ર લઇ

રૂડી રીતે પાળી કાળ અવસરે કાળ કરી સૌધરમાદેવલોકે એ દેવતા થયા તે દેવતાએ અવધી ગ્નાને જોયું પોતાનો ભરથાર સુડાપણું પામ્યો જાણી તે સુડાને પ્રતીબોધ દેવાને ત્યાંહાં આવી પ્રતીબોધ કરયો તે સાંભળી સુડોપણ દેવાંગનાને વચને પોતાનું સરૂપ જાણી અંતે અણસણ કરી મરણ પામી સૌધરમ દેવલોકે દેવતા થયો ત્યાંહાંથી ચવી તે જીતશતરૂ રાજાનો જીવ મકરધ્વજ રાજાનો પૂત્ર શુકરાજાનો પુત્ર શુકરાજા થયો તે શુકરાજાએ પુન્ય પરાક્રમે ઘણા રાજા વેરી તે પણ જીત્યા પોતાનું રાજ ગએલું પાછુ લીધું તેવાર પછી સુગુરૂ સંજોગે ધરમદેશના તીરથ મહીમા સાંભળી એ વીમલાચલ તીરથે આવી જાત્રા કરી અતી આનંદ પામી અનુક્રમે ભાવશતરૂ જે રાગદ્વેષ વેરી જીતી કરમ ખપાવી એ તીરથે સિદ્ધપદ પામ્યા તદાકાળથી એ તીરથનું નામ શતરૂંજય પ્રસિદ્ધ થયું, વળી એ તીરથે ચંદ્રશેખર રાજા દુરાચારી ભગનીનો ભોગવનાર અનરથનો કરણહાર આશ્રવનો સેવનાર એહવો પણ એ તીરથને ફરસી પૂજી સેવી સુગુરૂ પાસે ધરમ સાંભળી સંજમ લેઇ અણસણ કરી મોક્ષપદ પામ્યો, પ્રભુજી પોતાનું આયુ શેષ જાણી શ્રી સમેતસીખરે પધારયા. પ્રભુજીને વજરનાભ પ્રમુખ ૧૧૬ ગણધર ત્રણ લાખ મુની થયા અજીતા પ્રમુખ ૭ લાખ ત્રીસ હજાર સાધવી થઇ ૨૮૮૦૦૦ શ્રાવક થયા ૫૨૭૦૦૦ શ્રાવીકા થઇ. ૩૫૦ ધનુષ દેહ પચાસ લાખ પુર્વનું આયુષ કંચન વર્ણ કપીનું લંછન ૧૦૦૦ મુની સાથે એક માસનું અણસણ કરી વૈશાખ સુદી ૮ સિધીવરયા તેવાર પછે ૯ નવ લાખ કોડ સાગરોપને આંતરે પાંચમા શ્રી સુમતીનાથજી ઉપના ઇતિ ચોથા શ્રી અભિનંદન પ્રભુજીનો સબંધ સંપૂર્ણ નમો શ્રી શતરૂંજય ગીરિરાજાય.

અથ પાંચમા શ્રી સુમતીનાથજિને
માહારો નમસ્કાર હોજ્યો,

હવે પાંચમા શ્રી સુમતીનાથજી કોશલ દેશ કોશલ નગરી મેઘરાજા સુમંગલા માતા તેમની કુખે જયંતનામે ત્રીજા અનુતર વૈમાનથી ચવીને શ્રાવણ સુદી ૨ આવી ઉપન્યા, માતાએ ચઉદેશ માહા સુપ્ન દીઠાં પ્રભાતે રાજાને કહ્યું રાજાએ અષ્ટાંગ નીમીતના જાણને તેડાવી સુપ્નના અરથ પૂછ્યા. નીમીતીએ કહ્યું જે, રાજાનો રાજા જીસર વા ચક્રવરતી થશે. તે સાંભળી તે નીમીતીયાઓને દાન માન દેઈ વીસર્જન કરયા. હવે અનુક્રમે ગરભને સુખે સુખે પાળતાં પૂરણ ગર્ભકાળે વૈશાખ સુદી ૮ મે

શુભયોગ આવ્યે પ્રભુજીને જાયા, છપંન દીશી કુમરી આવી ઉચીત કરણી કરી સ્વસ્થાનકે જતી હવી. ચોસઠ ઈંદ્રે પ્રભુજીનો જન્મ ઓછવ કીધો નંદીશ્વર દ્વીપે જઈ અઠાઈ મહોત્સવ કરી સ્વસ્થાનકે ગયા, પ્રભુનું નામ સુમતીનાથ શા માટે દીધું. જ્યારે પ્રભુજી માતાની કુખે હતા તેવા અવસરે રાજ સભામાં બે સોકયોનો ઝગડો ચાલ્યો, એક પુત્ર હતો તે એક કહે મહારો પુત્ર છે, બીજી કહે મહારો પુત્ર છે, તે વાતનો રાજાદિકથી ન્યાય થયો નહી. એકદા પ્રભુજીની માતા સભામાં તે બંન્ને સોકયોને બોલાવી પુછ્યું તે બે જણીઓ પુરવનીપરે બોલી. તે સાંભળી પ્રભુજીની માતાએ બુદ્ધીબળે તરત સુમતીએ વિચારી કહ્યું એ પુત્ર બંનેને વેંચી આપો તે સાંભળી એક બોલી ઠીક એમ કરો. બીજીએ વિચાર્યું જે પુત્ર જીવતો હશે તો રૂડું પણ વેંચી લેવો નહી. એમ વિચારી બોલી કે, હે સભાસદો તમો એ પુત્ર સુખે મારી સોકને આપો મારે ભાગની ખપ નથી. પુત્ર જો સુખમાં રેહેશે તો મારા ધણીનું ઘર નામ રેહેશે. તે સાંભળી પ્રભુજીની માતાએ વિચાર્યું જે સાચી માતા વીના પુત્ર ઉપર આવડો રાગ હોય નહી. માટે એ પુત્ર તો બીજીનો છે એમ ન્યાય વિચારી પેહેલીને નીભંછી કાહાડી મુકી બીજીને સાચી જાણી પુત્ર સુંપ્યો. એ વાતથી રાજાએ નિર્ણય કરયો જે રાણીના ગરભનો મહીમા માટે પુત્ર જન્મ થશે તેવારે સુમતી નામ દેઈશુ. વાપ્રભુજી ભલી મતીવંત લોકોતર છે માટે સુમતી નામ દીધુ અનુક્રમે પ્રભુજી યોવનવય પામ્યા. અવધી જ્ઞાને દિક્ષાકાળ જાણી પુત્રાદિકને રાજ વીભાગ આપી છંવત્સરી દાનમાં દીન પ્રતે ૧ ક્રોડ આઠ લાખ દિનારે દેઈ જગતનું દળદ્ર દુર કરી વઈશાખ સુદી ૯ દિક્ષા લેઈ પ્રભુજી અપ્રતીબંધપણે વીહાર કરતા હવા. અનુક્રમે ૨૦ વરસ સુધી છદમસ્થ અવસ્થા ભોગવી જ્ઞાનાવરણી દરશનાવરણી મોહની કરમ અંતરાય કરમ એ ચારે ઘાતી કરમ ક્ષય કરી ચયતર સુદી ૧૧ કેવળ જ્ઞાન પામ્યા. ઈંદ્રાદિકે જ્ઞાન મહીમા કરયો, સમોસરણ રચ્યું. ત્રણ ગઢમાં ત્રીગડે બેશી બાર પરખદામાં પ્રભુજીએ દેશના દીધી કે સંસારમાં ભમતાં જીવને કોઈ જાતી પ્રમુખ રહી નથી કે જેનથી અનુભવ્યુ. માટે એ સંસાર જન્મ જરા મરણ, રોગ, શોક, અગ્ની, ચોરાદીક અનેક દુઃખ મુકી તપ સંજમ આરાધી દુખ કરમથી મુકાઈ સુખી આ થાઓ. ઈત્યાદિક પ્રભુજીની વાણી સાંભળી ઘણા જીવ પ્રતિબોધ પામી ચારીત્ર લેઈ નીજકાર્ય સાધતા હવા. પ્રભુજી અનુક્રમે સિદ્ધાચળજી પધારયા તીહાં તે તીર્થનો મહીમા વરણવ્યો. તે સાંભળી ઘણા સાધુ પ્રમુખ તે તીર્થે અણસણ લેઈ સિદ્ધિપદ વર્યા. પ્રભુજીને ચમર આદે ૧૦૦ ગણધર થયા, ૩૨૦૦૦૦ સાધુ થયા, કાસ્યપીજી આદે ૫૩૦૦૦૦ સાધવી થઈ ૨૮૦૦૦૦ શ્રાવક થયા, ૫૧૬૦૦૦ શ્રાવીકા થઈ. ઈત્યાદિક અનેક જીવને પ્રતિબોધી શેષ આયુ જાણી શ્રી સમેતશિખર તીરથે પધારી અણસણ કરી ચાલીસ લાખ પુરવનું સરવ આયુ પાળી ૩૦૦ ધનુષ દેહમાન કંચન

વરણ ક્રૌચપક્ષીનું લંછન એમ ૧૦૦૦ મુની સાથે સિદ્ધિપદ પામ્યા. તેવાર પછે હજાર કોડ સાગરોપમને આંતરે છઠા શ્રી પદમ પ્રભુજી થયા. ઇતિ શ્રી પાંચમા સુમતિનાથજીનો અધીકાર સંપૂર્ણ થયો નમોસ્તુ શ્રી શત્રુંજય ગિરીરાજાય. ॥ ૫ ॥

अथ छठा श्री पदम प्रभुजीने माहारो नमस्कार होज्यो,

હવે શ્રી પદમ પ્રભુજી વછદેશ કોસંબી નગરી ધર્મરાજા સુસિમારાણી તેની કુખે નવમા ગ્રૈવેકથી ચવીને આવી માહા વદી ૬ ઉપન્યા તેવારે માતાએ ચઉદ સુપન દીઠાં ધર્મ જાગરણે જાગી પ્રભાતે રાજા પાસે આવી હાથ જોડી જય વીજય શબ્દે વધાવી ચઉદ સુપન કહી દેખા રાજાએ સાંભળી ચીતમાં હર્ષ પામી મધુર વચને કહ્યું જે રાણી તમો જે સુપન દીઠાં તેથી આપણા કુળરૂપ દેહરાને શોભાવક ધજા સમાન પૂત્ર નક્ષી થશે વાતતો પુર્વવત જાણવી અનુક્રમે સુખે પ્રભુજી શુભ ચંદ્રાદિક યોગે કારતિક વદી ૧૨ જન્મ્યા દેવતાદીકના ઇંદ્રે ઓછવ કરેચો હવે પ્રભુનું પદમપ્રભુ નામ કેમ દીધુ તે કહે છે પ્રભુજી ગર્ભે આવી ઉપના પછી માતાને કમલની સજ્યામાં સુવાનો દાહોલો જે અભીલાષ થયો તે દેવ મહીમાથી દાહલો પૂરયો તેથી જાણ્યું જે ગરભનો મહીમા માટે પુત્રનું નામ પદમ દઇશું તેથી અથવા પ્રભુજી રાતા કમલને વરણે છે માટે અથવા કમલ જલ પંકથી ઉપનુ તે એથી જુદુ રહે છે તીમ પ્રભુજી પણ કર્મકરદમથી ઉપના ભોગ જલે વ્રધી પામ્યા તોપણ તે એથી અલેપપણે રહે છે હવે પ્રભુજી અનુક્રમે યોવન વય પામ્યા જાવત છંવત્સરી દાન દેઈ કારતીક વદી ૧૩ ચાર માહાવૃત ઉચરી વીહાર કરતા છ માસ છદમસ્થ પર્યાય પાળી શુક્લધ્યાન યોગે ઘાતી કર્મ ક્ષય કરી ચૈત્ર સુદી ૧૫ કેવળજ્ઞાન પામ્યા દેવતાએ આવી સમવસરણની રચના કરી પ્રભુજી ત્યાંહાં બેસી બાર પર્ષદામાં ધર્મદેશના દીધી.

सर्व लोकतो विलुकतेष,

તે ધરમદેશના સાંભળી ઘણા જીવ પ્રતીબોધ પામ્યા પ્રભુજીને હાથ જોડી વી-

નતી કરતા હવા હે કૃપાનાથ સંસાર સમુદ્રથી ઉધરો પ્રભુજી પણ કેહેતા હવા મા-પડીબંધ તેવારે પ્રદ્યોતન પ્રમુખ ૧૦૭ ગણધર થયા અનુક્રમે સંઘ થાપના કરી તે વાર પછે પ્રભુજીએ શ્રી સિધાચલ તીરથનો મહીમા પ્રકાસ્યો તે પ્રભુજીની વાણી સાંભળી ઘણા જીવ એ તીરથને વીશે ચારીત્ર લેઇ એ તીરથે મોક્ષપદ પામ્યા પ્રભુજી પણ વિમલાચલ તીરથાદિક તીરથ ભુમી પવીત્ર કરતા અનેક જીવોને ધરમદેશના દેતા શેષ આયુ જાણી શ્રી સમેતસીખર તીરથે પધારી ત્યાંહાં અણસણ કરી સિધ પદ પામ્યા પ્રભુજીનો સંઘ ૧૦૭ ગણધર પ્રદ્યોતન પ્રમુખ ૪૨૦૦૦૦ સાધવી થઇ ૨૭૬૦૦૦ શ્રાવક થયા ૫૦૫૦૦૦ શ્રાવીકા થઇ પ્રભુજીનું ૨૫૦ ધનુષનું દેહ રકત વરણ પદમ લછન ૮૦૩ સાથે એક માસની સંલેખણાથી માગશર વદી ૧૧ સિધ થયા તેવારે પછે નવ હજાર કોડ સાગરોપમને આંતરે સાતમા શ્રી સુપારશ્વનાથજી ઉપના ઇતિ છઠા શ્રી પદમ પ્રભુજીનો અધિકાર સમાપ્ત ૬ નમોસ્તુ શ્રી પુંડરીક ગીરીરાજાય.

अथ सातमा श्री सुपार्श्व स्वामीने

माहारो नमस्कार होज्यो,

હવે સાતમા શ્રી સુપારશ્વ સ્વામી કાશીદેશ વણારશીનગરી પ્રતીષ્ટરાજા પ્રથવી રાણી તેમની કુખે છઠા ગ્રેવેકથી ચવી ભાદરવા વદી ૮ આવી ઉપના માતાએ સુખ સેજ્યામાં સુતાં જાગતાં ચઉદ માહા સુપન દેખી જાગી ધરમ જાગરીકાએ જાગી પ્રભાતે પતીને કહી તેહનો અરથ સાંભળી ગરભને સુખ સમાધે પાળતાં અનુક્રમે જેઠ સુદી ૧૨ શુભ લગ્ને પ્રભુજી જનમ્યા દેવતાએ ઓછવ કરયો પ્રભુનું નામ સુપારશ્વ તે સાભણિદિધુ તે કહે છે પુર્વે પ્રભુના પીતાનાં બે પાસાં ખરસઠ થયાં હતાં તે પ્રભુજી ગર્ભે આવ્યા પછે પ્રભુની માતાએ બે પાસે રાજાને હાથ ફેરવ્યો તેથી બે પાસાં સુંહાળાં થયા તે જોઇ વિચાર્યું જે ગરભનો મહિમા માટે પુત્રનું નામ સુપારશ્વ દીધુ તે પ્રભુજીએ અનુક્રમે અવધી ગ્યાને દિક્ષાકાલ જાણી જેઠ સુદી ૧૩ દિક્ષા લેઇ નવ માસ છદમસ્થ અવસ્થા પાળી ઘાતી કરમ ક્ષય કરી ફાગણ વદી ૬ કેવળગ્યાન પામ્યા દેવતાએ સમોસરણ રચ્યું પરખદામાં પ્રભુજીએ ધરમ દેશના દીધી.

તે સાંભળી શ્રી વીદભ પ્રમુખ ૯૫ ગણધર થયા, ત્રણ લાખ સાધુ થયા. સોમા પ્રમુખ ૪૩૦૦૦૦ સાધવી થઇ ૨૫૭૦૦૦ શ્રાવક થયા, ૪૯૩૦૦૦ શ્રાવીકા થઇ પ્ર-

ત્યાદિક ઘણા જીવને ધરમદેશના દેઈ શ્રી સિદ્ધાચલ તીરથે પધારી તીહાં એ તીરથ નો મહીમા પરૂપતા હવા. તે સાંભળી ઘણા પ્રાણી વૈરાગ્ય પામી એ તીરથ સેવી અણસણ કરી આત્માની કાર્ય સિદ્ધી કરતા હતા, પ્રભુજી પણ પૃથ્વી પવીત્ર કરતા થકા સેષ આયુ જાણી શ્રી સમેત સીખરે પધારયા. કંચન વર્ણ બસે ધનુષ દેહમાન સ્વસ્તીક લંછન વીસ લાખ પુરવનું આયુ પાલી પાંચસે મુની સાથે ફાગણ વદી ૭ સિદ્ધપદ પામ્યા. તેવાર પછી ૯૦૦ કોડ સાગરોપમને આંતરે શ્રી ચંદ્ર પ્રભુજી ઉપન્યા. ઈતિ સાતમા શ્રી સુપાર્શ્વનાથજીનો અધિકાર સમાપ્ત નમોસ્તુ શ્રી સિદ્ધાચલાય.

अथ आठमा श्री चंद्र प्रभुजिने माहारो नमस्कार होज्यो.

શ્રી ચંદ્ર પ્રભુજી પૂરવદેશ ચંદ્રાવતી નગરી મહસેન રાજા લક્ષ્મણા રાણી તેમની કુખે શ્રી વીજયંત વીમાનથી ચવીને ચૈત્ર વદી ૫ મે પ્રભુજી ત્રણ જ્ઞાને ઉપન્યા માતાએ ચઉદ સુપ્ન દીઠાં. એકદા પ્રભુજીની માતાને ચંદ્ર પીવાનો ડોહોલો ઉપન્યો, તે અભીલાષ મંત્રી સ્વબુદ્ધિ બલે પુરયો. તેવારે પ્રભુના માતા પીતાએ ધારયું જે ગરભને પ્રભાવે ડોહોલો ઉપન્યો. માટે પૂત્ર જન્મ થસે તેવારે ચંદ્ર પ્રભુ નામ દેઘશું. એમ કરતાં પોસ વદી ૧૨ પ્રભુનો જન્મ થયો, દેવતાદીકે જન્મો ઓછવ કરયો. માતા પીતાદીકે ચંદ્ર પ્રભુ નામ દીધું. અનુક્રમે ભોગ કરમ ક્ષીણ જાણી વરસીદાન દેઈ ગ્રહસ્તીપણું મુકી પોસ વદી ૧૩ દિક્ષા લીધી. ૩ માસ છદમસ્થપણું પામ્યા લોકાલોકના જે ધરમાસ્તીકાયાદિક પંચાસ્તી કાય જે જ્યાંહાં તેહનો ઉત્પાત વય ધ્રુવ એક સમયમાં ત્રણે કાળનો ભાસ થયો. દેવતાએ સમવસરણ રચ્યું. પરખદામલી પ્રભુજીએ અવસર ઉચીત ધરમદેશના દીધી કે ધરમકાર્ય વિના જગતમાં ઉત્કૃષ્ટ કાર્ય નથી. કોઈ જીવને દુઃખ ઉપજાવ્યા સમાન કોઈ અકાર્ય નથી. પ્રેમરાગ સમાન બંધન નથી. બોધી જે સમકીત તે જે પદાર્થમાં જેવો ગુણ તેને તેવો તે સમાન જગતમાં લાભ નથી. તે માટે શુધ દેવ દોષ રહીત શુધ ગુરૂ સત્ય પાલક પ્રરૂપક શુધ ધરમ સત્ય વીનય પુરવક સરવજ્ઞની વચન અનુસાર ત્રણે તત્વ આદરવાં અને શ્રી શત્રુંજયની સેવા વંદન પ્રમુખ કરતાં આગે અનેક જીવ મોક્ષપદ પામ્યા છે. વરતમાનકાલે સેવે છે તે પામે છે. ભાવી કાલે સેવશે તે મોક્ષ સુખ પામશે. એવી દેશના સાંભળી ઘણા ભવ્ય પ્રાણી પ્રતિબોધ પામી પ્રભુજી પાસે ચારીત્ર લીધાં. પ્રભુજીને દિન પ્રમુખ ૯૩ ગણધર થયા અનુક્રમે સંઘ થાપના કરી પૂરવે તીરથનો

મહીમા સાંભળવાથી સંઘ સહિત શ્રી વીમલાચલના ચંદ્રનામા ઉદ્યાનમાં સમોસર્યા તીહાં સભા સમક્ષ એ તીરથનો મહીમા પ્રકાશ્યો તે સાંભળી ચૈત્યાદિક જીરણ થયાં તે દેખી ચંદ્ર જસા રાજાએ તીરથનો નવમો ઉદ્ધાર કરાવ્યો ઘણા જીવ એ તીરથ સેવી મોક્ષે ગયા. પ્રભુજી અન્યત્ર વીહાર કરતા આપણું આયુ સેષ જાણી શ્રી સમેત સીખર તીરથે પધાર્યા પ્રભુજીને ૨૫૦૦૦૦ સાધુ થયા સુમના આદે ૩૮૦૦૦૦ સાધવી થઈ ૨૫૦૦૦૦ શ્રાવક થયા, ૪૯૧૦૦૦ શ્રાવીકા થઈ, ૧૫૦ ધનુષ પરમાણ દેહમાન, ૧૦ લાખ પુરવનું આયુ, શ્વેતવરણ, ચંદ્ર લંછન, તે પ્રભુજી તીહાં અણસણ કરી ૧૦૦૦૦ મુની સાથે ભાદરવા વદી ૭ મે સિદ્ધ થયા. તેવાર પછે નવ કોડી સાગરોપમને આંતરે નવમા શ્રી સુવીધીનાથ સ્વામી થયા. ઇતિ શ્રી ચંદ્ર પ્રભુજીનો પ્રબંધ સમાપ્ત. નમો શ્રી વિમલાચલ ગીરી રાજાય. ॥ ૮ ॥

अथ नवमा श्री सुविधिनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી સુવિધિનાથ સુન્ય દેશ કાકંદી નગરી સુગ્રીવ રાજા રામા રાણી તેની કુખે આનંત નામે નવમા દેવ લોકથી આવી ફાગણ વદી ૯ મે ઉપન્યા, માતાએ ચઉદ સુપન દીઠાં પ્રભુ કુખે આવા ઉપના પછે પ્રભુના માતા પીતાએ ભલી વીધે ધર્મ અધિક કરયો તેથી વિચારયું જે ગરભનો એ મહીમા માટે પુત્રનું નામ સુવિધી દેઈશું અનુક્રમે પ્રભુજી માગશર વદી ૫ જનમ્યા દેવતાદીકે ઓછવ કરયો પ્રભુજીનું નામ સુવિધિ દીધુ પ્રભુજીએ અનુક્રમે ભોગ કર્મ ક્ષય જાણી વરસીદાન દેઈ માગશર વદી ૬ સંજમ લીધુ ચાર વર્ષ છદમસ્થ પર્યાય પાળી કારતક સુદી ૩ કેવળજ્ઞાન પામ્યા દેવતાએ સમવસરણ રચ્યું પ્રભુજીએ દેશના દીધી.

જ્યાંહાં પાંચ ઇંદ્રીના ૨૩ વીષયથી વીરમણપણું છે ક્રોધ માન માયા લોભ એ ચાર કષાયનો ત્યાગ છે ધર્માધર્મમાં પ્રમાદ રેહીતપણું છે તે ધરમ મોક્ષ સુખને દેનાર જાણવો ઇત્યાદીક દેશના સાંભળી વરાહ પ્રમુખ ૮૮ ગણધર થયા યાવત સંઘ થાપના કરી ત્યાંથી પ્રભુજી વીહાર કરતા શ્રી વિમલાચલે સમોસરી તે તીરથનો મહીમા પ્રકાશ્યો તે સાંભળી કેઈક ભવ્ય પ્રાણી તે તીરથે અણસણ કરી મોક્ષ વા દેવ લોકના ભજનાર થયા પ્રભુજી પણ અનુક્રમે વીહાર કરતા ધરમદેશના દેતા પોતાનું આયુ શેષ જાણી શ્રી સમેત શિખરે સમોસરયા પ્રભુજીનો સંઘ ગણધર ૮૮ સાધુ ૨ લાખ વારૂણી પ્રમુખ ૧૨૦૦૦૦ સાધવી ૨૨૯૦૦૦ શ્રાવક ૪૭૧૦૦૦ શ્રાવીકા ૧૦૦

ધનુષનું દેહ ઉજ્વલ વર્ણ મગરમછનું લંછન ૧૦૦૦ પુરૂષ સાથે ભાદરવા સુદી ૯ સિધીવરેચા તેવારપછે ૯ કોડ સાગરોપને આંતરે દસમા સીતલનાથજી ઉપના ઈતી શ્રી સુવિધીનાથજીનો અધીકાર સમાપ્ત નમો શ્રી મહાવીરજી તીરથ રાજ્ય.

अथ दशमा शिलतनाथजिने

माहारो नमस्कार होज्यो,

દસમા શ્રી સીતલનાથજી મલય દેશ ભદિલપુર નગર દઢરથરાજા નંદારાણી તેની કુખે પ્રાણંત દેવલોકથો ચવીને વઈશાખ વદી ૬ પ્રભૂજી આવી ઉપના માતાએ ચઊદ સુપન દીઠાં અનુક્રમે ગરભવૃધી પામે છે પ્રભુજીના પીતાને દાદાજવરનો રોગ હતો તે પ્રભુજી ગર્ભે આવ્યા પછે પ્રભુજીની માતાનો હાથ ફરસતાં તે રોગ ગયો સીતળતા પ્રગટી તેવારે વિચારયું જે આપણે પુત્ર થશે તેવારે સીતળનામ દેઈશું અનુક્રમે મહાવદી ૧૨ પ્રભુજી જનમ્યા દેવતાએ ઓછવ કરેચો પ્રભુજીનું નામ દેવ શીતળનાથ દીધુ જાવત અવધી જ્ઞાને નિખમણકાળ જાણી વરસીદાન દેઈ સરવને સંતોશી માહા વદી ૧૨ દીક્ષા લીધી વીહાર કરતાં ત્રણ વરષ વીત્યાં ઘાતી કરમ ક્ષય કરી પોસ વદી ૧૦ કેવળગ્યાન પામ્યા દેવતાએ સમોસરણ રચ્યું પ્રભુજી ત્યાંહાં બેસી દેશના દેતા હવા જે હે ભવ્ય જીવો આ શરીર અનીત્ય છે અશૂચી છે અશૂચીથી ઉપનુ છે અસાતાને દુખ તેનો આવાસ છે દુખ કલેશનું વાસણ છે ઇત્યાદિક દેશના દીધી તે દેશના સાંભળી નંદ પ્રમુખ ૮૧ ગણધર થયા સંઘ થાપના કરી અનુક્રમે વીચરતા શ્રી સીધાચલ પધારયા ત્યાંહાં તીરથનો મહીમા પ્રકાસ્યો તે સાંભળી ઘણા જીવ એ તીરથને સેવીને ત્યાંહાં અણસણ કરી સુગતી પામ્યા પ્રભુજી અન્યત્ર વિહાર કરતા ઘંણા. જીવને તારતા શેષ આયુ જાણી શ્રી સમેતસીખરે સમોસરયા પ્રભુજીનો સંઘ ૮૧ ગણધર ૧ લાખ સાધુ સુલસા પ્રમુખ ૧૦૦૦૦ એક લાખને છ સાધવી ૨૮૯૦૦ શ્રાવક ૪૫૮૦૦૦ શ્રાવીકા ઇત્યાદીક પરીવાર ૯૦ ધનુષ દેહમાન ૧ લાખ પુરવનું આયુ કંચન વરણ શ્રી વછ લંછના ૧૦૦૦ પુરૂષ સાથે વઈશાખ વદી ૨ સિધીપદ પામ્યા ૨૯૦૦૦ વર્ષે છે અગીરમા શ્રી શ્રેયાંસ પ્રભુ થયા ઈતિ શ્રી સીતળનાથજીનો સબંધ સમાપ્ત.

अथ आगियारमा श्री श्रेयांसजिने माहारो नमस्कार होज्यो,

શ્રી શ્રેયાંસ પરમેસ્વર સુખ દેશ સિંહપૂર નગર વિસ્નુ રાજા વિસ્નુ રાણી તેમની કુખે બારમા દેવ લોકથી ચવીને જેઠ વદી ૬ ઉપન્યા, માતાએ ચઉદ સુપન દીઠાં. પ્રભૂ ગર્ભે છતાં કુલ ક્રમાંગત દેવતા અધીષ્ઠીત રાજાને શજ્યા હતી તે ઉપર કોઇથી બેસાતુ નથી તે પ્રભુજીની માતાના બેસવાથી તે ઉપદ્રવ કરતા દેવ ત્રાસ પાડી નાશી ગયો. તેથી રાજાદીકે જાણ્યું જે ગરભનો મહીમા તેવારે નિરધાર્યું જે આપણે પુત્રનું નામ શ્રેયાંસ દેવુ અનુક્રમે ફાગણ વદી ૧૨ શુભ યોગે પ્રભુનો જન્મ થયો, દેવ દેવીએ ઓછવ કરયો પ્રભુનું નામ શ્રેયાંસ દીધું. અનુક્રમે પ્રભૂજી સંજમ અવસર જાણી વરસીદાન દેઇ ફાગણ વદી ૧૩ સંજમ લેઇ બે વરસ છદમસ્થ પ્રયાય પાળી ઘાતી કરમ ચારનો અંત કરી માહા વદી ૦)) કેવળ ગ્નાન પામ્યા. દેવે સમોસરણ રચ્યું પ્રભુજીએ દેશના દીધી જે વૈભવ ક્ષણમાં આવે, ક્ષણમાં જાય, ક્ષણમાં સુખમાં ફરે, ક્ષણમાં દુઃખમાં ફરે ક્ષણમાં સંયોગ, ક્ષણમાં વીયોગ, તે માટે સંસારમાં કોઇ પણ સુખ નહી. કોસ્તુભ પ્રમુખ ૭૬ ગણધર થયા, સંઘ થાપના કરી, શ્રી સિધાચલજીએ આવી સમોસર્યા. દેશનામાં તીરથ ગુણ વખાણ્યા તે સાંભળી કેટક જીવ ચારીત્ર લેઇ અણસણ કરી મોક્ષ પામ્યા. પ્રભુજી તીહાં વીહાર કરતા ભવ્ય કમલ પ્રતિબોધતા, સેષ આયુ જાણી શ્રી સમેત સીખરે પધારયા પ્રભુજીને ૭૬ ગણધર ૮૪૦૦૦ મુક્ષુ ધારણી પ્રમુખ ૧૦૩૦૦૦ તપોધની, ૨૭૯૦૦૦ શ્રમણો પાસક, ૪૪૮૦૦૦ શ્રમણો પાસીકા ૮૦ ધનુષ દેહમાન ૮૪૦૦૦૦ વરશનું આયુ સોનાવરણી દેહ ખડગી લંછન ૧૦૦૦ સાધુ સાથે શ્રાવણ વદી ૩ સિધ થયા તે વાર પછે ૫૪ સાગરોપને આંતરે બારમા શ્રી વાસપુજ્ય સ્વામી થયા ઇતિ શ્રી શ્રેયાંસ પ્રભુનો સબંધ સમાપ્ત નમોસ્તુ વિમલાચલ તીરથ રાજાય.

अथ बारमा श्री वासुपुज्याजिने माहारो नमस्कार होज्यो,

શ્રી વાસુપુજ્યજી અગદેશ ચંપાનગરી વસુપુજ્ય રાજા વિજયારાણી તેની કુખે પ્રાણંતસ્વરગથી ચવિને જેઠ સુદી ૯ પ્રભૂજી ત્રણ ગ્નાનથી આવી ઉપના માતાએ ચઉદ સુપન દીઠાં હવે પ્રભુજીનુ નામ વાસુપુજ્ય સાંભળી દિક્ષુ પ્રભુજી ગરભે આવ્યા

તેવારે પ્રભુજીની માતાને દેવતા આવી વાસથી વારંવાર પૂજા કરી જતા તેથી તથા પ્રભુ ગરભે આવ્યા પછે રાજાને કોઇક રતનની ભેટ મુકી ગયુ તેથી તેને ગરભના મહીમા જાણી વિચારયું જે આપણે પુત્રનું નામ વાસુપૂજ્ય દેઈશુ તે વાર પછે ફાગણ વદી ૧૪ સુભયોગે પ્રભુજી જનમ્યા દેવ દેવીએ ઓછવ કરચો પ્રભુનું નામ વાસુપૂજ્ય દીધુ પ્રભુજી ભોગ સમરથ થયા જાવત ચાર ચાર ભોગ ભોગવી તે કર્મ ત્યાને કરી ક્ષય થયું જાણી વરસીદાન દેઈ સરવને સંતોષી ફાગણ વદી ૦) ચારીત્ર લેતા હવા. અનુક્રમે વિચરતાં એક વર્ષ છદમસ્થ પર્યાય પાળી શુકલધ્યાન યોગે ઘાતી કમ ક્ષય કરી મહા સુદી ૨ કેવળગ્નાન કેવળ દર્શનાદિક ગુણ થયા દેવતાએ સમોસરણની રચના કરી ત્યાંહાં બેસી પ્રભુજીએ ધર્મ દેશના દીધી જે પૂત્ર મીત્ર પીતા સજ્જન ભાઇ લોક દ્રવ્ય તે સરવે સમરથ ન થાય મરણ કાળે દેવતાના ગણ પણ સીદાય માટે હે ભવ્ય પ્રાણીઓ આત્મ ધરમ અવીનાશી સાચો સાંકળકારક જાણી તે સુખ પ્રગટ કરવો તે સાંભળી ઘણા જીવ પ્રતીબોધ પામ્યા તેવારે સુભુમ પ્રમુખ ૬૬ ગણધર થયા જાવત સંઘ થાપના થાપી અન્યત્ર વીહાર કરતા શ્રી સિધાચલજી પધારચા ત્યાંહાં સમોસરણની રચના થઇ પ્રભુજી ત્યાંહાં બેસી દેશના દીધી ત્યાંહાં એ તીરથ નો મહીમા વરણવ્યો તે સાંભળી ઘણા જીવ એ તીરથને સેવી સુખી થયા પ્રભુજી ત્યાંહાંથી અન્યત્ર ક્ષેત્રે વીહાર કરતા આયુ કર્મ શેષ જાણી શ્રી ચંપાનગરીએ પધારતા હવા પ્રભુજીનો સંઘ ગણધર ૬૬૭૨૦૦૦ અણગાર ધારણી પ્રમુખ ૧ લાખ ભીખુણી ૨૧૫૦૦૦ શ્રાવક ૪૩૬૦૦૦ ચાર લાખને છત્રીસ હજાર શ્રાવીકા ૭૦ ધનુષ દેહમાન ૭૨ લાખ વર્ષનું આયુ પાળી રકતવરણ મહીષ લંછન ૬૦૦ પુરૂષ સાથે અણસણ કરી ઘાતી કર્મની ૮૫ પ્રકૃતી ચઉદમે ગુણઠાણે ક્ષય કરી એક આકાશ પરદેશની સમશ્રેણે લોકાગ્રે અશાડ સુદી ૧૪ પોહોતા તેવાર પછે ૩૦ સાગરોપમને આંતરે તેરમા શ્રી વિમલનાથજી થયા ઇતિ શ્રી વાસુપૂજ્યજીનો અધિકાર સમાપ્ત નમોસ્તુ મુકતીનીલય તીરથરાજાય.

अथ तेरमा श्री वीमलनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી વિમલનાથ પંચાલદેશ કંપિલપૂર નગરે કૃતવર્મ રાજા શ્યામા રાણી તેમની કુખે આઠમા દેવલોકથી ચવી વૈશાખ સુદી ૧૨ ઉપના તેવાર પછે પ્રભૂનીજી માતાએ ચૌદ સુપ્ન દીઠાં પ્રભુજીનું નામ વિમલ સાળજી દીધુ પ્રભૂજી ગરભે આવ્યા પછે પ્રભુની માતાને વિમલમતિ અધીક ઉપની ઘણા ન્યાય કરચા તેથી રાજાદીકે જાણ્યું જે આ મહિમા

પુત્રનો માટે પૂત્રનું નામ વિમલ દેઈશું એમ નીરધાર્યું અનુક્રમે માહા સુદી ૩ શુભ યોગે પ્રભુજી જનમ્યા દેવતાએ ઓછવ કરયો વિમલનામ દીધું અનુક્રમે પ્રભુજી વરાગ્યવંત થઈ વરસીદાન દેઈ માહા સુદી ૪ ચારીત્ર લીધું મોહ સાથે સંગ્રામ કરતાં બે વરસ છદમસ્થ અવસ્થા વીતાવી ઘાતી કર્મ ક્ષય કરી પોસ સુદી ૬ કેવળગ્નાન પામ્યા દેવતાએ સમોસરણની રચના કરી ભગવંતે સિંહાસને બેસી પરમદેશના દીધી જે માતા પીતા ભાઈ સ્ત્રી પુત્ર શરીર લક્ષ્મી તે સરવે ભવસમુદ્ર ઘોર ભયંકરના દુખ માં ભમતાં તે સરવેમાં કોઈ શરણ ન થાય માટે પરમ તેજ શરણ છે ઇત્યાદિક દેશના સાંભળી મંદર પ્રમુખે પ્રથમ વ્રત લીધું ભગવંતે ગણધર પદ આપ્યું, સંઘ થાપના કીધી અનુક્રમે વીચરતા થકા શ્રી શત્રુંજે સમોસર્યા ત્યાંહાં દેશનામાં એ જ તીરથનો મહીમા વરણવ્યો તે સાંભળી કેઈક જીવ પ્રતીબોધ પામી એ તીરથને સેવી સુખી થયા ભગવંત વીચરતા પૃથવી પાવન કરતા શેષ આયુ જાણી શ્રી સમેત શિખરે સમોસર્યા ત્યાંહાં અણુસણ કરયું. ભગવંતનો સંઘ મંદર પ્રમુખ ૫૭ ગણધર ૬૮૦૦૦ અડસઠ હજારે સાધુ ધરા પ્રમુખ ૧૦૦૮૦૦ સાધવી ૨૦૮૦૦૦ શ્રાવક ૪૨૪૦૦૦ શ્રાવીકા ૬૦ ધનુષ દેહ સાઠ લાખ વરસનું આયુ સોનાવરણી કાયા સુવરનું લંછન ૬૦૦૦ મુની સાથે અશાડ વદી ૭ સિધ થયા તેવાર પછે ૯ સાગરોપમને આંતરે ચઉદમા શ્રી અનંતનાથજી થયા ઇતિ શ્રી વિમલનાથજીનો અધિકાર સમાપ્ત, શ્રી મુક્તિવીજય તીરથપતાને નમુ.

अथ चउदमा श्री अनंतनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી અનંતનાથજી કોશલ દેશ અયોધ્યા નગરી સિંહસેન રાજા સુજસા રાણી તેમની કુખે દશમા દેવલોકથી ચવીને શ્રાવણ વદી ૭ આવી ઉપન્યા માતાએ ચઉદ સુપ્ન દીઠાં. તેવાર પછે પ્રભુજીની માતાએ સુપ્નમાં અનંત તેજની ફુલ માળા દીઠી, તથા લોકોને તાવ આવતો તે લોકોને માતાએ અનંત નામે ગાંઠ પાડી દોરા કરી આપ્યા તેથી સમાધી થઈ તેવારે સરવે જાણ્યું જે ગરભનો પ્રભાવ માટે પૂત્રનું નામ અનંત થાપીશું. અનુક્રમે વઈશાખ વદી ૧૩ ભગવંત જનમ્યા, દેવ દેવીએ ઓછવ કરયો અનંત નામ દીધું ભગવંત યોવન વય પામ્યા. અવધી ગ્નાને દિક્ષા કાલ જાણી વરસીદાન દેઈ સકલ પરીવારને સંતોષી વઈશાખ વદી ૧૪ સંજમ ધારી થયા. ૩ વરસ છદમસ્થપણું પાળી ઘાતી કરમ ટાળી કેવળ ગ્નાન પામતા હવા. હવે સમોસરણ રચ્યું ત્યાંહાં ભગવંતે દેશના દીધી.

यत काव्य,

जैने धर्म प्रगट विभव संगति साधु लोके,
विद्व द्गोष्टि बचन पटुता कौषल तत्क्रियासु;
साधवी लक्ष्मी चरण कमलो पासनं सदगूण रुणां,
शुद्धं शिल मात रमलता प्राप्यते भाग्य वद्भिः॥ १

એ દશ પ્રકારે મનુષભ પ્રાણીઓને પામવા દુર્લભ છે માટે પામીને પ્રમાદ ન કરવો. ઇત્યાદિક ભગવંતની વાણી સાંભળી જસ પ્રમુખે વ્રત લીધું. ભગવંતે ત્રીપદી કહી તેજ ઉપનેવા વિગ્નેવા, ધરુવેવા, તે સાંભળી દ્વાદસાંગીની રચના કરી ૫૦ ગણધર પદે થાપ્યા, સંઘની થાપના કરી ભગવંતજી પૃથ્વી પાવન કરતા શ્રી સિદ્ધાચલજીએ સમોસરચા, હવે સમોસરણ રચ્યું, ભગવંતજીએ બેસી દેશનામાં એ તીરથનું મહાતમ્ય પ્રકાસ્યું તે સાંભળી ઘણા જીવો એ તીરથ સેવી સુગતી ભોગી થયા, ભગવંતજી પણ ભુમંડળ પવીત્ર કરતા. જાવત આયુ અંત્ય જાણી શ્રી સમેતસીખરે પધારચા. ભગવંતજીનો પરિવાર જસ પ્રમુખ ૫૦ ગણધર ૬૨૦૦૦ મુની થયા. પદમાવતી પ્રમુખ ૬૨૦૦૦ બાસઠ હજાર સાધવી થઇ ૨૦૬૦૦૦ શ્રાવક થયા. ૪૧૪૦૦૦ શ્રાવીકા થઇ ૫૦ ધનુશ દેહમાન, કંચનવરણ ૩૦ ત્રીસ લાખ વરસનું આયુષ સિંચાણા પક્ષીનું લંછન ૭૦૦૦ મુની સાથે ચઇતર સુદી ૫ સિદ્ધ થયા તેવારે પછે ચાર સાગરોપમને આંતરે શ્રી ધરમનાથજી થયા. ઇતિ શ્રી અનંતનાથજીનો અધિકાર સમાપ્તં. નમોસ્તુ શ્રી પુંડરીકગીરી રાજાય. ॥ ૧૪ ॥

अथ श्री पंदरमा धर्मनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી ધરમનાથજી સુન્મદેશ રત્નપુરી નગરી ભાનુ રાજા સુવરતા રાણી તેમની કુખે વિજયનામા વિમાનથી ચવીને વઇશાખ સુદી ૭ ભગવંતજી આવી ઉપન્યા. ભગવંત ગરભે આવ્યા પછી ભગવંતનાં માતા પીતાદિક ઘણી વીધીશું ધરમ કરવા લાગ્યાં તેથી વિચારયું જે આપણે પૂત્રનું નામ ધરમનાથ દેઇશું. જાવત માહા સુદી ૩ શુભ યોગે ભગવંતજી જનમ્યા, દેવ દેવીએ ઓછવ કરયો, પૂરવ સંકેતિક ધર્મનાથ નામ દિધું. જાવત ભોગ કરમ ક્ષીણ જાણી વરસીદાન દેઇ આગારવાસ મુકી

મહા સુદી ૧૩ અણુગાર થયા. જાવત મુનપણે ધરમોપદેશ વીના બે વરસ છદમસ્થ પ્રયાય પાલી પોસ સુદી ૧૫ કેવળ ગ્નાન ઉપન્યું. દેવતાએ સમોસરણ રચ્યું, ભગવંત જીએ તીહાં બેશી ધર્મોપદેશ દીધો.

સર્વ જીવની દયામાં રમણ કરવું, પાંચ ઇંદ્રીના સમુહને વિષયથી વરત નિયમા દીક્ષ કરી વશ કરવી નિરંતર હીત મીત ભયાદીકે રહિત સાચું વચન બોલવું એ ધર્મનું સાર એ રીતે જાણી આદરી પાલી સુખીયા થયા થશે ને તમો થાઓ. ઇત્યાદિક દેશના સાંભળી અરીષ્ટાદિક પ્રતિબોધ પામી ઉભા થઇ હાથજોડી વીનય પુર્વક વાંદી ભગવંત પાસે ચારીત્ર લીધું. ભગવંતજીએ તે અરીષ્ટ પ્રમુખ ૪૩ ગણધર પદે થાપ્યા, તે વાર પછે સંઘ થાપના કરી. અપરક્ષેત્ર મંડપે વીચરતા ધરમ દેશના દેતા. એકદા શ્રી વિમલગીરીએ સમોસર્યા, દેવે સમોસરણ રચ્યું તીહાં બેશી ભગવંતજીએ દેશના દીધી જાવત એ તીરથનો મહીમા પ્રકાશ્યો તે સાંભળી ઘણા જીવો એ તીરથ સેવી સંસાર બંધનથી મુકાણા અમૃતપદ પામ્યા. ભગવંતજી પણ ગામાનું ગ્રામ પ્રકાશ કરતા, અંત અવસર જાણી શ્રી સમેતસીખરે આવ્યા, ભગવંતનો સંઘ અરીષ્ઠ પ્રમુખ ૪૩ ગણધર ૬૪૦૦૦ મુની આર્યદીના પ્રમુખ ૬૨૪૦૦ સાધવી ૨૦૪૦૦ શ્રાવક દેશ વ્રત ૩૧૩૦૦૦ શ્રાવીકા ૪૫ ધનુષ દેહમાન ૧૦ લાખ વરસનું આયુષ કંચન વરણ વજરનું લંછન ૮૦૦ મુની સાથે અણસણ કરી જેઠ વદી ૫ અક્ષય પદ પામ્યા. તેવાર પછે ૩ સાગરોપમને આંતરે સોળમા શ્રી શાંતીનાથજી થયા. ઇતિ શ્રી ધરમનાથજીનો અધિકાર સમાપ્ત. નમોસ્તુ શ્રી વિમલાચલ તીરથ રાજાય. ॥ ૧૫ ॥

अथ सोळमा श्री शांतिनाथजिने माहारो नमस्कार होज्यो.

શ્રી શાંતીનાથજી કુરૂદેશ હસ્તીનાગપૂર નગર વિશ્વસેન રાજા અચિરા રાણી તેની કુખે સરવારથ સિધ વિમાનથી ચવીને ભાદરવા વદી ૭ આવી ઉપના માતાએ ચઉદ સુપન સૈવાર દીઠાં અનુક્રમે ભગવંત જેઠ વદિ ૧૩ જનમ્યા દેવતાદિકે જન્મ ઓછવ કરેચો ભગવનું નામ શાંતિનામ શાથી દીધુ જેવારે ભગવંત ગરભે ઉપના તે પૈહેલાં લોકમાં મરકીનો રોગ હતો તે ભગવંતની માતાએ ધારાવાણી દીધી તેવારે રોગ ની શાંતી થઇ તેથી શાંતિનાથ નામ દીધુ અનુક્રમે ભગવંત યોવનવય પામી છખંડ સાધી ચક્રવરતી થયા તે પદવી ભોગવી તે કરમ ક્ષય જાણી વરસીદાન દેઇ જેઠ વદી ૧૪ દિને ચારીત્ર લેઇ વીહાર કરી ગ્રામાનું ગ્રામે વીચરતાં યાવત ૧ વરશે ચ્યાર ઘાતિ કર્મને ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા દેવતાએ સમોસરણ રચ્યું ભગવંતે ત્યાહાં બેસી દેશનાદીધી

અરથાત સર્વ જીવનું રખોપુ કરો, સત્ય વચન બોલો, પરનું ધન તજો. અનાચાર પરદારાથી તજો, પરીગ્રહ ને ધન ધાન્યાદીકની મમતા મુકો, માઠી જોનીમાં જવાના મુળ કારણ જાણીને મુકો, ધરમરૂપ ખરચી કરો, આ મનુષ્યપણું વારંવાર પામવું દુલભ છે માટે અજોગ મારગ મુકી સુખનો મારગ સેવો. ઇત્યાદિક ધરમ દેશના સાંભળી ઘણા જીવ પ્રતીબોધ પામ્યા. ઘણા ભવ્ય પ્રાણીઓએ ચારીત્ર લીધુ ચક્રાયુધ આદિ ૩૬ ને ગણધર પદ દિધું ચતુરવિધ સંઘસ્થાપના કરી વીચરતા કુરૂ દેશ હસ્તીનાગપુરના કુસુમ ઉદ્યાનમાં આવી સમોસરયા દેવે સમોસરણ રચ્યું તે દેખી વનપાલકે ચક્રાયુધરાજાને વધામણી દિધી તે સાંભળી ચક્રાયુધરાજા હરખ પામી સંતોષ દાન દેઈ સાડંબરે પ્રભુને વાંદવા આવ્યા. વાંદી યથાયોગ્ય થાનકે પ્રભુ સનમુખ બેઠા પ્રભુજીએ પણ ધરમદેશના દીધી કે યરપાત શ્રીવિમલાચળ તીર્થનો મહીમા પરૂપ્યો. તે સાંભળી ચક્રાયુધ ઉઠી પ્રભુને વીનંતી કરી જે સ્વામી એ તીર્થનો મહીમા સાંભળી મુજને જાતરા કરવાનો હર્ષ થયો માટે સંઘ સહીત જાત્રા કરીશ. તે વાત સાંભળી સુધરમાઈંદ્રે વાસખેપનો થાળ આગે ધરયો. પ્રભુજીએ ચક્રાયુધને મસ્તકે વાસખેપ કરી સંઘપતી પદ આપ્યું. તે વારે પછી ઈંદ્રે માળ પેહેરાવી. ચક્રાયુધે ઘેર આવીને દેશો દેશ કંકોતરીઓ લખી સંઘ તેડાવી સંઘ સહીત ચક્રાયુધનીજ રીદ્ધી સહ ઇંદ્રને સાથે લેઈ ઈંદ્રે આપ્યું શ્રીસાતીનાથજીનું મણીમય દેહેરાસર તે આગળ કરી સુમુહુરતે સંઘભક્તિ, સ્વામીવછલ, તીર્થજાત્રા, જિનસાસનની ઉન્નતી કરતા શ્રીસિદ્ધાચળજી પધારયા. ગિરીરાજને નયણે નીરખીને સોના રૂપાનાં ફુલ મોતિ થાળ ભરીને ઘણે આનંદે વધાવતા હવા. અનુક્રમે સુભ સ્થાનકે સંઘમુકામ શ્રી સાંતીનાથજીના દેહેરાસર સહીત કરયું તિવારે એક વિદ્યાધરે આવી વીનંતી કરી જે સ્વામી હું વૈતાઢ પરવતનો વાસી કલાપ્રીય નામે વિદ્યાધર છું. મારા બાપીકુ રાજ્ય પાળતો હતો, તે વારે બીજા વિદ્યાધરે શત્રૂ થઇ માહાર રાજ્ય લીધુ માટે આપ પુન્યવંત પધારી માહારૂ રાજ્ય મુજને અપાવો. તે સાંભળી તે વિદ્યાધર સાથે વૈમાને બેશી વૈતાઢે આવી તેનુ રાજ્ય અપાવી તેની બેહેન ગુણાવળી આદેને પરણી પરીવાર સહીત તે વિદ્યાધર રચીત વઈમાને બેશી સંઘમાં આવતાં એક રમણીક વનદેખી તીહાં ઉતરી વનની શોભા જોતાં એક સરોવર દીઠું તે સરોવરની સોભા જોતાં એક જીન પ્રસાદ દીઠો ત્યાંહા જઈ પુજા સેવા કરી ગુણસ્તવી દેહેરાસરની શોભા જોતાં એક ગોખે વિચિત્ર રૂપની વાંદરી બેઠી દીઠી, તે મનોગ્ન જાણી ચક્રાયુધે હાથે ફરસી તે વારે તે વાંદરી દિવ્ય રૂપે સ્ત્રી થઇ તે જોઈ ચમત્કાર પામ્યા. તીવારે બે વિદ્યાધર પ્રગટ થઇ તેહમાંથી એક બોલ્યો જે જે હે ચક્રવરતજી એ બાઇ વિદ્યાધરની પુત્રી છે તેને એક દેવીનો શ્રાપ થયો તેથી વાંદરી થઈ તે જોઇ દેવીને પાછી કરૂણા આવી તેથી કહ્યું જે જા તુજને શ્રીસાંતીનાથજીનો પુત્ર ચક્રાયુધ મનુષણી કરશે ને તુજને પરણશે

માટે સ્વામી આપ પાણીગ્રહણ કરો. તે સાંભળી તેહને પરણી આગળ ચાલતાં એક જટાધારી તાપસ દીઠા તેને રાજાએ પુછ્યું તુમો કોણ છો, કેમ અહાં રહ્યા છો, કોને ભજો છો શું વરત નીયમ પાળો છો તે સાંભળી તે તાપસ બોલ્યો જે હું વિદ્યાધર હતો. સંસાર દુખની ખાણ જાણી કછ માહાકછના કેડવાના તાપસ પાસે તાપસ થયો. તે હું ઇહાં રહુ છું ખીણ પાણી ભોમી શયન કરૂ છું તપ કરૂ છું પારણે કંદમુળાદિક ભક્ષણ કરૂ છું શ્રીરીષભદેવજીને ભજુ છું. તે સાંભળી ચક્રાયુધ બોલ્યા કે એતો મીથ્યાત ધર્મ છે તે સાંભળી કલાપ્રીય બોલ્યો કે સ્વામી ભગવાનને ભજે છે ને શીળ તપ ધરે છે તો મીથ્યાધર્મ કીમ કહો છો તીવારે ચક્રાયુધ બોલ્યા જે જેનું નામ જપો છો તેમનુંજ વચન છે કે કંદમુળમાં અનંતા જીવ ઉપજે ચવે છે તેથી ભક્ષણ કરી ધરમ માને છે તેજ મીથ્યાપણું જાણવું માટે ધરમ તો તે કહેવો જે અભક્ષ ૨૨ રાત્રીભોજન અનંતકાય કંદ પ્રમુખ તજી સુદ્ધ શ્રદ્ધાએ ઉત્તમ દેવ ગુરૂ ધરમ સહીત તપ જપ વરત નીયમ પાળવું. તે સાંભળી તાપસ પ્રતીબોધ પામી બોલ્યો જે હે ધર્મગુરૂ મુજને પરમ દેવ ગુરૂ બતાવો તે સાંભળી તે તાપસને લેઇ વઇમાને બેશી સંઘમાં આવ્યા. સંઘે સંઘવી પધારયાના હરખનાં વાજીત્ર વગડાવ્યાં. રૂડાં ગીત ગાઇ ઓછવ કર્યો. તિવાર પછે શ્રી ગિરીરાજ ઉપર સપરીવાર સંઘ તાપસ ઇંદ્ર સહીત ચડ્યા ઉપર ગયા શ્રી રીષભદેવજીને વાંદી પુજી જાત્રા કરી. તીહાં તીરથ મહીમા વીચારી દેરાં જીરણ થયાં જાણી શ્રીચક્રાયુધજીએ એ તીર્થે શ્રીભરતરાજાની પરે દશમો ઉદ્ધાર કરાવ્યો, જીહાં પ્રાસાદ નહોતા તીહાં નવીન કરાવ્યા. પછે તે તાપસે તીરથ મહીમા જોઇ જ્ઞાનીને પોતાના કાર્યની સિદ્ધી પૂછી તેમને કહ્યું જે આ પરવતથી એક જોજન હેઠા ઉતરી એક ટુંક આવે છે તિહાં તુમારી કાર્યસિદ્ધી થશે તે સાંભળી તીહાં જઇ અણસણ કરયું જાવત કરમ ક્ષય કરી મોક્ષે ગયા, ઇંદ્રે તેમની શેવા કરી તદા કાળથી એ ટુંકનું નામ તાપસગીરી થયુ. ચક્રાયુધજીએ સરવ રીતી ઉદ્ધાર સંઘપણાદી સ્વામીવછળ પ્રમુખ ભરતચક્રીની પરે કરી શ્રીગીરનારજીની જાત્રા કરી સરવ તીરથને ફરસી શ્રીહસ્તીનાગપુર પધારી ત્રીખંડ રાજ ભોગવતાં વીચરે, પુજા પ્રભાવના કરે. હવે એકદા પ્રભુજી વીચરતા થકા શ્રીવિમળાચળ સિંહઉદ્યાનમાં પધાર્યા તીહાં એક દુરધરસિંહ આવી પ્રભુજીને સન્મુખ ફાળ દેઇ મારવા ધાયો તે ફાળ ચુક્યો તીવારે અધીક કોપ્યો તેથી બીજી વાર ફાળ દેઇ મારવા આવ્યો તે ફાળ ચુક્યો વળી અત્યંત કોપવંત થઇ ત્રીજી વાર મારવા ફાળ દીધી તે પણ ચુક્યો તેવારે કોપ શમ્યો તેથી વિચાર્યું જે એ કોઇક પ્રભાવીક પૂરૂષ છે માહારા વનમાં આવ્યા તેમની મેં અવગ્યા કરી તેથી માહારી શી ગતી થશે તેવારે તે સિંહને પ્રભુજીએ પાછળનો ભવ કહી પ્રતીબોધ કર્યો તે પ્રતીબોધ પામી અંતે અણસણ કરી આઠમે દેવલોકે દેવતા થયો તિહાંથી અવધીગ્યાને જોયું ભગવંત

નો તથા શ્રી સીધાચલજીનો ઉપગાર જાણી ત્યાંહાં આવી શ્રી શાંતીનાથજીનો પ્રાસાદ કરાવ્યો ને પૂજે તેહના મનોવંછીત પૂરે તહાકાળથી તે વનનું સિંહસાવન નામ થયું ભગવંત વળી તે તીરથે ચોમાસુ રહી દેશના દેઈ ઘણા પ્રાણીઓને પ્રતીબોધી શેષ આયુષ જાણી વીચરતા શ્રી સમેતસીખરે પધારી ત્યાંહાં ૯૦૦ મુની સાથે આણસણ કરેયું ભગવંતનો પરીવાર ચક્રાયુધ આદે ૩૬ ગણધર ૬૨૦૦૦ સાધુ શુચીઆદ ૬૧૬૦૦ સાધવી ૨૯૦૦૦૦ શ્રાવક ૩૯૩૦૦૦ શ્રાવીકા ૪૪ ધનુષ દેહમાન ૧ લાખ વરસનું આયુષ કંચન વર્ણ મ્રગલંછન જેઠ વદી ૧૩ મોક્ષ પોતા ઇંદ્રાદિકે ઓછવ કરયો તે વાત ચક્રાયુધે સાંભળી વેરાગ પામી પુત્રને રાજભાર આપી ગુરૂ પાસે ચારીત્ર લેઇ ત્રીકરણશુદ્ધે આરાધી કેવળજ્ઞાન પામી ઘણા જીવોને તારી અંત્ય અવસર જાણી શ્રી સમેતસીખરે સિદ્ધી સુખ વરયા તે શાંતિનાથજી સિધ્ધ થયા પછે અરધ પલ્યોપને આંતરે સતરમા શ્રી કુંથુનાથજી થયા ઇતિ શ્રી શાંતિનાથજીનો અધિકાર સમાપ્ત. ॥ નમોસ્તુ શ્રી શાસ્વતગિરી તીરથરાજ.

अथ सतरमा श्री कुंथुनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી કુંથુનાથજી કુરૂદેશ ગજપુર નગર સુરરાજા શ્રીરાણી તેની કુખે સરવારથ સિધ વેમાનથી ચવીને શ્રાવણ વદી ૯ આવી ઉપના માતાએ ચઉદ સુપન દીઠાં કુંથુનાથ નામ શા માટે દીધુ ભગવંત ગરભે આવ્યા પછે માતાએ રત્નમય થુભ દીઠી તે ગરભનો મહિમા જાણી યાવત વઇશાખ વદી ૧૪ ભગવંતનો જન્મ થયો તે જન્મોછવ કરી કુંથુનાથ નામ દીધુ જાવત ભગવંત ભોગસમરથ થયા ચક્રવરતીની પદવી પામી છ ખંડ રાજ્ય અખંડ આજ્ઞાએ પાળી ચઉદ રત્ન નવ નીધાન ભોગવતાં ભોગ કરમ ક્ષય જાણી વરસીદાન દેઇ વઇશાખ વદી ૫ શુભયોગે ચારીત્ર લેઇ ૧૬ વરસ છદમસ્થ પ્રયાય પાળી ચૈત્ર સુદી ૩ કેવળજ્ઞાન પામ્યા દેવતાએ સમોસરણ રચ્યું ત્યાંહાં બેઠી ભગવંતે ધરમદેશના દીધી જે દેવતા તથા દેવતાના ઇંદ્રાદિકનાં આયુ તુટેલાં ને પુરવોક્ત બારશી પણ સાંધી ન શકાય માટે ધરમ કરવો તે જ સુખ હેતુ છે ઇત્યાદિક વચન સાંભળી કેઇ જીવે વઇરાગ પામી ચારીત્ર લીધુ ભગવંતે સ્વાંબ પ્રમુખ ૩૫ જણને ગણધરપદ આપી સંઘ થાપના કરી વીચરતા શ્રી વીમલાચલ સમોસરયા ત્યાં એ તીરથે અનંતા સિદ્ધ થયા વસે ઇત્યાદિક મહિમા વરણવી અનુક્રમ ક્ષીતીમંડળ વીચરતા શેષ આયુષ જાણી શ્રી સમેતસીખરે આવી ૧૦૦૦ મુની સાથે આણસણ કરેયું ભગવંતનો પરિવાર ૩૫ ગણધર ૬૦૦૦૦ સાધુ દામીની

પ્રમુખ ૬૦૬૦૦ સાધવી ૧૭૫૦૦૦ શ્રાવક ૩૮૧૦૦૦ શ્રાવીકા ૩૫ ધનુષ દેહમાન કં ચન વરણ દેહ બોકડાંનું લંછન ૯૫૦૦૦ વરસ આયુષ પાળી વઈશાખ વદી ૧ સિદ્ધ થયા તેવાર પછે ૧ કોડમાં એક હજાર વરસ ઉણેપલ્યોપમને ચોથે ભાગે અઢારમા શ્રી અરનાથજી થયા શ્રી કુંથુનાથજીનો અધિકાર સમાપ્ત નમોસ્તુ શ્રી વિમલાચલાય.

અથ આઢારમા શ્રિ અરનાથજિને માહારો નમસ્કાર હોજ્યો,

શ્રી અરનાથજી કુરૂદેશ નાગરપૂર નગર સુદરશન રાજા દેવી રાણી તેમની કુખે સરવારથ સિધ વીમાનથી આવી ફાગણ સુદી ૨ ઉપન્યા માતાએ ચઉદ સુપન દીઠાં. ભગવંતનું નામ અરનાથ શાથી દીધું. જ્યારે ભગવંતજી ગરભે આવી ઉપન્યા પછે માતાએ સુપનમાં રત્નનો આરો દીઠો તેથી વિચાર્યું જે પૂત્રનું નામ અર દેશું. અનુક્રમે ભગવંતજી માગશર સુદી ૧૦ શુભ યોગે જનમ્યા દેવતાદિકે ઓછવ કરેયા ભગવંતનું નામ અરનાથ દીધુ ભગવંતજીએ પણ અનુક્રમે ચક્રવરતી પદ ભોગવી ભોગતજી માગસર સુદી ૧૧ ચારીત્ર લીધુ. ૩ વરસમાં ઘાતી કરમ ક્ષય કરી કેવળ ગ્નાન પામ્યા દેવતાએ સમોસરણ રચ્યું તીહાં ભગવંતજી બેસી દેશના દેતા હવા.

વિષયરૂપી મદીરાથી ઉન્મત થયા જે પ્રાણી તે યુકત અયુક્તને ન જાણે કરમ બાંધી નર્કદુઃખ પામી માહા દિન સ્વરે ઝુરે તે કામ ન આવે, માટે હે ભવ્યો વિષયથી વીરમી ધરમ સેવી સુખી થવો ઇત્યાદી દેશના સાંભળી ઘણા જીવ પ્રતિબોધ પામી ચારીત્ર લેતા હવા. તેહમાં કુંભ આદે ૩૩ ગણધર પદ દીધુ, સંઘ થાપના કરી, અનુક્રમે વીહાર કરતા શ્રી સિધાચલજીએ પધાર્યા દેવતાએ સમોસરણ રચ્યું ભગવંતજીએ તીહાં બેસી એ તીરથનું મહાતમ પરુપ્યું. તે સાંભળી ઘણા જીવો એ સંસાર દુઃખ વધ બંધન જન્મ જરાદીક મુકી એ તીરથ સેવી સુખી થયા. ભગવંતજી અન્યત્ર વીચરી શેષ આવુષ જાણી શ્રી સમેતસીખરે પધારી અણસણ કરેયું. ભગવંતનો પરિવાર કુંભ આદે ૩૩ ગણધર ૫૦૦૦૦ સાધુ રક્ષીતાદીક ૬૦૦૦૦ સાધવી, ૧૮૪૦૦૦ શ્રાવક, ૩૭૨૦૦૦ શ્રાવીકા, ૩૦ ધનુષ દેહ, ૮૪૦૦૦ વરસનું આવુષ કંચનવર્ણ, નંદાવરત લંછન, ૧૦૦૦ મુની સાથે માગસર સુદી ૧૦ મોક્ષે ગયા, તેવાર પછે ૧ કોડ એક હજાર વરસને આંતરે ઓગણીસમા શ્રી મલ્લિનાથજી થયા. ઇતિ શ્રી અરનાથજીનો અધિકાર સમાપ્ત. નમોસ્તુ શ્રી મુકતીની કેતનગીરી રાજાય. ॥ ૧૮ ॥

अथ ओगणीसमा श्री मल्लिनाथजिने माहारो नमस्कार होज्यो.

શ્રી મલ્લીનાથજી વિદેહદેશ મીથીલા નગરી કુંભ રાજા પ્રભાવતી રાણી તેમની કુખે ફાગણ સુદી ૪ જયંત વીમાનથી ચવી આવી પૂત્રીપણે ઉપન્યા માતાએ ચઉદ સુપન દીઠાં. હવે ભગવંતનું નામ મલ્લિનાથ શાથી દીધું. માતાને એક રીતુમાં છએ રીતુનાં ફુલની માળા પહેરવાનું મન થયું, દેવતાએ ડોહોલા ઉપન્યા પરમાણે પૂરયો. તેથી ચીંતવ્યું જે ગરભનો મહીમા માટે મલ્લીનાથ નામ દેઈશું. અનુક્રમે માગસર સુદી ૧૧ ભગવંત જનમ્યા દેવતાએ ઓછવ કરયો. મલીનાથ નામ દીધું. પુરવના ભવમાં માયા કરી તપ કરયો તેથી સ્ત્રી વેદ થયો. અનુક્રમે વરશીદાન દેઈ દિક્ષા લીધી. એક અહો રાત્રી છદમસ્થપણું પાળી માગસર સુદી ૧૧ કેવળ ગ્યાન પામી દેશના દીધી કે જે જીવે દાન દીધુ નહી, તપ કરયો નહી, ચારીત્ર પાળ્યું નહી, શીલ પાળ્યું નહી, તત્વ અતત્વની વેંહેંચણ કરી નહી, મીત્રાદીક ભાવના ભાવી નહી, ભલા સાધુની સેવા નિરમલ ભકતીએં કરી નહી, શત્રુંજાદિક તીરથની સેવા નહી, તો એહની વાતની કે અફલ ગયો. મનુષ્યનો ભવ જેમ અરણ્યમાં માલતીનાં ફુલ ભલા ભોગમાં ના આવે તેમ અફલ જાણવો. ઈત્યાદિક દેશના સાંભળી ઘણા ભવ્યોએ ચારીત્ર લીધુ. ભિક્ષુક આદે ૨૮ ગણધર સહીત સંઘની થાપના કરી ભગવંતજી અનુક્રમે વીચરતા શ્રી વિમલાચલ તીરથે આવી સમોસરયા તે તીરથ શાસ્વતુ છે, ઘણા પુરવે સિધ થયા વળી થશે. ઈત્યાદિક પરૂપી વીચરતાં શેષ આયુષ જાણી શ્રી સમેતસીખરે પધારયા ૫૦૦ મુની સાથે અણસણ કરયું, પ્રભુનો પરીવાર ૨૮ ગણધર થયા, ૪૦૦૦૦ મુની બંધુમતી આદે ૫૫૦૦૦ સાધવી, ૧૮૩૦૦૦ શ્રાવક, ૩૭૦૦૦૦ શ્રાવીકા, ૨૫ ધનુષ દેહ, નીલવરણ, કુંભ લંછન, ૫૫૦૦૦ વર્ષનુ આયુષ પાળી ફાગણ સુદી ૧૨ શિધ્ધ પદ પામ્યા. તેવાર પછે ૫૪ લાખ વરસને આંતરે વીસમા મુનીસુવરેત જીન થયા. ઈતિ શ્રી મલ્લિનાથજીનો અધિકાર સમાપ્ત. નમોસ્તુ શાસ્વતગીરી રાજાય.

अथ श्री वीसमा मुनिसुव्रतजिने माहारो नमस्कार होज्यो,

શ્રી મુનીસુવરેત સ્વામી મગધદેશ રાજગ્રહી નગરી સુવ્રતરાજા પદમાવતી રાણી

તેમની કુખે અપરાજીત વીમાનથી ચવી શ્રાવણ સુદી ૧૫ આવી ઉપન્યા માતાએ ચઉદ સુપન દીઠાં. પ્રભુજી ગરભે આવ્યા પછી માતાને મુનપણે સુવરત પાળવાનો અભિલાષ થયો તેમ કરી વિચાર્યું જે પુત્રનું નામ મુનીસુવરત દેઈશું જાવત પ્રભુજી જેઠ વદી ૮ મે જનમ્યા હવે જન્મ ઓછવ કરયો મુનીસુવરત નામ દીધું. અનુક્રમે જાવત સંસાર ભોગ તજી ફાગણ સુદી ૧૨ દિક્ષા લીધી. ૧૧ માસ છદમસ્થ રહી ધાતી કરમ ક્ષય કરી ફાગણ વદી ૧૨ કેવળગ્યાન પામી ત્રગડે બેસી દેશના દીધી કે હે ભવ્ય જીવો ધન મેળવતાં પ્રથમ તો પ્રયાસ વા મેહેનત થાય, કલેશ થાય, ઘણા સાથે વેર થાય તેની તો નરકની પ્રાપ્તી ભયનો કરણહાર બહુ ઘણું દુઃખ દુર્ગતીને આપનાર પરિગ્રહ અનરથનું મુળ જાણી તેહનો મોહ મુકી ઉત્તમ તીરથે સાત ધર્મક્ષેત્ર પોષી તપ સંજમ ભજી સુખી થાઓ ઇત્યાદિક દેશના અમૃત સાંભળી ઘણા યોગ્ય જીવો સંજમાદી વરત નીયમ લેતા હવા પ્રભુજીએ ગણધરપદ સંઘ થાપના કરી હવે સમોસરણ રચ્યું ત્યાંહાં બેસી પરખદામાં એ તીરથનો મહીમા પ્રકાસ્યો ઘણા જીવ પ્રતીબોધ પામ્યા વળી એ પ્રભૂજીને તીરથે દશરથ રાજાના પુત્ર શ્રી રામચંદ્રજીએ એ તીરથે ૧૧ મો ઉદ્ધાર કરાવ્યો વિશેષ ભાવે કરી ચારીત્ર લેઈ ક્રોડ એ તપ કરી અંતે કેવળગ્યાન પામી સિદ્ધી વરયા વળી એ તીરથે આભાપુરી નગરીના રાજા ચંદને અપરમાતાએ કુકડો કરી નાટકીઆને આપ્યો તે કુકડો નાટકીઆ પાસેથી પોતાની સ્ત્રી પ્રેમલાએ લીધો તે લેઈ શ્રી શત્રુંજે જાત્રા કરાવી સુર્યકુંડમાં કુકડો પડયો તે સોળે વરશે ચંદ રાજા થતે વાત પ્રેમલાના બાપ મકરધ્વજે સાંભળી હર્ષ પામી સંઘ સહીત એ તીરથે આવી ચંદને મળી ઘેર લાવ્યા અનુક્રમે પોતાનું રાજ ઘણો કાળ પાળી શ્રી મુનીસુવરતજીની દેશના સાંભળી ચારીત્ર લેઈ એ તીરથે ઘણા મુની સહિત આવી અણસણ કરી કર્મ ક્ષય કરી મોક્ષપદ પામ્યા વળી પ્રભૂજીનો પુર્વનો મીત્ર ભરૂચ બંદરે અશ્વ ઘએલો તેહને હોમના કરનારા નીરદય લોકોએ હોમવા તયાર કરયો તે ઘોડે કાંઈ નીમીત પામી જાતિસ્મરણે બોધ પામી પ્રભુજીનું ધ્યાન ધરી અણસણ કરયું તેને તારવા એક રાતમાં ભરૂચ આવી તે તુરંગને પ્રતીબોધ કરી અનુક્રમ આયુષ સેષ જાણી શ્રી સમેતસીખર પધારી ૧૦૦૦ મુની સાથે અણસણ કરયું પ્રભુજીનો પરીવાર મલ્લિ પ્રમુખ ૧૮ ગણધર ૩૦૦૦૦ મુની પુષ્પવતીઆદે ૫૦૦૦૦ સાધવી ૧૭૨૦૦૦ શ્રાવક ૩૫૦૦૦૦ શ્રાવીકા શ્યામવરણ કાચબાનું લંછન ૩૦૦૦૦ વરસ આયુષ પાળી ૨૦ ધનુષદેહમાન એક માસનું અણસણ પાળી જેઠ વદિ ૯ મોક્ષ પોતાં તેવાર પછે ૬૦૦૦૦૦ વરસને આંતરે એકવીસમા શ્રી નમીનાથજી થયા ઇતિ શ્રી મુની સુવરતજીનો અધિકાર સમાપ્ત નમોસ્તુ શ્રી સિધાચલાય.

अथ एकाविसमा श्री नमिनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી નમિનાથજી વિદેહદેશ મિથીલાનગરી વીજયરાજા વિપ્રારાણી તેમની કુખે દશમા પ્રાણંત દેવલોકથી ચવીને આસો સુદી ૧૫ આવી ઉપના માતાએ ચઉદ સુપન દીઠાં નમિ નામ કેમ દીધું સિમાડાના રાજા વેરીપણે પરી નગરને ઉપદ્રવ કરતા પ્રભુ ગરભે આવ્યા પછે પ્રભુની માતાએ કોટ ઉપર ચડીને જોયું તેવારે તે વેરી રાજા આવીને નમ્યા તેથી નમી નામ દેવું વિચારયું પુરે માસે શ્રાવણ વદી ૮ પ્રભુજી જનમ્યા દેવે ઓછવ કરચો નમી નામ દીધું અનુક્રમે ભોગ ભોગવી ઘરે નગરી દેશ અંતે ઉરાદિક તજીને વરસીદાન દેઈને અશાડ વદી ૯ દિક્ષા લીધી નવમાસને આંતરે કેવળજ્ઞાન પામ્યા દેવે સમોસરણ રચ્યું ત્યાંહાં બેસી દેશના દીધી.

ધનહીણ ધનની ચિંતામાં દુખી છે ધનપતી ધનનું રખોપૂ કરવામાં દુખી છે સ્ત્રી રહીત તે મેળવવામાં દુખી છે સ્ત્રી વાળા પૂત્રોની વાંછામાં દુખી છે ધન સ્ત્રી પુત્ર પામ્યાવાળા રોગે દુખી છે એ સંસારનું સ્વરૂપ જાણી તપ સંયમ સેવી સુખી પામ્યા તે સાંભળી ઘણા જીવે ચારીત્ર લીધુ પ્રભુજીએ ગણધર સંઘ થાપના કરી અનુક્રમે શ્રી સિધાચલજી પધારેચા ત્યાંહાં દેશનામાં તેજ તીરથનો વરણવ કરચો સુત્રમાં કહ્યું છે જે એક કલ્યાણક જીહાં થાય તે તીરથ કહેવાય ને આ તીરથે ઘણાં તીરથંકરાદિક સિધ થયા માટે મહાતીરથ કહીએ તે દેશના સાંભળી કેટક ભવ્ય એ તીરથે અણસણ કરી મોક્ષ ગયા અનુક્રમે પ્રભુજી વિહાર કરતા શ્રી સમેતસીખરે આવી અણસણ કરચું પ્રભુજીનો પરીવાર શુભ આદે ૧૭ ગણધર ૨૦૦૦૦ સાધુ અનિલાઆદે ૪૧૦૦૦ સાધવી ૧૭૦૦૦૦ શ્રાવક ૩૪૮૦૦૦ શ્રાવીકા ૧૫ ધનુષ દેહમાન ૧૦ હજાર વરસનું આયુશ કંચન વરણ કમલનું લંછન એક માસને અણસણે ૧૦૦૦ મુની સાથે સિધ થયા તે પછે ૫ લાખ વરસને આંતરે બાવીસમા શ્રી નેમનાથજી થયા ઇતિ એકવીસમા શ્રી નમીનાથજીનો અધિકાર સમાપ્ત નમોસ્તુ શ્રી પૂંડરગિરી રાજાય ॥ ૨૧ ॥

अथ बावीसमा श्रि नेमनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી નેમનાથજી કાશલદેશ સોરીપૂર નગર સમુદ્રવિજય રાજા શિવાદેવીરાણી તે-

મની કુખે અપરાજીત વઈમાનથી ચવી કારતક વદિ ૧૨ આવી ઉપના માતાએ ચઉદ સુપન દિઠાં. પ્રભુ ગરભે આવ્યા પછે માતાએ શ્યામ રત્નનું નેમિ ચક્ર દિઠું. તો જાણ્યું જે ગર્ભનો મહીમા અનુક્રમે શ્રાવણ સુદિ ૫ ભગવાનજી જનમ્યા. દેવતાએ ઓછવ કરયો, નેમનાથ નામ દિધુ. ભગવાનજી અનુક્રમે વરણી પામતા મીત્ર સાથે ક્રસ્ન વાસુદેવની આયુધશાળાએ આવી કૃસ્ન વાસુદેવનાં ચક્રાદિ શસ્ત્ર સુખે ઉપાડ્યા, વળી સંખ પૂરયો.

યત : काव्यं.

નિરમુલ્પાલાનમુળ વ્રજતિ ભજગણ્ પંક્પન્વેસ્મ માલા ॥
ધાવત્પુત્રોટચ બંધાન્સપદિ હરિ હયા મંદુરાયઃ પ્રનષ્ટા ॥
શબ્દાદ્વૈતેન સર્વ અધિરિત મભવત્ત ત્પુરં વ્યગ્ર મુગ્રં ॥
શ્રીનેમે વક્ર પદ્મ પ્રકટિત પવનૈઃ પુરિતે પાંચ જન્યે ॥ ૧ ॥

એ રીતે શંખનો શબ્દ થયો જાણી કૃસણને રાજ જવાનો ભય થવાથી ક્રસ્ને આયુધશાળાએ આવી જોયું તીહાં ભગવાનને દેખી ક્રસ્ને કહ્યું કે બળ પરીક્ષા કરીએ તીવારે નેમનાથ બોલ્યા,

યત : काव्यं,

અનુચિત નનુ ભૂ લુઠનાદિકં ॥ સપદિ બાંધવ યુદ્ધ મિહા વયો
બલ પરીક્ષણ કૃત્ભુજ વાલિનં ॥ ભવતુ નાન્યરણઃ ખલુ યુજ્યતે ॥ ૧ ॥

તેમ ક્રસ્ને માની યુધ કરયું ક્રસ્ન જીહાં હારયા તીવારે ચંતાતુર થઈ ઘેર આવી ગોપીયોને કહી જલ ક્રીડાદિકથી નેમને પાણીગ્રહણ મનાવાનો હુકમ કરયો. ગોપીયોએ ઘણી રીતે મોહવચને કહ્યું પણ તે ભગવાને ન માન્યું. ભગવાનના મનમાં મોહની ચેષ્ટા વીચરતાં મુખ મલક્યું તે જોઈ મન વીના ગોપીઓએ ઠરાવ્યું કે પરણશે. ક્રસ્ને તે સાંભળી લગનની તઈયારી કરાવી, ઉગ્રસેન રાજાની પૂત્રી રાજેમતી સાથે પાણીગ્રહણ કરવા ઘણા જાદવ વૃંદ જાન લેઈ ગયા તિહાં કન્યાના બાપને ત્યાંહાં ઘણા મ્રગલાદિકના વાડા ભરયા દેખી ભગવાને સારથીને પૂછ્યું. સારથી બોલ્યો કે ગોરવ સારૂ મેળવ્યાં છે, તે સાંભળી ભગવાન મહા કરૂણા સમુદ્ર તે પશુપાલકને કહી પશુ છોડાવી સારથીને કહ્યું જે રથ પાછો વાળ. તને રથ પાછો વાળ્યો, તે સાંભળી માતાદીકે ઘણાં મોહવચન કહ્યાં તે સાંભળી ભગવાન બોલ્યા જે મારે ભોગકર્મ નથી માટે હું ચારીત્ર લેઈશ. એમ કહી વરસીદાન દેઈ શ્રાવણ શુદિ ૬ શ્રી ગીરનાર પરવતે ચારીત્ર લીધું. ૫૪ દીવશ છદમસ્થપણું પાળી ઘાતિકર્મ ક્ષય કરી આસો વદી ૦)) કેવળગ્યાન પામ્યા, દેવતાએ સમોસરણ રચ્યું. તિહાં

ધરણીધર પદમાવતી સહિત આવી દુર્જનને ત્રાસ પમાડી ઉપસર્ગ નીવારી ભગવંતને પૂજ્યા મેઘમાળી પણ ભગવંતને નમીને સમકીત પામી સ્વસ્થાનકે ગયો. ભગવંતજી ૮૪ દિવસ છદમસ્થ પર્યાય પાળી ચયતર વદી ૪ કેવળગ્નાન પામ્યા. દેવતાએ સમોસરણ રચ્યું. ભગવંતજીએ તીહાં બેસી દેશના દીધી કે પાર નહી એવા સંસાર સમુદ્રમાં ફરતાં ક્રીમે કરી પામ્યો જે મનુષ ભવ ધરમ શ્રુત ચારીત્રરૂપ જે નથી કરતા વીએ જે કામ ભોગમાં સુખની ઇચ્છામાં તણાયા, વા બાપ થયા, બુડે છે, સમુદ્રમાં શ્રેષ્ટ વાહાણને તજીને તે મુરખમાંમુક્ષ કેહેતા પથર લેઈ તરવા ઉદ્યમ કરે છે.

માઠાં આઠ કરમ વસ થયા પ્રાણી ગણા ફરે છે. ભયાનક હેવા સંસાર અપારેમાં ભમે છે સાથી જે જેનો વિવેક જે હીતાહીત વિચારરૂપ દિપક વિના જીવ નથી જાણતા પરમારથ માટે વિવેકે તપ જપ ચારીત્ર સમકીત પામી નથી આરાધતા તે દેશના સાંભળી કેઈક જીવ ચારીત્ર લેતા હવા. પ્રભુજીએ ગણધરપદ થાપી સંઘ થાપના કરી વીચરતા શ્રી સિધાચલજી સમોસરયા ત્યાંહાં તે તીરથનો મહીમા પ્રકાશી ઘણા જીવને તારતા વળી કાસીવને સમોસરયા તે સાંભળી કાસીદેશનો સ્વામી પોતાનો ભાઇ હસ્તીસેનરાજા આવી પ્રભુને વાંદી સભામાં બેઠો પ્રભુજીએ સરવ સમજે તેવી પાંત્રીસ ગુણે ભરી વાણીએ દેશના દીધી તેહમાં સિધાચલ તીરથનો મહીમા કહ્યો.

અનંત ભવના કરેલાં જે માઠા કર્મ તે દુર કરે એવો સમ્યક ધરમ હે ભવ્યો તુમે આરાધો, ઇત્યાદિક સાંભળી હસ્તી રાજા ઉભો થઇ હાથ જોડી સંઘવીપદ માગ્યું તે અવસરે ઇંદ્ર વાશ અક્ષત આગે ધરયા તે લેઈ પ્રભુજીએ રાજાને વાસક્ષેપ કરી સંઘવીપદ આપ્યું તે રાજા સંઘ સહીત પુરવનીપરે સિધાચલ જાત્રા કરી સ્વસ્થાનકે આવ્યો પ્રભુજી પણ અન્યત્ર વીચરી આપણું શેષ આયુષ જાણી શ્રી સમેતસિખરજી પધારી અણસણ કરયું પ્રભુજીનો પરીવાર આર્યદીન આદે ૧૦ ગણધર ૧૬૦૦૦ મુની પુષ્પચુલા પ્રમુખ ૩૮૦૦૦ સાધવી ૧૬૪૦૦૦ શ્રાવક ૩૩૯૦૦૦ શ્રાવીકા નીલવરણ ૯ હાથ દેહમાન સરપ લંછન ૧૦૦ વરસનું આયુષ પાળી ૩૩ મુની સાથે શ્રાવણ સુદી ૮ મોક્ષ ગયા તેવાર પછે ૨૫૦ વરસને આંતરે ચોવીસમા શ્રી મહાવીર સ્વામી થયા ઇતિ શ્રી પારશ્વનાથજીનો અધિકાર સમાપ્ત. નમોસ્તુ શ્રી શત્રુંજય તીરથ રાજાય.

अथ श्री चोवीसमा माहाविर स्वामीने माहारो नमस्कार होज्यो,

શ્રી મહાવીર સ્વામી પુર્વ દેશ મો ક્ષત્રીકુંડનગર સિધારથ રાજા ત્રીસલા રાણી

તેમના પૂત્ર પ્રથમ નામ વરધમાન શા માટે દીધુ પ્રભુજી ગરભે આવ્યા પછે રાજાને ધન ધાન બલ વાહનાદિકની ઘણી સંપતી થઈ તેથી ધારયું જે ગરભનો પ્રભાવ માટે વરધમાન નામ દેવશું એ પ્રભુજીને જીવે સમકીત પામ્યા પછે ૨૭ ભવ મોટા કરયા તેમાં ત્રીજે ભવે ભરત ચક્રવરતીના પૂત્ર મરીચી નામે થઈ શ્રી રીષભદેવજી પાસે ચારીત્ર લીધુ તે ચારીત્ર પાળવું ઘણું દુઃકર જાણી પોતાની મેળે ત્રીડંડીયાનો વેષ ધારણ કરી પ્રભુજીની સાથે વીહાર કરે ઉપદેશ દેઈ લોકને પ્રતીબોધી પ્રભુ પાસે મોકલી ચારીત્ર અપાવે પણ પોતે ન આપે એકદા શ્રી રીષભદેવજીને વાંદી ભરતચક્રવરતીએ પ્રશ્ન કરયું જે હે કૃપા સમુદ્ર આપની સભામાં આ ચોવીસમા તીરથંકર ભાવીકાળે થાય તેવો કોઈ છે તે સાંભળી પ્રભુજી બોલ્યા હે ભરત તાહારો પુત્ર મરીચી ત્રીડંડી જીવ ચોવીસમા વીર નામે તિરથંકર થશે વળી આ ભરતમાં પ્રથમ વાસુદેવ ત્રીપીશુ નામે થશે એમ સાંભળી ભરત રાજા મરીચી પાસે આવી વાંદી બોલ્યા કે તમો ભાવી કાલે આ ચોવીસીમાં ચોવીસમાં તીરથંકર વીર નામે થશો તેથી વાંદુ છું ત્રીડંડીક વેશને નમતો નથી એમ વંદીને ભરત નીજ સ્થાનકે ગયા તે વાર પછી મરીચી ઊંચ ગોત્ર કર્મ બંધાયું એમ જાતી આદીક આઠ મદમાં જેમદ કરે તે હીનપણે થાય ઈહાં મરીચીએ કુળ મદ કરયો તેથી ઘણા ભવ ભ્રામણના કરતા શેષ કર્મ બાકી રહેલું તેથી દશમા દેવ લોકથી ચવી માહાણકુંડ ગામે રીષભદત બ્રાહ્મણ દેવાનંદા બ્રાહ્મણીની કુખે અશાડ સુદી ૬ આવી ઉપના બ્રાહ્મણીએ ચઉદ સુપન દિઠાં પ્રભાતે પતીને કહ્યું પતીએ કહ્યું તુમારે સરવ વિદ્યા કલાદિકનો જાણ પૂત્ર થશે તે પછે ૮૨ દીવશને આંતરે સુધરમા ઈંદ્રે અવધીગ્નાને પ્રભુને બ્રાહ્મણ કુલે જાણી પાલાના કટ કપતી હરણ ગમેશીને બોલાવી કહ્યું જે તે મહણીની કુખથી પ્રભુને લઈ ત્રીસલાની કુખે મુકો ત્રીસલાની કુખે પુત્રીનો ગરભ છે તે દેવાનંદાની કુખે મુકો તે દેવ તેમ કરી ઈંદ્રને કહી સ્વ સ્થાનકે ગયો હવે તે બ્રાહ્મણીએ જે શુભ સુપન દીઠાં તે ત્રીસલાએ હરયાં જાણી પ્રભાતે ભટજીને કહ્યું ભટજી બોલ્યા કે રાંકને ઘેર રતન કીમ રહે હવે પ્રભુજી ત્રી-સલાની કુખે વધતા માતાને પીડા ન ઉપજવા માટે ગરભમાં થીર રહ્યા તેથી માતાને દુખ થયું કે મારો ગરભ ગળી ગયો કે શુ થયું તે પ્રભુએ ગ્નાને જાણ્યું કે કાળનુ માહાતમ એમજ આવશે. કે સગુણ કરતાં અવગુણ માનશે એમ વિચારી અભીગ્રહ લીધો કે માતા પીતા જીવતાં મારે સંજમ ન લેવું અનુક્રમે ચૈત્ર સુદી ૧૩ શુભ યોગે જનમ્યા ઈંદ્રે મેરૂ લેઈ જઈ સ્નાત્ર ઓછવ કરયો તેહ જળની શોભા કહે છે.

यत : काव्यं,

શ્વેત સ્છત્રાયમાણં શિરસી સુખ શશી ન્યુશુ પુરાયમાણં,
કંઠે હારાયમાણં વપૂ શિય ની ખીલે ચીન ચોલાયમાનં;

એથી ભગવાને દેશના દિધી કે સુગુરૂનો ઉપદેશ તેજ કાનનું ઘરેણું, સાચુ બોલવું તેજ મુખનું આભુષણ, હાથ કમળનું આભુષણ દાન તેજ. સરવ શરીરનું શીલ છે તેજ ઘરેણું છે. એમ દાન, શીલ, તપ, ભાવ જે પ્રાણી નીર્મળપણે શકિત ભકિતથી કરશે, તે પ્રાણી ઈદ્રને પણ પુજનીક થઈને મોક્ષ સુખ પામે. ઇત્યાદિક દેશના સાંભળી ઘણા જણ પ્રતિબોધ પામ્યા. કેઇકે તો ચારીત્ર લીધુ. પ્રભુજીએ વરદત પ્રમુખ ૧૧ ગણધર થાપ્યા, સંઘથાપના કરી, સિદ્ધાચળજીની તલાટીએ આવી તીર્થનો મહીમા વરણવી શ્રી ગીરનારે આવી ગીરનાર તીરથનો મહીમા વરણવ્યો. તે અવસરે કૃસ્નવાસુદેવના પૂત્ર સ્યામ, પ્રદીયુમ્ન ચારીત્ર લેઇ ૮ાા સાડીઆઠ કોડી મુની સાથે સિદ્ધાચળજી ભારતેડુગરે અણસણ કરી મોક્ષે ગયા. વળી પ્રભુની દેશના સાંભળ્યાથી ભગવાનની સ્ત્રી રાજેમતી પ્રતીબોધ પામી પ્રભુજીએ નવ ભવનો સબંધ કહ્યો તે નવ ભવ સબંધનો મોહ મુકી ભગવાન પાસે ચારીત્ર લેઇ એકદા ગુફાવાસી પ્રભુનો ભાઈ રહનેમી મુનિ રાજુલના રૂપને મોહી કામની ઇછાએ રાજુલને અનેક વચન કહ્યાં. તેને ઉપદેશ દેઇ રાજુલે તારયો. જાવત બે મોક્ષે ગયાં. વળી શ્રી કદ્રુલ નામે નારદ તાપસ કળેશથીજ રકત તે પણ એ તીરથે એકાણુંલાખ સાથે સિદ્ધ થયા. વળી શ્રી સેલંગ આચારજ ૫૦૦ સાથે એ તીરથે મોક્ષે ગયા. વળી દેવકી સતીના પૂત્ર ૭ એ તીરથે મોક્ષે ગયા. વળી પાંચ પાંડવે માતાને વચને સિદ્ધાચળજીનો સંઘ લેઇ તીર્થ ફરસી તિહાં ૧૨ મો ઉદ્ધાર કરાવ્યો, જાવત શકિત સહીત ભરત ચકરવરતીની રીતે સરવ વિધી સાચવી ઘેર આવી ઘણા રાજ ભોગવી સંસાર સુખ ખિણ વીનાશી જાણી ચારીત્ર લેઇ તપ સંજમ પાળતાં એકદા હસ્તીનાગપૂરે આવી માસક્ષમણનું પારણું શ્રી નેમનાથજીને વાંદી કરશું એમ અભીગ્રહ કરી આહાર લેવા ગોચરી ગયા, તીહાંથી આહાર લેઇને આવતાં સાંભળ્યું જે ભગવાન તો મોક્ષે ગયા. તે સાંભળી અત્યંત વઇરાગ્યથી તે આહાર કુંભારને નીભાડે પરઠવી શ્રી વિમળાચળ તીરથે અણસણ કરી મોક્ષે ગયા. વળી એ પ્રભુને સાસને ગજસુકમાલજી થયા. સમશાનમાં કાઉસગે રહેલા તીહાં સોમલ સસરે માથે માટીની પાળ બાંધી ખેર અંગારા ભરી ગયો. એ પરીસહ સમભાવે સહીને તતક્ષણ કેવળગ્નાન પામી મોક્ષે ગયા. વળી બીજા પણ જાદવવંસી વસુદેવજીની સ્ત્રીઓ પ્રમુખ સિધાચળજીએ મોક્ષે ગયા ભગવાન પણ શેષ આયુ જાણી શ્રી ગીરનાર તીર્થ પધારી એક માસની સંલેખણા કરી ભગવાનનો પરીવાર ૧૧ ગણધર, ૧૮૦૦૦ સાધુ મક્ષદિના આદે, ૪૦૦૦૦ સાધવી, ૧૬૯૦૦૦ શ્રાવક, ૩૩૬૦૦૦ શ્રાવીકા, ૧૦ ધનુષ દેહ, સ્યામ વર્ણ, શંખ લંછન, ૧૦૦૦ વરસનું આયુષ પાળી અશાડ શુદિ આઠમ દિને ૫૩૬ સાથે શ્રી ગીરનાર પરવતે મોક્ષે ગયા. તીવાર પછે ૮૩૭૫૦ સાતસે પચાસ વરશ ત્રેવીસમા શ્રી પારસ્વનાથજી થયા ।। ઇતિ બાવીસમા શ્રી નેમનાથજીનો અધીકાર સમાપ્તઃ ।।

નમોસ્તુ શ્રીમુકિતનીકેતન તીર્થાય ।। ૨૨ ।।

अथ त्रेवीसमा श्री पांर्श्वनाथजिने माहारो नमस्कार होज्यो,

શ્રી પારસ્વનાથજી કાસીદેશ શ્રી વાણારસી નયરી અસ્વસેન રાજા વામા રાણી તેમની કુખે દશમા પ્રાણંત દેવલોકથી આવી ચઈતર વદી ૪ ઉપના માતાએ ચઉદ સુપન દિઠાં, વળી એકદા માતાએ પાસે થઈ સાપ જાતો દેખી રાજાનો હાથ ઉંચો કરેચો. રાજાએ જાગી પુછયું તિવારે રાણી બોલ્યાં જે, સ્વામી મેં સુપનમાં સાપ જાતો દીઠો તેથી હાથ ઉંચો કરયો. તીવારે જાણ્યું જે ગર્ભનો મહીમા માટે આપણે પુત્રનું નામ પારસ્વનાથ દેઈશું. અનુક્રમે પુરણ માસે પોસ વદિ ૧૦ ભગવાનનો જન્મ થયો. દેવતાદિકે મેરૂપરવતે ૬૪ ઈંદ્રાદિકે ૨૫૦ અભિષેક કરી સ્નાત્ર કરી પુઝી માતાને સુંપી વાંદી સ્વ સ્વ સ્થાનકે ગયા. પારસ્વનાથ નામ દીધું. ભગવાન પણ એકદા ગોખે બેઠા જગત સ્વરૂપ વીચારતા તેવા અવસરમાં ઘણા લોકો આડંબરે હાથમાં પુજાના ઉપગરણ ફળ ફુલાદિક લઈ જાતાં દેખી એક નરને પુછયું જે એ લોક કીહાં જાય છે. તે સાંભળી તે નરે બોલ્યો જે આપની નગરીના ઉદ્યાનમાં એક કમઠ નામા પંચાગ્ની તાપ સહીત તપનો કરનાર એક તાપસ આવ્યો જાણી તેને નમવા જાય છે તે સાંભળી મીત્રોની પ્રેરણાથી અસ્વારૂડ થઈ તીહા આવી જોયું તો ઘણાં કાષ્ટ બાળતો અગ્નાન કષ્ટ કરતો દીઠો. એક લાકડામાં સાપ બળતો દેખી તાપસને બોલાવ્યો જે દયા વિના તપ જપ ફોગટ છે, તે બોલ્યો જે, જોગી તપસીની વાત તમો રાજપુત્ર કયા જાણો હમ કયા પાપ કરતાહૈ તેવારે મોટું કાષ્ટ તાપમાંથા દુર કરી ચીરાવ્યું. તેમાંથી અગ્નીના તાપથી બળતો સાપ કઢાવ્યો તેનું સેષ આઉષ જાણી સેવક પાસે નવકાર મંત્ર સંભલાવ્યો. તે સાપ શુભ ધ્યાને મરી નાગકુમારનો ઈંદ્ર ધરણેંદ્ર પદ પામ્યો, તે જોતાં ઘણા લોકે તે તાપસને અતિનીદ્યંછી કાઢયો તેથી દ્વેષે કરી અનુક્રમે મરી મેઘમાળી દેવતા થયો ભગવંતજી પણ જાવત ભોગ કરમ ક્ષય કરી વરસીદાન દેઈ પોસ વદી ૧૧ ચારીત્ર લેઈ વીહાર કરતા એકદા એક સરોવર પાસે વડ હેઠે કાઉસગ કરી રહ્યા તીહાં એક વનનો હાથી આવી ભગવંતને જોઈ હરખ પામી સુંઢમાં જળ ભરી લાવી ભગવંતને સ્નાન કરી ભગવંતને અંગે કમળ ચઢાવી વાંદી ગયો અનુક્રમે દેવગતી પામ્યો તીહાં કલીકુંડ તીરથ થયું. ભગવંતજી પણ તીહાંથી વીહાર કરી વલી કોઈક વનમાં ગયા તીહાં ધરણીધર પોતાની પ્રીયા સહિત વંદના કરીગયો. વળી એકદા પ્રભુ કાઉસગ રહ્યા જાણી પુરવ વેર ધરી વિભંગગ્નાને દેખી કમઠના જીવ મેઘમાળીએ ઘણી જાતના ઉપસર્ગમાં જળનો ઘણો ઉપસર્ગ કરયો તેવારે

શ્રી મજ્જન્માભિષેક પ્રગુણ હરિ ગણે દત્ત કુંભૈર ગલ્ભૈ;
દભ્રસ્ય દુગ્ધાબ્ધી પાથ શ્ચરમ જીનપતે રંગ સંગી શ્રિયેવ: ॥ ૧ ॥

એમ વિસેષે વીધી પુર્વક ઓછવ કરી માતાને સુંપી ૩૨ કોડ રત્નાદિકની વૃષ્ટી કરી નંદીશ્વર દ્વીપે જઇ અઠ્ઠાઇમહોછવ કરી નીજ નીજ થાનકે ગયા, માત પીતાએ ઓછવ સહીત વરધમાન નામ દીધું ભગવંતજી પણ વરધી પામતા હવા એ ભગવંતનું નામ માહાવીર કેમ થયું તે કહે છે. એકદા સુધરમા દેવ લોકના ઇંદરે સભામાં બેઠા વરધમાન ભગવંતનું ધૈર્ય વરાણવ્યું, તે સાંભળી એક દેવે મનમાં તે વચન નહી માની ભગવંતને મિત્ર સહિત રમતા દેખી તીહાં આવી સાપરૂપ પીશાચ રૂપ કરી છળવાને ભગવંતને ખંધે બેસાડી ગગને ઊંચો પહોંચ્યો, ભગવંતજીએ જ્ઞાને જાણી એક મુઠી પ્રહારે તેને શિખામણ દીધી તે દેવ પ્રગટ થઇ અપરાધ ખમાવી મીથ્યાત તજી સમકીત પામી શ્રી માહાવીર નામ દીધું તેનેજ ઇંદ્રને કહ્યું જે અનંત બળી ભગવંત સાચા. ભગવંતજીએ ગરભમાં ધાર્યું હતું કે માહારા ઉપર માતા પીતાને મોહ ઘણો છે માટે તેમના છતાં ચારીત્ર લેવું નહી તેથી ૨૮ વર્ષે માતા સુગતી પામ્યા. ભગવંતજીએ વડા ભાઇ નંદી વરધનજીના રજા માગી ત્યારે નંદી વધન રાજા બોલ્યા જે હે બાંધવ મુજને માતા પીતાનો તો વીયોગ થયો તે દુ:ખ દુ:ખીતું ને વળી આપ સંયમ લેતાં એ વીયોગ કેમ ખમું માટે બે વરસ ઘરમાં રહો. તે સાંભળી ભગવંતજી ઉદાસીણપણે રહ્યા તેમાં વરસીદાન દેઇ નંદી વધન રાજા કૃત બહુ મહોછવે માગસર વદી ૧૦ એકલા ચારીત્ર લેઇ પરાભારની રજા માગી વીહાર કરયો. તે પછે નંદીવરધન રાજા ઘેર આવતાં બંધવના વીયોગે દુ:ખે ઘણા વીલાપ કરયા.

ઇત્યાદિક જે વચન તે કેમ લખાય, ભગવંતજી વીહાર કરતા ઇંદ્રે વીનંતી કરી સ્વામી આપને ઘોર ઉપસર્ગ ઘણાં થવાના છે માટે હું સેવામાં રહું, તે સાંભળી ભગવંતજી બોલ્યા હે ઇંદ્ર તેમ કોઇ અવસરે બન્યું નથી બનશે પણ નહી. તે સાંભળી ઇંદરે સિધારથ વંતરાને ભગવંત પાસે મુકી ઇંદ્ર ગયા તેવાર પછે મંખલી પુત્ર ગોસાલો મીલ્યો તેથી તથા દેવ મનુષના કરયા ઘણા ઉપસર્ગ થયા તે અહીં કહેતાં બહુ વધી જાય માટે તે જાણવા વાંછો તો કલ્પ સુત્રાદિકની ટીકાથી જાણજો. ભગવંતજી સમભાવે સહ ન કરતાં વીચરતા હવા, જાવત ૧૨ વરસ સાઢા છ માસ છદમસ્થ પર્યાય પાલી વઇશાખ સુદી ૧૦ કેવળ જ્ઞાન પામ્યા. તીહાં પ્રથમ દેશના ખાલી ગઇ ભગવંતજી તીહાથી વીહાર કરી મધ્યમ પાવાપુરી મહસેન વનમાં સમોસરયા દેવતાએ સમોસરણ રચ્યું. પર્ષદા મલી ભગવંતજી તીહાં દેશના દેતા હવા. હવે તે નગરમાં સોમીલ નામે દ્વીજને તીહાં યજ્ઞમાં ઇંદ્ર ભુતી આદ ૧૧ અધિકારી, ૪૪૦૦ બ્રાહ્મણને પરિવારે યજ્ઞ કરવા ભેળા મળ્યા છે. તેવા સંદેહ સહીત વિ

ચાર્વે સરવગ્નપણું માનતા એક એકને અણ પુછે સંદેહ મટે નહી, તે સરવે ગામમાં સાંભલ્યું કે વનમાં સરવગ્ન આવ્યા છે. તેથી તે ઇંદર ભુતિ ૫૦૦ છાત્ર સહીત પ્રભુથી વાદ કરેવા વનમાં સમોસરણમાં આવ્યા પ્રભુએ નામ ગોત્ર દઇને બોલાવ્યા સંદેહ કહી બતાવ્યો ભગવંતજીએ મધુર ભાષાએ વેદની કાંડી કહી. યત. સરવેભ્યો ભુતેભ્યો ઇત્યાદિ તથા દ દ દ તે પદે પ્રતિબોધ કરી જીવ સત્તા કબુલ કરાવી, પ્રતિબોધ પમાડી દીક્ષા દીધી. તે સાંભળી અગ્ની ભુતી પ્રમુખ આવ્યા, તેમને પણ જાવત દીક્ષા લીધી, ગણધર થાપના કરી સંઘ થાપી ભગવંતજી ભુમંડળ વીચરતા શ્રી સિદ્ધાચળજી સમોસર્યા, હવે સમોસરણ રચ્યું. ભગવંતજીએ ત્યાહાં બેસી દેશના દીધી કે ત્યાહાં શ્રી વિમલગીરી તીરથે ઘણા તીર્થંકર મોક્ષ પામ્યા માટે સરવોતમ એ તીરથ છે માટે બહુ ભાવે સેવી પુજી સુખી થાઓ. એમ ઘણા તીર્થંકર ગણધરે વરણવ્યો. તે તીર્થેએ પુંડરીક ગીરપર પ્રભુ સ્તુતિ પવિત્ર હરખે આ નાભીરાજાના પુત્ર જીન ધ્યાન શ્રદ્ધા ધણીએ મનમાં ભણસે જે ઉભય કાળ સદા તે પામશે. તે તીરથની યાત્રાનું ફળ ઘેર બેઠાં પણ ઇત્યાદિક દેશના દેતાં એવામાં બે મીત્ર દેવતાએ તીરથ ભેટવા આવ્યા. જાત્રા કરે છે એહવે એક ઠામે એક મુની એ ક્ષેત્ર કાઉસગ કરે છે સુરી સામે આતાપના લે છે તે દેખી એક દેવતા બીજા દેવતાને પુછે છે. હે મીત્ર આ મુનીની વાત તું કાંઇ જાણે છે તેવારે મીત્ર દેવ બોલ્યો કે હુંતો એ મુનીની વાત નોતો જાણતો પણ આજથી સાતમા દિવસ ઉપર મહાવીદેહમાં શ્રી મંધર સ્વામીને વાંદવા ગયો હતો તેવારે ભગવંતજી કેહેતા હવા એક રાજા માહા અધરમ કરતા સાત વસનનો સેવનાર એ સાત વસન નામ.

પ્રથમ જુગટુ બીજુ માંસ ભક્ષણ ત્રીજુ મદીરાપાન ચોથુ વેશ્યાભોગ પાંચમું આહેડી વા પારધીપણું છઠુ પરની વસ્તુ ધણીના છાની ચોરી લેવું સાતમું પરની સ્ત્રીને ભોગવવી એ સાત વ્યસન સેવનારને આ ભવમાં રાજાદીકથી દુઃખ પરભવમાં દુરગતીમાં દુખ થાય તેહનો જે સેવનાર પ્રજાને પીડા દેનાર કંડુરાજા તે પોતાની સભા પૂરી બેઠા છે તેવામાં કલ્પવૃક્ષનું પાંદડું સભામાં આવી પડ્યું તે પાંદડામાં એક શ્લોક લખ્યો છે તે શ્લોક રાજાએ વાંચ્યો રાજા થર થર ધ્રૂજવા લાગ્યો વીચાર કરતો હવો જે હું એહવાં પાપ થકી કેમ છુટીશ તો હવે હું અવશ્ય આપઘાત કરી મરૂં એમ વિચારી સભા મુકી એકલો નગર બાહાર રાજા નિકળ્યો, જાતાં જાતાં ચાર પોહોર રાત ગઇ પ્રભાત થયું. એક મોટી અટવીમાં આંબાતળે વિસામો લેવા બેઠો વિચારે જે આપઘાતે કેમ કરીને મરૂં, તેવામાં અકસ્માત વન ગાય શીંગડા ઉલાળી રાજાને મારવા ધાઇ તેવારે રાજા ભય ભ્રાંત થઇ ખડગે કરી તે ગાયને ઘા કર્યો તેવારે તે ગાયના બે ખંડ થયા તેમાંથી એક સ્ત્રી નવ યોવન આભુષણ વસ્ત્ર સહીત માહા રૂપવંત હાથમાં ઘાતી ધરી સામી આવી ઉભી રહી

રાજાને કેહેવા લાગી કે અરે દુષ્ટ દુરબલ પશુ જે ગાય તેહને હણી શું પાપ કરયું. જે ક્ષત્રી હોય તે દુરબલ પશુને ન હણે ને જો તુજમાં પરાક્રમ હોય તો મુજ સંગાથે યુદ્ધ કરતો તું ક્ષત્રી ખરો. તે વચન સાંભળી રાજા ખડગ લઈ તે સ્ત્રી સનમુખ ધાયો. તે દેખી તે સ્ત્રીએ રાજાને કાતીનો પ્રહાર કરી હેઠો પાડી રાજા પ્રત્યે કેહેવા લાગી તુજમાં વળી કાંએ પરાક્રમ છે તે સાંભળી રાજા ઘણોજ રાતો તાતો થયો પણ શરીરમાં બળ રહ્યું નહી તેવારે રાજા મનમાં વિચારવા લાગ્યો જે મુજને ધીક્કાર છે કે સ્ત્રી અબળાએ મુજને જીત્યો એમ વિચારતાં આંખ્ય ઉઘાડી જુએ તો ગાય સ્ત્રી કાતીનો પ્રહાર કાંઇ નહી. તે જોઇ રાજા મનમાં વિચારવા લાગ્યો કે મેં સુપન દીઠું કે ઇંદ્રજાળ દીઠી એમ સોચના કરે છે, તે હવે રાજાની ગોત્ર દેવી અંબીકા નામે પ્રગટ થઈ બોલી જે હે રાજા તું હજી ધરમને અજોગ છે. માટે છ માસ સુધી ઘણા તીરથ કરીશ બહુ દુઃખ સહીસ તેવારે તુજને ભલું સ્થાનક બતાવીસ એમ કહી દેવી અદ્રશ્ય થઈ. રાજા દેવીનાં વચન વિચારે પણ સમતા આવે નહી તીહાં સુધી ધરમની વાત વેગલી રહી એમ વીચારી રાજા આગળ ચાલ્યો, મારગમાં અનેક પ્રકારનાં દુઃખ સહેતા છ માસ થયા એહવે ચાલતાં એક પર્વત હેઠે વડ તળે રાજા આવ્યો તેવારે સુર્ય અસ્ત થયો રાજા તે વડ હેઠે રહ્યો પચાહિક પાથરી તે ઊપર બેશી વિચારવા લાગ્યો જે મુજને હજી સમતા ન આવી શા માટે જે સમતા આવી હોત તો મુજને યોગ્ય જાણી દેવી આવી ધરમ થાનક બતાવત એમ વિચારતાં નીંદ્રા આવી તેવામાં એક રાક્ષસ પ્રગટ થઈ રાજાને કહેવા લાગ્યો જે હે રાજા પુરવે તે મને બહુ દુખ દીધું છે તેથી જો તુજને તેનું ફળ દેખાડું એમ કહી રાજાને ઉપાડી પરવત શિખરે મુકી વીચારવા લાગ્યો કે રાજાનું ભક્ષણ કરૂં કિંવા સમુદ્રમાં નાંખુ વા ખંડાખંડ કરૂં વા મોહોટી શલા ઉપર લોહના અણીઆળા ખીલા વા ગોખરૂ વીકરવી તે ઉપર ધોબીના વસ્ત્રનીપરે પછાડું એમ વીચારી રાજાને ઝાલી પછાડવા લાગ્યો રાજા જાગ્યો સરવ વૃતાંત જાણ્યો તોપણ રાજા સમતા ભાવે રહ્યો કષાય કરયો નહી એમ ચાર પોહોર રાતમાં ઘણા ઉપદ્રવ કરી રાક્ષસ થાક્યો જાણ્યું કે એતો કયમે મરતો નથી તો પાછો વડતળે પૂરવે હતો તીહાંજ મુકું એમ ચિંતવી તીહાં મુક્યો જાવત પ્રભાત થયો તેવારે ગોત્ર દેવી પ્રગટ થઇ બોલી હે રાજન હવે તું ધર્મક્ષેત્ર યોગ્ય થયો માટે શ્રી સોરઠ દેશમાં પવીત્ર શ્રી શત્રુંજય તીરથે જઇ ચારીત્ર લેઇ કર્મ ક્ષય કરી એ તીરથના મહીમાથી સાતમે દીવસે મોક્ષ જઈશ એમ કહી દેવી અદ્રશ્ય થઇ રાજા આગળ ચાલ્યો મારગમાં મુની મળ્યા તેમની દેશના સાંભળી ચારીત્ર લઈ કંડુ રાજરીષી શ્રી પુંડરીકગીરી આવી ભેટી વાંદી ગુણસ્તવ કરી તીરથની શોભા અતી અદભુત જોઇ એકાંતે આવી સુર્ય સનમુખ આતાપના લીછે તેમને આજ સાતમો દીવસ છે માટે હે મીત્ર એ માહા

મુનીને આજ કેવળજ્ઞાન ઉપજશે, એમ વાત કરતાં તે મુનીને શુકલ ધ્યાન યોગે ઘાતી કરમ ક્ષય થયાં તેજ વેળા કેવળજ્ઞાન થયું. અંતકૃત કેવળી થઈ મોક્ષે ગયા. એહવે ભગવંતની સભામાં જુનાગઢનો રાજા આવી ભગવંતને વાંદી ઇંદ્રની જોડે બેઠો. એહવે ભગવંતજીને પાંચમા ગણધર સુધરમાજી તથા સુધરમા ઇંદ્ર પ્રમુખે નમી વાંદી શ્રી સિદ્ધાચલજીનો મહીમા પૂછ્યો તેવારે ભગવંતજીએ પૂરવોક્ત સરવે મહીમા કહી વળી બોલ્યા કે આ જુનાગઢનો રાજા બેઠો છે, તેમના વંશમાં મહીપાલ નામે રાજા થશે તેને અતિ દુરગંધમય કોઢનો રોગ થશે જેથી નગરમાં દુરગંધ રેહીયત પણ દલગીર થતી જાણી રાજા નગર બાહાર જઈ રેહેશે તેવામાં ચૈત્રીનો અઠાઈમહોછવ કરવા માટે ઘણા વિદ્યાધર વિદ્યાધરીઓ શ્રી શત્રુંજે આવ્યા છે તે સરવે તીહાં ઓછવ કરી પોતપોતાને ઠામ જવા લાગ્યાં તેમાં એક વિદ્યાધરી પોતાના સ્વામીને વિનંતી કરી કે, હે સ્વામી આપણ એ સુરીયકુંડમાં સ્નાન કરી ભગવંતને પુજી પછે આગળે સ્થાનકે જઈશું બીજા જે જાય તેહને જવા દો. તે સાંભળી વિદ્યાધરે તેમ કબુલ કરી રહ્યા, જાવત ભગવંતજીની પૂજા કરી શાંતી કળશનું જળ લેઈને વીમાનમાં બેસી આકાશમાં ચાલતાં થકાં જ્યાંહાં મહીપાલ રાજા કોઢની પીડાથી આક્રંદ કરે છે તે દેખી વિદ્યાધરીને કરૂણા ઉપની તેથી પતીને પુછ્યું જે સ્વામી આ કોઢીઓ કાંઈ અતિ દુઃખ પામે છે. તે સાંભળી વિદ્યાધર બોલ્યો જે હે પ્રીયે તે મહીપાલ રાજાએ પુરવ દુઃકરમ કરયાં તેનું ફળ ઉદય આવ્યું છે તે સાંભળી વિદ્યાધરી બોલી જે, સ્વામી એ રોગ નહી જાય તે સાંભળી વિદ્યાધર બોલ્યો જે એ રોગનો એક ઉપાય છે. શ્રી સિદ્ધાચલના સુર્ય વનમાં સુર્યકુંડ છે તે કુંડના પાણીનો એક બિંદુ ફરસે તો રોગ જાય એવું પૂરવે મુનીરાજના મુખથી સાંભળ્યું છે. તે વાત સાંભળી વિદ્યાધરી હરખ પામી કળશમાંથી શાંતી જળ હાથમાં લઈ રાજાના શરીર ઉપર છાંટા નાંખ્યા, તેથી તે રાજાના શરીરમાંથી ૧૮ જાતીના કોઢ નીકળતા કેહેવા લાગ્યા. હે રાજા અમારે તાહારી સાથે સાત ભવનો વેર હતો તે પૂરો થયો. માટે આમારાથી રેહેવાય નહી માટે અમે જઈએ છીએ એમ કહી રોગ ગયા રાજા રોગ રહીત થયો. પ્રભાતે નગર લોક સરવે એ વાત જાણી ઓછવ સહીત નગરે પ્રવેશ કરયો રાજા સુખી થઈ રાજ્યપાળે. એહવે એક ચારણ મુની આવ્યા રાજાએ વાંદ્યા આહાર આપ્યો, તેવાર પછે રોગનું કારણ પુછ્યું તે સાંભળી ગુરૂ બોલ્યા જે, હે રાજન આ ભવથી સાતમે ભવે તમે મુનીનો ઘાત કરયો હતો, તે પાપ અતી દુઃકર ભોગવતાં ભોગવતાં શેષ રહ્યું તેથી આ ભવમાં કોઢ રોગ થયો તે સાંભળી રાજાને જાતીસ્મરણ જ્ઞાન થયું પાછલનો ભવ દીઠો. તે પછે એ તીરથનો મોહોટો પ્રભાવ જાણી સંઘ લઈ સિદ્ધાચલ આવી જાત્રા કરી અઠાઈ ઓછવ કરી જાવત ચારીત્ર લેઈ અણસણ કરી સિદ્ધપદ વરયા નમોસ્તુ. વળી

ભગવંતજીને સુધરમા ઇંદ્ર શત્રુંજી નદી પ્રમુખનો મહીમા પુછ્યો, તે ભગવંતજી એ જેમ હતુ તેમ કહ્યું એ ભગવંતજીએ સરવ શત્રૂંજયનો મહીમા કહી ઘણા ભવ્ય જીવોને તારયા, વળી ભગવંતજીને ગઉતમ ગણધરે ત્રીસ વરસમાં ઘણા જીવોને ઉપગાર માટે ઘણા પ્રસ્ન પુછી નિર્ણય કરયા. અનુક્રમે ભગવંતજી વીચરતા શ્રેપ આયુષ જાણી પાવાપુરમાં હસ્તીપાલ રાજાની સભામાં ચરમ ચોમાસુ રહ્યા, ત્યાહાં કાર્યવશથી ૧૮ રાજા મલ્લકી લચ્છકી જાતના ભેગા મળ્યા છે તે કારતક વદીમાં અંત્ય ૧૬ પોહોરની દેશના દેઇ ૫૫ અધ્યેન શુભફળ વીપાકનાં ૫૫ અધ્યેન દુઃખફળ વીપાકનાં અણ પુછ્યાં ૩૬ અધ્યેન ઉત્રાધ્યેનનાં કહી ભગવંતજીએ ગઉતમનો અધિક રાગ જાણી અંતે દેવશર્મા બ્રામણને પ્રતીબોધ કરવા મોકલી કારતીક વદી ०)) મોક્ષ પામ્યા હવે ઓછવ કરી રત્નના દીવા કરી કહ્યું જે ભાવ દીપ ગયો તદાકાળથી દીવાળી થઇ તે સાંભળી ગઉતમ સ્વામીએ બહુ ગુરૂ ભકતીએ વીલાપ કરયા. છેવટ જાણ્યું જે એતો વીતરાગ છે તો હવે રાગ દુઃખ હેતુ જાણી તજવો એમ વિચારતાં અન્યત્વ ભાવનમાં ઘાતી કરમ ક્ષય કરી કેવળગ્યાન પામ્યા. પ્રભાતે દેવતા મનુષ્યે મળી ઇંદ્રભુતીને ભગવંતને પાટે થાપી દેશના સાંભળી સરવસ્વ થાનકે ગયા, હવે ભગવંતજીનો પરીવાર ઇંદ્રભુતી પ્રમુખ ૧૧ ગણધર ૧૪૦૦૦ મુની ચંદનબાળા પ્રમુખ ૩૬૦૦૦ સાધ્વી, ૧૫૯૦૦૦ શ્રાવક, ૩૧૮૦૦૦ શ્રાવીકા, ૭ હાથ કાયા કંચનવરણ સિંહ લંછન ૭૨ વરસ આયુષ પાળી પાવાપુરીમાં એકલા કારતીક વદી ०) મોક્ષ પામ્યા. પછી ૧૨ વરસે ગઉતમ સ્વામી મોક્ષે ગયા. તે ગઉતમ સ્વામી મહા લબ્ધી નીધાન થયા, જેહના ૫૦ હજાર શિષ્ય ને સરવગ્યાની થયા તે પછે સુધરમા ગણધરને પાટે થાપ્યા. ઇતિ માહાવીર સ્વામી ગઉતમ સ્વામીનો સબંધ.

અથ શ્રી સુધર્મા સ્વામીનો અધિકાર,

શ્રી સુધરમા સ્વામીની સંતતી પાંચમા આરાના છેહેડા સુધી જાણી પ્રભુજીએ સુધરમા ગણધરને પાટ આપ્યો તે સુધરમા ગણધરનું સ્વરૂપ કોલાગસની વેશ્ય ધમિલ વિપ્ર ભદિલા સ્ત્રી તેહની કુખે ઉપના ચઉદ વિદ્યાવંત થયા ૫૦ વરસ ઘરવાસે રહ્યા ૩૦ વરસ વીર પ્રભુની સેવામાં રહ્યા. ૧૨ વરસ ગૌતમ સ્વામીની પરયુપાસના કરી ૮ વરસ કેવળીપણું પાળી એકસો વરસનું આયુષ ભોગવી પ્રભુના નીરવાણથી ૨૦ વરસે પોતાને પાટે શ્રી જંબુસ્વામીને થાપી મોક્ષ ગયા. ઇતિ સુધરમા સ્વામીનો અધિકાર સમાપ્ત.

अथ श्री जंबुस्वामीनो अधिकार,

રાજગ્રહી નગરી રૂષભદત્ત શેઠ ધારણી સ્ત્રી તેહની કુખે પાંચમા દેવલોકથી ચવી આવી ઉપના માતાએ જંબુનું વ્રક્ષ સુપનામાં દીઠુ અનુક્રમે પુત્રનો જન્મ થયો જંબુ નામ ધાર્યું માતા પીતાએ ૮ વ્યવહારીઆવોની આઠ કન્યા સાથે સગાઇ કરી એહ વામાં એકદા સુધરમા સ્વામીની દેશના સાંભળી ચોથુ વરત ઉચરી ઘેર આવી આઠ કન્યા છોડવાનો વિચાર કીધો, તથાપી ભાવીભાવથી માતા પીતાના આગ્રહથી તે આઠ કન્યા પરણી.

આઠ કન્યાનાં નામ.

૧ સમુદ્રસીરી.
૨ પદમસીરી.
૩ પદમસેના.
૪ કનકસેના.
૫ નભસેના.
૬ કનકસીરી.
૭ રૂપસીરી.
૮ જયંતસીરી.

ઘેર આવી પોતે સ્ત્રીઓને પ્રતીબોધ કરે છે ૯૯ કોડ સોનઇઆની રીધી છે તેવામાં પ્રભવો નામે ચોર દુરાચારી સાત વ્યસનનો સેવનાર ૪૯૯ ચોર સહીત જંબુનું ધન લેવા આવ્યો તે પ્રભવા આદેને પ્રતીબોધી ૮ સ્ત્રી આઠ સ્ત્રીનાં માતા પીતા પોતાનાં માતા પીતા સહીત ૫૨૭ જણે શ્રી સુધરમા સ્વામી પાસે ચારીત્ર લીધુ ૧૬ વરસ ઘરવાસે રહ્યા ૨૦ વરસ છદમસ્થપણુ પાળી ઘણા છઠ અઠમાદિક તપ કરી કેવળજ્ઞાન પામી ૪૪ વરસ કેવળી પર્યાય પાળી ૮૦ વરસ આયુષ પાળી વીરસ્વામીથી ૬૪ વરસે પોતાનો પાટ પ્રભવા સ્વામીને આપી મોક્ષ ગયાં આ ભરતમાં છેલા કેવળી આ કાળે થયા.

તે પછે ૧૦ વસ્તુ વીછેદ થઇ,

૧ મન પર્યવજ્ઞાન.
૨ પરમાઅવધી.
૩ પુલાકલબ્ધિ.
૪ આહારકલબ્ધિ.
૫ ક્ષપકશ્રેણી વા ક્ષાયકસમકિત.
૬ ઉપસમશ્રેણી વા ઉપસમમોહ ગુણઠાણા,
૭ અંત્ય સંજમ ત્રણ.
૮ કેવળજ્ઞાન.
૯ કેવળ દરશન.
૧૦ જીન કલ્પ.

ઇતિ શ્રી જંબુસ્વામીનો અધિકાર.

अथ प्रभवास्वामीनो अधिकार'

રાજગ્રહી નગરે શ્રેણીક રાજાનો પીત્રાઇ ક્ષત્રી પુત્ર કાત્યાયણ ગોત્ર કર્મયોગે ચોરીનું વ્યસન શીખ્યો રાજાએ દુરાચારી જાણી નગરથી દુર કર્યો ઘણા ચોર મે-

બવી પાલ્યમાં રેહે નગરીના લોકોને ઘણો ઉપદ્રવ કરે તે શ્રી જંબુસ્વામીનો ઉપદેશ પામી એણીક રાજા પાસે જઈ પોતાનું સરવ દુશ્ચરીત્ર કહી જે લોકોનાં ધન લઈ ગુફાઓ પ્રમુખમાં ગોપવેલાં તે સરવે રાજાને દેખાડી સરવને યથાયોગ્ય આપી જંબુસ્વામી પાસે ચારીત્ર લીધું ૩૦ વરસ ઘરવાસે વસ્યા ૪૪ વરસ વરત પાળ્યું ૧૧ વરસ યુગપ્રધાનપણું પાળી ચઉદ પુરવી સુત કેવળી થઈ સરવ આયુ ૮૫ વરસ પાળી પોતાને પાટે સીજુંભવસ્વામીને થાપી શ્રી વીર પ્રભુથી ૭૫ વરસે દેવલોક ગયા ઇતિ શ્રી પ્રભવાસ્વામીનો સમંધ સમાપ્ત.

अथ श्री सिजुंभवस्वामीनो अधिकार,

गाथा

સિજ્જુંભવં ગણહરં ॥
જીણપડિમા દંસણેણ પડિબુદ્ધં ॥
મણગપિઅરં દશકાલિઅ ॥
રસજ્જિજ્જૂહગં વંદે ॥ ૧ ॥

રાજગ્રહી નગરીએ સીજુંભવ બ્રામણ એકદા યગ્ન કરવા મંડપાદીક રચના સહીત માહા આરંભમાં વરતે છે તેવા અવસરે પ્રભવાસ્વામીએ પોતાના પાટ યોગ્ય સંઘમાં કોઇને યોગ્ય ન જાણી જોતાં સીજુંભવને યોગ્ય જાણી પોતાના બે શીષ્યને તીહાં મોકલી કેહેવરાવ્યું કે અહો કષ્ટ મહોકષ્ટ તત્વં ન ગાયતે તે બે સાધુએ યગ્ન પાસે જઈ તે વચન કહ્યું તે સાંભળી સીજુંભવે પૂછ્યું જે તમો શું કહો છો તેવારે તે બે સાધુ બોલ્યા જે અમારા ગુરૂ જાણે તે સાંભળી ગુરૂ પાસે આવી યગ્ન પાપ ફલ જાણી દયા ધરમ સાચો જાણી યગ્ન થંભ હેઠળથી શ્રી શાંતી જીનની પ્રતીમા ગુરૂ વચને કાઢી પ્રતીબોધ પામી સગરભા સ્ત્રી ઘેર મુકી પ્રભવાસ્વામી પાસે ચારીત્ર લીધું અનુક્રમે ચઉદ પુરવે સુત કેવળી થયા જાણી ગુરૂએ પાટ સુંપ્યો હવે સગરભા સ્ત્રી હતી તેને પૂત્ર પ્રસવ્યો મણકનામ થાપ્યું એકદા લોક વચને પિતા ગુરૂ આવ્યા જાણી વાંદવા ગયો ગુરૂની દેશના સાંભળી વેરાગ પામી ચારીત્ર લીધું ગુરૂએ મણકમુનીનું અલ્પ આયુ જાણી તેમને થોડે કાળે બહુ બોધ થવાને દશવૈકાલીક સુત્ર રચી આપ્યું તે ભણ્યા એકદા અંત અવસ્થા જાણી અણસણ કરાવ્યું ધરમોપદેશથી નીઝામણા કરાવી તે પણ ભલે ધ્યાને કાળ કરી સુગતી પામ્યા તેવારે સીજુંભવ ગુરૂની આંખમાં આંસુ આવ્યાં તે જોઈ બીજા સીષે પુછ્યું સ્વામી કોઇને નીઝામતાં આપની આંખમાં આંસુ આવ્યાં નોહોતાં, હાલ મણક વખતે

આંસુ કીમ આવ્યાં તીવારે ગુરૂ બોલ્યા કે સંસારીક મોહ દુર્જય છે. તેવચન સાંભળી શીશ્યે પુછ્યું સ્વામી મહારાજથી સાહેબને સંસારીક શ્યો સબંધ હતો, તીવારે ગુરૂ બોલ્યા જે પુત્રપણાનો સબંધ હતો તે સાંભળી એબા બોલ્યા સ્વામી તે વાત અમોને કહી હોત તો અમો વીનય અધીક કરત. તે સાંભળી આચાર્ય બોલ્યા તમો દીક્ષા ગુણે વીરેક માટે તેહનો સ્વાર્થ ભગડે માટે ન કહ્યું. હવે તે ગુરૂ બી-આરતા વીરય મહીમા પરૂપતા ૨૮ વરસ ગ્રહવાસે વસી ૧૧ વરસ વ્રત પાળી ૨૩ વરસ યુગ પ્રધાન પદ ભોગવી સર્વ આયુ ૬૨ વરસ પાળી પોતાને પાટે શ્રીયસોભ-દ્રજીને થાપી પ્રભુથી ૯૮ વરશે દેવગતી પામ્યા ॥ ઇતિ સીજંભવજીનો અધી-કાર સમાપ્તઃ ॥

अथ श्री यसो भद्रजिनो अधिकार,

તુંગીઆયણ ગોત્રે ઉપના. તે શ્રીસીજંભવસ્વામીની દેશના સાંભળી ચારીત્ર લઇ ચઉદ પુરવ ભણતા. ગુરૂએ યોગ્ય જાણી પોતાને પાટે થાપ્યા. તે પણ ઘણા ત્યાગી થઇ ગામો ગામ વીચરતા ઘણા જીવોને પ્રતીબોધ કરે, એકદા ભદ્રબાહુજી વરાહમેહર સંભુતવીજયને દિક્ષા દઇ સંભુતવીજય ભદ્રબાહુને યોગ્ય જાણી પોતાને પાટે થાપી ૨૨ વરસ ગ્રહવાસે વસી ૧૪ વરસ વ્રતપણે રહી ૫૦ વરસ યુગપ્રધાન પદ ભોગવી ૮૬ વરસ આયુ પાળી શ્રીમહાવીરથી ૧૪૮ વરશે દેવલોકે ગયા ॥ ઇતિ યશોભદ્રજીનો અધીકાર સમાપ્તઃ ॥

अथ श्री शंभुत विजेजि भद्र बाहुजिनो अधिकार,

પ્રથમ શ્રીસંભુતવીજયજી તુંગીઆયણ ગોત્ર ૪૨ વરસ ગ્રહવાસે રહ્યા, ૪૦ વ-રસ વ્રતપણે રહ્યા, ૮ વરસ યુગપ્રધાનપદ ભોગવી શ્રીવીરથી ૧૫૬ વરશે સ્વર્ગ ગયા. બીજા શ્રીભદ્રબાહુજી પ્રતિષ્ટાનપૂરે ભદ્રબાહુ વરાહમેહર બે ભાઇ વીપ્ર બે જણે ચારીત્ર લીધુ પણ ગુરૂએ વરાહને અયોગ્ય જાણી આચાર્યપદ નહી આપ્યું તે જાણી પડવાઇ થઇ વારાહી સંહીતા બનાવી નીમીત કહી લોકને ઠગે ને સંઘના અવગુ-વાદ બોલે. તેવામાં ગુરૂ વચનથી ભદ્રબાહુજીએ રાજસભાદીકમાં વાદ કરતાં જુઠો પાડ્યો. અંતે મરી વ્યંતર થયો. એકદા સંઘને ઉપદ્રવ કરતો જાણી ગુરૂએ ઉપસર્ગ હર સ્તવન કરી આપ્યું, સંઘે તે ભણ્યું તેથી ઉપદ્રવ શમ્યો. વળી ગુરૂએ આવ-સ્યકનિરયુક્તિ પ્રમુખ અનેક શાસ્ત્ર કરચાં, પોતાનું શેષ આયુસ્ય જાણી પોતાના શીશ્ય ગુલભદ્રજી સિંહગુફાવાસી, કુપાંતરવાસી, સરપબીલવાસી, આદે તેહમા વડા શીશ્ય ગુલીભદ્રજીને પાટ આપી ૩૫ વરસ ગ્રહવાસે રહ્યા, ૧૦ વરસ વ્રત પાળી ૧૪ વરસ યુગપ્રધાન પદ ભોગવી સર્વ આયુ ૭૬ વરસનું ભોગવી શ્રીમહાવીરસ્વામીથી ૧૭૦

વરશ સ્વરગે પધારેચા ॥ ઇતિ શ્રીભદ્રબાહુસ્વામીનો અધીકાર સમાપ્ત ॥

પાડલીપૂર નંદરાજા સકડાલ પ્રધાન ગૌતમગોત્ર તમને લાછલદે સ્ત્રી તેહને બે પૂત્ર ૭ પુત્રી થઇ. થુલીભદ્ર, સરીઓ બે ભાઇ જખ્ખા જખ્ખદીના ભુતા ભુનદીના સેણા, રેણા, વેણા, તે થુલીભદ્રજી નીતી ભણતા. એકદા એક કાવ્ય વાંચી વેસ્યાને ઘેર ગયા તે કાવ્ય,

દેશાટનં પંડિત મીત્રતાય ॥ વારાંગના રાજસભા પ્રવેશઃ ॥
અનેક શાસ્ત્રાણિ વીલોકિતાની ॥ ચાતુર્યે મુલાનિ ભવંતિપંચ ॥ ૧ ॥

अथ श्री स्थुळीभद्रजिनो अधिकार.

એ કાળ વીચારી કર્મ યોગે બાર વરસ વેસ્યાને તીહાં રહી ૧૨॥ કોડ ધન ખાધુ. એકદા વરરૂચી બ્રાહ્મણના કપટથો સકડાલ મંત્રી મરણ પામ્યા. રાજાએ સરીયાને પ્રધાનપદ આપવા માંડ્યું. સરીયે થુલીભદ્રને રાજા પાસે તેડી લાવ્યો, તેમને સંસારની સ્થીતી વીખમ જાણી ચારીત્ર લેઇ તપ જપ કરી ઘણી વિદ્યા ભણી વેસ્યાને પ્રતીબોધી શ્રાવીકા કરી ગુરૂ પાસે આવ્યા. ગુરૂએ દુઃકર દુઃકર વચન કહ્યુ ॥ તે સાંભળી સિંહ ગુફાવાસીને ઇર્ષા આવી તેહને વેસ્યાએ ધીર કરેચા હવે તે થુલીભદ્ર પણ ગુરૂ સમીપે ૧૪ પુર્વ ભણ્યા જખ્ખાદીક સાતે મહા સતીઓ થઇ ગુરૂએ પછી દેશના દેઇ મહાગીરી પ્રમુખ ઘણાને ચારીત્ર આપ્યું ચોરાસી ચોવીસી સુધી જેહેનું નામ રહેશે પોતાને પાટે આર્ય મહાગિરી આર્ય સુહસ્તિને થાપી ૩૦ વરસ ગ્રહવાસે વરષા ૨૪ વરસ વ્રત પ્રર્યાય પાળયો ૪૫ વરસ યુગ પ્રધાન પદ ભોગવી ૯૯ વરસ સરવ આયુસ્ય પુરણ કરી શ્રી વીરથી ૨૧૫ વરસે સ્વર્ગે પધારેચા ઇતિ શ્રી થુલીભદ્રજીનો અધીકાર સમાપ્તઃ

अथ श्रिं आर्या माहागिरी तथा आर्चा मुहस्तजिनो अधिकार,

આર્ય મહાગિરિ એલાવચ્ય ગોત્રે થયા એકદા જિનકલ્પ તો વીછેદ થયો છે તે જાણી જિનકલ્પની તોલનાદિક અનેક તપ કરી તીર્થ યાત્રાદિક કરી ૩૦ વરસ યુગ પ્રધાન પદ ભોગવી ૧૦૦ વરસ આયુષ પૂરણ કરી શ્રીમહાવીરથી ૨૪૫ વરસે સ્વર્ગે પધારેચા ૧ હવે આર્ય સુહસ્તીસુરી વાસીષ્ટ ગોત્રે થયા તમને એકદા એક દ્રમકને ચારીત્ર આપ્યુ તેણે મધુર ભોજન અતિ કરયું તેથી પેટમાં વ્યાધી થઇ અંત્ય અવસરે ઘણાં શ્રીમંતો આવી તેમની સેવા કરે તે જોઇ ચારીત્ર મારગની અનુમોદના કરી મરણ પાંમી ઉજેણી નગરે કુણાલરાજાનો પૂત્ર સંપતી રાજા થયા ત્રીખંડ રાજ

પાલતાં એકદા તેજ ગુરૂ મહોછવ પુરવક વીરપ્રભુની પ્રતિમાને વંદવા રાજમારગમાં જાતાં દેખીને બહુ પોકારતા જાતીસ્મરણ ગ્યાન થયું ગુરૂને ઓળખી ગોખથી ઉત્તરી ગુરૂને પાગે લાગી વીનંતી કરી જે સ્વામી મુજને ઓળખોછો ગુરૂ બોલ્યા હે રાજન દેશ પ્રસિધ તુમને કોણ ન ઓળખે તીવારે સપતી બોલ્યા જે સ્વામી હું તુમારો શેવક ભીખારી સાધુ મરી આપના મારગ પસાયથી આ રાજ રીધી પામ્યો

માટે હે ગુરૂ આ રાજ્ય આપ લો. મુજને તારો ગુરૂ બોલ્યા સમકીત સહીત ધર્મ કરી સુખી થાયો, તે સાંભળી સપ્રતીએ નવીન જિન ઘરે વા દેહરાસર કરાવ્યાં સવા કોડ નવીન જિનબીંબ ભરાવ્યા કેટલાક જીરણોધ્ધાર કરાવ્યાં ઘણી દાનશાળા ઘણી ગ્યાનશાળા ઘણા ઉપાશ્રય આદી કરાવી મહીમા વધારયો. વળી તે ગુરૂના ઉપદેશથી શ્રી ઉજેણી નગરીએ એવંતાસુકમાલને પ્રતિબોધ કરયો તેણે પણ ૩૨ સ્ત્રી સહિત મહા રીધી તજી ચારીત્ર લેઈ ગુરૂઆગ્યાથી મસાણમાં રાતે કાઉસગ કરયો તીહાં પુરવ ભવની વેરણ શીઆલ સપરિવારે આવી મુનીને ભક્ષણ કરયો. મુની સમભાવે કાળ કરી નળીની ગુલમવીમાને દેવતા થયા તે જગ્યાએ તેમના પુત્રે એવંતી પાર્શ્વનાથજીનો પ્રસાદ કરાવી શ્રી એવંતી પાર્શ્વનાથ થાપ્યા હવે ગુરૂ પણ એમ અનેક તીરથ ઉધરતા પોતાના શીશ્ય સુસ્થિત સુપ્રતિબધ્ધ બેને પાટ આપી ૩૦ વરસ ઘરવાસે રહ્યા ૨૪ વરસ દીક્ષા પાળી ૪૬ વરસ યુગપ્રધાન પદ ભોગવી ૧૦૦ વરસ સરવ આયુ પાળી શ્રી વીરથી ૨૯૧ વરસે સ્વરગે પધારયા. ઇતિશ્રી આર્યમાહાગિરિ આર્ય સુહસ્તીનો અધીકાર સમાપ્તઃ

अथ सुस्थीत सुप्रतिबंधनो अधिकार.

કાકંદી નગરી કોડવાર સુરિમંત્ર ગણ્યો તીહાંથી કોટીક નામ થયુ તેમને પોતાને પાટે ઇંદ્રદિનસુરિને થાપી વીર પ્રભુથી ૩૭૬ વરશે સ્વરગે પધારયા. ઇતિ સુસ્થિત સુપ્રતીબધનો અધીકાર સમાપ્તઃ

શ્રીઇંદ્રદીનસુરિ કોસીસગોત્રે થયા તેમને પોતાનો પાટ શ્રીદિનસુરિને આપી સ્વરગે પધારયા ॥ ॥ ઇતિ શ્રીઇંદ્રદિનસુરિનો અધીકાર સમાપ્ત ॥

શ્રીદિનસુરિ ગાતમગોત્રે થયા. તેમની દેશના વેરાગવંત સાંભળી શ્રીસિંહગિરિ કોઈક નીમીતથી જતીસ્મરણ પામી દીક્ષા લીધી તથા ધન્યગિરીજીએ પણ સગરભી સ્ત્રી સુનંદા ધન ઘર મુકી ચારીત્ર લીધું. અનુક્રમ ગુરૂએ યોગ્ય જાણી પોતાને પાટે સિંહગીરીને સ્થાપી સ્વરગે પધારયા ॥ ॥ ઇતિ દિનસુરિનો અધીકાર સમાપ્ત ॥

अथ श्रि सिंह गिरिजिनो अधिकार.

સિંહગિરિજી કોસીસગોત્રે થયા. એકદા તુંબક ગામે ગુરૂ આવ્યા, ગુરૂની આ

આથી ધનગિરી આહાર લેવા આવ્યા, તીવારે ગુરૂ બોલ્યા કે આજ ભીક્ષા સચીત મળે તે પણ લેજ્યો. તે સાંભળી પ્રમાણ કરી અનુક્રમે સુનંદાને ઘેર આવી ધરમ લાભ દીધો, તેને પોતાનો પતી આવ્યો જાણી પોતાનો પુત્ર ઘણોજ સંતાપતો જાણી બોલી કે તારા પુત્રને લઈ જા. તે સાંભળી ઝોળીમાં લઈ ગુરૂ પાસે આવ્યા, ગુરૂએ ભારી ભાર જોઈ વજર નામ દિધું તે. શિશુને સાધ્વીઓને સોંપી વીહાર કરયો, અનુક્રમે સાધ્વીઓને યોગે પરાણામાં રહ્યા અગીયાર અંગ ભણ્યા, તે વાત સાંભળી સુનંદા પુત્રને લેવા આવી, જાવત ગુરૂ આવ્યા રાજસભામાં ન્યાય થયો કે, પૂત્ર જેની પાસે રાજી થઈ જાય તેહનો પૂત્ર. માતાએ ઘણાં રમકડાં, સુખડી પ્રમુખ દેખાડી પણ સાહામું ન જોયું. તીવારે ગુરૂએ ઓઘો મુહપતી દેખાડી તે લઈ માથે મુકી રાજી થઈ નાચ્યા, તે જોઈ સુનંદા પણ વઈરાગ પામી ધરમ સાર જાણી સંજમ લીધુ. હવે વજરમુની ગુરૂ પાસે ૧૦ પુરવ ભણ્યા, ગુરૂએ પોતાને પાટે વજરસ્વામીને વેરસુરિ નામ થાપી પાટ આપી દેવગતી પામ્યા ॥ ॥ ઈતિ સિંહગિરિજી સંબંધ સમાપ્ત ॥

अथ श्रि वैर स्वामिनो अधिकार,

તુંબક ગામે ગોતમગોત્રે થયા. શ્રીવેરસ્વામી છ મહીનાના પારણે સુતા લોક વચને સાંભળ્યું કે પીતાએ ચારીત્ર લીધુ તેથી ઉહાપો કરતા જાતીસમરણજ્ઞાન થયું તેથી માતાનો મોહ મુકાવવા ઘણું રોવા લાગ્યા. માતા ઘણી કાયર થઈ, ગુરને આપ્યો. હવે તે વેરસ્વામીની વિદ્યા, રૂપ, વય સુંદર જાણી ધનાવહ શેઠની પુત્રી રૂકમણીએ પ્રતીજ્ઞા કરી કે વઈરસ્વામી વીના બીજો પતી કરવો નહી. તે સાંભળી શેઠ ૧ કોડ સોનઈયા રૂકમણી સહીત ગુરૂ પાસે આવી વીનંતી કરી. ગુરૂએ તે કંચન કામનીનો મોહ વારી લક્ષ્મી ચંચળ, યોવન નદીના પૂર સમાન, સાત ધાતુથી બંધાયું અસુચી શરીર તે ઉપર અલ્પ સુખ માની કોણ સુખહેતુ સંજમ મુકે. ઈત્યાદીક વચને પ્રતીબોધી રૂકમણીને ચારીત્ર આપ્યું. સમકીત સિમપ્રએ બે તુબ અવલંબી ભવસમુદ્ર જે તરયા, તે નારી નદીમાં ન બુડે. એ ગુરૂજીના ઉપદેશથી સં૦ ૧૦૮ માં જાવડશાએ શ્રીસિધાચળનો સંઘ લઈ તીરથ બેઠી જીરણ ચૈત્યાદીક દેખી ૧૩ મો ઉદ્ધાર કરાવ્યો વળી એ ગુરૂના મીત્ર દેવે ગગન ગામની વૈક્રીયલબ્ધી આપી વળી એ ગુરૂએ એકદા દુકાળ પડ્યો તેહમાં સમસ્ત સંઘને આત્યધીપે લઈ જઈ ત્યાં બોધ રાજાને પ્રતીબોધી ધરમ પમાડી પોતાનો પાટ વજરસેનને આપી કહ્યું જે લાખ સોનઈએ હાંડી ચડશે તેને બીજે દીવસે સુકાલ થશે ઈત્યાદીક કહી ૮ વરસ ઘરવાસ ૪૪ વરસ વ્રત પર્યાય ૩૬ વરસ યુગ પ્રધાન પદે સરવ આયુષ ૮૮ વરસ ભોગવી શ્રી મહાવીરથી પછે ૫૮૪ વરસે રથાવત પરવતે અણસણ કરી દેવલોક પોહોતા ઈતિ વેરસ્વામીનો સંબંધ સમાપ્ત.

अथ श्री वेरसेन सुरिनो अधिकार

કોસીય ગોત્રે શ્રી વેરસેન થયા સંજમ પાળતાં એકદા ૧૨ વરસ દુરભીક્ષ પ-ડ્યો સોપારકપુરમાં એક જનદત્ત શેઠને ઘેર પધાર્યા તે શેઠના ઘરનાં ઉદાશી થઈ ઝેરના પ્યાલા ભરી પીવાની વેળા ગુરૂ આવ્યા જાણી ગુરૂને વાંદી સુધ આહારની નીમંત્રણા કરી ગુરૂએ ઉદાસીનું કારણ પુછ્યું તેમને કહ્યું કે હવે અન મળતું નથી તેથી સરવે મરણ આદરૂં છે તે સાંભળી ગુરૂનું વચન તે શેઠને કહ્યું કે કાલે સુકાલ થ-શે તેમને ઉતમ ગુરૂનું વચન જાણી તે દિન વીતાવ્યો પરભાતે સુકાલ થયો અનાજ ઘણું જળ થલ મારગે આવ્યું શેઠે ચાર પુત્ર સહીત વેરાગથી તે ગુરૂ પાસે ચારીત્ર લીધું તે સેઠના પુત્રનાં નામ ચંદ્ર, નાગીલ, નિવરતી, વિદ્યાધર તેમાં ચંદ્રને પાટ આપી ૯ વરસ ઘરવાસ ૧૧૬ વરસ ચારીત્ર ૩ યુગ પ્રધાનપદ ૧૨૮ વરસ સરવ આયુ પાળી સ્વરગે ગયા ઇતિ વેરસેનનો અધિકાર સમાપ્ત.

अथ श्री चंद्रसुरिनो अधिकार

તે ચંદ્રસુરીના બીજા ત્રણે ભાઈઓ સહીત પ્રત્યેકે ૨૧ એકવીસ શીષ્ય થયા તેમાં સામંતભદ્રને પાટ આપી સરગે ગયા ઇતિ ચંદ્ર સુરી સબંધ.

૧૬ શ્રી સામંત ભદ્રજી થયા તેમને ગીરનારજી ઉપર બેઠાં બેઠાં ચોવીસ જીનનાં સ્તવન કરચાં છે તેમને પાટે.

૧૭ શ્રી વરધદેવ સુરી થયા તેમને પાટે.

૧૮ શ્રી પ્રદ્યોતન સુરી થયા તેમને પાટે.

૧૯ શ્રી માનદેવ સુરી થયા તેમને પાટે.

૨૦ શ્રી માનતુંગ સુરી થયા ભક્તામર નમીઊણના કરતા ઇત્યાદિક શ્રી માહા-વીર સ્વામીના પાટ પરંપરાએ અનેક ઉત્તમ આચાર્ય સુવીહીત શિષ્યસંઘ સમુદાય થયા થશે તેમને હું ત્રીકાલ ત્રીકરણ યોગે ત્રીવીધે વાંદુંછું, તે સરવે શ્રી તીરથરાજનો મહીમા કર્યો તથા યાત્રા પ્રતિષ્ટાદિક અનેક ઉપગાર ગ્નાનના દરશનના ચારી-ત્રના દીપાવક થયા, તેમનાં ચરીત્ર વા કથાઓ ઘણીજ વેરાગ્ય રસની ભરેલી ને આત્માને સુખની દેનારી છે તે અહીં લખતાં ઘણો ગ્રંથ વધી જાય માટે સં-ક્ષેપ કરચો છે.

अथ शेत्रुजय तिर्थना ऊद्धारनो अधिकार,

૧ શ્રી ભરત ચક્રવરતીનો શ્રી આદીનાથના ઉપદેશથી,

૨ શ્રી દંડવીર્ય રાજાએ કરાવ્યા, ભરતના આઠમા પટોધર.

૩ શ્રી ઇશાન ઇંદ્રે કરાવ્યો, શ્રી મંધર જીનના ઉપદેશથી.

૪ શ્રી માહા ઇંદ્રે કરાવ્યો, ચોથા દેવલોકના સ્વામી.

૫ શ્રી બ્રમેંદ્રે કરાવ્યો, પાંચમા દેવલોકનાં સ્વામી.

૬ શ્રી ચમરેંદ્રે કરાવ્યો, ભુવનપતીના સ્વામી.

૭ શ્રી સગર ચક્રવરતીએ કરાવ્યા, રત્નના બીંબ ભંડારેચા.

૮ શ્રી વ્યંતરના ઇંદરે કરાવ્યો.

૯ શ્રી ચંદ્ર જસા રાજાયે કરાવ્યો, શ્રી ચંદ્ર પ્રભુના ઉપદેશથી.

૧૦ શ્રી ચક્રાયુધ રાજાએ કરાવ્યો, શ્રી શાંતીનાથજી ઉપદેસથી.

૧૧ શ્રી રામચંદ્રજી દશરથ નંદને કરાવ્યો, શ્રી મુનીસુવરતજીને વારે,

૧૨ શ્રી પાંચ પાંડવે કરાવ્યા, શ્રી નેમનાથજીને વારે.

એ બાર ઉદ્ધાર ચોથા આરામા મોહોટા થયા તે પછે વીર પ્રભુજીએ ઇંદ્રના પુછ્યાથી આવતે કાલે થશે તે પણ કહ્યા તેનો વિચાર.

૧૩ શ્રી જાવડસાએ કરાવ્યો, વીક્રમથી ૧૦૮ વરસે શ્રી વેર સ્વામીના ઉપદેશ થી તે ગુરૂ દશ પુરવ ધારી હતા.

૧૪ શ્રી બાહડદે મંત્રી શ્રીમાલી વંશનાએ સં० ૧૧૧૩ માં કરાવ્યો તે પાટણમાં કુમારપાલના પ્રધાન હતા તે વખતમાં શ્રી હેમચંદ્રસુરીના શિષ્ય કલીકાલ સર્વ નામ બીરદધારી ૩। કોડ ગ્રંથ કરતા શ્રી હેમાચાર્યજી થયા તેમની ઉત્પત્તી શ્રી ધંધુકાના મોઢવાણીયા સાચાંગા તેમની ભાર્યા ચાહરી તેમના પુત્ર સંવત ૧૧૫ ના કારતીક સુદી ૧૫ જનમ્યા ચંગદેવ નામ થાપ્યું, સંવત ૧૧૫૪ માં દીક્ષા લીધી. શોમદેવ નામ થાપ્યું. સંવત ૧૧૬૨ સુરીપદ આપી હેમાચાર્ય નામ દીધું. તેમને કુમાર પાલને પ્રતિબોધી શ્રાવક કર્યો તે ગુરૂએ ઘણા સંસકૃતમાં ગ્રંથ રચી ઘણા જીવો ને પ્રતિબોધ કરી તીરથ મહીમા બતાવ્યો.

૧૫ સા. સમરાસા ઓસવાળે કરાવ્યો સંવત ૧૩૭૧ માં.

૧૬ સા. કરમાસાએ કરાવ્યો, સંવત ૧૫૮૭ માં તે ઉધાર હાલ વરતે છે.

હવે છેલ્લો શ્રી વીમલવાહન રાજા શ્રી ગુરૂ દુપસહ સુરીજીના ઉપદેશથી પાંચમા આરાને છેડે કરાવશે તત્વની વાત કેવળી ભગવાન જાણે.

એમ આ અવસરે પ્રણીમાં મોટા ઉધાર શ્રી ભરતરાજાથી તે વીમલવાહન રાજા સુધી જાણવા તેહમાં નાહાના ઉધાર તો ઘણા થયા એમ ગઇ ચોવીસીઓ તથા આવતી ચોવીસીઓમાં અનંતા ઉધાર થયા ને થશે એ રીતે શ્રી રીષભદેવજીથી શ્રી વીરસ્વામી તીરથંકર તથા પુંડરીકજીથી તે ગૌતમાદિ ગણધર પરંપરાએ જાવત વીક્રમરાજાના ૪૭૭ મા વરસમાં શ્રી ધનેસ્વરસુરીજીએ સોરઠ દેશ વલ્લભી નગરીના

રાજા ચિલાદિત્યને આગળ તીર્થોત્તમ તીરથનો મહીમા કહ્યો તે શતરૂંજય મહાત્મનો ક્રીંચીત સાર શ્રી ચોવીસ જીનના ચરીત્ર સંક્ષેપથી તથા ગણધર ભગવાન અને આ ચારેય ભગવંતના પણ ચરીત્ર કીંચીત આ સાથે લખ્યા છે, તે જેમ ગ્રંથ કરતાએ અગર ગ્રંથમાં લખેલું છે તેને અનુસરીને આ પુસ્તકમાં પણ લખ્યું છે. પરંતુ આ શતરૂંજય માહાત્મમાં કહેલી વાત માહેની કેટલીક બાબતો પુરવોપર બાધ કરતી છે એટલે કે સુત્રથી વિરૂધ છે સુત્રમાં કહેલું અને આ ગ્રંથમાં કહેલું કેટલુંક ભીન પડે છે માટે તત્વની વાત શ્રી કેવળી ભગવંત જાણે તથા કાંઈ આંખ દોશથી અગર પ્રમાદના વશથી બીજી કાંઈ સુધારવામાં ભુલ આવી હોય તેની વાંચનાર સજ્જનો એ ક્ષમા કરવી અને સુધારી વાંચવું.

अथ श्रि सिधाचलजिनो रास,

શ્રી નય સુંદરજી કૃત.

વિમલ ગીરીવર વિમલગીરીવર મંડણ જીનરાય શ્રી રીસહેસર પાય નમીય ધ-રીય ધ્યાન સારદાદેવી શ્રી સિધાચલ ગાયશુંએ ભીવભાવ નીરમલ ધરેવી શ્રી શતરૂં-જય તીરથ વડુંએ જીહાં સિધ અનંતી કોડી જીહાં મુનીવર મુગતે ગયા તે વંદુ બેકર જોડી ॥ ૧ ॥

ઢાલ- ૧ લી

બે કરજોડીને જીન પાય લાગુ સરસતી પાસે વચનરસ માગુ શ્રી શતરૂંજય ગીરી તીરથસાર ગુણવા ઉલટ થયોર અપાર ॥ ૨ ॥ તીરથ નહી કોઈ શેતરૂંજા તોલે અનંતા તીરથંકર ઈણીપરે બોલે ગુરૂ મુખે શાસ્ત્રનો લહીય વિચાર વરણવું શેતરૂંજા તીરથ ઉધાર ॥ ૩ ॥ સુરવરમાંહી વડોજીમ ઈંદ્ર ગ્રહગણમાંહી વડો જીમ ચંદ્ર મં ત્રમાંહી જીમ શ્રી નવકાર જલદાયક જીમ જગ જલધાર ॥ ૪ ॥ ધરમમાંહિ દયાધર્મ વખાણું વરતમાંહી જીમ બ્રહ્મવરત જાણું પરવતમાંહિ વડો મેરૂ હોઈ તિમ શેતરૂંજા સમ તીરથ ન કોય ॥ ૫ ॥

ઢાળ, ૨ જી

આદિએ આદી જીણેસર નાભી નરિંદ મલ્હાર શેતરૂંજે શિખર સમોસરયા પુ-રવ નવાણું એ વાર ॥ ૬ ॥ કેવળજ્ઞાન દિવાકર સ્વામી શ્રી રીષભજીણંદ સાથે ચો રાસી ગણધર સહસ ચોરાશી મુણિંદ ॥ ૭ ॥ બહુ પરિવારે પરિવરયા શ્રી શતરૂં જય એકવાર રીષભજીણંદ સમોસરયા મહિમા ન લાભે એ પાર ॥ ૮ ॥ સુર નર કોડી મિલ્યા તિહાં ધરમ દેશના જીન ભાસે પુંડરીક ગણધર આગલે, શેતરૂંજય મહિમા પ્રકાશે ॥ ૯ ॥ સાંભળો પૂંડરીક ગણધર કાળ અનાદિ અનંત એ તીરથ

છે સાસ્વતુ આગે અસંખ્ય અરિહંત ॥ ૧૦ ॥ ગણધર મુનીવર કેવળી પામ્યા અનંતીએ કોડી મુગતે ગયા ઈણે તીરથે વળી જાસે કરમ વિછોડી ॥ ૧૧ ॥ કુર છીકે જગે જીવડા તિર્યંચ પંખી કહી તે એ તીરથ સેવ્યા થકી તે સીજે ભવ ત્રીજે ॥ ૧૨ ॥ દીઠા દુરગતી વારે સારે વંછીત કાજ સેવો શત્રુંજ ગીરીવર આપ અવિચળ રાજ ॥ ૧૩ ॥

ઢાળ, ૩ જિ

સહીય સમાણી આવો વેગે એ દેશી.

ઉત્શપ્પિણી અવસપ્પિણી આરો, બિહુ મીળીને બારજી; વીસ કોડાકોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી. ૧૪ પેહેલો આરો સુસમ સુસમાં, સાગર કોડા કોડી ચારજી; ત્યારે એ શ્રી શતરૂંજા ગીરીવર, એંસીએ જોયણ અવધારોજી. ૧૫ ત્રીણ કોડા કોડી સાગર આરો, બીજો સુસમા નામેજી; તદાકાયે એ શ્રી સિદ્ધાચલ, સીત્તેર જોયણ અભિરામજી. ૧૬ ત્રીજો સુસમા દુસમ આરો, સાગર કોડા કોડી દોયજી; સાઠી જોયણનું માન શતરૂંજે; તદાકાયે તું જોયજી. ૧૭ ચોથો દુસમ સુસમ જાણો, પાંચમો દુસમ આરોજી; છઠ્ઠો દુસમ દુસમ કહીએ, એ ત્રીણ થઈએ વિચારોજી. ૧૮ એક કોડા કોડા સાગર કેર, એનું કહીએ માનજી; ચોથે આરે શ્રી શત્રૂંજય ગીરી; પંચાસ જોયણ પ્રધાનજી. ૧૯ પાંચમે છઠે એકવીસ એકવીસ, સહસ વરસ વખાણોજી; બાર જોયણ ને સાત હાથનો; તદા વીમલગીરી જાણોજી. ૨૦ તેહ ભણી સદાકાળ એ તીરથ, સાસ્વતું જીનવર બોલેજી, રીષ્ભદેવ કહે પૂંડરીક ની સુંણો; નહી કોઈ શેત્રુંજા તોલેજી. ૨૧ ગ્રાન અને નિરવાણ મહાજસ, લહેસ્યો તુમ્હો પણ ઠામેજી, એહ ગીરી તીરથ મહીમા ઈણ જગે; પ્રગટ હોસ્યે તુમ નામેજી. ૨૨

ઢાળ, ૪ થિ

જીનવર શું મેરો મન લીનો એ દેશી—સાંભળી જીનવર મુખથી સાચું, પૂંડરીક ગણધાર; પંચકોડી મુનીવર શું પણ ગીરી, અણસણ કીધું ઉદારરે. ૨૩ નમોરે નમો શ્રી શત્રૂંજ ગીરીવર, સકલ તીરથ માંહી સારરે; દીઠો દુર ગતી દુરી નીવારે; ઉતારે ભવ પારરે. નમો૦ કેવળલહી ચૈત્રી પૂનમ દીન, પામ્યા મુગતીસુ ઠામરે; તદાકાળથી પુહવી પ્રગટ્યું, પુંડરીક ગીરી નામરે. ૨૫ નમો૦ નમરી અયોધ્યાથી વિહરતા પહોતા, તાતજી રીખવ જીણંદરે; સાઠી સહસ સમ ખટ ખંડ સાધી, ઘરી આવ્યા ભરત નરીંદરે. ૨૬ નમો૦ ઘરે જઈ માયને પાયે લાગી જનનિંદ્ય આશિષરે; વીમળાચળ સંઘા ધીપ કેરી; પોહોચ્યો પૂત્ર જગીસરે. ૨૭ નમો૦ ભરત વિમાસે સાઠી સહસ સમ, સાંધ્યા દેશ અનેકરે; હવે હું તાત પ્રતે જઈ પુછું; સંપતી તીલક

વિચરે. ૨૮ નમો૦ રણ સમાસ પોહોતા ભરતેશ્વર, વંદી પ્રભુના પાયરે, ઈંદ્રાદિક સુર નર બહુ મીલીયા, દેશનાદે જીનરાયરે. ૨૯ નમો૦ શેત્રુંજે સંઘ ખિપ યાત્રાફળ, ભાખે શ્રી ભગવંતરે; ભરતેસર કરેરે સજાઈ, જાણી લાભ અનંતરે. ૩૦ નમો૦

ઢાળ ૫ મિ

કનક કમળ પગલાં ઠવે એ. રાગ ધન્યાસી મારૂણી—નયરી અયોધ્યાથી સંચરયાએ, લેઈ લેઈ રીદ્ધી અસેસ; ભરત નૃપ ભાવશુંએ, શેત્રુંજે યાત્રા રંગ ભરેએ; આવે આવે ઉનટ અંગ, ભરત નૃપ ભાવશુંએ. ૩૧ આવે આવે રીષ્ભનો પૂત્ર, વીમલગીરી જાત્રાએ; લાવે લાવે ચક્રવરતની રીદ્ધ. ભ૦ એ આંકણી. મંડલીક મુગટ વરધન ઘણાએ, બત્રીસ સહસ નરેસ. ૩૨ ભ૦ ઢમ ઢમ વાજે છંદશુંએ, લાખ ચોરાસી નીશાણ, ભ૦ લાખ ચોરાસી ગજ તુરીએ, તેહનાં રત્ન જડીત પલાણ. ૩૩ ભ૦ લાખ ચોરાસી રથ ભલાએ; વ્રષભ ધોરી સુકમાલ. ભ૦ ચરણે ઝાંઝર સોના તણાએ; કોટે સોવન ઘુઘરમાલ. ૩૪ ભ૦ બત્રીસ સહસ નાટીક કહીએ, ત્રીણ લાખ મંત્રી દક્ષ. ભ૦ ધ્વીધરા પંચ લાખ કહ્યાએ, સોળ સહસ સેવા કરે યક્ષ. ૩૫ ભ૦ દશ કોડી આ લંખ ધજા ધરાએ, પાયક છનું કોડી. ભ૦ ચોસઠી સહસ અંતેઉરીએ, રૂપે સરીખી જોડી. ૩૬ ભ૦ એકલાખ સહસ અઠાવીસએ, વારાગનાં રૂપ નીહાલી. ભ૦ સેખ તુરંગમ સવી મીલીએ, કોડી અઢાર નીહાલી. ૩૭ ભ૦ ત્રણ કોડી સાથે વેપારીઆએ, બત્રીસ કોડી સુઆર. ભ૦ શેઠ સારથવાહ સામ ઠામે, રાય રાણા નહી પાર. ૩૮ ભ૦ નવ નીધો ચોદરયંણશુંએ, લીધો લીધો સવી પરીવાર, ભ૦ સંઘપતી તીલક સોહામણુંએ, ભાલે ધરાવ્યું સાર. ૩૯ ભ૦ પગી પગી કરમ નીકંદતાએ, આવ્યા આસન જામ, ભ૦ ગીરી પેખી લોચન ઠરયાંએ, ધન્ય ધન્ય શેત્રુંજો નામ. ૪૦ ભ૦ સોવન ફુલ મુગતાફળેએ; વધાવ્યો ગીરીરાજ, ભ૦ દેઈ પ્રદક્ષિણા પાખતીએ; શિષ્યાં સઘળાં કાજ. ૪૧ ભ૦

ઢાળ ૬ ઠિ

